Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્યક ચિકિત્સાસાર.

(પૂર્વાર્ધ)

पुस्तकालय
गुरुकुल कांगड़ी

BOOK
OF
Five Hundred & One Prescriptions.

BY

G. K. Thakkur.

ભાગ સાથેનું

ત્ય

૦—૮

લેખક:
વૈદ્ય ગોપાલજી ઠક્કુર.

५५ग
23

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ५५ ग/२३

पंजिका-संख्या २०५०

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

VAIDYAK CHIKITSASAR.

FIRST VOLUME

CHECKED 1973
Initial

BOOK OF

Five Hundred & One Prescriptions

पुस्तकालय
गुरुकुल कांगड़ी

BY

Valdya Gopalji K. Thakkur

Editor:

"Arogya Sindhu" Karachi.

२३

Parekh Printing Press, Campbell Street,
Karachi.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્યક ચિકિત્સાસાર.

(પૂર્વાર્ધ)

સ્ટાક પ્રમાણીકરણ ૧૧૮૪-૧૧૮૧

इदमागमसिद्धत्वात् प्रत्यक्षफलदर्शनात् ।
मंत्रवत्संप्रयोक्तव्यं न मीमांस्यं कथंचन ॥

લેખકઃ
વૈદ્ય ગોપાલજી ઠક્કુર, આયુર્વેદાચાર્ય.

સંપાદકઃ આરોગ્ય સિન્ધુ.
આરોગ્યાશ્રમ, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક વૈદ્યક ગ્રન્થોના સત્વરૂપ, સેંકડો વખત અનુભવમાં
સિદ્ધ થએલા ઉત્તમ પ્રયોગોનો સંગ્રહ

વૈદ્યક ચિકિત્સા સાર.

(ભાગ ૧લો.)

લેખક અને પ્રકાશકઃ—

આયુર્વેદાચાર્ય વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર.

આચાર્યઃ શ્રીધન્વન્તરિ આયુર્વેદ વિદ્યાલય,

માલેકઃ ધી કોહીનુર કેમીકલ વર્કસ,

તાંત્રી, "આરોગ્ય સિન્ધુ" કરાચી.

સને ૧૯૨૫ પ્રત ૧૦૦૦ સંવત ૧૯૮૧

(સર્વ હક્ક લેખકને સ્વાધિન છે.)

મુલ્ય આના બાર.

તરૂણ-સાગર પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ પ્રકાશકને
માટે છાપ્યું, કેમ્પબેલ સ્ટ્રીટ,-કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના.

ચાલુ જમાનામાં વૈદ્યક શિક્ષણના અભાવે આપણા દેશમાં અનેક પ્રકારના રોગો ફેલાય છે અને તેથી લાખો જનસંખ્યા અકાળે મરણને શરણ થાય છે વળી અનેક મનુષ્યો રોગથી પીડાય છે તેમજ સમય અને પૈસાનો ખર્ચ પણ ઘણો મોટો એ દિશામાં થઇ જાય છે. આ સર્વ થતું અટકાવવાનો મુખ્ય ઉપાય એજ છે કે આરોગ્ય અને વૈદ્યક શિક્ષણનો પ્રચાર જેમ બને તેમ મોટા પ્રમાણમાં કરવાની જરૂર છે. પરંતુ આવા પવિત્ર કાર્યને માટે ભારત વર્ષમાં ગણ્યા ગાંઠ્યા ચિકિત્સકોજ સાહસ ખેડી આ કાર્ય કરે છે. જ્યારે મોટો સમુદાય કેવળ રોગોના ઉપાય કરી પોતાની આજીવીકા ચલાવી પૈસા સંચય કરવા-માંજ રોકાયલો દેખાય છે. ચિકિત્સકોની પહેલી ફરજ તો એ છે કે જેમ બને તેમ લોકોને રોગના પંજામાં સપડાતા અટકાવવા; પરંતુ દુઃખની વાત છે કે જેવા રીતે વૈદ્યક જાણનાર સમુદાય આ બાબતમાં સુસ્તી બતાવે છે તેવીજ રીતે જનસમાજ પણ ઘણીજ બેદરકારી રાખી હેરાન થયા કરે છે.

એકાદ કુટુંબમાં વૈદ્યક જ્ઞાનનો પ્રચાર કરવાથી કાર્ય પુરેપુરૂં થઇ જાય તેમ નથી. પરંતુ આખા જનસમાજને એ શિક્ષણ મળે તેવી રીતે તેનો પ્રચાર કરવાની જરૂર છે. ગુજરાતમાં માત્ર બે ચાર વૈદ્યકનાં માસિક પત્રો પ્રગટ થાય છે અને તે સર્વ ઘણે ભાગે ખોટ વેઠીને પ્રગટ થતાં જણાય છે. માસિક પત્ર વડે વૈદ્યકના પવિત્ર વિચારોનું વાતાવરણ ઘેરઘેર દરેક મનુષ્યને પહોંચતું કરવાનું બની શકે એમ છે જેથી મેં મારા તે વિચારોને અમલમાં મુકવા આજે ચાર વર્ષ થયાં કરાચીમાંથી "આરોગ્ય સિન્ધુ" નામનું ગુજરાતી વૈદ્યક માસિક પત્ર પ્રગટ કરવાની શરૂઆત કરી છે. અનેક નાનાં મોટાં કષ્ટો ઉઠાવી ખર્ચનો મોટો બોજો સહન કરી બનતી નુકશાનીના ભોગે આ પત્ર શરૂ કર્યું અને હજી પણ એવીજ દશામાં ચાલુ છે. જ્યાં સુધી મોટી સંખ્યામાં ગ્રાહકો ન થાય ત્યાં લગી આવા સાહસની ફતેહમંદી ઘણીજ ઓછી ગણાય એ સ્વભાવિકજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા વર્ષના ગ્રાહકોને ભેટ આપવા માટે આ વૈદ્યક ચિકિત્સા સાર નામનું પુસ્તક આજે છપાઇને તૈયાર થાયછે. અને એ પુસ્તકમાં આશરે સવાસો જાતની આયુર્વેદિક શાસ્ત્રિય તેમજ અનુભવી બનાવટો કે જેને અમોએ અનેક વખત બનાવી વાપરી ખાત્રી કરી તે સત્ય તથા સારી જણાતાં તેનોજ લાભ અમારા ગ્રાહકોને તથા સમાજને માટે કંઇ પણ સંકોચ ન રાખતાં પવિત્ર દીલથી સ્પષ્ટ લખ્યા અને તેટલી સરળ ભાષાથી તૈયાર કર્યું છે. જે કે માસિક પત્રમાં બોટ બમી તે બલાવીએ છીએ છતાં આવું ઉપયોગી ભેટનું પુસ્તક પણ આપી અમો અમારા ગ્રાહકોની બને તેટલી સેવા કરવાનું ભાગ્ય સમજીએ છીએ. હવે ગ્રાહકો પણ આ કાર્યમાં બને તેટલી મદદ કરવા પત્રને મોટા કદનું બનાવવા ધારે તો ગ્રાહક વધારી મદદ કરી શકેછે.

આ પુસ્તક આશરે ત્રણ ભાગમાં પુરૂં થાય તેમ છે. પ્રથમ કરતાં પણ બીજામાં વધુ સારી અને ઉપયોગી બનાવટોનો સંગ્રહ છે. વળી તે ભાગ ૧૯૨૫ના વર્ષમાં જે આરોગ્ય સિન્ધુના ગ્રાહકો હશે તેને ભેટમાં મળશે. ત્રીજો ભાગ ૧૯૨૬ના ગ્રાહકો માટે તૈયાર થવાનો છે એ રીતે ત્રણે ભાગમાં આશરે ચારસો દવાઓની બનાવટનું એક સુંદર પુસ્તક તૈયાર થઇ જતાં તે ઘણુંજ ઉપયોગી થઇ પડશે એમ અમારૂં માનવું છે. જો કે વૈદ્યકના અનેક ગ્રન્થો પ્રગટ થયા છે પરંતુ આવા નાના કદમાં એકજ વિષયનો ખાસ જરૂરનો બની શકે અને વાપરવામાં કામ આવે તેવાજ ઉપાયોનો સંગ્રહ ગ્રન્થ અનુભવી વૈદ્યને હાથે હજી સુધી બહાર પડેલો અમોએ જોયો નથી જોયો અમોને ખાત્રી છે કે વૈદ્યોને, ડોક્ટરોને અને ગૃહસ્થોને તેમજ દેશી ચિકિત્સાનું રહસ્ય જાણનારને તે બહુજ મદદગાર થઇ પડવા સંભવ છે.

થોડાક અંગ્રેજી બનાવટના નુસ્ખા પણ ઉપયોગી થઇ પડે તે તે વૈદ્યો બનાવી વાપરે તેવા હેતુથી આમાં કયાંક દાખલ કર્યા છે આશા છે કે તે પણ લાભદાયક થઇ પડશે. મારા આ પ્રથમ પ્રયત્નમાં કયાંક હસ્તદોષ, ભાષાદોષ કે કે મુદ્રની ભૂલ જણાય તો અનુભવીઓએ મને તે બતાવી દેવા સૂચના કરવી કે જેથી તેનો બીજીવાર સુધારો કરી લેવાય. ઇતિશિવમ્.

આપનો સેવક

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંકળીયું.

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૧	અસ્થિસંધાનકલેપ	૯	૨૩	ગંધકયોગ	૨
૨	અશ્વત્થોળી વટી	૨૦	૨૪	ગંધકવટી	૫૨
૩	અગ્નીકુમાર રસ	૨૪	૨૫	ગાંડ પકવવાનો લેપ	૬૨
૪	અષ્ટામૃતપર્પટી	૨૮	૨૬	ગોક્ષુરાદિ ગુગળ	૫૦
૫	અશોકારિષ્ટ	૬૮	૨૭	ચ્યવન પ્રાશાવલેહ	૬૦
૬	અભયાદિકવાથ	૭૫	૨૮	ચંદ્રોદય મકરધ્વજ	૨૯
૭	આનંદભૈરવ રસ	૨૧	૨૯	ચંદ્રોદયની ગોળીઓ	૪૭
૮	આરોગ્યવર્ધની	૨૪	૩૦	ચંદ્રપ્રભાવટી નં. ૧લો	૫૩
૯	આરોગ્યવર્ધની નં. ૬	૩૨	૩૧	છર્દ્દિરીપુ	૩૯
૧૦	ઇચ્છાભેદી રસ	૨૦	૩૨	જ્વર ભિન્દુ	૯
૧૧	એગ્યુમિકશ્વર	૮૦	૩૩	જાત્યાદિઘૃત	૫૯
૧૨	કડુભર્જીત ચૂર્ણ	૧૭	૩૪	જુના તાવની ગોળી	૪૧
૧૩	કન્યાદરસ	૨૨	૩૫	ત્રિફલા ચૂર્ણ	૭
૧૪	કમીમુદગર રસ	૩૭	૩૬	ત્રિફલાપિપ્પલી ચુર્ણ	૧૬
૧૫	કસ્તુર્યાદીવટી	૪૫	૩૭	ત્રિકટુ ચૂર્ણ	૮
૧૬	કુમારકલ્યાણ રસ	૩૩	૩૮	ત્રિભુવન કીર્તીરસ	૧૭
૧૭	કુમકુમવટી	૫૧	૩૯	દશાંગલેપ	૧૩
૧૮	કુમાર્યાસવ	૭૦	૪૦	દશમુલકવાથ	૭૪
૧૯	કેશવર્ધક મસાલો	૧૨	૪૧	દંતમંજન	૭૭
૨૦	કેશરાદીવટી	૪૯	૪૨	દાડિમાષ્ટક ચુર્ણ	૧૪
૨૧	ખાંસીની ગોળીઓ	૪૬	૪૩	દાદરની દવા	૭૮
૨૨	ગર્ભપાળ રસ	૩૩	૪૪	દ્રાક્ષાસવ	૬૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૪૫	દુધનો મસાલો	૧૦	૭૦	મહામંજીષ્ઠાદીકવાથ	૭૩
૪૬	દેવદાર્વાદી કવાથ	૭૨	૭૧	મહારાસ્નાદીકકવાથ	૭૩
૪૭	દ્રોપદ્યનલેપ	૬૩	૭૨	મંજીષ્ઠાદી ચુર્ણ	૨
૪૮	નવિન સુદર્શન ચૂર્ણ	૬૦	૭૩	મંડુરવટી	૫૬
૪૯	નારાયણ વ્યવરાંકુશ	૬૮	૭૪	મૃત્યુંજ્યરસ	૩૬
૫૦	નેત્રબીન્દુ	૭૬	૭૫	માથાનો મલેમ (બામ)	૭૮
૫૧	પંચસમચૂર્ણ	૩	૭૬	મુખપાક નાશક ગંડુષ	૭૯
૫૨	પંચામૃતપર્પટી	૨૬	૭૭	મુખદુર્ગંધનાશકવટી	૫૪
૫૩	પંચામૃત ચાટણ	૬૧	૭૮	મુખવાસવટી	૪૭
૫૪	પ્રદરારિરસ	૬૮	૭૯	યષ્ટિમધુવટી	૪૮
૫૫	પ્રમેહાંતક ગોળીઓ	૫૫	૮૦	રક્તપ્રદરની દવા	૪
૫૬	પીનસહરી તમાકુ	૮	૮૧	રત્નગીરીરસ	૨૪
૫૭	પુનર્નવાદીકવાથ	૭૨	૮૨	રસપર્પટી	૩૦
૫૮	બબુલારિષ્ટ	૭૦	૮૩	રસભાસ્વાન	૩૪
૫૯	બાલરક્ષક ગુટીકા	૪૫	૮૪	રક્તશોધીની	૬૬
૬૦	બાલ રોગાન્તકારિષ્ટ	૬૫	૮૫	રામબાણ રસ	૨૨
૬૧	બાલામૃત	૭૯	૮૬	રોહીતારિષ્ટ	૬૭
૬૨	બ્રાહ્મીતેલ	૫૭	૮૭	લવણભાસ્કર ચુર્ણ	૬૫
૬૩	બ્રાહ્મી શરબત	૬૨	૮૮	લવંગાદીવટી	૪૪
૬૪	બિલ્વાદી તેલ	૫૮	૮૯	લોહી અને પરૂવાળોમરડો	૫
૬૫	મહાશુદર્સન ચૂર્ણ	૧૪	૯૦	લોહપર્પટી	૩૦
૬૬	મળશુદ્ધિ ચૂર્ણ	૧૬	૯૧	લોહાસવ	૬૭
૬૭	મરડાની દવા	૪૨	૯૨	વાજીકરણ ચુર્ણ	૧૧
૬૮	મરિચ્યાદિવટી	૪૪	૯૩	વાયુનાશક પૈષ્ટીકગોળી	૪૨
૬૯	મહાસુગંધી તેલ	૫૬	૯૪	વાયુહરી વજ્રવટી	૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૯૫	વાતનાશક તેલ	૫૮	૧૧૧	સ્વાદીષ્ટ વિરેચન	૩
૯૬	વાસાવલેહ	૬૦	૧૧૨	સ્વાદીષ્ટ પાચનવટી	૫૬
૯૭	વાસાસવ	૬૯	૧૧૩	સ્વાદિષ્ટ આરેઠ	૬૪
૯૮	વિષમજ્વર નાશકગુટીકા	૪૦	૧૧૪	સાલમપાક	૬૩
૯૯	વિષતીન્દુકવટી	૫૦	૧૧૫	સારસ્વતારિષ્ટ	૭૧
૧૦૦	શૃંગ્યાદી ચુર્ણ	૫	૧૧૬	સિતોપલાદી ચુર્ણ	૪
૧૦૧	શ્વાસકુઠાર રસ	૨૩	૧૧૭	સ્ત્રીગદાંતકવટી	૪૩
૧૦૨	શંખવટી	૫૨	૧૧૮	સુગંધી પવિત્ર ધુપ	૧
૧૦૩	શિવાક્ષાર પાચન	૬	૧૧૯	સુગંધી તેલ	૫૫
૧૦૪	શિલાજીત પ્રયોગ	૨૮	૧૨૦	સુવર્ણપર્પટી	૨૭
૧૦૫	શિતભંજીરસ	૩૫	૧૨૧	સુવર્ણભંગ	૩૧
૧૦૬	શિલાજીતની ગોળી	૪૦	૧૨૨	સૂતસેખર રસ	૧૯
૧૦૭	સપ્તામૃતલોહ	૨૫	૧૨૩	હીસ્ટીરીયાનાશક દવા	૧૨
૧૦૮	સર્વનેત્રરોગહર અંજન	૭૫	૧૨૪	હિંગાષ્ટક ચુર્ણ	૬
૧૦૯	સર્વ વ્યાધીનાશક રસ	૭૭	૧૨૫	હેડકીનાશક પ્રયોગ	૩૯
૧૧૦	સંજીવની ગુટીકા	૫૩	૧૨૬	હેમગર્ભ પોટલીરસ	૩૭

એ શિવાય પરિશિષ્ટ ૧ લું કે જેમાં દવાઓના તોલ માપનું કોષ્ટક તથા માત્રાનું કોષ્ટક તેમજ કેટલીક અગત્યની સૂચનાઓ લખવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીધન્વન્તરયે નમઃ

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૧લો.)

૧ સુગંધી પવિત્ર ધૂપ.

બનાવટ—વાળો શેર ૦। સુખડ શેર ૦।
લોબાન કોડીએ શેર ૦॥ ગુગળ શેર ૦॥
ઇસ્સ શેર ૦। હરમર શેર ૦॥
વજ તોલા ૧૦ કપુર કાચડી શેર ૦।
કચુરો શેર ૦॥ બાવચી તોલા ૧૦
અગરના છોડા શેર ૦। દેવદારનો ભુકો શેર ૦॥
લીંબડાના પાનનું ચૂર્ણ શેર ૦॥ મોથ શેર ૦॥
પાનડી શેર ૦। ગુલાબનાં ફુલ શેર ૦।

રીત—દરેક વસ્તુને અધકચરી ખાંડી સાથે મેળવી એક ડબ્બામાં ભરી લેવું.

ઉપયોગ—હવા શુદ્ધિ માટે તથા જંતુઘ્ન તરીકે આ ધૂપને અગ્નિ (ધગધગતા કોલસા) ઉપર છાંટવાથી તેનો પવિત્ર ધુંવાડો મગજને ફાયદો કર્તા તથા હવાને શુદ્ધ કર્તા થાય છે.ખરાબ હવા શુધ્ધ થાય છે.

સમય—દરરોજ સવાર સાંજ રહેઠાણની જગાએ ધુપ કરવો. અથવા ખરાબ હવા જ્યાં ચાલતી હોય ત્યાં દરરોજ આખો વખત વાપરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ મંજીષ્ઠાદ્રિ ચૂર્ણ.

બનાવટ—મજીઠ તોલા ૨॥ ગુલાબનાં ફુલ તોલા ૨॥
હરડે તોલા ૨॥ મીંઢીઆવળના પાન તો ૧૦
નસોતર તોલા ૨॥ સાકર તોલા ૪૦

રીત—દરેક વસ્તુનું બારીક ચૂર્ણ લઈ સાથે મેળવી કપડેથી ચાળી એક બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૦થી ૦॥ તોલો.

અનુપાન—પાણી કે દુધ.

સમય—દિવસમાં બે વખત સવારે અને સાંજે.

ઉપયોગ—લોહીબિગાડ, ઉપદંશ, બ્રસ, બરજવું, જુનીકબજીઆત, ઉદરરોગ, મંદાગ્નિ, જીર્ણજ્વર, વગેરેમાં શુધ્ધિ કરવા માટે વપરાય છે.

---

૩ ગંધક યોગ.

બનાવટ—શુદ્ધ ગંધક તોલા ૨॥ હીમેજ તોલા ૨॥
સાકર તોલા ૫.

રીત—સર્વ વસ્તુઓનું બારીક ચૂર્ણ લઇ પ્રથમ બરલમાં ગંધક નાખી તેમાં હીમેજ તથા સાકર ધીમે ધીમે નાંખી મેળવી ધુંટી બાટલી ભરી લેવી.

પ્રમાણ—બે આનીથી ચાર આની ભાર.

સમય—સવાર સાંજ બે વખત કે રાત્રે સુતી વખતે.

ઉપયોગ—બ્રસ, બુજલી, ગુહ્ય ભાગની બંજવાળ, ચળ, લોહિબિગાડ વગેરે માટે રકત શોધક તથા મળ શોધક તરીકે સારો ફાયદો આપે છે. અને જુલાબ સાફ લાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરેજી—આ દવા ઉપર સાધારણ પરેજી પાળવી કારણ કે તેમાં ગંધક આવે છે.

---

૪ પંચસમ ચૂર્ણ.

બનાવટ—હીમેજ તોલા ૫ નસોતર તોલા ૫
મરી તોલા ૫ શુદ્ધ તોલા ૫
પીપર તોલા ૫.

રીત—દરેક વસ્તુઓનું માથે ખાંડીને ચૂર્ણ બનાવી લેવું.

પ્રમાણ—તોલો ૦થી ૦॥ સુધી.

સમય—જરૂર જણાય ત્યારે અથવા રાતે સુતી વખતે.

અનુપાન—નવશેકું પાણી કે ચહા.

ઉપયોગ—આફરો, શુળ, વાયુ, કબજીઆત, આમવાયુ, ચૂંક મોળ, ઉદરરોગ, સાંધાનું વાયુ, મંદાગ્નિ, જીર્ણજ્વર વગેરેમાં પેટ સાફ કરવા આ દવા વાપરી શકાય છે. તેનાથી એક બે પેટ સાફ આવે છે.

---

૫ સ્વાદિષ્ટ વિરેચન.

બનાવટ—શુદ્ધ ગંધક તોલા ૨॥ વરેઆરી તોલા ૨॥
જેઠીમધ તોલા ૨॥ મીંઢીઆવળ તોલા ૭॥
સાકર તોલા ૧૫

રીત—દરેક વસ્તુનું પ્રથમથી બારીક ચૂર્ણ જુદું જુદું બનાવી લઇ તેને પ્રથમ ખરલમાં ગંધક નાંખી તેમાં એકેક વસ્તુ નાંખતા જવું અને મેળવતા જવું એથી વસ્તુઓ બરાબર મળી જાય ત્યારે બાટલી ભરી રાખી મુકવું.

પ્રમાણ—૦થી ૦॥ તોલા સુધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય—જરૂર જણાય ત્યારે અથવા તો રાતે સુતી વખતે.

અનુપાન—નવસેકું કે સાદું પાણી.

ઉપયોગ—લોહિ વિકાર, હરસ. કબજીઅત, મરડો, બ્લડ. ઓટી ગરમી વગેરેમાં મળશુદ્ધિની જ્યાં જરૂર જણાય ત્યાં આ આ સાદા જુલાબ તરીકે મીઠી ફાકીના નામથી છુટથી વૈદ્યો વાપરેછે. તેનાથી એકદે બે પેટ સાફ આવે છે.

---

૬ સિતોપલાદિ ચૂર્ણ.

બનાવટ—તજ તોલા ૧ એલચી તોલા ૨
પીપર જીણી તોલા ૪ વંસલોચન તોલા ૮
માકર તોલા ૧૬.

રીત—દરેક વસ્તુઓને જુદા જુદા બાંડી સાથે મેળવી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—વાલ ૪ (બે આની ભાર)

અનુપાન—મધ ઘી કે દુધ સાથે.

સમય—સવાર સાંજ બે વખત અથવા મરજી મુજબ.

ઉપયોગ—બાંસી, તાવ, જીર્ણજ્વર, રક્તપિત, બાંસીમાં પડતું લોહી, ઉરઃક્ષત, ક્ષય, બાળકોની નબળાઇ, ગળાનો વરમ, ક્ષીણતા, શરદી, વગેરે દરદોમાં છુટથી વપરાય છે. **બાંસીની અકસીર** દવા છે.

---

૭ રક્તપ્રદરની દવા.

બનાવટ—બારસપહાણ લાવી તેના કટકા કરી ચૂર્ણ કરેલું હોય તે તોલા ૧૦, સોનાગેરૂ તોલો ૦॥.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—બરણમાં ઉપરની દવાને એક દીવસ ઘુંટી કપડ છાણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે વાલ.

સમય—દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સારા ઘી સાથે મેળવી ચાટી જવું અથવા તો ઘી અને સાકર સાથે ચાટી જવું.

ઉપયોગ—સ્ત્રીઓનો રકત પ્રદર, (લોહીવા) રકતસ્રાવ મટે છે.

---

૮ લોહી અને પરૂવાળો મરડો.

બનાવટ—કાચની બાટલીને બંધ કરવાના મુચ આવેછે તે લઇ લેવા આસરે તો. ૬૦ સુધી. (જુનાં હોય તોપણ ચાલે)

રીત—એક વાસણમાં મુકી તેમાં થોડા બળેલા કોલસા નાખી સળગાવવા. તે સળગે એટલે પેલા કોલસા કાઢી લઇ મુચને બાળી કોલસા કરી લેવા.

પ્રમાણ—બે વાલ (છ રતીભાર)

અનુપાન—દહીં સાથે.

સમય—દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—લોહી અને પરૂ મીશ્રીત ઝાડા, મરડા તરતમાં મટે ભયંકર હોય તોપણ બંધ થઇ આરામ થાય.

---

૯ શૃંગ્યાદિ ચૂર્ણ.

બનાવટ—અતિવિષ, પીપર, કાકડાશીંગ.

રીત—દરેક વસ્તુનું ચુર્ણ કરી કપડે ચાળી બાટલીમાં મેળવીને રાખી દેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—વાલ ૧ સુધી.

સમય—દિવસમાં ત્રણ વખત, સવાર બપોર અને સાંજ.

અનુપાન—મધ અથવા માનું દુધ.

ઉપયોગ—બાળકોનો તાવ, ખાંસી, ઝાડા, કબજીઆત, શરદી, વાયુ, ચુંક વગેરે મટે છે. આને કેટલાક વૈદ્યો **બાળદવાના** નામથી ઓળખે છે.

---

૧૦ શિવાક્ષારપાચન.

બનાવટ—હિંગાષ્ટક ચુર્ણ તો. ૧૦ બાલહરડે તોલા ૩૦
સોડાબાયકાર્બ તો. ૧૦

રીત—પ્રથમ ખરલમાં સોડાબાય કાર્બને બરાબર ઘુંટી તેમાં ઉપરની બે દવાઓ ધીમે ધીમે મેળવી ઘુંટીને કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—તોલો ૦થી ૦॥.

અનુપાન—સ્વચ્છ પાણી કે નવશેકું પાણી.

સમય—રાતનાં, સવારનાં કે જરૂરત પ્રમાણે.

ઉપયોગ—વાયુ, અજીર્ણ, કબજીઆત, અરૂચી, શુળ, મોળ, ઉલટી, હેડકી, અમ્લપિત, બાદી, આફરો, કોલેરા વગેરેમાટે: પેટ સાફ કરી અજીર્ણ મટાડે છે. ભૂખ લગાડી વાયુને છુટ કરે છે.

---

૧૧ હિંગાષ્ટક ચુર્ણ.

બનાવટ—શુંઠ તો. ૧ મરી તોલો ૧
પીપર તો. ૧ સિંધવ તો. ૧
જીરૂં તો. ૧ શાહજીરૂં તો. ૧
અજમોદ તો. ૧ શોધેલી ઉત્તમ હીંગ તોલો ૦॥
(અથવા ચાલુ બજારી હીંગ તો.૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—પ્રથમ દરેક વસ્તુને ખાંડી ચુર્ણ કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી. અથવા બની શકે તો લીંબુના રસમાં ઘુંટી સુકાવી ચાળીને બાટલી ભરી લેવી.

પ્રમાણ—વાલ ૪થી ૮ સુધી.

સમય—ભોજન વખતે અથવા સવાર સાંજ કે જરૂરત પ્રમાણે સરછ મુજબ.

અનુપાન—ઘી સાથે અથવા સ્વચ્છ પાણી સાથે.

ઉપયોગ—વાયુ, મોળ, આફરો, ચુંક, અજીર્ણ, અરૂચી, પેટનો દુખાવો, કબજીઆત. ઝાડા, કોલેરા, મંદાગ્નિ વગેરે મટી ભુખ લાગે તથા પેટ સાફ રહે, ઝાડો બંધાઇને આવે.

---

૧૨ ત્રિફલા ચૂર્ણ.

બનાવટ—હરડેછાલ, બહેડાંછાલ, આમળા સમભાગે.

રીત—ત્રણે દવાઓ ઠળીઆ વગરની લઇ તેને સાથે ખાંડી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ તોલાભાર કે તેથી વધુ શકિત મુજબ.

અનુપાન—દુધ કે સ્વચ્છ પાણી અથવા સાકર તોલા ૧ સાથે મેળવી મધમાં ચાટી ઉપર દુધ પીવું.

સમય—સવારનાં કે રાતના સુતી વખતે.

ઉપયોગ—કબજીઆત, મગજની ગરમી, પિત, નેત્રરોગ, દ્રષ્ટિની ખામી, આંખનાં દરદો, લોહી બિગાડ, વિર્ય વિકાર, ખસ, ખુજલી વગેરેમાં વપરાય છે. તેમજ કેટલીક ભસ્મો સાથે અનુપાન તરીકે પણ ઘણીજ વપરાય છે. લાંબો વખત સેવન કરવાથી જુનાં દરદો મટાડી શુક્ર (વીર્ય)નું શોધન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩ ત્રિકટુ ચૂર્ણ.

બનાવટ—શુંઠ, મરી, પીપર સમભાગે.

રીત—દરેક વસ્તુઓ સાથે લઇ બાંડી કપડે ચાળી અને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે આનીભાર સુધી.

અનુપાન—મધ સાથે ચાટવું.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—દવાના અનુપાનમાં કફઘ્ન તરીકે તેમજ ગરમી લાવનાર તરીકે વપરાય છે. બાંસી શરદી, હૃદય (છાતીનું) શુળ, દમ, કફ, હાંફણ, વગેરે મટે છે. તેમજ સુંઘવાથી છીંકો આવી મગજ હલકું થાય છે.

---

૧૪ પીનસહરી તમાકુ.

બનાવટ—મદ્રાસી છીકણી તો. ૧ બીસ્મથ સબનાઇટ્રેટ તો. ૦॥
પીપરમેન્ટ ફુલ તો. ૦ કપુર તો. ૦
વાવડીંગનું ચૂર્ણ તો. ૧ કાયફળનાં છોડાનું ચુર્ણ તો.૨

રીત—દરેક વસ્તુનું બારીક ચુર્ણ બરલમાં નાંખી સારી રીતે ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક બે ચપટી ભરી નાકમાં સુંઘવી.

સમય—સવાર, બપોર, સાંજનાં ત્રણ વખત સુંઘવું.

ઉપયોગ—નાકનાં દરદો, સળેખમ, પડ નીકળવું, મસ્તક શુળ, પીનસ રોગ, નાકમાંથી બરાબ ગંધ નીકળવી વગેરે માટે ઉત્તમ છે. ફકત દવા સુંઘવાથી આરામ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ અસ્થિ સંધાનક લેપ.

બનાવટ—એળીએ તો. ૧ હીરાએળ તો. ૧
ગુગળ તો. ૧ ઇશરા તો. ૧
ગુન્દર તો. ૧ રેવતચીનીનો ભીરો તો. ૧
મેંદાલકડી તો. ૧ આંબાહળદર તો. ૧
સાજખાર તો. ૧ લોદર તો. ૧
માયુ સરસ તો. ૧

રીત—સર્વે વસ્તુઓ ખાંડી ચુર્ણ કરી તેને બાટલીમાં ભરી રાખી મુકવું.

ઉપયોગ—મુંઢમાર. ચોટ, વાગવું, સોજો, શુળ, હાડકાનું ભાંગવું કે ઉતરી જવું, સખ્ત માર, લોહીનો જમાવ વગેરે માટે ઠીક ઉપયોગી છે.

પ્રમાણ—જરૂર જણાય તેટલા પ્રમાણમાં ભુકો લઇ તેને જરા ગરમ પાણીમાં વાટી લેપની રીતે લગાડી ઉપર કપાસ લગાડી તેના પર પાટો બાંધી જરૂર હોયતો બાંધીઆ બાંધવા બેથી ત્રણ દહાડે લેપ બોલી બીજો લેપ લગાડવો. બેથી ચાર લેપમાં આરામ થઇ જાય છે.

---

૧૬ જવરબિન્દુ.

બનાવટ—અતિવિષ તોલા ૨॥ સુરાખાર તોલા ૨॥
પુલાવેલ ફટકડી તોલા ૨॥ સોનાગેરૂ તો. ૦॥.

રીતે—દરેક વસ્તુનું અલગ અલગ ચુર્ણ લઇ તેને સાફ ખરલમાં ત્રણ કલાક ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩થી ૧૨ રતીભાર.

અનુપાન—નવશેકું પાણી કે ચહા સાથે અથવા મધ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય—તાવ ચડેલ હોય ત્યારે બબે કલાકે અથવા તો દિવસમાં ચાર વખત તાવ ન હોય ત્યારે.

ઉપયોગ—અણઉતાર તાવ, વિષમજ્વર, નાનાં બાળકોનો તાવ, ટાઢીઓ તાવ વગેરેમાં તાવને ઉતારે છે.

---

૧૭ નવિન સુદર્શન ચૂર્ણ.

બનાવટ—મામેજવો (કડવીનઇ કહે છે તે) તોલા ૧૦ કાળાં મરી તોલા ૨૫.

રીત—એને બરાબર વાટી કપડ છાણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ વાલ સુધી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—નવશેકું પાણી અથવા ચહા સાથે.

ઉપયોગ—નવા અથવા જુના તાવમાં વપરાય, તાવને ઉતારી પસીનો લાવે છે. સ્વાદમાં અતિ કડવો હોવાથી તાવને તરતજ મટાડી મેં સાફ કરે છે. જુના તાવમાં તેમજ બાળકોના તાવમાં પણ બાસ વાપરી શકાય છે.

સૂચના—બાળક માટે ૨થી ૪ ચણોઠીભાર અપાય.

---

૧૮ દૂધનો મસાલો.

બનાવટ—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ એલચી, અકલકરો સુંઠ, કેશર, કસ્તુરી.

રીત—દરેક વસ્તુઓ અકેક તોલો તથા કસ્તુરી ૧/૮ તોલો લઇ દરેકનું ચુર્ણ બનાવી તેમાં કસ્તુરીને મેળવી ઘુંટી એ ચુર્ણ બાટલીમાં ભરી રાખવું અને જ્યારે દુધ પીવું હોય ત્યારે તેમાંથી આશરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦ા તોલો ચુર્ણ ગરમ કરેલા દુધમાં નાંખી વાપરવું એ દુધમાં બદામ પીસ્તા તથા સાકર મરજી મુજબ નાખી શકાય છે.

પ્રમાણ—એક વખત માટે ૦ા તોલો આશરે દુધ તોલા ૨૦ થી૬૦ હોય તે માટે.

સમય—સવારમાં અથવા રાત્રે સુતી વખતે યાતો મરજી મુજબ લઇ શકાય.

ઉપયોગ—વાજીકરણ ગુણ લાવવા, દુધ ન પચતું હોય તો પચાવવા તેમજ શુક્ર અને શરીરને મજબુત બનાવવા આ મસાલો ઘણોજ ફાયદો આપે છે. તેમજ દુધ પણ ફ્રીકર થાય છે.

---

૧૯ વાજીકરણ ચૂર્ણ.

બનાવટ—સફેદ મૂશલી, કાળી મૂશલી, લવંગ, તજ, જાયફળ, જાવંત્રી, સુંઠ, શતાવરી, એખરો, કબાબચીની, મુગલાઇ એદાણા, બલદાણા, નાગકેસર, કોચબીજ, સાલમ, બસબસ, બહુફલી, ગોખરૂ, અકલકરો, એલચી, હરડા, જેઠીમધ, સાકર, દરેક સમભાગે લેવી. પરંતુ સાકર દશ તોલા લેવી.

રીત—દરેક વસ્તુઓનું બારીક કપડછાણ ચુર્ણ બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ— ૦ા તોલાથી ૧ તોલો.

સમય—સવારનાં તથા રાત્રે, દિવસમાં બે વખત.

અનુપાન—કેશરવાળું અથવા સાદું મીઠું દુધ ફ્રીકી પ્રમાણે.

ઉપયોગ—ધાતુ ક્ષીણતા, નબળાઇ, મગજની નબળાઇ, હાથ પગ કે કમરનો દુખાવો, વીર્યશ્રાવ, માથાનો દુખાવો, પેશાબમાં ધાતજવી, વાયુથી શરીરમાં કળતર થવા વગેરે ફરીયાદ મટી શરીર પુષ્ટ બને છે. આશરે એક માસ દવા લેવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ હિસ્ટીરિયા નાશક દવા.

બનાવટ—શેકેલી શુધ્ધ હીંગ તો. ૧ વજ તો. ૨ કડ તો. ૪ સંચળ તો. ૮ વાવડીંગ તો. ૧૬ બધી દવાઓ સાથે બાંડી કપડે ચાળી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૪ થી ૮ વાલ સુધી. દિવસમાં ૩ વખત.

અનુપાન—સહેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—હીસ્ટીરિયા, વાયુ, આફરો, કોલેરા, ગુલ્મવાયુ, કૃમી વગેરે ઉપદ્રવો મટાડી વાયુને શાંત કરે છે. આ દવા હીસ્ટીરિયાવાળા ને માટે ખાસ લાંબો વખત લેવાથી સારો ફાયદો થઇ જાયછે.

---

૨૧ ગાંઠ પકવવાનો લેપ.

બનાવટ—સાજીખાર, પારેવાની ચરક, કલીચુનો ગુગળ ઇશરા, હીરાબોળ, એળીઓ, સાબુ, ગોળ, વિલાયતી કોલસો, એ ચીજો ને પાણીમાં વાટી દુખાવો હોય તથા ગાંઠ હોય ત્યાં લેપ લગાડવો. ઉપરા ઉપરી બે ત્રણ લેપ તરતમાં લગાડવાથી ગાંઠ ફુટી જઇ પીડા મટી જાયછે. ફુટયા પછી રસી સાફ કરવાને માટે લીંબડાના પાનનું પાકું પાણી બનાવી તેના વડે ધોવું અને રૂઝાવવા માટે મલમની પટી મારી સાફ થઇ જાય ત્યાં સુધી સ્વચ્છતાથી પાટો બરાબર બાંધવો.

---

૨૨ કેશ વર્ધક મસાલો.

બનાવટ—તેલમાં તળેલા આંબળાંનુ ચૂર્ણ તોલા ૮ ગોવાઇ ટોપરૂં તોલા ૪ કપુરકાચલી, કચુરો, મોથ, વાળો, અગર, તગર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખડ, ગુલાબનાં ફુલ, એ દરેક એકેક તોલો લઇ કુટી ચૂર્ણ કરી ડબ્બી ભરી રાખવી.

વાપરવાની રીત—આશરે બે તોલા ભૂકો લઇ પથર પર ગુલાબજળ અથવા પાણીમાં તેને વાટી લુગદી જેવું કરી માથાનાં વાળમાં ભૂંસી સારીપેઠે ચોળી લઇ અને નહાઇ લેવું. કે તે ધોવાઇને સાફ થઇ જાય. આ પ્રમાણે અડવાડીએ એકાદ વખત કરવું જોઇએ.

ઉપયોગ—વાળ વધારી નરમ સુંવાળા અને તેજસ્વી બનાવે છે. તેમજ શરીરે લગાડવાથી ખરાબ વાસ મારતો પસીનો, ચામડીનાં દોષ મટી સારી સુગંધ આવેછે.

---

૨૩ દોષઘ્ન લેપ.

બનાવટ—સરગવાની છાલ, શુંઠ, સરસવ, દેવદાર, સાટોડીનાં મૂળ, એ સર્વે સમ ભાગે લઇ ચુર્ણ કરી ચાળી લઇ બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—બાટી છાસમાં, પાણીમાં કે દહીંનાં પાણીમાં આ લેપને પથરપર વાટી જાડો લેપ લગાડી ઉપર કોઇ પાન મુકી પાટો બાંધી દેવો.

ઉપયોગ—વાયુથી, કફથી થતો કોઇ પણ જાતનો સોજો, વ્રણનો સોજો. ગાંઠ, રસોળી. ગુંમડા વગેરેને પકવીને ફોડી નાંખે છે. અને સોજો ઉતારે છે.

---

૨૪ દશાંગ લેપ.

બનાવટ—સરસડાની છાલ, તગર, જેઠીમધ રતાંજલી, જટામાસી, હળદર, કઠ, વાળો, એલચી, એદશ ચીજો સમ ભાગે લઇ ચૂર્ણ કરી તેને જરા ઘીનો કરમો આપી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવાની રીત—જરૂર જણાય ત્યારે એક પથ્થર ઉપર લેપનો ભુક્કો મુઠ્ઠી ગુલાબજળ નાંખી વાટી લેપ જેવું બનાવી જરૂર પ્રમાણે જાડો લેપ લગાડી ઉપર એક પાન મુકી પાટો બાંધી દેવો. ગુલાબજળ ન મળે તો પાણી પણ ચાલે.

ઉપયોગ—ગરમીથી થતાં ગડગુમડ, સોજો. દાહ રતવા, ઉંદરવા, ઝેરી પ્રાણીઓના ડંખથી થતો સોજો, વનસ્પતિના ઝેરથી થતો સોજો તથા દાહ, બળતરા મટી જાય છે.

---

૨૫ દાડિમાષ્ટક ચુર્ણ.

બનાવટ—દાડમની છાલ તોલા ૮ સાકર તોલા ૩૨ એલચી, તજ, તમાલપત્ર, એ ત્રણે તોલા ૪ સુંઠ, મરી, પીપર, એ દરેક તોલા ચારચાર એ સર્વનું ચૂર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બેથી ચાર આની ભાર દિવસમાં ત્રણ વખત.

અનુપાન—મધ અથવા પાણી સાથે.

ઉપયોગ—ઝાડો, મરડો, મંદાગ્નિ, ખાંસી, જવર, વગેરે મટે.

---

૨૬ મહાસુદર્શન ચૂર્ણ.

બનાવટ—હરડે, બહેડાં, આમળાં, હળદર, દારૂહળદર, ભોંરીંગણી, ઉભીરીંગણી, ખડસલીઓ, મોથ, ત્રાયમાણ, વાળો, નીંબછાલ, પુષ્કરમુળ, જેઠીમધ, કડાછાલ, અજમોદ, ઇંદ્રયવ, ભારંગમુળ, સરગવાના બીજ, ફટકડી ફુલાવેલી, વજ, તજ, પદ્મકઠ, સુખડ, અતિવિષ, સાલવણ, પીઠવણ, બલબીજ, વાવડીંગ, તગર, ચિત્રક, દેવદાર, ચવક, પટોળ, લવંગ, વંશલોચન, કમળકાકડી, તમાલપત્ર, જાવંત્રી, તાલીસ પત્ર, સુંઠ, મરી, પીપર, પીપરીમુળ, ગળો, મોરવેલ, ધમાસો, કહુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચુરો, એ દરેક એકેક તોલો તથા તે સર્વના વજનથી અરધા વજને કરીઆતું લેવું અને તેનું બારીક ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૪થી ૮ વાલ સુધી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સ્વચ્છ પાણી.

ઉપયોગ—દરેક જાતના તાવ, ત્રિદોષજ્વર, અજીર્ણ, જીર્ણ-જ્વર, મંદાગ્નિ, જુનો તાવ, ટાઢીઓ તાવ વગેરે દરેક જાતના તાવમાં અકસીર ઉપાય ગણાય છે.

સૂચના—ઢાકી તરીકે ન લેતાં સરળ રૂપમાં લેવું હોય તો પાણી તોલા ૧૦ ગરમ કરી તેમાં સુદર્શન ચુર્ણ તોલો ૧ નાંખી ઉકાળતાં પાંચ તોલા રહે ત્યારે ઉતારી ગાળી તેના બે ભાગ કરવા બીજી દવા સાથે અથવા અકેલું આ પ્રવાહી લેવાથી વધારે અનુકુળ થઇ પડે છે. અને તરતજ ફાયદો આપે છે.

---

૨૭ લવણ ભાસ્કર ચુર્ણ.

બનાવટ—મીઠું તો૦ ૮ સંચળ તો૦ ૫ બીડલવણ, સિંધવ, ધાણા, પીપર, પીપરીમુળ, શાહજીરું તમાલપત્ર, નાગકેશર, તાલીસપત્ર, અને અમલવેતસ એ દરેક બબે તોલા લેવા, દાડમબીજ ચાર તોલા, મરી, જીરું, સુંઠ એ દરેક અકેક તોલો, તજ, એલચી એ અરધો તોલો લેવાં સર્વેને ખાંડી ચુર્ણ કરી ચાળીબાટલી ભરી રાખવી.

પ્રમાણ—બેથી ચાર આનીભાર.

સમય—જમ્યા પહેલાં. જમવા સાથે કે જમ્યા પછી.

અનુપાન—સ્વચ્છ પાણી, છાસ, કે દહીનું પાણી.

ઉપયોગ—મંદાગ્નિ, અરૂચી, આમવાયુ, અજીર્ણ, ઝાડા, વાયુ, શુળ, અમ્લપિત, સંગ્રહણી, અરલ, સોજા, હરસ, કબજીઆત, ખાંસી, આમવાત, વગેરે મટેછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮ મળશુદ્ધિ ચુર્ણ.

બનાવટ—કાળા દાણા તોલા ૬ સંચળ તો. ૧ સુંઠ તો. ૧ લઇ ચુર્ણ કરી ચાળી લઇ બાટલી ભરી રાખવી.

સમય—સવારના વખતે કે રાત્રે સુતી વખતે.

પ્રમાણ—બાથી ૧૫ તોલો.

અનુપાન—ગરમ પાણી સાથે.

ઉપયોગ—એથી ચાર સારા જુલાબ લાગી પેટ સાફ થાય છે. અને બરલ, લીવર, જીર્ણજ્વર, અંધકુષ્ટ, સોજા. શીળસ, અજીર્ણ, ઉદરરોગ, મટી લોહી સાફ થાય છે. તેમજ ત્વચા રોગ પણ મટી જાય છે.

સૂચના—જુલાબ લાગી રહયા પછી ઘી ભાત કે ખીચડી બાવી અને જરૂર હોય તો મીઠી છાસ પીવી કે જેથી જુલાબ બંધ થશે.

---

૨૯ ત્રિફળા પિપ્પલી ચુર્ણ.

બનાવટ—હરડેછાલ, બહેડાંછાલ, આંમળાં, પીપર એ ચારે સમભાગ લઇ ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે થી ચાર આનીભાર.

અનુપાન—મધ સાથે ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—બાંસી, દમ, શ્વાસ, જીર્ણજ્વર, મંદાગ્નિ, કબજીઅત વગેરે મટી આમનું પાચન થઇ શરીર નિરામ બને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦ કડુ ભર્જીત ચૂર્ણ.

બનાવટ—કડુને તવા ઉપર શેકી ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૮ વાલ સુધી.

અનુપાન—ગરમ પાણી.

ઉપયોગ—તાવ, કલેજાનો ભરાવો, કબજીઅત વગેરે મટી પેટ સાફ થાયછે. તાવની શરૂવાતમાં આપવું ઠીકછે.

---

૩૧ ત્રિભુવન કિર્તી રસ.

બનાવટ—હિંગળો શુધ્ધ, વછનાગ શુધ્ધ, શુંઠ,પીપર, મરી, ફુલાવેલો ટંકણખાર, પીપરીમુળ દરેક તોલો એક એક લેવાં.

રીત—દરેક વસ્તુનું અલગ અલગ ચૂર્ણ લઇ પ્રથમ એક ખરલમાં હિંગળો નાખી તેને ઘુંટતા જવું અને તેમાં અકેક ચીજનું ચૂર્ણ નાંખતાં જવું અને ઘુંટતા જવું. જ્યારે બરાબર ઘુંટાઇ જાય ત્યારે તુલશીનો રસ, ધતુરાના પાનનો રસ. આદુનો રસ, એ દરેકની અકેક ભાવના જુદીજુદા આપી ખરલમાં ઘુંટીને તેની ચણોઠી જેવડી ગોળી વાળી સુકવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

સમય—. સવાર બપોર અને સાંજ અથવાતો ચારચાર કલાકે,

અનુપાન—સુદરશનના ફાંટ સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ—પિતજ્વર, કફ કે વાયુનો જ્વર તથા વાલુ તમામ જાતના તાવમાં વપરાયછે અને સારો ફાયદો આપેછે. ઇન્ફ્લુએંઝા તથા મુદતના તાવમાં પણ સારૂં કામ કરેછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨ પ્રદરારી રસ.

બનાવટ—શુધ્ધ હિંગળો તો૦ ૧ ટંકણખાર શુધ્ધ તો૦ ૧
બંગ ભસ્મ તો૦ ૧ લોહ ભસ્મ તો૦ ૧
યસદ ભસ્મ તો ૧ ચણકબાબનું ચૂર્ણ તો૦ ૧૫.

રીત—સર્વે વસ્તુઓમાંથી પ્રથમ હીંગળો તથા બીજી ભસ્મો ખરલમાં ઘુંટી મેળવી તેમાં બીજી દવા થોડેથોડે નાંખી ખરલમાં ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એકઆનીથી બેઆનીભાર.

અનુપાન—દહીં અને સાકર સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પ્રદર, પ્રમેહ, પેસાબની ગરમી, ધાતજવી હરસ, રકતશ્રાવ, પેશાબની બળતરા વગેરે મટાડી ગરમી શાંત કરી રકતશ્રાવ બંધ કરેછે.

---

૩૩ નારાયણ જવરાંકુશ.

બનાવટ—શુધ્ધ સોમલ તો૦ ૧ વજ્રનાગ તો૦ ૧
ગંધક તો૦ ૧ પારો તો૦ ૧
હરતાલ તો૦ ૧ શુંઠ તો૦ ૧
મરી તો૦ ૧ પીપર તો૦ ૧
પીળી કોડીની ભસ્મ તો૦ ૧ ભાંગ તો૦ ૧
ધતુરાના બીજ તો૦ ૧ ટંકણખાર તો૦ ૧

આ દરેક વસ્તુઓ શુધ્ધ લેવી જોઇએ.

રીત—દરેકનું ચૂર્ણ લઇ પ્રથમ પારદ ગંધકની કજળી કરી પછી તેમાં અકેક વસ્તુને કુટતા જવું અને મેળવતાં જવું તમામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાઓ મેળવી. આદુના રસમાં ખુબ ઘુંટી આજરીના દાણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

પ્રમાણ—એકથી બે ગોળી.

સમય—તાવ હોય ત્યારે ઉતારવા તથા તાવ ન હોય ત્યારે અટકાવવા દર ત્રણત્રણ કલાકે વાપરવી.

અનુપાન—તાજું પાણી.

ઉપયોગ—જવર, વિષમ જવર, (ટાઢીઓ તાવ) જુનોતાવ, વગેરેમાં તાવને ઉતારે તથા આવતા તાવને અટકાવે.

સૂચનાં—ધ્યાનમાં રાખવું કે આ દવામાં સોમલ જેવી ઝેરી દવા વપરાયલીછે માટે ખાનપાનમાં અપથ્ય ન કરવું, તેમજ જુનો તાવ હોયતો ખોરાકમાં ઘી લઈ શકાય, પરંતુ નવો તાવ હોયતો દુધ લેવું.

---

૩૪ સૂત શેખર રસ.

બનાવટ—પારો, ગંધક, ટંકણ, વછનાગ, શંખભસ્મ, સુવર્ણ ભસ્મ, તામ્ર ભસ્મ, શુંઠ, મરી, પીપર, ધતુરાના બીજ, તજ, તમાલપત્ર, નાગકેશર, એલચી, બીલીનો ગરભ, કચુરો. એ દરેક સરખે વજને લઈ લેવું.

રીત—શુધ્ધ વાસાણાં તથા ભસ્મો જુદી રાખી પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં શુધ્ધ દ્રવ્યો નાખી પછી તેમાં બીજી વસ્તુઓ ધીમેધીમે મેળવી દેવી અને તેને બરાબર ઘુંટી તેમાં ભાંગરાનો રસ નાંખી ઘુંટી રતી ભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—એકથી ત્રણ રતીભાર.

અનુપાન—સ્વચ્છ પાણી અથવા જરૂરત પ્રમાણે.

સમય—સવાર સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—અમ્લપિત, ઉલટી, શૂળ, ગુલ્મરોગ, ખાંસી, સંગ્રહણી, આમ, અતિસાર, શ્વાસ, મંદાગ્નિ, હેડકી, ઉદાવર્ત રોગ, જવર, ક્ષય વગેરે વ્યાધિઓ મટી આરામ જાયછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫ અશ્વચોળી.

બનાવટ– શુધ્ધ પારો, ગંધક, વછનાગ, ટંકણખાર, શુદ્ધ હરતાલ, હરડા, બહેડા, આંબળા, શુંઠ, મરી, પીપર, શુધ્ધ નેપાળો.

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી કરી તેમાં બીજી દવાઓ નાંખી ધુંટી ભાંગરાના રસના ત્રણ પુટ આપી રતીભારની ગોળી બનાવી સુકવીને રાખવી.

પ્રમાણ—ગોળી ૧ થી ૪ ચાર.

સમય—રાતનાં અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—સ્વચ્છ પાણી.

ઉપયોગ—સાદા જુલાબ તરીકે આ દવા ઠીકછે. બાળકને પણ આપી શકાય છે. ચાર ગોળી લેવાથી, બે દસ્ત સાફ આવે છે. બેછી લેવાથી એકજ પેટ સાફ આવેછે. બાળક માટે એકથી અરધી ગોળી અપાય છે. જવરમાં પ્રથમ પેટ સાફ કરવા આ ગોળી જુલાબ તરીકે આપવાનો વધારે રિવાજ છે. હમેશાં જુલાબ માટે આ દવા વાપરવી સલાહ કારક નથી.

---

૩૬ ઇચ્છા ભેદીરસ.

બનાવટ—શુધ્ધ પારો, શુધ્ધ ગંધક, ટંકણ, મરી, શુંઠ, એ દરેક એકેક તોલો શુધ્ધ નેપાળો ત્રણ તોલા.

રીત—પારા ગંધકની કજ્જળી કરી તેમાં બીજાં વસાણાં મેળવી લીંબુના રસમાં બાર કલાક ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકાવી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—એકથી બે ગોળી.

અનુપાન—ઠંડું પાણી.

સમય—સવારનાં ખાલી પેટે અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—લોહીભિગાડ, બ્રસ, ઉપદંશ, ઉદરરોગ બરળ, તાવ. અથવા જ્યાં જુલાબની જરૂર જણાય ત્યાં આ ગોળી આપવાથી ત્રણચાર કલાકમા એક ગોળીથી ત્રણ અને બે ગોળીથી છ આશરે જુલાબ લાગી કોઠો સાફ થાયછે.

સૂચનાં—જુલાબ હમેશાં ખાલી પેટે લેવો. અને જુલાબ લીધા પછી વચ્ચે પાણી ન પીવું. જ્યારે જુલાબ બંધ કરવો હોય ત્યારે દહીં ભાત અથવા ખીચડી, ઘી, છાશ ખાવાં. જો તેથી પણ કદાચ જુલાબ બંધ ન થાયતો સાકરવાળું પાણી પીવાથી જુલાબ તરતજ બંધ થઇ જાયછે.

---

૩૭ આનંદ ભૈરવ રસ.

બનાવટ—શુદ્ધ હિંગળો, શુદ્ધ વછનાગ, શુદ્ધ ગંધક, ટંકણ, શુંઠ, મરી, પીપર, દરેક ચીજ સમ ભાગે લેવી.

રીત—પ્રથમ હીંગળા સાથે ગંધક મેળવી તેમાં બીજી દવાઓ નાંખી ચુંટી લીંબુના રસમાં વટાણા જેવડી ગોળી કરવી.

પ્રમાણ—ગોળી ૧ થી ૨.

અનુપાન—મધ અથવા સ્વચ્છ પાણી યાતો નાગર વેલનું પાન.

સમય—સવાર સાંજ બે વખત-અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—તાવ, ખાંસી, ઝાડા, શરદી, દમ, સંગ્રહણી. અતિસાર, શ્લેષ્મ, કફ, વગેરેમાં વપરાય છે.

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮ રામબાણ રસ.

બનાવટ—શુદ્ધ પારો તો૦ ૧ શુદ્ધ વછનાગ તો૦ ૧
લવંગ તો૦ ૧ શુદ્ધ ગંધક તો૦ ૧
મરી તો૦ ૨ જાયફળ તો૦ ૦॥

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી કરી તેમાં બીજાં વસાણાં મેળવી ઘુંટી તેને આંબલીના કાતરાના રસની ભાવના આપી ગોળીઓ કરી સુકવી રાખવી.

પ્રમાણ—ચણા જેવડી ૧થી બે ગોળી.

અનુપાન—સ્વચ્છ પાણી

સમય—દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—સંગ્રહણી, આમવાત, મંદાગ્નિ, કફ, દમ, ખાંસી, પેટનાં કૃમી, અરૂચી, ઉલટી, વગેરે મટેછે.

---

૩૯ કવ્યાદ રસ.

બનાવટ—શુદ્ધ પારો તો૦ ૧ શુદ્ધ ગંધક તો૦ ૪
તામ્ર ભસ્મ તો૦ ૦॥ લોહ ભસ્મ તો૦ ૦॥

રીત—ઉપરની વસ્તુઓને પર્પટીની પેઠે કડાઇમાં ગરમ કરી કેળના પતા પર ઢાળી લઈ ખરલમાં નાંખી ઘુંટીને લીંબુના રસની તથા *પંચકોલની અકેક ભાવના આપી ત્યાર બાદ તેમાં ટંકણખાર બીડલવણ, મરી અકેક તોલો મેળવી છેવટ ચણાના ખારની સાત ભાવના આપી અકેક વાલની ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—ગોળી બે થી ચાર.

સમય—જરૂર પ્રમાણે અથવા સવાર, બપોર, સાંજ.

---

* પંચકોલ એટલે પીપર, પીપરિમુળ, ચવક, ચિત્રક, શુંઠ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—છાશ અથવા સ્વચ્છ પાણી.

ઉપયોગ—ઉલટી, અજીર્ણ, શુળ, ગોળો ચડવો, મળાવરોધ, અગ્નિમાંદ્ય, અરજા તેમજ તમામ ઉદર રોગમાં આ દવા સારી વખણાય છે.

---

૪૦ અગ્નિકુમાર રસ.

બનાવટ—શુધ્ધ પારો, ગંધક, ટંકણ, કોડીની ભસ્મ, સાજીખાર, પીપર, શુંઠ, દરેક તોલો એક એક, શુધ્ધ વછનાગ તો૦ ૬ કાળામરી તોલા ૮

રીત—પારા ગંધકની કજ્જળી કરી તેમાં બીજાં વસાણાં નાંખી આર કલાક લીંબુના રસ સાથે ખરલમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

અનુપાન—સ્વચ્છ પાણી.

સમય—દર બબે કે ત્રણત્રણ કલાકે.

ઉપયોગ—કોલેરાનું શુળ, ઝાડા, વાયુ, અજીર્ણ અગ્નિમાંદ્ય વગેરે પાચન ક્રિયાના દરદો માટે ઉતમ છે.

---

૪૧ શ્વાસકુઠાર રસ.

બનાવટ—પારો, ગંધક, વછનાગ, ટંકણ, મનશીલ, દરેક તોલો એકએક.
મરી તો૦ ૧૦ પીપર તો૦૨ શુંઠ તો૦ ૨

રીત—પારાગંધકની કજ્જળી કરી તેમાં બાકીનાં વસાણાં મેળવી ઘુંટી તેમાં નાગરવેલના પાનનોરસ નાંખી ત્રણ પુટ આપી સુકવી ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—વાલ ૧ સુધી.

અનુપાન—નાગરવેલનું પાન અથવા મધ.

સમય—સવાર સાંજ અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—ખાંસી, શ્વાસ, કફ, દમ, હાફણ, શરદી, તાવ, વગેરે મટે.

---

૪૨ રત્નગીરી રસ.

બનાવટ—મનશીલ શુધ્ધ, હિંગળો શુધ્ધ, લવંગ, જાયફળ, સમ ભાગે લઇ બારીક ચુર્ણ કરી લેવું.

રીત—ઉપરના બારીક ચુર્ણને ખરલમાં ઘુંટી તેને આદુના રસના બે પુટ આપવા. પછી તેની અકેક રતીભારની ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી,

પ્રમાણ—૧થી ૩ રતીભાર.

સમય—તાવ હોય ત્યારે તાવ ઉતારવા માટે.

અનુપાન—ઘણા તોલા ૩૦ લઇ કચરી તેને એક કલાક પાણીમાં પલાળી હાથ વડે ચોળી તે પાણી તો૦ ૨૦ ગાળી તેની સાથે આપવું અથવા એકલા દુધ સાથે અપાય.

ઉપયોગ—અણ ઉતાર તાવ, બાળકોનો તાવ, વગેરેમાં નિર્ભય પણે અપાય છે. સંતોષકારક ફાયદો આપે છે.

---

૪૩ આરોગ્ય વર્ધની

બનાવટ—શુધ્ધ પારો, ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ, તામ્ર-ભસ્મ, એ દરેક અકેક તોલો.

ત્રીફલા ચુર્ણ તો૦ ૧૦,	ચિત્રક ચુર્ણ તો૦ ૨૦,
શુધ્ધ ગુગળ તો૦ ૨૦,	શિલાજીત તો૦ ૧૫,
કડુ ચુર્ણ તો૦ ૭૦	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—પ્રથમની પાંચ ચીજને લઇ તેને પારા ગંધકની કજ્જળી કરી તેમાં મેળવી ત્યાર બાદ તેમાં દરેકનાં છુટાંછુટાં ચુર્ણો મેળવી દઇ પછી શીલાજીતને પાણીમાં રસ બનાવીને મેળવી ત્યાર પછી તેમાં જોઇએ તેટલું લીંબડાનું રસ નાંખી ઘુંટવું એવું ત્રણ દિવસ લીંબડાનાં રસમાં ઘુંટી ઇચ્છાનુસાર તેની ગોળી બનાવવી બાદ સુકાવી ચુર્ણ કરી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—બે આનીથી પાવલીભાર.

સમય—દિવસમાં બેથી ત્રણ વખત. (સવાર, બપોર અને સાંજ)

અનુપાન—દુધ અથવા તાજું પાણી.

ઉપયોગ—ઉદરરોગ. જુનોતાવ, સોજા, લીવરનું દરદ, કુષ્ટરોગ, લોહીબિગાડ, મંદાગ્નિ, અરૂચી વગેરે ફરિયાદો મટાડી પેટને સાફતથા નરમ બનાવેછે અને સોજા, પાંડુ વગેરે મટાડી શરીરમાં રતાશ તેમજ તેજી લાવે છે. ઘણાં લાંબા વખતનાં હઠીલાં દરદો મટાડી શરીરને કંચન સરખું બનાવે એવી આ માત્રા છે.

---

૪૪ સપ્તામૃત લોહ

બનાવટ—હરડેછાલ તો૦ ૫ બહેડાંછાલ તો૦ ૫
આમળા તો૦ ૫ જેઠીમધ તો૦ ૫
લોહ ભસ્મ સારી તો૦ ૫

રીત—પ્રથમની ચાર ચીજોનું અલગ અલગ ચુર્ણ લઇને તેને બારીક વાટી ખરલમાં ઘુંટી કપડે ચાળી તેમાં લોહ ભસ્મ મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—ચાર વાલ યાને બે આનીભાર.

સમય—સાંજનાં આઠવાગે અથવા સવારનાં આઠવાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—મધ તો૦ ૧॥ તથા ઘી તો૦ ૧ લઇ સાથે મેળવી તેમાં ઉપરની દવાનું એક પડીકું એ આનીભારનું મેળવી ચાટી ઉપર રૂચી પ્રમાણે દુધ પીવું.

સુચના—આ દવા લીધા પછી છ કલાક પહેલાં કંઇપણ ખોરાક ન લેવો. ફકત દવા ઉપર રૂચી પ્રમાણે દુધ પીવું.

ઉપયોગ—સંપુર્ણ નેત્રનાં રોગ. ટુકી નજર, આંખની ઝાંખપ વગેરે મટાડી મગજને પુષ્ટી આપે છે. માથાનું દરદ, ધાતુની ક્ષીણુતા વીર્યસ્રાવ. નબળાઇ, રકતદોષ, વગેરે મટાડીને રસાયન ગુણ બતાવે છે. માત્ર લાંબો વખત સુધી આ દવા લેવી જોઇએ, સંપુર્ણ ફાયદા માટે છ માસ દવા લેવી જોઇએ.

પથ્ય—આ દવા ચાલતી હોય તે દરમ્યાન સાત્વિક ખોરાક લેવો. મરચું, તેલ, ખટાશ, બજારની મીઠાઇ, અથાણું, વાસીઅન્ન, વગેરેનો ત્યાગ કરી આપવો, અજીર્ણ થવા ન દેવું.

---

૪૫ પંચામૃત પર્પટી.

બનાવટ—પારદ, તો૦ ૪ લોહ ભસ્મ, તો૦ ૨
તામ્ર ભસ્મ, તો૦ ૧॥ અભ્રક ભસ્મ, તો૦ ૬
તથા ગંધક તો૦ ૮

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી બનાવી તેમાં બીજી ભસ્મો મેળવી ઘુંટી લોઢાની કડાઇમાં અગ્નિ ઉપર ગરમ કરી ઉપર નીચે છાણ ગાયનું મુકી તેમાં વચ્ચે એ કેળાનાં પાતરાં ગોઠવી એક પાતરાં પર ઢાળી દઇ ઉપર બીજું પાતરૂં તથા છાણ ઢાંકી લઇ પછી કાઢી લઇ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩થી ૬ રતીભાર એ વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—કડાછાલ, પીપરના ચુર્ણ સાથે મધમાં ચાટવો.

ઉપયોગ—ઝાડા, હરસ, મંદાગ્નિ, સંગ્રહણી, મરડો, ક્ષય, પાંડુ, અમ્લપિત, સ્ત્રીઓનાં દરદો વગેરેમાં ઠીક ફાયદો આપે છે. પેટનાં જુનાં દરદો માટે ઉતમ છે.

પથ્થ—મીઠી તાજી છાસ તથા રાતા ચોખાના ખોરાક પર રહી આ દવા વાપરવાથી અનેક દરદીઓ સારા થયા છે.

સૂચના—અનુકુળ સંજોગ હોયતો દુધ તેમજ ખીચ્ચે ખોરાક પણ આપી શકાય છે.

---

૪૬ સુવર્ણ પર્પટી.

બનાવટ—પારદ શુધ્ધ તો૦ ૪ ગંધક તો૦ ૪
મેળવી ઘુંટી તેમાં સોનાના વરખ તો૦ ૧૧
મેળવી કજ્જળી બનાવી લેવી.

રીત—એક લોઢાની કડાઇમાં પ્રથમ જરા ઘી લગાવી તેમાં ઉપરની કજ્જળી નાંખી ધીમે તાપે ગરમ કરવી. તે રસ જેવું થાય ત્યારે ગાયના છાણ ઉપરે કળનું પાન સરખું મુકી તેનાં ઉપરે પર્પટી હાળી ઉપર બીજું પાન મુકી તે ઉપર છાણ વડે ઢાંકી દેવું. આ પ્રમાણે કર્યા પછી થોડીવારમાં તે બે પાન વચ્ચે જામેલો ટુકડો લઇ ખરલમાં નાંખી તેને ઘુંટી તે ઉપરે બળદાણા તથા શતાવરીની જુદીજુદી અકેક ભાવના આપી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ાા થી ત્રણ રતીભાર, દિવસમાં બે વખત.

અનુપાન—માખણ કે મધ સાથે ચાટી જવી.

ઉપયોગ—તમામ જાતની સંગ્રહણી, ઝાડા, મરડા, ક્ષય, ખાંસી, હરસ, નબળાઇ વગેરે મટે તેમજ શરીરને દ્રઢ અને નિરોગી બનાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭ અષ્ટામૃત પર્પટી.

બનાવટ—પારદ તો૦ ૧૦ ગંધક તો૦ ૨૦
સુવર્ણ ભસ્મ તો૦ ૧ રૌપ્ય ભસ્મ તો૦ ૩
મોતીની ભસ્મ તો૦ ૧ પ્રવાળ ભસ્મ તો૦ ૨॥
તામ્ર ભસ્મ તો૦ ૩ અભ્રક ભસ્મ તો૦ ૨॥

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી કરી તેમાં બીજી ચીજો ઘુંટી પર્પટીની રીતે (સુવર્ણ પર્પટીમાંજતાવ્યા મુજબ) ઢાળીને તૈયાર કરી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ રતીભાર, દિવસમાં ૨ વખત.

અનુપાન—મધ સાથે ચાટી જવા.

ઉપયોગ—સંગ્રહણી. મંદાગ્નિ ઝાડા, મરડા, હરસ, વગેરેમાં વાપરવાથી તત્કાળ ફાયદો આપેછે.

---

૪૮ શિલાજીત પ્રયોગ.

બનાવટ—શિલાજીત તો૦ ૨ ચંદ્રોદય, લોહભસ્મ. અંગભસ્મ, અભ્રકભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, નાગભસ્મ, હરડે, આમળાં મોચરસ, એ દરેક તોલો એકએક લેવાં.

રીત—છેલ્લા ત્રણ વસાણાંનું ચૂર્ણ કપડછાણ લઇ જુદું રાખવું. અને માત્રાઓ સર્વ એક ખરલમાં ઘુંટી તેમાં તે ચૂર્ણ મેળવી દેવું, પછી બરાબર ઘુંટાઇ જાય ત્યારે શિલાજીતને દૂધમાં ઓગાળી તેની સાથે ઉપરનું ચુર્ણ ખરલમાં ઘુંટી ચણાં જેવડી ગોળી વાળી છાંયે સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ગોળી એક વખતમાં, તેવા સવાર સાંજ એ વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—તાજું ઘી અથવા માખણ સાથે ગોળીનો ભુક્કો કરી ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—મગજની નબળાઇ, માથાનો દુખાવો, અકાળે વૃધ્ધાવસ્થા આવવી, ધાતુ ક્ષીણતા, નબળાઇ, ફીકાશ વગેરે મટાડી દિર્ઘાયુષ્ય બનાવે છે. રસાયન ગુણ લાવવા માટે લાંબો વખત સેવવાની જરૂર છે.

પથ્ય—સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો. ગરમ તેમજ ખાટાં પદાર્થોનો ત્યાગ કરવો, એક વર્ષ પથ્ય રાખી સેવન કરનાર નવયુવાન જેવો થાય.

---

૪૯ ચંદ્રોદય=મકરધ્વજ.

બનાવટ—સોનાનો વરખ તો૦ ૧ શુધ્ધ પારો તો૦ ૮
શુધ્ધ ગંધક તોલા ૪૮

રીત—પારા સાથે સોનાંનાં વરખ ઘુંટી તેમાં ગંધક નાંખી કજ્જળી તૈયાર કરી તેને રાતા કપાશનાં ફુલના રસમાં એક દિવસ ઘુંટી સુકાવી તૈયાર કરી સાત વખત કપડ માટી કરેલી અગન શીશીમાં ભરી વાલુકા યંત્રમાં મુકી એક ચુલા પર ચડાવી નીચે ધીમેથી તાપ શરૂ કરવો, પછી અગ્નિ વધારતાં જઈ મંદ અને મધ્ય પછી તિવ્ર અગ્નિથી ત્રણ રાત્ર તે ત્રણ દિવસ અગ્નિ આપી તયાર કરવો. ઠંડુ થયે ઉતારી શીશીને ખોલી તેને સંભાળથી ફોડી લઇ તેના ગળામાં જામી ગયેલો રાતા વર્ણનો સિંદુર સરખો ચોટેલો પદાર્થ સંભાળથી ઉખેડી લઇ બાટલીમાં લઇ રાખવો.

પ્રમાણ—ાથી એક રતીભાર.

અનુપાન—જાયફળ, જાવંત્રી, ભીમસેનીકપુર, લવંગ, મરી, પીપર, કસ્તુરી એ સર્વનું કરેલું ચુર્ણ વાલ ૧થી ૨ લઇને સાથે મેળવી તેને મધમાં મેળવી ચાટી ઉપર કહેલું દુધ પીવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ધાતુની નબળાઇ, અશક્તિ ક્ષય, મંદાગ્નિ, જીર્ણ જ્વર, મસ્તક શુળ, કોઇપણ પ્રકારની નબળાઇ મટાડી શરીરમાં શક્તિ લાવે અને નપુંશકપણું મટાડી નસોમાં કૌવત લાવે છે.

પથ્ય—ગરમ, ખાટાં, અને રૂક્ષ પદાર્થો નખાવાં; પરંતુ સારો ઘી વાળો અને પૌષ્ટિક ખોરાક પચે તેટલા પ્રમાણમાં બરાબર ખાવો. દૂધ, ઘી વધારે વપરાય તેમ કરવુ જોઇએ.

---

૫૦ લોહ પર્પટી.

બનાવટ—શુધ્ધ પારદ તો૦ ૫ શુધ્ધ ગંધક તો૦ ૫
જાંબુના રસમાં તૈયાર કરેલી લોહ ભસ્મ તો૦ ૫

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી કરી પછી તેમાં લોહ ભસ્મ મેળવી, પર્પટીની રીત પ્રમાણે ઢાળી તૈયાર કરી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—રથી ૪ રતીભાર દિવસમાં બે વખત.

અનુપાન—કુટજાવલેહ અથવા મધ સાથે લેવી.

ઉપયોગ—પાંડુ, ઝાડો, મરડો, નબળાઇ, સંગ્રહણી, અજીર્ણ શ્વાસ, ગુલ્મ, બરલ, મંદાગ્નિ વગેરેમાં વપરાય છે.

પથ્ય—રોગાનુસાર ખોરાક લેવો.

---

૫૧ રસ પર્પટી.

બનાવટ—શુધ્ધ પારો તો૦ ૨॥ શુધ્ધ ગંધક તો૦ ૨॥
બે બેની કજ્જળી કરી લેવી.

રીત—લોઢાની કડાઇમાં નાંખી ધીમે તાપે ઓગળી જાય ત્યારે નીચે છાણ પાથરી ઉપર કેળાનું પાન મુકી તેપર ઢાળી દેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેના પર તરતજ બીજું કેળનું પાન ઢાંકી ઉપર બાણ દાબી દેવું. જરા વાર પછી કાઢી લઇ વાટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩થી ૬ રતીભાર બે વખત દિવસમાં લેવી.

અનુપાન—મધ અને પીપર સાથે ચાટી જવું.

ઉપયોગ—સંગ્રહણી, હરસ, અતિસાર, શુળ કમળો, પાંડુ ગુલ્મ, બરલ, જલોદર, ભસ્મક રોગ, સોજા, કુષ્ટરોગ, અગ્નપિત, મંદાગ્નિ, વગેરે વ્યાધિઓને મટાડે છે.

પથ્થ—રોગાનુસાર યોગ્ય હલકો ખોરાક લેવો.

---

૫૨ સુવર્ણ બંગ.

બનાવટ—શુધ્ધ પારો તો૦ ૫, શુધ્ધ કલઇ તો૦ ૫.
નવસાર તો૦ ૫, શુધ્ધ ગંધક તોલા ૫,

રીત—પ્રથમ શુધ્ધ કલઇને એક લોઢાના વાસણમાં ગાળી પારો નાંખી ચકી બનાવી લેવી. પછી તેને બરલમાં નાંખી ઘુંટી તેમાં ગંધક નાંખી કજ્જળી બનાવી પછી તેમાં નવસાર મેળવી ઘુંટી સાત કપડ માટી કરેલી એક મોટી શીશીમાંભરી તે શીશીને વાલુક યંત્રમાં મુકી ત્રણ પહોર અગ્નિ આપવો અને શીશીમાં વારંવાર લોઢાની શળી ફેરવતા જવું કે જેથી શીશીનું મો બંધ ન થાય અને ધુમાડો નીકળતો રહે. જ્યારે ગંધક બળી રહે અને ધુમાડો નીકળતો બંધ થાય ત્યારે શીશીને બુચ મારી જરા તીવ્ર અગ્નિ આપી થોડીવાર પછી ઉતારી લેવું. અને ઠંડુ થાય ત્યારે તેને કાઢી સંભાળથી શીશીને ફોડી અંદર તળીઆમાં રહેલી સોનાના રંગ જેવી સુંવાળી ભસ્મ લઇ લેવી. અને તેને એક કાચની બરણીમાં ભરી રાખવી. એને કેટલાક વૈદ્યો **સુવર્ણરાજમૃગાંક** ના નામથી ઓળખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૨થી ૪ રતીભાર દિવસમાં બે વખત.

અનુપાન—માખણ, મલાઇ કે મધ સાથે ચટી જવો

ઉપયોગ—ક્ષય, પ્રમેહ, વીર્યઆવ, ખાંસી, વગેરે મટાડે છે. આમ કરી પ્રમેહ માટે ઠીક વખણાય છે.

---

૫૩ આરોગ્ય વર્ધની નં૦ ૧.

બનાવટ—પારો તો૦ ૧ ગંધક તો૦ ૧
લોહ ભસ્મ તો૦ ૧ અભ્રક ભસ્મ તો૦ ૧
તામ્ર ભસ્મ, તો૦ ૧ હરડેછાલ તો૦ ૨
બહેડાંછાલ તો૦ ૨ આમળાં તો૦ ૨
શિલાજીત તો૦ ૩ ગુગળ તો૦ ૪
ચિત્રકછાલ તો૦ ૪ કડુ તો૦ ૨૨

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી બનાવી તેમાં બીજી ભસ્મો મેળવી બાકીની પાંચ વસ્તુઓનું ચુર્ણ તેમાં મેળવી દશ ગુગળનો જુદો પાક કરી તેમાં શિલાજીત મેળવી ચુર્ણ નાંખી ઘુંટી લેવું અને તેને લીંબડાના પાનના રસમાં ત્રણ દિવસ બરાબર ઘુંટી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ વાલ. દિવસમાં બે વખત કે ત્રણ વખત.

અનુપાન—દુધ અથવા પાણી.

ઉપયોગ—સોજા, લીવર, બરલ, ઉદરરોગ, કબજીઆત, જવર, જીર્ણજવર. પાંડુરોગ, મંદાગ્નિ, કુષ્ટરોગ, લોહીબિગાડ. પિતનો વધારો, સર્વાંગસોથ, મેદરોગ, ફુતુની અટકાયત વગેરે મટાડી શરીર હલકું તથા તેજસ્વી બનાવે છે.

સુચના—આ દવા ચાલે ત્યારે બનતાં સુધી માત્ર દુધ અથવા દુધ ભાતનો ખોરાક લેવાથી દવા તરત સારી અસર કરે છે જુના રોગો મટાડવા દવા લાંબો વખત લેવાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪ કુમાર કલ્યાણ રસ.

બનાવટ—રસસિંદુર, મોતીભસ્મ, સુવર્ણભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, સમ ભાગે લઇ કુંવારના રસમાં મર્દન કરી મગની દાળ જેવડી ગોળી કરી સુકવી શીશી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ ગોળી. નાનાં બાળકોની અવસ્થા પ્રમાણે આપવી.

અનુપાન—સાકરવાળું દૂધ અથવા ધાવણ સાથે.

ઉપયોગ—તાવ, શ્વાસ, ખાંસી, ઉલટી, બાલશોષ, બાલગ્રહ રોગ, ધાવણ ન ધાવવું, ઝાડા, કમળો, ઉદરરોગ, મંદાગ્નિ, નબળાઇ, વગેરે રોગો મટાડી શરીરને પુષ્ટિ આપે છે.

સુચના—દરેક રોગમાં આ દવા સાથે ડોકપણ સાદી એકેક દવા અનુપાનમાં આપવાથી વધારે અનુકુળ થઇ પડે છે. અને તરતજ ફાયદો આપે છે.

---

૫૫ ગર્ભપાળ રસ.

બનાવટ—શુંઠ તો૦ ૧ મરી તો૦ ૧
તજ તો૦ ૧ તમાલપત્ર તો૦ ૧
એલચી તો૦ ૧ ધાણા તો૦ ૧
શાહજીરું તો૦ ૧ ચવક તો૦ ૧
દ્રાક્ષ તો૦ ૧ દેવદાર તો૦ ૧
નાગ ભસ્મ તો૦ ૧ બંગ ભસ્મ તો૦ ૧
શુધ્ધ હિંગળો તો૦ ૦॥ લોહ ભસ્મ તો૦ ૦॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—સર્વ ઔષધોનું ચૂર્ણ લઇ તેમાં ભસ્મો મેળવી ખરલમાં ઘુંટી તેને શ્વેત ગરણીના રસથી સાત ભાવના આપવી. વટાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—કાળી દરાખને પાણીમાં પલાળી તેનો સ્વરસ કાઢી તે તોલા ૨ તથા ઉપરની દવાની માત્રા સાથે લઇ ઉતારી જવી.

ઉપયોગ—ગર્ભિણી સ્ત્રીનાં તમામ દરદોમાં વપરાય છે. તે સિવાય ગર્ભ રહ્યા પછી તે પ્રસુતિ થવા સુધી નવ માસ આ દવા અપાય છે. તેથી ગર્ભશ્રાવ થવાની ધાસ્તી રહેતી નથી, અને ગર્ભશ્રાવની ટેવ હોયતો તે મટી જઇ બાળક તંદુરસ્ત અવતરે છે. અને ગર્ભિણી સ્ત્રીની શકિત કાયમ રાખે છે.

સુચના—ગર્ભિણીની ગમે તે વ્યાધિમાં યોગ્ય અનુપાન સાથે રોગ પ્રમાણે સાદાં ઓસડીયાંનો ક્વાથ પણ કવાથ બનાવી તે સાથે આપવાથી તરતમાં સારો ફાયદો આપે છે.

---

૫૬ રસભાસ્વાન.

બનાવટ—શુધ્ધ પારો તો૦ ૨ શુધ્ધ ગંધક તો૦ ૨
લોહ ભસ્મ તો૦ ૧॥ અભ્રક ભસ્મ તો૦ ૧
રસ સિંદુરનો તો૦ ૦॥ તામ્ર ભસ્મ તો૦ ૦।

કડુ, નાગકેસર, એલચી, કેશર, ચણકબાબ, જરૂં બલદાણા, શતાવરી, મોચરસ, બાવળનો ગુંદ, એ દરેક બબે તોલા લઇ ચૂર્ણ કરી પ્રથમ પારદ ગંધકની કજ્જળી બનાવી તેમાં બીજી ભસ્મો મેળવી પછી ચુર્ણ મેળવી દેવું અને તેને ખરલમાં ઘુંટી તેને દરરોજ આમળાના રસની અકેકભાવના આપતાં તેવી સાત ભાવના આપી સુકવી બબે રતીભારની ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—અબે ગોળી સવાર સાંજ બે વખત લેવી.

અનુપાન—મધ કે ઘીમાં ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—પ્રમેહ, મધુ પ્રમેહ, શુક્રસ્રાવ, સ્વપ્નસ્રાવ, પેશાબમાં દાહ થવો, મૂત્ર કૃચ્છ, રસી આવવી, ગુરદાનાં દરદ, અમ્લપિત, છાતીનાં દરદ. મગજનું ખાલીપણું, ચકર આવવા, નબળાઇ વગેરે મટી દીર્ઘાયુષ્ય થાય છે.

પથ્ય—અનારની મીઠાઇ, ખાટાં, અને બહુ ગરમ કે તીખા પદાર્થોનું સેવન દવા ચાલુ હોય ત્યારે ન કરવું.

---

૫૭ શીતભંજી રસ.

બનાવટ—શુધ્ધ પારો, શુધ્ધ ગંધક, તામ્રભસ્મ, શુધ્ધ વછનાગ, શુંઠ, મરી, પીપર. ટંકણખાર, એ **સર્વે સમભાગે** લેવાં,

રીત—કજ્જળી બનાવી બીજી દવાઓનું ચુર્ણ તથા ભસ્મો તેમાં મેળવી સારી પેઠે ઘુંટી તેને ચિત્રકના રસના કે ઉકાળાના ત્રણ પુટ આપવા અને ઘુંટતા જવું. પછી આદુના રસના સાત પુટ આપવા અને ઘુંટતા જવું. પછી નાગરવેલના પાનના રસના ત્રણ પુટ આપવા અને ઘુંટતા જવું છેવટે ગોળી વાળવા જેવું થતાં સંભાળથી મગના દાણા જેવડી ગોળી વાળી સુકવી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ–૧ થીર ગોળી; જરૂર જણાય ત્યારે દિવસમાં ત્રણ વખત.

અનુપાન—આદુનો રસ અથવા શુંઠનું પાણી લઇ તેમાં ગોળી ઘસીને પાવી.

ઉપયોગ—કફજ્વર, હાંફ, શીતતા, (શીતાંગ) ત્રિદોષજ્વર. કફવાતજ્વર, શ્વાસ, અણઉતારતાવ વગેરેમાં અકસીર છે. જ્યારે તાવ ઉતરી શરીર ઠંડુ તથા બેશુધ્ધિ જેવું થઇ જાય છે. ત્યારે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાની એક માત્રા આપતાં તરતજ ગરમાવો આવી દરદી શુધ્ધીમાં આવી જાય છે. વિલાયતિ ઇન્જકસન જેવું આ દવા કામ આપી ચમત્કાર બતાવે છે. પેટનું ચડવું, વાયુ, પેટના દુખાવો વગેરેને પણ મટાડી આપે છે. ગુણમાં ગરમ છે માટે સંભાળથી વાપરવા સુચના છે.

---

૫૮ મૃત્યુંજય રસ.

બનાવટ—મરી, પીપર, ટંકણખાર, શુધ્ધ ગંધક, શુધ્ધ વછનાગ, એ દરેક એકેક તોલો તથા લીંબુના રસમાં શોધેલો હિંગળો તો૦ એ લઇ સાથે ઘુંટી તેને આદુના રસમાં તથા લીંબુના રસમાં જુદું જુદું વાટી ભાવના આપી ગોળી વાળવા જેવું થતાં મગ જેવડી ગોળી બનાવા સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સ્વચ્છ પાણી સાથે અથવા મધ સાથે તુળશીના પાનના રસ સાથે, બડસલીઆના સ્વરસ સાથે કે આદુના રસ સાથે દોષ જોઇ યોગ્ય અનુપાનમાં આપવો.

ઉપયોગ—નવીન જવર, ટાઢીઓ તાવ. મલેરીયા તાવ વિષમ જવર, અણઉતાર તાવ, વાત જવર, જીર્ણ જવર, ત્રિદોષ, ન્યુમોનીઆ, અતિસાર, કૃમીજવર, વગેરેમાં ઉતમ કામ આપે છે.

સુચનાં—બરલ મોટી થઇ હોય તેને, ગર્ભણી સ્ત્રીને, નાના બાળકને, અતિદુર્બળ રોગીને, હેડકા, શ્વાસવાળા દરદીને આ દવા ન આપવી જોઇએ. અથવા બહુજ સંભાળથી સુક્ષ્મ માત્રા આપવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૯ હેમગર્ભ પોટલી રસ.

બનાવટ—તામ્ર ભસ્મ તો૦ ૧ શુધ્ધ પારો તો૦ ૧
શુધ્ધ ગંધક તો૦ ૧ સુવર્ણનાંવર્ક અથવા ભસ્મ તો૦ ૦॥
લોહ ભસ્મ તો૦ ૦॥ રસ સિંદુરનો તો ૦॥
ચાંદીની ભસ્મ તો૦ ૦॥

રીત—પ્રથમ એ ચીન્તેને ખરલમાં નાંખી ધુંટી ધેટીના દુધમાં સારી રીતે મર્દન કરી ત્રણ પુટ આપવા, અને પછી તેની યોગ્ય માત્રામાં સોગઠી બનાવી સુકવી રાખવી. બરાબર સુકાઇ જાય ત્યારે તેના પર નવું સાફ કપડું બાંધી દોરાથી મજબુત બાંધી એક માટીના વાસણમાં લાકડીઓ ગંધક નાખી દીવાના તાપ ઉપર ગરમ કરી તેમાં એ પોટલી ડુબે તેવા રીતે અરધો કલાક તાપ આપી બહાર કાઢી લઇ તરતજ કપડું જુદું કરી અંદરથી ગોળી કાઢી લેવી. અને સ્હેજ ગરમ પાણીથી ધોઇ સાફ કરી રાખી મુકવી. આ ગોળી એટલીતો સખત થઇ જશે કે હથોડી મારતાં પણ તરત તુટશે નહિં

ઉપયોગ—ત્રિદોષ. મુર્છા, બેભાન, શીતાંગ, ન્યુમોનીઆ, નબળાઇ, શ્વાસ. કફ, શરદી. તાવ, દમ. વગેરેમાં આ માત્રા જરા પાણી સાથે ઘસીને આપવાથી તત્કાળ ચમત્કારીક રીતે ફાયદો બતાવે છે.

પ્રમાણ—આશરે એક તલભાર દવાનો ઘસારો એક વખત આપવો. જરૂર જણાયતો બે બે કલાક પછી ફરી પણ અપાય.

---

૬૦ કૃમીમુદ્ગર રસ.

બનાવટ—શુધ્ધ પારદ તો૦ ૬ શુધ્ધ ગંધક તો૦ ૮
અજમોદ તો૦૩ વાવડીંગ તો૦ ૪
ઝેર કોચલાં તો૦૫ બાબરાનાં બીજ તો૦ ૬

એ સર્વને બાંડી પારદ ગંધકની કજ્જળી બનાવી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—મોથના ઉકાળા સાથે અથવા પાણી સાથે.

પ્રમાણ—૩થી ૬ ગોળી દિવસમાં ત્રણ વખત લેવી. ત્રણ દીવસ દવા લેવાની ખાસ જરૂર છે.

ઉપયોગ—પેટનાં કૃમી તેમજ કૃમીને લીધે થતા બીજા વિકારો મટાડી જઠરાગ્નિ પ્રદિપ્ત બનાવે છે. ત્રણ દિવસ બરાબર લેવાથી પેટનાં કરમીયાં નીકળી જાય છે.

---

૬૧ સ્વાદિષ્ટ પાચનવટી.

બનાવટ—લીંબુનો ક્ષાર (સાઇટ્રીક એસીડ) તો૦ ૪

શુંઠ તો૦ ૪	મરી તો૦ ૪
પીપર તો૦ ૪	સિંધાલુણ તો૦ ૪
હીંગ શુધ્ધ તો૦ ૪	કાળી દરાખ તો૦ ૮૦

રીત—દરેક વસ્તુનું જુદું જુદું ચુર્ણ લઇ ખરલમાં વાટીને એક બાજુ જુદું રાખવું. કાલી દરાખનાં બીજ કાઢી નાંખી તેને એક સારી પત્થરની ખરલમાં ઘુંટી લોદાં જેવું થાય કે તેમાં ઉપરનું ચુર્ણ મેળવતા જવું. બરાબર મળી જાય ત્યારે તે છ કલાક મુકી દેવું જરા કઠણ જણાય ત્યારે ગોળીઓ જોઇએ તે પ્રમાણની બનાવી સુકવી લેવી. અને તે ગોળીઓ સુકવવા માટે ચીનીનું વાસણ લેવું. કારણકે આ દવા સ્વાદમાં ખાટી છે તેથી બીજા ધાતુ પાત્રમાં રાખવાથી બગડી જાય છે.

પ્રમાણ—ચણા જેવડી રથી ૪ ગોળી દિવસમાં બેથી ત્રણ વખત.

અનુપાન—સ્વાદિષ્ટ હોવાથી જરૂર પડતી નથી છતાં પાણી લેવું હોયતો લઇ શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય—જમ્યા પહેલાં કેવળ અરધો કલાક આગળ કે પાછળ અથવા દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—વાયુ. મોળ, અરૂચી, મંદાગ્નિ, કબજીઆત ભુખ ન લાગવી, આટા ઓડકાર આવવા, અમ્લપિત વગેરે પાચન ક્રિયાને માટે સારી અને સ્વાદિષ્ટ દવા છે.

---

૬૨ છર્દિરિપુ.

બનાવટ—કપુર કાચડી તો૦ ૧૦ જોઇએ તેટલું પાણી.

રીત—પ્રથમ કપુર કાચડીનું ચુર્ણ બારીક લઇ તેને ખરલમાં નાંખી પાણી સાથે બરાબર ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે તડકે સુકવી લઇ બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—મોટા માણસને ૩થી ૬ ગોળી બાળકને ૧થી બે ગોળી

અનુપાન—સ્વચ્છ પાણી તોલા બે લઇ દવા મેળવી તૈયાર કરી લેવી.

સમય—જરૂર જણાય ત્યારે અથવા બબે કલાકે.

ઉપયોગ—ગમે તે કારણથી આવતી ઉલટી, બાલી ઉબકા, વાયુની મોળ, બાળકને આવતી વાયુની ઉલટી વગેરેમાં વપરાય.

---

૬૩ હેડકી નાશક પ્રયોગ.

બનાવટ—શંખભસ્મ તો૦ ૨ કાકડાશીંગનું ચુર્ણ તો૦ ૪

રીત—બન્ને દવાઓને એક કલાક ખરલમાં ઘુંટી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર સુધી

અનુપાન—મધ સાથે ચાટી ઉપર ચહા કે નવસેકું પાણી પીવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય—દર એક કે બે કલાકે અથવા હેડકી આવે ત્યારે.

ઉપયોગ—હેડકી માટે અકસીર છે. વધુમાં વધુ છ પડીકાં લેવાથી હેડકી તદ્દન બંધ પડી આરામ થાય છે.

---

૬૪ વિષમજ્વર નાશક ગુટીકા.

બનાવટ—એળીઓ તો. તોલો ૧ અતિવિષ તો. ૧ કીડામારી તો. ૧ કાંકચનાંમીંજ તો. ૧ મરી તો. ૧ શંખભસ્મ તો. ૧.

રીત—દરેક દવાઓનું બારીક ચૂર્ણ લઇ તેને ખરલમાં નાંખી તેમાં તુલસીપત્રનો રસ કાઢીને તે નાંખી બરાબર ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી તેને તડકે બરાબર સુકવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—રથી ૪ ગોળી દિવસમાં ચાર વખત.

સમય—દર ત્રણ ત્રણ કલાકે અથવા જરૂર પ્રમાણે.

અનુપાન—ઠંડું પાણી કે ચહા સાથે.

ઉપયોગ—જુનો તાવ, વિષમજ્વર, જીર્ણજ્વર, ટાઢીઓ તાવ, નવીન જ્વર વીગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૬૫ શિલાજીતની ગોળી.

બનાવટ—શુદ્ધ શિલાજીત તો. ૫, રસ સિંદુર તો. ૩, કેશર તો. ૧, લોહભસ્મ તો. ૨, અફીણ તો. ૧, સોનાનાં વર્ખ તો. ૧, કસ્તુરી તો. ૧, જાયફળ તો. ૧॥, જાવંત્રી તો. ૧॥, લવંગ તો. ૧॥, પીપર તો. ૧॥, અકલકરો તો. ૧॥, તજ તો. ૧॥, શુદ્ધ ભાંગ તો. ૩, જેઠીમધ તો. ૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—ઉપરની સર્વે દવાઓ અલગ અલગ વાટેલી લઈ તેમાંથી પ્રથમ રસસિંદુરને ખરલમાં અરાબર વાટી તેમાં બીજી સર્વ દવાઓ તથા સોનાનાં વર્ખ મેળવી આદુના રસનો એક પુટ નાગરવેલના પાનનો રસનો એક પુટ, ત્રીકટુના કવાથનો એક પુટ, ત્રીફલાના કવાથનો એક પુટ, આપી અરાબર ખરલમાં ઘુંટી રતીભારની ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—ખાંસી, ક્ષય, સંગ્રહણી, શ્વાસ, વાયુ, સરદી, મુંઝારો, અશકિત, વિર્યદોષ, નસોની શીથીલતા, કમર અને હાથનો દુખાવો, ધાતુની નબળાઇ વગેરેમાં વપરાય.

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—મધ-ઘી કે દુધ સાથે;

પથ્ય—સાધારણ પરેજી પાળવી. પૌષ્ટિક ખોરાક પચે તે પ્રમાણે લેવું.

---

૬૬ જુના તાવની ગોળી.

બનાવટ—અતિવિષ તો૦ ૪ કડુ તો૦ ૨
કરીનાઇન તો૦ ૧ એન્ટીફેબ્રીન તો૦ ૧
સીન્કોના તો૦ ૨

રીત—દરેક વસ્તુનું ચુર્ણ લઈ ખરલમાં ઘુંટી મધ સાથે વટાણા જેવડી ગોળી બનાવી લેવી. અને તેને બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૨ ગોળી એક વખત માટે દિવસમાં ૬થી વધુ ન લેવી.

સમય—સવાર, બપોર સાંજ અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—પાણી અથવા ચહા સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—જુના અને સાંબી મુદતના હઠીલા તાવ માટે તેમજ તાવ, માથાનો દુખાવો. મલેરીયા જ્વર વગેરે માટે ઠીક ઉપયોગી છે.

---

૬૭ મરડાની ગોળી.

બનાવટ—અફીણ તો૦ ૧ કેશર તો૦ ૧
જાયફળ તો૦ ૧ જાવંત્રી તો૦ ૧

રીત—સર્વ વસ્તુઓનું ચુર્ણ લઇ અફીણનો કસુંબો જુદો બનાવી તેમાં ઉમરડા (ગુલર) નું દુધ નાખી ઘુંટીને મરી જેવડી ગોળી બનાવી સુકાવી લેવી.

પ્રમાણ—એક ગોળી થીએ ગોળી.

સમય—દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સ્વચ્છ પાણી.

ઉપયોગ—પરૂવાળો, આમવાળો ઝાડો, મરડો, ચુંક, મટે છે. મરડા માટે અકસીર છે તથા તેને ત્રણ દીવસમાં મટાડી આરામ આપે છે.

---

૬૮ વાયુનાશક પૌષ્ટિક ગોળી.

બનાવટ—શુધ્ધ કુચલા તો૦ ૪૦ જાયફળ તો૦ ૪
જાવંત્રી તો૦ ૪ લવંગ તો૦ ૮
અકલકરો તો૦ ૧૬ મરી તો૦ ૮
કેશર તો૦ ૪

રીત—દરેક વસ્તુનું ચુર્ણ લઇ ખરલમાં ઘુંટી ચાળી તૈયાર કરવું. પછી તેમાં લવંગ તો૦ ૬૦ મરી તો૦ ૧૦ તેને પાણી તોલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૨૦માં ઉકાળી ૮૦ તોલા બાકી રહે ત્યારે તે ગાળીને પાણી વડે ઉપરનાં ચુર્ણને અરલમાં ઘુંટવું. એ સર્વ તમામ કાઢો પાયા પછી તેની મરી જેવડી ગોળી બનાવવી. એ ગોળી સુકાવી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૩ ગોળી દિવસમાં બેથી ત્રણ વખત.

સમય—સવારનાં બપોરનાં તેમજ રાતનાં અથવા જમ્યા પછી.

અનુપાન—જમ્યા પછી લેવી હોયતો પાણી સાથે તેમજ જમ્યા પહેલાં સવારે કે રાતે લેવી હોયતો દુધ સાથે લેવી જોઇએ.

ઉપયોગ—કબજીઆત, મંદાગ્નિ, જ્ઞાનતંતુઓની તથા ધાતુની નબળાઇ, વાયુ, કબજીયર, સુસ્તી, વીર્યસ્રાવ, અરૂચી, અજીર્ણ વગેરે મટાડી ભૂખ લગાડી શક્તિ લાવે છે. કબજીઅત મટાડી ઝાડો સાફ લાવે છે.

---

૬૯ સ્ત્રીગદાંતક વટી.

બનાવટ—એલીઓ તો૦ ૪ હીરાબોળ તો૦ ૪
હીરાકસી શુધ્ધ તો૦ ૨ ટંકણખાર તો૦ ૨
તજ તો૦ ૪ શુંઠ તો૦૨
કવીનાઇન તો૦ ૨

રીત—સર્વ દવાઓનું બારીક ચૂર્ણ લઈ પ્રથમ અરલમાં ઘુંટી તેમાં થોડુંક જોઇતા પ્રમાણમાં ગ્લીસરાઇન મેળવી ચણા જેવડી ગોળી વાળી તેને સુકવવા માટે તેના પર મેગનેસીઆ કાર્બ નો ભુકો છાંટી એક બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એ ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ, અથવા જરૂર જણાય ત્યારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી કે થીજેલા ઘ્રત સાથે.

ઉપયોગ—કષ્ટાર્તવ, નષ્ટાર્તવ, ઋતુ વખતે થતું શુળ, ઋતુદોષ કે તેથી થતાં દરદો મટાડી ઋતુ સાફ લાવે છે.

---

૭૦ લવંગાદિ વટી.

બનાવટ—લવંગ, કાથો, બહેડાંની છાલ, મરી.

રીત—દરેકનું ચુર્ણ લઇ આવળની છાલના કવાથ વડે ખરલમાં ઘુંટીને વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એકથી બે ગોળી જરૂર જણાય ત્યારે લેવી.

સમય—ખાંસી આવે ત્યારે.

અનુપાન—ગોળી મોંમાં રાખી ચુસ્યા કરવી.

ઉપયોગ—કોઇપણ જાતની ખાંસી, માટે અકસીર. આ ગોળી મોંમાં રાખતાં વેંતજ ખાંસી નરમ પડી કફ છુટે છે.

---

૭૧ મરિચ્યાદિ વટી.

બનાવટ—કાળાં મરી તો૦ ૨ પીપર તો૦ ૨
યવક્ષાર તો૦ ૧ દાડમછાલ તો૦ ૪

રીત—દરેકનું જુદું જુદું ચુર્ણ લઇ વાટી ખરલમાં મધ સાથે મેળવી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી

પ્રમાણ—આખા દિવસમાં ૬થી ૧૨ ગોળી.

ઉપયોગ—ખાંસી, દમ, ઝાડા, પેશાબની મુશ્કેલી વગેરેમાં વપરાય છે.સંધિવામાં પણ વપરાય છે.

અનુપાન—પાણી સાથે એકે ગોળી લેવી અથવા ખાંસી માટે અકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૨ કસ્તુર્યાદિ વટી.

બનાવટ—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ, શુંઠ, પીપર, મરી, અકલકરો, અફીણ, કેશર સમભાગે તથા કસ્તુરી એ દશ વસ્તુઓ જે દશ તોલા થાય તો તો૦ ૧ એટલે ત્રણ માસા લેવી.

રીત—પ્રથમની નવ ચીજોનું બારીક ચૂર્ણ કરી લેવું અને તેમાં અલગ કસ્તુરી વાટી મેળવી લઈ પછી તેમાં અફીણનો કસુંબો નાંખી ઘુંટી તેની મગનાદાણા જેવડી ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—મોટા માણસ માટે એથી ચાર ગોળી, બાળક માટે ૧।। થી ૧ ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—સહેજ ગરમ દુધ કે ચહા સાથે.

ઉપયોગ—ખાંસી, શરદી, શ્લેષ્મ, બાળકનું ભરાઇઆવવું, ઝાડા, નબળાઇ, ધાતુસ્રાવ, દમ, શ્વાસ, અપચો, સુસ્તી, દુધનું ન પચવું વગેરેમાં વાપરી શકાય છે

---

૭૩ બાલરક્ષક ગુટીકા.

બનાવટ—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ, એલચી, અજમોદ, સફેદમરી, વાપુંબા, વાવડીંગ, સુવા, સંચળ, હરડે, કરીયાતું, કાકચ, અતિવિષ, હાડમજીત, પીપરીમુળ, વસલોચન, એળીઓ, હીરાબોળ, ખસખસ, લોબાન, કેશર સર્વ સમભાગે લેવું.

રીત—દરેક વસ્તુનું સમભાગે ચૂર્ણ કરી કપડછાણ બનાવી મધ સાથે ઘુંટી મગનાદાણા જેવડી ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૧ થી ૨ ગોળી. વયઃ ૧ થી ૬ માસ સુધી માટે, ૨ થી ૪ ગોળી વયઃ ૭ થી ૧૨ માસ માટે.

સમય—સવાર, સાંજ બે વખત.

અનુપાન—દુધ (માનું) ધાવણ હોય તેમાં મેળવી પાઇ દેવી.

ઉપયોગ—નાનાં બાળકોનાં તમામ દરદોમાં વપરાય તે શીવાય તે ચાલુ વાપરવાથી શરીર મજબુત થાય, દુધ પચે, ભુખ લાગે, દસ્ત સાફ આવે, તાવ, ખાંસી, ઝાડા, ઉલટી, વાયુ, અજીર્ણ, નબળાઇ વગેરે મટી બાળકને આરામથી નિદ્રા આવે, રડતું અટકે, શાંત રહી શરીર મજબુત બને.

સૂચના—બજારૂ બાળાગોળી ન વાપરતાં આવી અનુભવી અને નિર્દોષ બનાવટ વાપરવા ખાસ ભલામણ કરવામાં આવે છે.

---

૭૪ ખાંસીની ગોળીઓ.

બનાવટ—પીપર, પીપરીમુળ, શુંઠ, મરી, લવંગ, તજ, જાયફળ જાવંત્રી, એલચી, અકલકરો, જેઠીમધનો શીરો, કાથો, અહેડાંની છાલ, દાડમની છાલ, યવક્ષાર, ટંકણખાર વગેરે સમભાગે.

રીત—આ વસ્તુઓનું બારીક કપડછાણ ચૂર્ણ લઇ તેને મધમાં મેળવી ખરલમાં ઘુંટી આશરે ચણા જેવડી ગોળીઓ બનાવી સૂકાવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—મોઢામાં એકેક ગોળી રાખી ચૂસવાથી ખાંસી આવતી નથી, કફ છુટેછે, સ્વર સુધરેછે. ગળાનો વરમ મટાડી નવી જુની ખાંસીને ફાયદો આપેછે.

પ્રમાણ—આશરે દશબાર ગોળી દિવસમાં લેવાય, અને જરૂર પ્રમાણે એક કે બે ગોળી મોંમાં રાખી ચુસાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૫ મુખવાસ વટી.

બનાવટ—તજ, જાવંત્રી, લવંગ, શુંઠ, અકરકરો, જાયફળ, કેશર, એલચી, જેઠીમધનો શીરો, કપાસચીની, કપુર, પીપરમેન્ટના ફુલ. સાકર, એ દરેક વસ્તુ સમ ભાગે.

રીત—દરેક વસ્તુઓનું બારીક ચુર્ણ લઇ કપડછાણ કરી લઇ તેને ખરલમાં નાંખી પાણી સાથે ગોળી મગના દાણા જેવડી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક વખતે રથી ૪ ગોળી આખા દિવસમાં ૨૫ ગોળી. સુંધી પાન સાથે અથવા એમજ જમ્યા પછી કોઇ પણ વખતે મુખવાસ તરીકે વાપરવી.

ગુણ—ખાંસી, વાયુ, શરદી, મેળ, ઉલટી, ચકરી, માથાનો દુખાવો, કફ, પેટનું દરદ, સાદ બેસી જવો, અપચો, શુળ, વગેરે મટી શરીર સતેજ બને છે.

---

૭૬ ચંદ્રોદયની ગોળીઓ.

બનાવટ—ચંદ્રોદય ઘુંટેલો તો૦ ૧ કાળાં મરી તો૦ ૧
લવંગ તો૦ ૧ જાયફળ તો૦ ૧
જાવંત્રી તો૦ ૧ ભીમસેની કપુર તો૦ ૧
અકલકરો તો૦ ૧ કસ્તુરી તો૦ ૦।

રીત—દરેક વસ્તુઓનુ બારીક કપડછાણ ચુર્ણ લેવું અને પ્રથમ એક ખરલમાં ઘુંટેલો ચંદ્રોદય નાંખી તેમાં ઉપરનું ચુર્ણ થોડું થોડું મેળવતા જવું. પછી તે જ્યારે બરાબર ઘુંટાઇ જાય ત્યારે તેમાં નાગરવેલનાં પાનનો રસ જોઇતા પ્રમાણમાં નાંખી ત્રણ કલાક ઘુંટી ચણા જેવડી ગોળી વાળી. સુકવી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમાં બે વખત સવાર સાંજ.

અનુપાન—દુધ સાથે અથવા પાનમાં ખાઈ ઉપર દુધ પીવું.

ઉપયોગ—ધાતુની નબળાઇ. વિર્યસ્રાવ, નસોનું સીથીલપણું, મંદાગ્નિ, વાયુ, શરદી, ખાંસી, ક્ષય, દમ. પ્રમેહ, મગજની નબળાઇ વગેરે મટાડી વીર્યનો વધારો કરે છે તથા વાજીકરણ શકિત વધારે છે.

પથ્ય—સારો અને પોષ્ટિક ખોરાક લેવો, બજારની મીઠાઇ, વાયડાં કે ખાટાં અને ગરમ પદાર્થોનો ઉપયોગ ન કરવો તેમ બ્રહ્મચર્ય પાળવું ખાસ જરૂરનું છે.

---

૭૭ વાયુહરી વજ્રવટી.

બનાવટ—વજ્ર ખુરાસાણી તો૦ ૨ આંબળા તો૦ ૪

સાકર તો૦ ૮ એ ત્રણે ખાંડી ચુર્ણ કરી પાણીમાં ઘુંટી ટીકડી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી. આશરે ચાર આનીભારની ટીકડી બનાવવી.

પ્રમાણ—એકથી બે ટીકડી સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ અથવા પાણી સાથે.

ઉપયોગ—વાયુનાં દરદો, હીસ્ટીરીયા. અપસ્માર, ઉન્માદ. તથા મગજનો કોઇપણ વાયુ મટી આરામ થાય છે.

---

૭૮ યષ્ટીમધુ વટી.

બનાવટ—જેઠીમધનો સીરો, આંબળા, વરેઆળી, મીંઢીઆવળ, સાકર, તજ, એ છ ચીજો સમભાગે લઇ ખાંડી બારીક ચુર્ણ કરી થોડા દુધમાં ઘુંટી, ગોળીઓ ચણા જેવડી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—એક ગોળીથી દશ ગોળી સુધી.

વાપરવાની રીત—મોંમાં રાખી સુસવી.

ઉપયોગ—ખાંસી, ગળાનો દુખાવો, સ્વરભંગ, કફ, થતો ક્ષય, સોજખમ, સુસ્તી, સુખી ખાંસી વગેરે મટે છે. ગોળી સ્વાદમાં સારી થાય છે. અવાજ સુધારે છે.

---

૭૯ કેશરાદિ વટી.

બનાવટશુદ્ધ રસકપુર, કેશર, સાકર, ઘસેલી સુખડનું ચુર્ણ, લવંગ, જાવંત્રી, એ સમ ભાગે લઇ એક સારી ખરલમાં નાંખી પાણી સાથે ઘુંટી મગના દાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી દીવસમાં બે વખત.

અનુપાન—ઘીમાં ગોળી લપેટી ઉતારી જવી (ગળી જવી) ચાવવી નહિં જોઇએ.

ઉપયોગ—લોહીઝિગાડ, ઉપદંશ, ચાંદી, વિસ્ફોટક, ગરમીનો રોગ, ગરમીનો સંધિવા, ગુંમડાં, વ્રણ રોગ, ગંભીર વ્રણ, કુષ્ટરોગ, ગલગંડ, લોહી તથા ત્વચા,ના તમામ જુનાં અને હઠીલાં દરદો, કુષ્ટ નાડીવ્રણ વગેરે દરદો માટે આ દવા ઘણી જાણીતી છે.

સુચનાં—આ દવા સાથે ગંધક રસાયન તેમજ મહામંજીષ્ઠાદિ કવાથ અથવા તો કોઇપણ રકત શોધક ગુગળ અને ત્રીફલા સાથે ગંધક મેળાવી વાપરવાથી તરતમાં સારો ફાયદો આપે છે. અને મોઢું આવ્યા સિવાય જીર્ણરોગને દુર કરે છે. પરંતુ ધ્યાન રાખવું કે તેમાં રસકપુર જેવી ઝેરી વસ્તુ આવે છે માટે પથ્ય બરાબર રાખી વૈદ્યની સલાહ પ્રમાણે દવા ચાલુ રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્થ—મીઠા વગરના ભાત, રોટલી, મગની દાળ, ઘી, દૂધ, સાકર, માખણ, વગેરે લેવું. બીજો તમામ ખોરાક બંધ રાખવો.

---

૮૦ ગોક્ષુરાદ્રિ ગુગળ.

બનાવટ—ગોખરૂનું પંચાગ તો૰ ૧૧૨ તેને અધકચર્યું કરી તેમાં પાણી તો૰ ૮૬૬ નાંખી કવાથ કરી અરધું રહે ત્યારે ઉતારી ગાળી નીચોવી લેવું. તે કવાથને ફરી ચુલે ચડાવી તેમાં શુધ્ધ ગુગળ તો૰ ૨૮ મેળવી પાક કરવો. પછી તેમાં શુંઠ, મરી. પીપર, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, મોથ, એ સાતે દવાઓ દરેક ચાર ચાર તોલાં લઇ તેનું ચૂર્ણ કરી તે ઉપરનાં પાકમાં નાંખી ગોળી વાળવા જેવું થતાં ઉતારી ઠંડુ કરી ગોળી બનાવી લેવી. સુકવી બાટલી ભરી રાખવી.

બનાવટ—૩થી ૬ ગોળી દરેક વખતે–દિવસમાં ૨થી ૩ વખત લેવી.

અનુપાન—સ્વચ્છ પાણી અથવા દુધ સાથે.

ઉપયોગ—પ્રમેહ, મૂત્રકૃચ્છ, પ્રદર, મૂત્રાઘાત. પથરી, શુક્રદોષ, વિર્યશ્રાવ, વાતરકત, લોહીખિગાડ વગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૮૧ વિષતિન્દુક વટી.

બનાવટ—શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, અજમો, હરડે છાલ, બહેડાં છાલ, આમળાં, પંચલવણ, ચિત્રકમુળ, જરૂં. વાવડીંગ, શુંઠ, મરી, પીપર, એ દરેક ચીજો અકેક તોલો લેવી. શુધ્ધ કુચલા તો૰ ૧૮ લઇ તેને લીંબુના રસમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૧ થી ૨ ગોળી દિવસમાં બે વખત જમ્યા પછી લેવી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—વાયુનાં જુનાં દરદો. શુક્રદોષ, મગજનારોગ, હોજરીની નબળાઇ, મંદાગ્નિ, શુક્રની નબળાઇ વગેરે મટી શક્તિ લાવે તથા ભૂખ લગાડી આયુ પમાયેછે.

---

૮૨ મંડુર વટી.

બનાવટ—દેવદાર, મોથ, દારૂહળદર, શુંઠ, મરી, પીપર, ચવક, ચિત્રક, પીપરીમુળ, તજ, વાવડીંગ, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, સુવર્ણ માક્ષીક ભસ્મ, એ પંદર ચીજો સમાન ભાગે એટલે દરેક એકેક તોલો કરતાં પંદર તોલા, મંડુરભસ્મ તો૦ ૩૦ ગૌમુત્ર તો૦ ૪૪૦ તેને એક લોઢાના વાસણમાં ગૌમુત્ર નાંખી ઉપરના વસાણાનું ચૂર્ણ તથા ભસ્મો મેળવી ધીમે તાપે ઉકાળી ગોળી વાળવા જેવું થાય ત્યારે ઉતારી લઇ સુકવી ગોળી ચણા જેવડી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—છાસ અથવા પાણી સાથે.

ઉપયોગ—કમળો, પાંડુ, હરસ, પ્રમેહ સોજા, નબળાઇ, અરલ અજીર્ણ, મંદાગ્નિ, કુષ્ટરોગ, કફરોગ વગેરેમાં વપરાય છે.

---

૮૩ કુંમકુમ વટી.

બનાવટ—કેશર, અફીણ સમભાગે લઇ મધમાં ચોખાપુર ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—ગોળી ૨ થી ૪ બાળક માટે એકજ ગોળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી સાથે

ઉપયોગ—ઝાડો, મરડો, આંચકી અનિંદ્રા તેમજ ચેન લાવવા ખાસ ઉપયોગી છે પીડાશામક તરીકે વપરાય છે.

---

૮૪ શંખ વટી.

બનાવટ—આંબલીનોક્ષાર તો૦ ૪ પંચ લવણ તો૦ ૪
શંખભસ્મ તો૦ ૪ ત્રીકટુ(શુંઠ, મરી, પીપર) તો.૪
વજ્ર તો૦ ૨ હિંગ તો૦ ૨
શુધ્ધ ગંધક, શુધ્ધ પારો, શુધ્ધ વછનાગ, એ ત્રણે મળી તો૦ ૧

રીત—પારા ગંધકની કજ્જલી બનાવી તેમાં બીજી દવાઓ મેળવી લીંબુના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દીવસમાં ૨ થી ૩ વખત.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—ઉદરરોગ, વાયુ, અજીર્ણ, શૂળ, કોલેરા, મંદાગ્નિ, ગોળો વગેરેમાં ઉપયોગી છે.

---

૮૫ ગંધક વટી.

બનાવટ—લસણ, જીરૂં, શુધ્ધ ગંધક, સિંધાલુણ, શુંઠ, મરી, પીપર, શેકેલી હીંગ, સમભાગે લઈ ચૂર્ણ કરી લીંબુના રસમાં મર્દન કરી ચણાપુર ગોળી બનાવી કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ— ૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સહેજ ગરમ પાણી સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—વાયુ, અજીર્ણ, ઉલટી, મોળ, અરૂચી, શુળ, ઝાડા. કોલેરા વગેરેમા ઉતમ ઉપાયછે. કોલેરા માટે વખણાયછે.

સૂચના—કોલેરામાં ડુંગળીના રસ સાથે એક કે બબે કલાકે બબે ગોળી આપવી. ચાલુ રાખવાથી વાયુ શાંત થઇ ઝાડા બંધ થાયછે અને પેટ ચડતું નથી તેમજ ગરમી ટકી રહેછે.

---

૮૬ સંજીવની ગુટીકા.

બનાવટ—વાવડીંગ, શુંઠ. પીપર, હરડે, બહેડાં. આમળાં. વજ, ગળો. શુધ્ધ ભીલામો, શુધ્ધ વછનાગ, એ સર્વ સમભાગે ચુર્ણ રૂપમાં લઇ લેવાં.

રીત—ઉપરના ચુર્ણને અરલમાં નાંખી ગૌમુત્રમાં ઘુંટી મગ જેવડી ગોળી બનાવી સુકવા આટલી ભરી રાખવી.

અનુપાન—આદુનો રસ અથવા સ્વચ્છ પાણી.

પ્રમાણ—૧ થી ૩ ગોળી, દિવસમાં ત્રણ વખત અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—અજીર્ણ, ઉલટી, જ્વર, ત્રિદોષ, ઝાડા, સન્નિપાત વગેરેમાં વપરાય છે.

સૂચના—આંસીવાળાને તેમજ હૃદયના દોષ પણ રોગવાળા માટે આ દવા ન વાપરવી.

---

૮૭ ચંદ્રપ્રભા નંબર ૧ લો.

બનાવટ—કચુરો, વજ, મોથ, કરીઆતું ગળો, દેવદાર, હળદર અતિવિષ, દારૂહળદર, પીપરીમુળ. ચિત્રક. ધાણાં હરેડદળ, બહેડાં. આમળાં, ચવક, વાવડીંગ, ગજપીપર. શુંઠ, મરી. પીપર, ધવક્ષાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાજીખાર, સિંધાલુણ, સંચળ, બીડલવણ, સુવર્ણ માક્ષિકભસ્મ એ દરેક તો૦ ૧૫, નસોતર, દંતીમુળ, તજ, તમાલપત્ર, એલચી, વાંસકપુર, દરેક તોલા બે બે, લોહભસ્મ તોલા૦ ૪, સાકર તોલા ૮, શીલાજીત તોલા ૧૬, ગુગળ તોલા ૧૬, એ સર્વનું ચુર્ણ કરી લેવું. પ્રથમ ગુગળનો પાણીમાં કવાથ બનાવી તેમાં ઉપરનું ચુર્ણ તથા શિલાજીત મેળવી દેવાં બરાબર ઘટ થાય ત્યારે ગોળી વાળવા જેવું થતાં તેને જરા ઘી વાળો હાથ આપી ચણાપુર ગોળી વાળી છાંયે સુકવી લઈ બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—પાણી, દુધ અથવા રોગાનુસાર.

ઉપયોગ—સ્ત્રીઓનાં ઋતુદોષ, પુરૂષોના ધાતુદોષ, વીર્ય વિકાર, પ્રદર, પ્રમેહ, ઉનવા, ભગંદર, વીર્યસ્રાવ, મુત્રકૃચ્છ, મુત્રાઘાત, પાંડુ, પથરી, અંડવૃદ્ધિ, કમળો, દાહ, નેત્રરોગ, પિતદોષ વગેરે મટાડી શરીરને પુષ્ટ બનાવેછે. લાંબો વખત સેવન કરવાથી રસાયનીક ગુણ બતાવે છે.

---

૮૮ મુખ દુર્ગંધ નાશક વટી.

બનાવટ—મોથ, ધહુંલા, જેઠીમધ, કુષ્ટ, ધાણાં, એલચી, જાવંત્રી, જાયફળ, તજ, કપુર, તેનું ચુણ કરી પાણીમાં વાટી ગોળીઓ બનાવી લેવી. સુકવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—મોઢામાંથી પરૂ જેવી બરાબ વાસ નીકળતી હોય તો તે મટાડવા માટે આ ગોળી મોંમાં રાખી ચુસવી થોડી વારમાં બરાબવાસ બદલી સારી વાસ આવશે અને હમેશા વાપરવાથી કાયમ નો મુખ રોગ પણ મટી જશે.

સૂચના—પેટ સાફ રાખવા ધ્યાનમાં રાખવું, કેમકે કબજીઆત થીજ આ દરદમાં વધારો થતો જણાયછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૯ પ્રમેહાંતક ગોળીઓ.

બનાવટ:—વાંસકપુર, શીલાજીત, ફમીમસ્તકી, હરડે, રાળ, ચીનીકબાલા, એલચી, હળદર, એ સર્વ સમ ભાગે લઇ વાટી ચૂર્ણ બનાવી સુખડના તેલમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી લઇ બાટલી ભરી રાખવી.

પ્રમાણ— ૨ ગોળી દીવસમાં ત્રણ વખત.

ઉપયોગ—તણખીયો પ્રમેહ, ઉનવા, પેશાબમાં બળતરા થવી, રસી આવવી વગેરે તમામ દરદોને તરતમાં આરામ આપે છે. ચોવીશ કલાકમાં છ ડોઝ લેવાથી તત્કાળ શાંતિ થાય છે.

---

૯૦ સુગંધી તેલ.

બનાવટ—વાળો તો. ૧૦
કચુરો તો. ૫
નખલા તો. ૨॥
સુખડનો વહેર તો. ૧૦
તગર તો. ૨॥
બ્રાહ્મી તો. ૫
ગુલાબનાં ફુલ તો. ૫
તમાલપત્ર તો. ૨॥
કપુરકાચરી તો. ૫
પાનડી તો. ૫
ધમાસો તો ૨॥
બાબચી તો. ૨॥
અગર તો. ૫
મોથ તો. ૧૦
તજ તો. ૨॥
તલનું તેલ શેર ૮ (તો. ૬૪૦)

રીત—ઉપલાં વસાણા અધકચર્યાં ખાંડી તેમાં તેલ નાંખી એક વાસણમાં આઠ દીવસ પલાળી મુકવું. પછી સુકાં આંબળા શેર ૦॥ (તો. ૪૦) લઇ તેને પાણી શેર ૧૦માં ઉકાળો કરી પાણી શેર ૫ રહે ત્યારે તેમાં ઉપલાં વસાણાં અને તેમાં નાંખેલ તેલ એ સર્વ નાખી ચુલે ચડાવી ધીમે તાપે પકાવવું. પાણી બળી જાય ત્યારે તેમાં રંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંવવા માટે લીલાં આમળાના પાનનું ચુર્ણ તો. ૨૦ આશરે નાખવું યાતો લાલ રંગ લાવવું હોય તો જાસુંદીનાં ફુલ તો. ૫ નું ચુર્ણ નાખી બરાબર પાક થાય કે ઉતારી લેવું. ધ્યાન રાખવું કે પાણી ને તેલ એ સાથે પકાવવાનાં છે તેથી ઉભરો આવી બહાર ન નીકળી જાય માટે અગ્નિ ધીમો રાખવો. વાસણ ચારગણું મોટું રાખવું તો હરકત થશે નહિ. બરાબર પાકી જાય ત્યારે ઉતારી લઇ ઠંડુ થયે કપડાથી એવાર ગાળી બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—શરીરે ચોળવા, માથામાં નાંખવા આ તેલ ઘણુંજ ઉત્તમ છે. સ્વચ્છ અને ચીકાશ રહીત હોવા સાથે ગુણમાં ઠંડું બાલ વધારનાર તથા બાલને કાળા ને મજબુત બનાવે છે. આ તેલ લાંબો વખત સુધી બગડતું નથી. કારણ કે તે પાકું થએલું છે.

---

૯૧ મહા સુગંધી તૈલ.

બનાવટ—રતાંજળી, ચંદન, અગર, દેવદાર, પતંગ, પદમક, કપુર, કેશર, કસ્તુરી, જાયફળ, જાવંત્રી ગુગળ, નાગકેશર, લવંગ, એલચી, મોટી એલચી, ચીનીકબાલા, તજ, તમાલપત્ર, લાળો, છડીલો, દારૂહળદર, મોરવેલ, કચુરો, શિલાજીત, નાગરમોથ, નગોડનાંફુલ, ઘઉંલા, લોબાન, ગુગળ, કાળોવાળો, નખલા, ધાવડીનાંફુલ, પીપરીમુળ, મજીઠ, તગર, મીણ, એ દરેક અકેક તોલો લઇ તેને ખાંડી જાડો ભુક્કો કરી તેમાં પાણી શેર ૪ (તોલા ૩૨૦) નાંખી કવાથ બનાવવો. ચતુર્થાંસ બાકી કવાથ રહે ત્યારે ગાળી તેમાં તલનુ તેલ તોલા ૨૫૦ નાંખી ધીમે તાપે પાક કરી પાણી બળી જાય ત્યારે ઉતારી તેમાં કસ્તુરી, કેશર, મીણ, શીલાજીત, કપુર, ગુગળ, એ ૬ વસ્તુઓ પ્રથમ નહિ નાંખતાં પછી તેમાં નાંખી દેવી અને ઠંડુ થાય ત્યારે ગાળી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવાની રીત—શરીરે માલીશ કરવાથી તેમજ માથામાં નાંખી ઘસવાથી નીચે લખેલા ફાયદા થાય છે.

ઉપયોગ—ખોટી ગરમી, ખસ, ખુજલી, લોહીવિકાર, ત્વચારોગ માતાનાં ચાઠાં, નબળાઇ, માથાનો દુખાવો, બાલ ખરીજવા, આંખોની ગરમી, આંખોનું તેજ કમી થવું, ધાતુ ક્ષીણતા, હાથ પગમાં થતો દાહ, જીર્ણજ્વર, વગેરે ત્વચા શરીરમાં બળ લાવે છે તેમજ ચામડી સુંવાળી નરમ રેશમ જેવી બનાવે છે. સુગંધ સારી હોવાથી માથામાં નાખવા માટે પણ સારૂં છે.

---

૯૨ બ્રાહ્મી તૈલ.

બનાવટ—બ્રાહ્મી તો૦ ૨૦ નસોતર તો૦ ૨॥
દંતીમુળ તો૦ ૨॥ કચૂરો તો૦ ૨॥
વાળો તો૦ ૫ મરી તો૦ ૧
કપુર કાચડી તો૦ ૨॥ વાડીંગ તો૦ ૨॥
ધહુંલા તો૦ ૧ ચંદન તો૦ ૨॥
ગરમાળો તો૦ ૫ આમળા તો૦ ૨૦
તલનું તેલ શેર ૫ પાણી શેર આઠ

રીત—એક મોટા વાસણમાં ઉપરની વસ્તુઓનું જુદું ચૂર્ણ નાંખી પાણીમાં કવાથ કરવો. ચતુર્થાંસ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઇ તે પાણીમાં તેલ નાંખી ધીમે તાપે પાક કરતાં પાણી બળી જાય ત્યારે ઉતારી ઠંડુ થયે છાણી લઇ બાટલીઓ ભરી રાખવી.

ઉપયોગ—માથાની ગરમી, અપસ્માર, વાઇ, ઉન્માદ, યાદ શક્તિની નબળાઇ, હીસ્ટીરીયા, વાયુ, માથાનું દરદ, વાળ ખરી જવા ખોડો થવો, વગેરે મટી વાળ વધારેછે અને બુધ્ધિની વૃધ્ધિ કરેછે.

વાપરવાની રીત—માથામાં ઘસવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૩ વાતનાશક તેલ.

બનાવટ—સરસડાનાં પાન તો૦ ૫ ધતુરાનાં પાન તો૦ ૫
શતાબ્દનાં પાન તો૦ ૨॥ અજમો તો૦ ૨॥
ખુરસાણી વજ તો૦ ૨॥ કપુર તો૦ ૬
વછનાગ તો૦ ૧ સિંધાલુણ તો૦ ૨॥
શુંઠ તો૦ ૨॥

સર્વને સાથે વાટી ખાંડી લુગદી બનાવી લેવી. પછી તલનું તેલ તો૦ ૬૦ લઇ તેને બરાબર ગરમ કરી તેમાં ઉપરની તૈયાર કરેલી લુગદી નાંખી ધીમે તાપે પાચન કરવું. અને બરાબર તેમાં રંગ આવી ફીણ આવતું બંધ પડે ત્યારે ઉતારી કપડાથી ગાળી ઠંડું થયે બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—દુખતી જગાને પ્રથમ સહેજ ગરમ પાણીથી ધોઇ સાફ કરી તેના પર તેલથી નરમ હાથે સારી રીતે માલીશ કરવી અને ઉપર શેક કરવો.

ઉપયોગ—વાયુના વિકારથી થતું શુળ, અંગ ઝલાઇ જવું લકવો, પક્ષાઘાત, ઉરૂસ્તંભ, કંપવા, હાડકું કે માંસ સુકાઇને પીડા થવી, વાયુને લીધે સોજો થઇ આવવો વગેરે વાત વ્યાધિમાં આ તેલ લગાડવાથી તરત સારો ફાયદો થાય છે.

સૂચના— તેલ લગાડયા પછી તેલ વાળા હાથ સાબુ વડે બરાબર ધોઇ સાફ કરવા કેમકે આ તેલ બાવામાં ન વપરાય તેવી બનાવટનું છે.

---

૯૪ બિલ્વાદ્રિ તૈલ.

બનાવટ—બીલીનું ગરભ તો૦ ૨॥ તલનું તેલ તો૦ ૧૦
ગૌમુત્ર તો૦ ૧૦

રીત—પ્રથમ બીલીનું ગરભ લાવી તેમાં થોડું ગૌમુત્ર નાંખી લુગદી બનાવી લેવી. અને તે લુગદીને એક જગા પર મુકી ધીમા તાપ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક શેર તેલ માય તેવા મોટા લોઢાના વાસણમાં તેલ મુકી તેમાં ગૌમુત્ર થોડું તથા તે લુગદી નાંખી ધીમી આંચે પકાવવું ગૌમુત્ર બળી જઇ લુગદી રાતી થઇ જાય ત્યારે ઉતારી લઇ ઠંડુ થયે કપડે ગાળી શીશી ભરી લેવી.

વાપરવાની રીત—કાનમાં ટીપાં બે થી ચાર નાંખવાં.

ફાયદો—કાનનું શુળ, બહેરાપણું, રસી વહેવી, વગેરે કાનનાં દરદો મટે છે. દિવસમાં બે વખત નાંખવું.

---

૯૫ જાત્યાદિ ઘૃત.

બનાવટ—જાઇનાંપાન, કડવા લીંબડાનાપાન, પટોલપત્ર, હળદર, દારૂહળદર, કડુ, મજીઠ, જેઠીમધ, મીણ, કરંજના બીજ, વાળો, અનંતમુળ, મોરથુથો એ સર્વને કુટી પાણીમાં વાટી લુગદી બનાવી લેવી. ઉપરની દરેક દવા અકેક તોલાના વજને લેવી. પછી તે માટે એક લોઢાની કડાઇમાં જુનું ઘી તોલા પર) લઇ ગરમ કરી તેમાં ઉપરની લુગદી નાંખી ધીમે તાપે પકવવી. જ્યારે ઘી દવાઓને લીધે લીલું થઇ જાય અને ઓસડીઆંનો મત્વ બરાબર આવી જાય ત્યારે પાકો થયો સમજી ઉતારી ગાળી ઠંડુ થાય કે બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—નાડીવ્રણ વગેરેમાં વાટ બોળીને કે મલમના રૂપે લગાડી પાટો બાંધવો.

ઉપયોગ—જુનાં નાડીવ્રણ, વ્રણ, મોટાં ઘારાં, ગંભીર વ્રણ, દુષ્ટ વ્રણ, ચાઠાં વગેરે મટાડવા આ દવા અનુભવીઓમાં બહુ વખણાય છે અને પ્રસિદ્ધ છે. તેમજ સારો ફાયદો બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૬ વાસાવલેહ.

બનાવટ—અરડુસીનાં લીલાંપાન તો. ૨૦૦ તથા પાણી તો૦ ૧૬૦૦ લાવી તેને ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળો કરી ઠંડુ થયે ગાળી લેવું.

રીત—ઉકાળેલા ક્વાથના પાણીમાં હરડેનું બારીક ચૂર્ણ તો૦ ૧૨૮ તથા સાકર તો૦ ૧૨૮ નાંખી મંદાગ્નિવડે અવલેહ જેવો પાક તૈયાર કરવો. તૈયાર થાય ત્યારે પીપર તો૦ ૨, વસંલોચન તો૦ ૪ તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર એ ચારે મળી તો૦ ત્રણ એ સર્વનું ચૂર્ણ નાંખી નીચે ઉતારી ઠંડુ થયે તેમાં મધ તો૦ ૨૦ નાંખી ચીનીની બરણીમાં ભરી રાખવું.

પ્રમાણ—૧થી ૨ તોલા જરૂર જણાય ત્યારે. દિવસમાં બે વખત

અનુપાન—દવા ચાટી ઉપર દૂધ પીવું.

ઉપયોગ—ખાંસી, ક્ષય, ઉરઃક્ષત, રક્તપિત, લોહીવાળી ખાંસી, જીર્ણજ્વર, કફ, હૃદયરોગ, વગેરે મટાડેછે.

---

૯૭ ચ્યવન પ્રાશાવલેહ.

બનાવટ—કાંકચ, અરણી, બીલી, અરડુસો, શીવણ, ગોખરૂ, શાલપર્ણી, પૃશ્નપર્ણી, ભોંરીંગણી, ઉભીરીંગણી, (આને દશમુળ કહેછે) પીપર, કાકડાશીંગ, દ્રાક્ષ, ગળો, હરડેછાલ, બળદાણા, ભોંઆમળાં, અરડુસી, મીઠી ખરબોડી, કચૂરો, શતાવરી, આદુંડ, વિદારીકંદ, વારાહીકંદ, મોથ, પુષ્કરમુળ, પીલુડી, સાટોડી, કમડકાકડી, જંગલીમગ, જંગલી અડદ, એલચી, અગર, સુખડ, એ દરેક તોલા ચાર ચાર લઇ અધકચર્યા કરી લઇ તેનો પાણી તોલા ૨૫૦૦ માં ક્વાથ કરવો. ક્વાથનું અર્ધું પાણી બળે ત્યારે તેમાં લીલાં આમળાં નંગ ૫૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી દેવાં. જ્યારે કાઢો અષ્ટમાંસ રહે ત્યારે ઉતારી કપડેથી ગાળી લઈ જુદો રાખવો, અને આમળાં જુદાં લઇ તેને કલઇવાળા વાસણમાં રાખી ઝુંદી લઇ જાડા કપડાંથી છાણી માવો કાઢી જુદો મુકવો. ત્યાર બાદ ઘી તોલા ૬૦ લઇ તેમાં આમળાંનો માવો બરાબર શેકી લઇ લાલ થાય ત્યારે ઉપરનો રહેલ કવાથ નાંખી તેમાં સાકર તોલા ૪૦૦ નાંખી ધીમે તાપે પાક કરવો, બરાબર ચાટણ જેવું થાય ત્યારે તેમાં પીપર તો૦ ૮, વસંલોચન તો૦ ૧૬, તજ, તમાલપત્ર, નાગકેશર, એલચી એ દરેક તોલો ૧।। એ સર્વનું ચૂર્ણ બારીક કરેલું હોય તે ઉપર નાંખી ચુલેથી ઉતારી ઠંડુ થાય ત્યારે મધ તો૦ ૬૦ નાંખી મેળવી સારા વાસણમાં ભરી રાખવું, (અનેતો ચીનીના કે કાચના કે માટીના વાસણમાં ભરી રાખવું).

પ્રમાણ—ભૂખે પેટે ૨ થી ૪ તોલા, સવાર સાંજ એ વખત

અનુપાન—તાજું કે ગરમ કરેલું દુધ ઇચ્છા પ્રમાણે પીવું.

ઉપયોગ—ક્ષય, ધાતુક્ષીણતા, મંદાગ્નિ, નબળાઇ, માથાનુ-દરદ, ખાંસી, શ્વાસ, હૃદયરોગ, મુત્રદોષ, નેત્રરોગ વગેરે મટી દુધ પાચન થાયછે. અનેક જુના રોગો મટાડી પુષ્ટિ આપેછે.

---

૯૮ પંચામૃત ચાટણ.

બનાવટ—શુંઠ, મરી પીપર, સિંધાલુણ એ દરેક અકેક તોલો કાળીદ્રાક્ષનાં બી કાઢી લીધેલ ચોખો મેંદા જેવો લોદો તો૦ ૪૦.

રીત—પ્રથમની ચાર વસ્તુઓનું બારીક ચૂર્ણ કરી પછી કાળી દ્રાખનાં લોદાને ખરલમાં નાંખી ઘુંટવું ને તેમાં ઉપરનું ચુર્ણ મેળવી દઇ એક નાની બરણી પહોળામોંની લઇ તેમાં ભરી રાખવું.

પ્રમાણ—તો૦ ૧।। થી ૨ સુધી.

સમય—જરૂર પ્રમાણે અથવા સવાર સાંજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—રૂચી પ્રમાણે ગમે તે અથવા કાંઇ પણ નહિ હોય તો પણ ચાલશે.

ઉપયોગ—અરૂચી, વાયુ, કફ, પ્રકાશ મોઢાની, મોળ, ઉલટી, શરદી, તાવ, ખાંસી, મંદાગ્નિ, ઈન્ફલ્યુએન્ઝા, ત્રિદોષ, તાવ, કબજીઆત, વાયુની ચુંક, વગેરેમાં રૂચી લાવી દરેક ફરિયાદને શાંત કરી પેટને સાફ કરેછે.

---

૯૯ બ્રાહ્મી સરબત.

બનાવટ—સુકાં બ્રાહ્મીનાં પાન તો૦ ૮૦ ને સાફ કરી લેવાં તેમજ સાકર શેર અઢી (પાંચ રતલ) સ્વચ્છ પાણી શેર ૪.

રીત—પ્રથમ એક સારા કલઇ કરેલા તપેલામાં બ્રાહ્મીના સાફ કરેલાં પાન લઇ તેમાં પાણી શેર ચાર નાંખી તેનો ધીમી આંચે ઉકાળો તૈયાર કરવો. ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું, ગાળેલો કવાથ હોય તેમાં સાકર નાંખી શરબત જેવા કડક ચાસણી કરી લઇ ઉતારી કપડે ગાળી ઠંડું થયે બાટલી ભરી રાખવી, આશરે ૫ થી ૬ રતલ શરબત થશે.

પ્રમાણ—૧૫ તોલો, આખા દિવસમાં અઢી તોલા.

સમય—સવાર સાજ બે વખત.

અનુપાન—પાણી સાથે મેળવીને લેવું.

ઉપયોગ—મગજની, જ્ઞાનતંતુઓની તેમજ લોહીની નબળાઇ, યાદશકિતની ખામી, માથાનું દરદ, ચકકરી, ઉન્માદ, હીસ્ટીરીયા, વાયુ, ગાંડપણ વગેરેમાં બુદ્ધિ વર્ધક તથા ઉતેજક તરીકે વપરાય છે.

સૂચના— આ દવા વાપરતાં જો ગરમ જણાય તો એક અઠવાડીયું દવા વાપરી ત્રણ ચાર દિવસ બંધ કરી ફરી પાછું શરૂ કરવું, આ પ્રમાણે વાપરવાથી ગરમ નહિ જણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૦ સાલમપાક.

બનાવટ—સાલમ શેર ૦।
કારી મુશળી તો. ૫
નરગંડી તો. ૨।।
અકરકરો તો. ૨।।
કૌંચબીજ તો. ૧૦
જાવંત્રી તો. ૨।।
તજ તો. ૨।।
સુંઠ તો. ૫
વંસલોચન તો. ૫
ચીનીકબાલા તો. ૫
મરી તો. ૨।।
નાગકેશર તો. ૫
બદામ બીજ શેર ૦।
કસ્તુરી તો. ૦।
ઘી શેર ૮
ભેંસનું દુધ શેર ૨૦
ધોરી મુશળી તો. ૫
એખરો તો. ૨।।
પીપર તો. ૨।।
બલદાણા તો. ૨।।
જાયફળ તો. ૨।।
કેશર તો. ૨
તમાલપત્ર તો. ૨।।
લવંગ તો. ૨।।
શીંગાડા તો. ૫
આસુંઠ તો. ૫
એલચી તો. ૫
ભીમસેની કપૂર તો. ૧।
પીસ્તાં શેર ૦।
અંબર તો ૦।
સાકર શેર ૮
અડદની દાળનો લોટ શેર ૧।

રીત—પ્રથમ દુધમાં સાલમનો ભુક્કો નાખી માવો બનાવી તેની ઘીમાં કોટી કરી લેવી. પછી અડદની દાળનો લોટ લઇ તેની કોટી કરી લેવી એ જુદાં રાખી સાકરની ચાસણી બનાવી તેમાં કોટી નાખી પાકની રીતે પાક બનાવવો કોટી નાખ્યા પછી ઉપરની સર્વ વસ્તુઓનું ચુર્ણ નાખી મેળવી તેમાં ઘી તમામ નાખી દઇ તે ઉપર કેશર, બદામ, પીસ્તાં, અંબર, કસ્તુરી વગેરે નાંખી દેવાં. અને ઇચ્છા હોય લોહભસ્મ તો. ૨, પ્રવાળભસ્મ તો. ૨, અભ્રકભસ્મ તો. ૨, તથા અભ્રકભસ્મ તો. ૨ મેળવી નાખી દઇ મોટા વાસણમાં પાકનાં ચોસલાં પાડી દેવાં. ઠંડુ થએ કાઢી બરણીમાં ભરી રાખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—પથી ૧૦ તોલા સુધી.

અનુપાન—દુધ પચે તેટલું તેમજ પૌષ્ટિક ખોરાક લેવો.

ઉપયોગ—શિયાળામાં શક્તિવર્ધક તરીકે વાપરવાથી સારો ફાયદો થાય, ધાતુ પુષ્ટ થાય, અનેક રોગ વાયુ તથા ધાતુઓ શરદીનાં મટે.

---

૧૦૧ સ્વાદિષ્ટ ખારેક.

બનાવટ—છુવારી ખારેક તો૦ ૪૦ પીપર તો૦ ૨॥
શુંઠ તો૦ ૧ જાવંત્રી તો૦ ૦॥
વછનાગ તો૦ ૦॥ મરી તો૦ ૨॥
તજ તો૦ ૨॥ પીપરીમુળ તો૦ ૨॥
સીંધાલુણ તો૦ ૧ સંચળ તો૦ ૨
લીંબુનો રસ જરૂર પ્રમાણે.

રીત—પ્રથમ ખારેકનાં ઠળીઆ કાઢી નાંખી તેને લીંબુના પુરતા રસમાં પલાળી મુકવી. અને પછી ઉપરનાં બીજાં વસાણાંનું ચુર્ણ લઇ સાથે મેળવી એ ત્રણ દિવસ પલાળી રાખી સુકાય કે તેને આંડી દાણાં દાર ચુર્ણ બનાવી બાટલી ભરી રાખવો.

પ્રમાણ—રૂચી મુજબ અથવા ૦॥ થી ૧ તોલો.

અનુપાન—સ્વચ્છ પાણી સાથે.

સમય—જમ્યા પહેલાં કે પછી, સવાર સાંજ.

ઉપયોગ—રૂચી વધારનાર. વાયુ મટાડનાર તથા પાચન અને મળની શુદ્ધિ કરનાર તરીકે વપરાયછે. સ્વાદમાં ઘણીજ સારી થાયછે. ભૂખ બહુજ લગાડી પાચન શક્તિ બળવાન કરેછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૨ બાલરોગાન્તકારિષ્ટ.

બનાવટ—જેઠીમધ તો૦ ૨૦ હરડે તો૦ ૨૦
શતાવરી તો૦ ૨૦ આમળા તો૦ ૨૦
કાળી દ્રાખ તો૦ ૮૦ કડુ તો૦ ૧૦
કરીઆતું તો ૧૦ ગળો તો૦ ૧૦
કાકડાશીંગ તો૦ ૧૦ નાગરમોથ તો૦ ૧૦

આ સર્વ વસ્તુઓને ઉપરના તોલથી લઇ કચરી લેવી.

રીત—અધકચરેલી ઉપરની વસ્તુઓ લઇ તેને પાણી તોલા બે હજારમાં નાંખી ઉકાળો કરી બાકી તોલા ૫૦૦ જ્યારે રહે ત્યારે ઉતારી કપડાથી ગાળી તેમાં મધ તો૦ ૧૦૦ તથા સાકર તો૦ ૧૦૦ નાંખી તેને આઠ દિવસ ખુલ્લું બરણીમાં કપડું ઢાંકી રાખી મુકવું ખમીર આવી જાય ત્યારે ફરી કપડેથી ગાળી તેમાં નીચેની વસ્તુઓનું જાડું ચુર્ણ કરી નાંખી બરણી પેક કરી એક માસ સુધી રાખી મુકી પછી તેને ગાળી બાટલીમાં ભરી ત્રણ માસ રાખી મુકવું. અને ત્યાર બાદ વાપરવું.

ચીજોના નામ—તજ તો૦ ૨ તમાલપત્ર તો૦ ૨
એલચી તો૦ ૨ અતિવિષ તો૦ ૨
પીપર તો૦ ૨ કેશર તો૦ ૦॥
મંડુરભસ્મ તો૦ ૨ ધાવડીનાં ફુલ તો૦ ૧૦
દાડમછાલ તો૦ ૨

પ્રમાણ—૧થી ૧૨ માસ સુધી માટે ૩૦ ટીપાં, એક વર્ષથી તે ૩ વર્ષ સુધી માટે ૬૦થી ૧૦૦ ટીપાં સુધી.

વાપરવાની રીત—દવાના સમ ભાગે પાણી લઇ તે સાથે મેળવી લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય—દિવસમાં બેથી ત્રણ વખત આપવું.

ઉપયોગ—બાળકોનો તાવ, ખાંસી, ઝાડા, ઉલટી, શરદી, કબજીઆત, લોહીબિગાડ, નબળાઇ, મંદાગ્નિ, અપચો, બાળશોષ, વગેરે તમામ દરદોમાં વાપરી શકાય છે.

---

૧૦૩ રક્ત શોધીની

બનાવટ—અંનતમૂળ તો૦ ૧૦૦ દરાખ તો૦ ૧૦૦
પાણી શેર ૨૫ (અંગાલી) જેઠીમધ તો૦ ૫
આમળા તો૦ ૨॥ હરડેછાલ તો૦ ૨॥
લવંગ તો૦ ૧ તજ તો૦ ૧
પીપર તો૦ ૧॥ મરી તો૦ ૧॥
ધાવડીના ફુલ તો૦ ૧૦ શાકર શેર ૩

રીત—પ્રથમ અનંતમુળ તથા કાળી દરાખનો કાઢો વિધીસર કરી ઠંડુ થયે કપડે ચાળી તેમાં શાકર મેળવી તથા ઉપરનાં નવ વસાણાનું ચુર્ણ (જરા જાડું)મેળવી બરણીમાં પેક કરી બે માસ સુધી રાખી મુકવું. અને ત્યાર બાદ ગાળી બાટલી ભરી જરૂર પડે ત્યારે ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તો૦ ૧ થી ૨॥.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દવાના પ્રમાણ જેટલું પાણી મેળવી લેવું.

ઉપયોગ—ગરમીનો સંધિવા, ઉપદંશ, ખુજલી, લોહીબીગાડ, બ્રમ, દાદર, સંધિવા, ગરમી, બેાટોદાહ, મગજની ગરમી, પેશાબની મુશ્કેલી, પ્રમેહ વગેરે ગરમી-પીતની સર્વ વ્યાધિ મટાડી દરત સાફ લાવેછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૪ રોહીતારિષ્ટ.

બનાવટ—રગત રોહીડાની અંતરછાલ તો૦ ૨૦૦ અધકચરી લઇ તેમાં પાણી તો૦ ૨૦૦૦ નાંખી ચતુર્થાંસ કવાથ બનાવી ગાળી લઇ તેમાં ગોળ તો૦ ૪૦૦ નાંખી મેળવી દેવું અને તેમાં ધાવડીનાં ફુલ તો૦ ૩૨, પીપર, પીપરીમુળ, ચવક, ચિત્રક, શુંઠ, તજ, તમાલપત્ર એલચી, હરડા, બહેડા. આમળા, એ દરેક ઔષધો બબે તોલા લઇ કુટી જાડી ચાલણીમાંથી ચાળી તેમાં મેળવી એક બરણીમાં ભરી દોઢ માસ રાખી મુકવું. અને ત્યાર બાદ ગાળી લઇ તેને પંદર દીવસ છણવા દઇ ફરી ગાળી લઇ ઉપયોગમાં લેવું.

પ્રમાણ—૧૧ થી ૨૧ તોલા સુધી દિવસમાં બે વખત.

અનુપાન—પાણી સાથે મેળવીને લેવું.

ઉપયોગ—હરસ, મંદાગ્નિ, પાંડુરોગ, પ્લીહા, યકૃતરોગ, ઉદર-રોગ, સોજા, કલેજાનાં દરદો, સંગ્રહણી, હૃદયરોગ, અરૂચી વગેરે મટાડી દસ્ત સાફ લાવેછે.

---

૧૦૫ લોહાસવ.

બનાવટ—લોહભસ્મ તો૦ ૪, શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં આમળાં, અજમોદ, વાવડીંગ, નાગરમોથ, ચિત્રકછાલ એ દરેક ચારચાર તોલા લઇ તેનું ચુર્ણ કરી તેમાં લોહભસ્મ મેળવી તેમાં ધાવડીનાં ફુલ તોલા ૨૦ નાંખી પછી એક વાસણમાં નાખી તેમાં મધ તોલા ૬૪ ગોળ તો. ૧૦૦ અને પાણી તોલા ૫૦૦ મેળવી હલાવી એક બરણીમાં ભરી પેક કરી દોઢ માસ રાખી મુકવું. ત્યાર બાદ ગાળી ફરી પંદર દહાડા રહેવા દઇ પછી ફરી ગાળી લઇ ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧૫થી ૨૧ સવાર સાંજ બે વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી સાથે રેળવીને પીવો.

ઉપયોગ—પાંડુ, સોજા, ગુલ્મ. અરૂચી, ઉદરરોગ, હરસ, દ્રઢ પ્લીહા, ખુજલી, ખાંસી. શ્વાસ, ભગંદર, અરૂચી. સંગ્રહણી, હૃદય રોગ વગેરેમાં વાપરવાથી ઠીક ફાયદો આપે છે. જુનાં દરદો મટાડે છે.

---

૧૦૬ દ્રાક્ષાસવ.

બનાવટ—કાળી દ્રાખ તોલા ૨૦૦ પાણી તોલા ૨૦૦૦માં કવાથ બનાવી ચર્તુર્થાંસ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

રીત—ઉપરના ગાળેલા કવાથમાં સાકર તોલા ૧૫૦ તથા મધ તોલા ૧૫૦ નાખી મેળવી તેમાં ધાવડીનાં ફુલ તોલા ૩૨ ચણકબાબ, લવંગ, જાયફળ, મરી, તજ, એલચી. પીપર, નાગકેસર તમાલપત્ર, રેણુકબીજ, ચવક, ચિત્રક, પીપરીમુળ, એ તેર ઔષધો દરેક બબ્બે તોલા લઇ એ સર્વને ખાંડી જરા જાડી ચાળણીથી ચાળી બરણીમાં ઉપરના મીશ્રણ સાથે મેળવી દ્રઢ માસ ભરી રાખવું અને પછી ગાળી લઇ પંદર દીવસ છણવા દઇ ફરી વાર ગાળી લઇ પછી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—૨ા થી ૨ાા તોલા જરૂર પડે ત્યારે.

અનુપાન—પાણી સાથે મેળવીને પીવો.

ઉપયોગ—ઉરક્ષત. ખાંસી, સંગ્રહણી, મંદાગ્નિ. અર્શ ગુલ્મ, કૃમી. ઉદરરોગ નબળાઇ, અરૂચી સુસ્તી, થાક, જ્વર. નેત્રરોગ. પાંડુ રોગ, અનિદ્રા વગેરે મટાડી ભૂખ લગાડે તથા દરત સાફ લાવે છે. અને હુશીયારી લાવે છે.

---

૧૦૭ અશોકારિષ્ટ.

બનાવટ—આશોપાલવની છાલ તોલા ૨૦૦ને અધકચરી કરી તેમાં પાણી તોલા ૨૦૦૦ નાંખી ધીમે તાપે ઉકાળો કરી ચોથા ભાગનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી બાકી રહે ત્યારે ઉતારી લઇ કપડે ગાળી લેવું. તેમાં ગોળ તોલા ૨૦૦ મેળવી દેવો પછી ધાવડીનાં પુલ તોલા ૬૨. શાહજીરું, મોથ, શુંઠ, દારૂહળદર, કમળકાકડી, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, આંબાની ગોટલી, જીરું, અરડુસાની છાલ. સુખડ એ દરેક વસ્તુ અર્ધે તોલા લઇ બાંડી ચુર્ણ કરી ઉપરના પ્રવાહીમાં મેળવી બરણી ભરી દોઢ માસ રાખી મુકી પછી ગાળી લેવું. ત્યાર બાદ પંદર દિવસ છણવા દઇ ફરી ગાળી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧થી ૨॥ દિવસમાં બે વખત.

અનુપાન—ચોખાનું ધોણ અથવા સ્વચ્છ પાણી સમ ભાગે.

ઉપયોગ—શ્વેત પ્રદર, રકતપ્રદર, જ્વર, રકતપિત, રકતસ્રાવ, અર્શ, મંદાગ્નિ, અરૂચી, પ્રમેહ, સોજા વગેરે સ્ત્રીઓનાં તમામ રોગોમાં સારો ફાયદો આપી ગર્ભાશય શુદ્ધ બનાવે છે.

---

૧૦૮ વાસાસવ.

બનાવટ—અરડુસીના તાજા પાન તોલા ૨૦૦ તેને અધ કચર્યાં કરી તેમાં પાણી તોલા ૧૬૦૦ નાંખી ઉકાળો કરી ચતુર્થાંસ બાકી રહે ત્યારે ઉતારી લઇ ગાળી લેવું. અને તેમાં ગોળ તોલા ૪૦૦ નાંખી મેળવી દેવું. પછી તેમાં ધાવડીનાં પુલ તોલા ૬૨ તજ, તમાલ પત્ર, એલચી, નાગકેસર, ચણકબાબ, મરી, વાળો, દરેક તોલા ચાર ચાર લઇ તેનું ચુર્ણ કરી મેળવી દઇ બરણીમાં ભરી રાખવું દોઢ માસ રાખ્યા પછી ગાળી લેવું ને પંદર દહાડામાં છણી રહે કે ગાળી પીવાના ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧થી ૨॥ દિવસમાં બે વખત.

અનુપાન—સમભાગે પાણી મેળવીને પીવું.

ઉપયોગ—ઉધરસ, ક્ષય, ઉરઃક્ષત, જીર્ણજ્વર, સોજા વગેરેમાં સારો ફાયદો આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૯ કુમાર્યાસવ.

બનાવટ—પાકેલી કુંવારનાં લફરાં તોલા ૧૦૨૪ ગોળ તોલા ૪૦૦ હરડેછાલનું ચૂર્ણ તોલા ૧૦૦ પાણી તોલા ૧૦૨૪ એ સર્વને ઉકાળવું. જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી લઇ ગાળી લેવું ને તેમાં, મધ તોલા ૨૫૬ ધાવડીનાં ફુલ તોલા ૬૪ જાયફળ, લવંગ, કબાબચીની, જટામાસી, ચવક, ચિત્રક, જાવંત્રી, કાકડાસીંગ, બહેડાં છાલ, પુષ્કરમુળ, એ દરેક તોલા ૪ લઇ તેનું ચુર્ણ કરી તે સાથે લોહભસ્મ તોલા ૨ તામ્રભસ્મ તોલા ૨ નાખી મેળવી બરણી ભરી દોઢ માસ સુધી રાખવું. પછી ગાળી લઇ પંદર દહાડા છણી રહે ત્યારે ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧થી ૨ા દિવસમાં બે વખત.

અનુપાન—સમભાગે પાણી મેળવીને પીવું.

ઉપયોગ—સ્ત્રીઓનાં ઋતુદોષ, ગુલ્મ, રક્તગુલ્મ, ખાંસી, શ્વાસ ક્ષય, ઉદરરોગ, હરસ, વાતરોગ, અપસ્માર, મંદાગ્નિ કોઠાનું શુળ, બરલ વગેરે પેટનાં તમામ રોગો મટે છે.

---

૧૧૦ બબુલારિષ્ટ.

બનાવટ—બાવળની છાલ તોલા ૨૦૦ પાણી તોલા ૨૦૦૦માં નાખી ઉકાળો કરી પાંચસો તોલા પાણી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેમાં ગોળ તોલા ૩૦૦ નાખી મેળવી તથા તેમાં નિચેની વસ્તુઓનું ચૂર્ણ નાખી દોઢ માસ સુધી એક બરણીમાં નાંખી ભરી રાખવું.

ધાવડીનાં ફુલ તોલા ૧૬, પીપર તોલા ૨ જાયફલ, કબાબ ચીની, એલચી તમાલપત્ર, તજ, નાગકેસર, લવંગ, મરી એ દરેક અકેક તોલો લઈ ચૂર્ણ કરી મેળવી દેવું. દોઢ માસ રાખ્યા પછી ગાળી લઇ છણી રહે ત્યાર બાદ ઉપયોગમાં લેવુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૧થી ૨॥ તોલા દિવસમાં બે વખત.

અનુપાન—સમભાગે પાણી મેળવીને પીવું.

ઉપયોગ—આંસી, ક્ષય, સ્વરભંગ, કુષ્ઠ, અતિસાર. પ્રમેહ. શ્વાસ વગેરે દરદો મટી ગળું સાફ થાય છે. શ્વાસ નળીનાં દરદો અને સુકી આંસી માટે સારો ઉપાય છે.

---

૧૧૧ સારસ્વતારિષ્ટ.

બનાવટ—બ્રાહ્મી તોલા ૧૦, શતાવરી તોલા ૨૦, વિદારીકંદ તોલા ૨૦, વારાહીકંદ તોલા ૨૦, હરડેછાલ તોલા ૨૦, વાળો તોલા ૨૦, આદુ તોલા ૨૦, વરેઆરી તોલા ૨૦ પાણી તોલા ૧૬૦૦ મધ તોલા ૧૦૦, સાકર તોલા ૧૦૦ તથા ધાવડીનાં ફુલ તોલા ૨૦ રેણું કબીજ, પીપર, વજ, આસુંઠ, ગળો, વાવડીંગ, નસોતર, લવંગ, કુષ્ઠ. બહેડાં એલચી, તજ, સોનાનાં વર્ક એ દરેક અકેક તોલો લેવાં. એનું ચૂર્ણ કરી જુદું રાખવું.

રીત—પ્રથમની આઠ દવાઓ અધકચરી બનાવી તેમાં પાણી નાંખી કવાથ બનાવી ચતુર્થાંસ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઇ તેમાં મધ તથા સાકર મેળવી. પછી તેમાં નીચેની તેર દવાઓ નાંખી દઇ અને સોનાનાં વર્કને સાકરમાં ઘુંટી મેળવી દેવાં અને તેને દોઢ માસ સુધી બરણીમાં નાંખી મોં પેક કરી રાખી મુકવું. પછી તેને કાઢી ગાળી પંદર દીવસ છણી રહે કે ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧થી ૨॥ દીવસમાં બે વખત.

અનુપાન—સ્વચ્છ પાણી સમ ભાગે લઇ મેળવીને પીવું.

ઉપયોગ—મગજનાં તમામ દરદો. વાણીની અશુદ્ધતા, યાદ શકિતની ખામી, મંદબુધ્ધિ, માથાનું દરદ. વાઇ, હીસ્ટીરીયા. વાયુ, જ્ઞાનતંતુઓની નબળાઇ વગેરે મટી જઇ યાદ શકિત વધે તથા બુધ્ધિ સુધરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૨ પુનર્નવાદિક્વાથ.

બનાવટ—સાટોડી, દારૂહળદર, હળદર, શુંઠ, હીમજ, ગળો, ચિત્રકમુળ, ભારંગમુળ, દેવદાર, સર્વ સમભાગે લઇ ક્વાથ જેવો જાડો ભૂકો કરી એક ડબીમાં ભરી રાખવો અને જરૂર જણાયે ક્વાથની રીતે કાઢો બનાવી ઉપયોગમાં લેવો. (એક ભાગ દવા ૧૬ ભાગ પાણી અષ્ટમાંસ રાખવું.)

પ્રમાણ—પ્રવાહી ક્વાથ ૨॥ તોલા (ભુકો તોલો ૧।)

ઉપયોગ—સર્વાંગસોથ, હાથ, પગ, મોં અને ઉદર પરનો સોજો આ ક્વાથથી તરતમાં મટી જાય છે.

સૂચના—લગાડવા માટે **અરણીનાં પાનનો રસ** આખા શરીરે લગાડવો તથા ખાવા માટે રોગાનુંસાર કોઇપણ દવા અથવા **આરોગ્યવર્ધનીરસ** નામની દવા વાપરવાથી તરતમાં સારો ફાયદો થાય છે.

---

૧૧૩ દેવદાર્વાદિક્વાથ.

બનાવટ—દેવદાર, વજ, કઠ, પીપર, શુંઠ, કાયફલછાલ, મોથ, કરીઆતું, કડુ, ધાણા, હીમેજ, ગજપીપર, બેહી ભોરીંગણી, ગોખરૂ, અમાસો, મોટી ભોરીંગણી, અતિવિષ, ગળો, કાકડાશીંગી, શાહજીરૂં સમભાગે લઈ ક્વાથ કરવા જેવો જાડો ભુકો ખાંડી ડબામાં ભરી રાખવો જરૂર જણાયે ક્વાથની રીતે કાઢો બનાવી ઉપયોગમાં લેવો.

પ્રમાણ—પ્રવાહી ક્વાથ તોલા ૨॥ (ભુકો તોલો ૧।)

અનુપાન—શંશમની ગોળી સાથે આપવો.

ઉપયોગ—સુવાવડી સ્ત્રીનાં સર્વ રોગ, સુવારોગ, પેટનું શુળ ખાંસી, તાવ, શ્વાસ, મુર્છા, મરતકશુળ, કંપ, વાયુ, તાણ વગેરે મટી સુવાવડમાં વગર ઉપદ્રવે શરીરને નિરોગી રાખે છે. અને તેથીજ સુવાવડીને આ ક્વાથ બાર દીવસ પીવરાવવાનો ચાલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૪ મહામંજીષ્ઠાદિકવાથ.

અનાવટ—મજીઠ, નાગરમોથ, કડાછાલ, ગળો, કઠ, શુંઠ ભારંગી ભોંરીંગણી, વજ, નીમછાલ, હળદર, દારૂહળદર, હરડે, બહેડાં, આમળાં પટોલપત્ર, કડુ, મોરવેલ, વાવડીંગ, ગીયો, ચિત્રક, શતાવરી, વાયમાણ પીપર, ઇંદ્રયવ, અરડુસીનાં પાન, ભાંગરો, દેવદાર કાળીપાટ, કાથો, રતાંજળી, નસોતર, વાયવરણો, કરીઆતું, બાબચી, ગરમાળાનો ગોળ સાગની છાલ, અકાનતીમની છાલ, કરંજનીછાલ, અતિવિષ, વાળો, ઇંદ્રવારૂણીનું મુળ ધમાસો, ઉપલસરી, ખડસલીઓ દરેક સમભાગે લઇ અધકચર્યો કરી ડબામાં ભરી રાખવું. અને જરૂર જણાયે કવાથની રીતે તૈયાર કરી વાપરવું.

પ્રમાણ—પ્રવાહી કવાથ તોલા ૨॥ (સુકો ભુકો તોલો ૧)

અનુપાન—કોઇ પણ ગુગળ વાળી લોહી સુધારનારી અનાવટ સાથે આ કવાથ વાપરવાથી સારો ફાયદો આપે છે.

ઉપયોગ—કુષ્ટ રોગ (ચામડીનાં દરદો,) વાતરકત, અડદાઓ વાયુ, ઉપદંશ ગરમીનો રોગ, શ્લીપદરોગ, ચામડીબ્હેરી થવા, પક્ષાઘાત મેદરોગ, નેત્રરોગ વગેરે મટાડી રકત શુદ્ધ બનાવે છે. લોહી સુધારનાર દવા તરીકે આ કવાથ બહુજ પ્રસિદ્ધ છે.

---

૧૧૫ મહારાસ્નાદિકવાથ.

અનાવટ—રાસ્ના ધમાસો, બલબીજ, એરંડમુળ, દેવદાર, કચુરો, વજ, અરડુસીના પાન, શુંઠ, ચવક, હરડે, નાગરમોથ, સાટોડી ગળો, વરધારો, વર્યાળી, ગોખરૂ, આસુંઠ, અતિવિષ, ગરમાળાનો ગોળ સતાવરી, પીપર, કાંટા શેળીઆનાં મુળ, ધાણા, બંન્ને ભોંરીંગણી, એ સર્વ સમભાગે લેવી. પરંતુ રાસ્ના ચાર ભાગ લેવા. અને તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધીસર ખાંડી જાડો ભુકો કરી ડબ્બી ભરી રાખવી અને ઉપયોગ વખતે ઉકાળો કરી વાપરવો.

પ્રમાણ—પ્રવાહી કવાથ ૨॥ તોલા. (સુકો ભુકો ૧ તોલો)

અનુપાન—શુંઠ, પીપર, એરંડ તેલ, યોગરાજ ગુગળ કે બીજી કોઇપણ દવા ચાલુ હોય તે સાથે આ કવાથ પીવો.

ઉપયોગ—સર્વાંગવાયુ. કંપવાયુ, અર્ધાંગવાયુ, કુબ્જત્વ અપબાહુક, અધસી, આમવાત, શ્લીપદરોગ, અપતાનક, અંત્રવૃધ્ધિ, પક્ષાઘાત, આફરો. જાંગનોવાયુ, વીર્યાશય અને મુત્રાશયમાં રહેલો વાયુ, વંધ્યાદોષ, યોનીદોષ વગેરેમાં આ કવાથ વપરાય છે.

---

૧૧૬ દશમુલકવાથ.

બનાવટ—શાલપર્ણીનાં મુળ, પ્રશ્નપર્ણીનાં મુળ, એરીભોંરીંગણીનાં મુળ, ઉભી રીંગણીનાં મુળ, ગોખરૂના મુળ, અથવા (એને લઘુપંચમુળ કહેછે.) એનાં દરેકનાં પંચાગ તથા બીલીનાં મુળ ઉપરની છાલ, અરડુમાના મુળની છાલ, શીવણનાં મુળની છાલ. પાટલાના મુળ, અરણી મોટીનાં મુળની છાલ એ દશ ઔષધો સમભાગે લઇ અધકચરી કરી ડબ્બી ભરી રાખવી. અને જરૂર જણાય ત્યારે કવાથની રીતે પ્રવાહી કવાથ કરી લેવો.

પ્રમાણ—પ્રવાહી કવાથ તોલા ૨॥ (ભુકો તોલો ૧)

સમય—દિવસમાં બે વખત.

ઉપયોગ—વાતકફજ્વર, ત્રિદોષજ્વર, સુવાવડી સ્ત્રીનાં સર્વ વિકારો. શોષ, શીતતા. ખાંસી, અતીપરસેવો. શ્રમ, દમ, તદ્રા, મસ્તક શુળ, વગેરે મટે છે. સુવાવડીને ત્રીજે દીવસથી દશવાસા સુધી આ કવાથ પાવાથી સર્વ વિકારો થતા અટકી શરીર શુધ્ધ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૭ અભયાદિકવાથ.

બનાવટ—હરડેછાલ, નાગરમોથ, ધાણાં, રતાંજલી, પદમક અરડુસીનાં પાન, ઇંદ્રયવ, વાળો, ગળો, ગરમાળાનો ગોળ, કાળીપાટ, શુંઠ, કડુ એ સર્વ સમભાગે લઇ કચરી ડબ્બીમાં ભરી રાખવું અને કવાથ બનાવવાની રીત પ્રમાણે તૈયાર કરી લેવું.

પ્રમાણ—પ્રવાહી કવાથ તોલા ૨॥ (ભુકો તોલો ૧।) દિવસમાં બેથી ત્રણ વખત.

અનુપાન—પીપરનું ચુર્ણ કવાથમાં નાંખીને પીવું.

ઉપયોગ—ત્રિદોષજ્વર, સાદોતાવ, કબજીઆત, તરસ, દાહ, ખાંસી, લવલવાટ, દમ, ઘેન, શોષ, અરૂચી વગેરે મટાડી મળ, મુત્ર, વાયુને છુટ કરી ઉતરટી, હેડકી મટાડે છે આ કવાથ મુદતીયા તાવ તથા ત્રિદોષમાં વખણાય છે.

---

૧૧૮ સર્વનેત્રરોગહર અંજન.

બનાવટ—હીમેજ ઘીમાં તળેલી તોલા ૧૦, ગાયના દુધનો માવો તોલા ૫, શુધ્ધ મોરથુથો તોલો ૧, ટંકણખાર તોલો ૧ સાચી રસવંતી તોલો ૧, ચામેડનો મગજ તોલો ૧ જેઠીમધનો સીરો તોલો ૧ એ સર્વને જુદા જુદા બારીક વાટી એકત્ર કરી ખરલમાં નાખી દાડમીના રસમાં ઘુંટી ગોળી વાળવા જેવું થતાં તેની લાંબી લાંબી વાટ બનાવી સુકાવી રાખવી.

ઉપયોગ—દુખવા આવેલી આંખો માટે, નેત્રવ્રણ, ફુલાં, ખીલ તાપોડીઆં, વારંવાર થતી આંજણી, પાણી ઝરવું, નવો મોતીઓ, વેલ, છારી, પરવાળાં, રતાંધળાપણું, ઝાંખ, પાંપણ ખવાઇ જવી ઇત્યાદી દરદોમાં આ દવા સારૂં કામ આપે છે. આંખને સાફ અને તેજસ્વી બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવાની રીત—પથ્થર પર જરા પાણી મુકી ઘસીને આંખમાં અંજન કરવું અને થોડીવાર સુઇ રહેવું સોજો વગેરે હોય તો અહાર પણ આંખની ચારે બાજુ કીનારી પાંપણ પર પણ દવા લગાડી આપી સુઇ જવું કે આરામ કરવો.

---

૧૧૯ નેત્રબિન્દુ.

બનાવટ—ટંકણખાર ફુલાવેલ તોલો ૦।, અફીણ તોલો ૦।, ફુલાવેલી ફટકડી તોલો ૦।, મોરથુથો તોલો ૦।॥ વરેઆરી તોલો ૦। સાકર તોલો ૦। ગુલાબજળ તોલા ૨૦.

રીત—પ્રથમ દરેક સુકી વસ્તુનું બારીક ચૂર્ણ લેવું. અને અફીણને એક ચીનીના પ્યાલામાં કે બરલમાં થોડા ગુલાબજળમાં ઘુંટીને રસ બનાવી તેમાં ઉપરની વસ્તુઓનું ચૂર્ણ નાંખી સાફ બરલમાં ઘુંટી તેમાં ધીમે ધીમે ગુલાબજળ ઉમેરી આપી એક બાટલીમાં ભરી ખુબ હલાવી બાર કલાક રહેવા દેવું અને ત્યાર પછી વગર હલાવ્યે કપડેથી છાણી લઇ એક કાચની બુચવાળી સ્વચ્છ શીશીમાં ભરી રાખવું.

સમય—સવાર બપોર અને રાતના અથવા જરૂર મુજબ.

પ્રમાણ—બેથી ચાર ટીપાં આંખમાં નાખવાં.

ઉપયોગ—આંખ આવવી, રતાસ. છારી. ફુલું, બટકો, ઝાંખ, પાણી ગાળવું, તાપોડીઆ, બોટી ગરમી, ચીપડા થવા, આંખ સુજી જવી વગેરે નેત્ર રોગમાં સ્ત્રી બાળક કે પુરૂષ સર્વ નિર્ભયપણે વાપરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૦ દંતમંજન.

બનાવટ—શુદ્ધ મોરથુથુ તોલા ૧૦ ફુલાવેલ ટંકણખાર તોલા ૪૦ ફુલાવેલ ફટકડી તોલા ૪૦ ચાકનું ચુર્ણ તોલા ૧૦૦ તજનું ચુર્ણ તોલા ૫, લવંગનું ચુર્ણ તોલા ૫.

રીત—દરેક વસ્તુનું બારીક ચુર્ણ લઇ સાથે મેળવી કપડાથી ચાળી ડબીઓ કે બાટલીઓ ભરી લેવી.

પ્રમાણ—એક ચપટી જેટલું.

સમય—સવારનાં કે સવાર સાંજ બે વખત.

ઉપયોગ—દાંતે ઘસવાથી દાંત સ્વચ્છ તથા મજબુત બને છે. શુળ, રસી, સડો વગેરે દાંતની ફરિયાદો મટી મોં સ્વચ્છ તથા દાંત મજબુત બને છે. દાંતનું દરદ હોય તેમણે આ મંજન ખાસ વાપરવું. મંજન લગાડી પછી તરતજ સ્વચ્છ પાણીથી પુષ્કળ કોગળા કરી નાંખવા.

ચેતવણી—આ મંજન મોંમાં ગળા નીચે ઉતરી ન જાય તેની ખાસ સંભાળ રાખવી કારણ તેથી ઉલટી થશે.

---

૧૨૧ સર્વવ્યાધિનાશક રસ.

બનાવટ—કપુર તોલા ૨૫, પીપરમેન્ટનાં ફુલ તોલા ૨૫ અજમાના ફુલ તોલા ૨૫ એલચીનો અર્ક તોલો ૧૫, (ટીંચર કાર્ડામમંદા) લવેન્ડરનો અર્ક તોલો ૧૫ (ટીંચર લવેન્ડુલા) સર્વ દવાઓ લઇ લેવી.

રીત—પ્રથમ કપુરને બરણમાં છુંદી લઇ એક કાચના મુખવાળી બાટલીમાં નાંખી તેમાં બાકીની ચીજો નાંખી જરા હલાવી બાર કલાક એક જગ્યાએ બંધ બાટલી રાખી મુકવાથી રાતા રંગનું પ્રવાહી તૈયાર થશે તેને કપડે ગાળી મજબુત મુખવાળી (સ્ટોપર) બાટલીમાં ભરી મુકવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણુ—૫થી ૧૦ ટીપાં બાળક માટે ૧થી ૨ ટીપા.

અનુપાન—સ્વચ્છ પાણી અથવા પતાસામાં નાખીને લેવી.

સમય—જરૂરત પ્રમાણે અથવા બેથી ચાર કલાકે.

ઉપયોગ—ઝાડા, ઉલટી, વાયુ, ચુંક સરદી, ખાંસી, તાવ, ન્યુમોનીઆ, કોલેરા, મસ્તક શુળ, શ્લેષ્મ, ઝેરી પ્રાણીઓનાં ડંખ, દાઢનું દરદ, પેટનાં તમામ દરદો, કોલેરા, પ્લેગ, પ્લેગની ગાંઠ સોજા વાનું દરદ, કમરનું દરદ, છાતીનું દરદ, પાર્શ્વશુળ, આંચકી, બાળકોનાં ઝાડા, શ્વાસ, ખાંસી, દાંત આવતી વખતે થતાં દરદો, બુજલી વગેરે વ્યાધિ માટે લગાડવાથી તથા પીવાથી સારો ફાયદો તરતમાં થાય છે.

---

૧૨૨ માથાનો મલમ (બામ).

બનાવટ—દાલચીનીનું તેલ તોલા ૨॥, એલચીનું તેલ તોલા ૨॥ પીપરમેન્ટ તોલા ૨॥, કપુર તોલા ૨॥, અજમાના ફુલ તોલા ૨॥ ચાનું તેલ તોલો ૧॥ વેસેલાઇન રતલ એ.

રીત—પ્રથમ થોડી ગરમી ઉપર એક ચીનીના વાસણમાં વેસેલાઈન ગરમ કરી તેમાં ઉપરનાં વસાણાં મેળવી દેવાં અને પછી કાચની પેચવાળી શીશીઓ લાવી તેમાં દવા ઝટ ભરી લેવી.

ઉપયોગ—ફકત લગાડવા માટેજ.

ફાયદો—માથાનું દરદ, સંધિવા, શરદી, ખાંસીનું દરદ લચક શ્લેષ્મ, પીડનું દરદ, પાર્શ્વશુળ ઝેરી પ્રાણીઓનો ડંખ વગેરે પર દવા ઘસવાથી આરામ થાય છે.

---

૧૨૩ દાદરની દવા.

બનાવટ—ગંધક ૧ ભાગ ફટકડી ૧ ભાગ, ટંકણ ૧ ભાગ.

રીત—ત્રણ વસ્તુઓનું ચૂર્ણ લઇ ખરલમાં બારીક વાટી તેમાં થોડું લીંબુનું રસ નાખી ઘુંટવાથી એક રસ મલમ જેવો થઇ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—જ્યાં દાદર હોય ત્યાં લગાડવી.

સમય—રાતનાં દરાજ ઉપર દવા ચોળી સવારે જરા ગરમ પાણીથી કે સાબુથી ધોઇ સાફ કરવું.

ફાયદો—તમામ જાતની દાદર જડમાંથી મટી ચામડી સ્વચ્છ બને છે.

---

૧૨૪ મુખપાકનાશક ગંડુષ.

બનાવટ—ફટકડી તોલો ૧ ટંકણખાર તોલો ૧
મોરથુથો તોલો ૦।। પાણી તોલા ૮૦

રીત—પ્રથમ એક સાફ વાસણ લઇ તેમાં ઉપરની દવાઓ તથા પાણી મેળવી હલાવી કપડે ચાળીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક ગ્લાસ આશરે ઉપરનું પ્રવાહી લઇ તેના કોગળા કરવા.

સમય—દિવસમાં ત્રણ ચાર વખત કોગળા કરવા.

ઉપયોગ—મુખપાક, મોંની ચાંદીઓ, છાલાં, રસી, દાંતનું દરદ, દાંતની રસી, સડો, વગેરે મટી મોં સ્વચ્છ થાય છે.

---

૧૨૫ બાલામૃત.

બનાવટ—કેલશીયમ હાઇપોફાસફેટ તોલા ૧૦, પાણી તોલા ૮૦માં નાંખી મેળવી તૈયાર કરી લેવું. પછી સાકર શેર ૪ (રતલ ૮) લઇ પાણીમાં નાંખી ઉકાળી ચાસણી તૈયાર થાય ત્યારે તેમાં ઉપરની દવા નાખી દેવી અને ફરી પાછું પાણી બળતાં મધ્યમ પાક શરબત જેવી ચાસણી થાય ત્યારે ઉતારી લેવી, અને કપડે ગાળી ઠંડુ થયે બાટલી ભરી રાખવી. રંગ લાવવા માટે વિલાયતી કલર થોડોક નાંખી દેવો કે જેથી ગુલાબી રંગ સારો થશે.

પ્રમાણ—બાળકથી ૧ તોલો દિવસમાં બે વખત.

અનુપાન—પાણી કે દુધ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ખાંસી, તબળાઈ, હાડકાંનો ક્ષય, બાળશોષ, પેશાબમાં ક્ષાર જવો, શરીરે કૃશ રહેવું વગેરે નાનાં મોટાં બાળકોને અસ્થીનો તબળાઈનાં દરદો મટાડી શરીરે દૃષ્ટ પુષ્ટ બનાવે છે.

સૂચના—વિલાયતી બનાવટ છે માટે સંભાળીને બનાવવું તથા વાપરવું. એકદમ શરદીના ઉપદ્રવમાં આ દવા નાનાં બાળકોને આપવી નહિએ.

---

૧૨૬ એગ્યુમિકશ્ચર.

બનાવટ—કુનીનાઇનસલ્ફ ઔંસ ૬, એસીડ નાઇટ્રોમ્યુરાટીક ડાઇલ્યુટ ઔંસ ૧૧, ગ્લીસરાઇન ઔંસ ૬૧, સાઇકર આરસેનીકલેસ ડ્રામ ૫ એમોનીઆ કલોરાઇડ ઔંસ ૨૧. ટીંચર ઓરેન્સ્યાઇ ઔંસ ૧! શરબત સાદું ઔંસ ૧૬.

રીત—પ્રથમ કાચના વાસણમાં કુનીનાઇન મુકી તેમાં ઉપરથી ધીમેધીમે એસીડ નાઇટ્રોમ્યું નાંખવું પછી તે પીગળી જાય ત્યારે તેમાં અકેક દવા નાંખતા જવું અને હલાવી બરાબર મેળવી દેવું છેવટે શરબત મેળવી કુલ્લે ૨૪ ઔંસ માપ કરી લઇ તેમાં લાલરંગ લાવવા માટે શરબતમાં વપરાય છે તેવો ગુલાબી કલર દશ ટીપાં નાખી હલાવી કપડે ગાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—ડ્રામ ૬ થી ૧૧। સુધી દિવસમાં ૩ વખત.

અનુપાન—મિકશ્ચર સાથે દરેક ભાગમાં પાણી ઔંસ એક મેળવીને પી જવું.

ઉપયોગ—તાવ અટકાવવા તથા ઉતારવા માટે આ દવા વપરાય છે. બજારમા પેટંટથી મિકશ્ચરો મલે છે તેમાંના કેટલાક આવીજ બનાવટનાં છે. વિલાયતી બનાવટ છે માટે સંભાળથી વાપરવું.

સૂચના—પ્રથમ જુલાબ આપી પેટ સાફ કરી પછી આ દવા આપવાથી તરત સારી અસર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૧લું.

દવાઓનું તોલ તથા માપ.

૧ ગ્રેન	આશરે	૧ ઘઉંભાર	સુકી દવાઓ માટે.
૨ ગ્રેન	,,	૧ રતીભાર	
૩ રતી	,,	૧ વાલ	
૮ રતી	,,	૧ માસો	
૧૨ રતી	,,	૪ વાલ ૧/૮ તોલો	
૨૪ રતી	,,	૮ વાલ ૧/૪ તોલો	
૪૮ રતી	,,	૧ ગદીઆણો ૧/૨તો.	
૯૬ રતી	,,	૧ તોલો	
૮૦ તોલા	,,	૧ શેર (બંગાલી)	
૪૦ શેર	,,	૧ મણ (બંગાલી)	

આ ગ્રન્થમાં ઉપરનું તોલ ખાસ કરીને ઉપરનું તોલ માપ વપરાએલ છે.

૧ મીનીમ	,,	૧ ટીપું	પ્રવાહી દવાઓ માટે.
૬૦ ટીપાં	,,	૧ ડ્રામ	
૪ ડ્રામ	,,	૦॥ ઔંસ ૧॥ તો.	
૮ ડ્રામ	,,	૧ ઔંસ ૨॥ તો.	
૧૬ ઔંસ	,,	૧ પૌંડ (રતલ)	
૨ રતલ અને બે રૂપીઆ ભાર	,,	૧ શેર (બંગાલી)	
૪૦ શેર	,,	૧ મણ (બંગાલી)	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ઉમર પ્રમાણે દવાની માત્રા આપવાની સમજણનો કોઠો.

૧૭થી ૬૦ વર્ષ સુધી.	૧૦થી ૧૬ વર્ષ સુધી.	૫ થી ૯ વર્ષ.	૩ થી ૪ વર્ષ.	૧માસથી ૨વર્ષ
૩ રતીભાર	૧।। રતીભાર	૦।। રતીભાર	૧ ગ્રેન	૦।। ગ્રેન
૬ રતીભાર (બેવાલ)	૩ રતીભાર (૧ વાલ)	૧।। રતીભાર	૧ રતીભાર	૧ ગ્રેન
૦। તોલો	બે આનીભાર	બે વાલ	ચાર રતીભાર	૩ ગ્રેન
એક તોલો	૦।। તોલો	૦। તોલો	બે આનીભાર	૨ વાલ
અઢી તોલા	૧। તોલો	૦।। તોલો	૦। તોલો	૪ વાલ

ઉપર મુજબ આસ અનુકુળ પ્રમાણ સાધારણ દવાઓ માટે ગોઠવેલું છે પરંતુ ધ્યાનમાં રાખવું કે ઝેરી દવાઓ હોય ત્યારે પુરનો વિચાર કરી દરદીનું બળ, રોગનું પરિણામ, સમય, પ્રકૃતિ દેશ, કાળ વગેરેનો યોગ્ય વિચાર કરી અવસ્થાનુસાર દવા આપવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાઓ બનાવવા માટે તેમજ બીજી કેટલીક સૂચનાઓ.

૧ પાઠમાં લખ્યા પ્રમાણે વજન કરી દરેક દવા લેવી જોઇએ. જ્યાં વજન લખેલું ન હોય અને **સમભાગ** લખેલું હોય ત્યાં દરેક દવાનું ગમે તેટલું એકજ તોલ પ્રમાણે વજન લેવું જોઇએ. દરેક દવા સુકી, સારી, નવી અને ખાત્રી કરીને લેવી જોઇએ જે જે દવાઓ લીલી મળતી હોય તે ત્યાં લખેલું હોય કે **લીલી લેવી** તે દવા તેટલા લખેલા પ્રમાણમાંજ લેવી જોઇએ.

૨ મધ જુનું એટલે એક વર્ષ પછીનું લેવું. અને જ્યાં નવું લખેલું હોય ત્યાં તાજું લઇ શકાય. જુનું મધ કફ ઘટાડવા માટે તેમજ નવું મધ પૌષ્ટિક કામમાં વપરાય છે. બનાવટી મધ મધના ગુણથી વિરૂદ્ધ અસર બતાવે છે માટે તે ન લેવાય તેની ખાત્રી પ્રથમથીજ કરી લેવા જોઇએ.

૩ તમામ ઝેરી દવાઓ જેમકે સોમલ, વછનાગ, ગંધક, હરતાલ, પારો, હિંગળો, રસકપુર, ઝેરકોચલાં, મનસીલ, ભીલામાં, કણેર આકડો, મોરથુથુ, ટંકણ તેપાળો, ચણોઠી, ધાતુ, ઉપધાતુ, વિષ, ઉપ વિષ ઇત્યાદિ શુધ્ધ કરીને લેવાં જોઇએ. આ ગ્રન્થમાં કયાં પણ તે માટે કદાચ સૂચના કે શુધ્ધ ન લખાયું હોય ત્યાં તેવી દવાઓ માટે **શુધ્ધ દવા લેવી** એમ સમજવું.

૪ **ઔષધો અને તેની બનાવટ** આ મથાળા નીચે બીજા ભાગના અંતમાં આપેલા પરિશિષ્ટમાં બધી બનાવટોની રીત જાણી લેવાની છે. બનતાં સુધી દરેક બનાવટમાંજ યોગ્ય ખુલાશો લખવામાં આવેલ છે. છતાં વધુ જાણવા માટે ત્યાં ખુલાસો જોઇ લેવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ દવાઓનું તોલ માપ જાણવા આ સાથે કોષ્ટક તથા માપ આપેલાં છે. જે હાલના સમયને અનુકુળ તથા પ્રાચિન રીતને મળતા આવે તેવાજ રૂપમાં ગોઠવ્યું છે અને આ ગ્રન્થમાં પણ તેજ તોલ માપ પ્રમાણે સર્વ જગ્યાએ લખવામાં આવેલું છે.

૬ ચૂર્ણ ત્રણ માસ પછી, ગોળી એક વર્ષ પછી, ગુગળવાળી બનાવટ બે વર્ષ પછી અને કવાથના ભુકા બે માસ પછી હીન ગુણવાળાં થતાં જણાય છે. પરંતુ રસાયન દવાઓનું મીશ્રણ હોય તેવી બનાવટો ચારથી છ વર્ષ સુધી સારી હાલતમાં રહેતી જણાય છે. જ્યારે ભસ્મ, આસવ, કુપીપકવ રસાયન, ધાતુની કે રસની મુળ બનાવટો હોય તે તો જુનાં થાય તેમ વધુ ગુણવાળી બને છે. દવાને હમેશાં સંભાળીને બંધ બુચવાળી બાટલીમાં કબાટમાં સંભાળી રાખવી જોઇએ. ખુલ્લી દવા રાખવાથી તે તરતજ ખરાબ થઇ જાય છે.

૭ દરેક દવા બનાવ્યા પછી સારી પેઠે સુકવી કે સાફ કરી પછીજ બાટલીમાં ભરી રાખવી. જરા પણ ભીનાસ રહેતાં ચૂર્ણ કે ગોળી અથવા ગુગળ બગડી જવા સંભવ છે.

૮ વનસ્પતિને ખુલ્લી હવામાં રહે તેવી રીતે ગુણીમાં રાખવી. ડબ્બામાં ભરી રાખવાથી જલ્દી બગડે છે. ભરી રાખેલી દવા હમેશાં જોવી કે તડકે સુકવવી એ બગડતી અટકાવવા સારો ઉપાય છે.

૯ કવાથ વગેરે માટે ધાતુ પાત્ર પીતળનાં તપેલાં કલઇ આપેલા હોય તે વધુ અનુકુળ થાય છે. તેલની બનાવટ માટે પણ આવુંજ પાત્ર અથવા લોખંડનું કઢાઇયું ઠીક થાય છે.

૧૦ આસવ માટે માટીનાં રીઢાં વાસણ મળે તો તે વાપરવાં પરંતુ તે શહેરોમાં મળવાં કઠણ હોવાથી તેની જગ્યાએ એસીડવાળી ખાલી ચીનાઇ માટીની બરણી આવે છે તે વધુ ઠીક થઇ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ દવા બનાવવા માટે જેમ બને તેમ પોતાની રૂબરૂમાં તૈયાર કરવી. બહારનો કચરો અંદર ન આવે તથા કોઇ પણ તેમાં બરાબ વસ્તુ ન ચાલી જાય તે ધ્યાનમાં રાખવું. ખાટી દવા હોય ત્યાં ખાસ કરી માટી, પત્થર, કે ધાતુનું કલઇ કરેલું વાસણ લેવું જોઇએ. નહિં તો ખટાશથી ઠાટ લાગી દવાનો પાક બગડી જઇ લાભને બદલે હાની કર્તા થઇ પડે છે.

૧૨ દવા બનાવ્યા પછી દવાની બાટલી પર હમેશાં તેનું નામ માત્રા અનુપાન વગેરે ખુલાસો સારા અક્ષરે લખીને તેવું લેબલ ચોડી દેવું કેમકે તેમ ન કરવાથી વખતે ભૂલ થાય છે અને પરિણામે હાની ભોગવવી પડે છે.

૧૩ દવા બનાવવા માટે બરલ, બતો, બાંયણી, દસ્તો, ચાળણી વગેરે ચીજો સાફ રખાવવી દવા બનાવ્યાં પહેલાં તે બરાબર સાફ કરી પછી કામમાં લેવું જોઇએ.

૧૪ ઝેરી દવાઓને હમેશાં સુરક્ષીત સ્થળે બંધ કબાટમાં રાખવી. કેમકે તે દવાઓથી વખતે ભૂલચુક થવા ન પામે.

૧૫ દવા બનાવી તૈયાર કર્યા પછી તેનો રંગ સ્વાદ, વાસ, રૂપ ઇત્યાદી બરાબર જોવું. અને તેજ દવા ફરી જ્યારે બને ત્યારે તેવાજ રૂપમાં થાય તેની ખાસ કાળજી રાખવી જોઇએ. તેમ કરવાથી તે દવા ગુણમાં પ્રથમ જેવી (સારી) શંકા વગરની અને એકજ ધોરણ વાળી બને છે. જેથી બીજા લઇ જનાર બાહકોને શંકા આવે નહિ

૧૬ ભસ્મો બનાવવાની રીત, રસાયન પદાર્થોની શુધ્ધિ તથા દવાની તમામ બનાવટ તથા ઔષધ પ્રતિનીધી વૈદ્યકના બઘરા શબ્દોનો કોષ, યંત્રો બનાવવાની રીત વગેરે બીજા અથવા ત્રીજા ભાગના અંતમાં ખુલાશાવાર બતાવવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭ થોડા પ્રયોગોમાં કેટલીક વિલાયતિ રૂપમાં મળતી દવાઓ (જે દેશીની જગ્યાએ વિલાયતી વધુ સાફ હોવાથી વપરાય છે) જેમકે સોડા બાયકાર્બ (સાજીખાર) એમોનીઆ કલોરાઇડ (નવસાર) આવી દવાઓ અન્તરમાં વિલાયતી દવા વેચનારને ત્યાંથી મળે છે. તે જરૂર જણાયે ત્યારે લઇ લેવી.

૧૮ આ ગ્રન્થમાં જે કંઇ પ્રયોગો લખેલા છે તે અમારા અનુભવી છે. જો કે તેમાંના ઘણે ભાગે તો શાસ્ત્રિય હશે પરંતુ જ્યાં તેમાં કંઇ ફેરફાર કે જુદાઇ જણાય ત્યાં શંકા નહિ કરવી. કેમકે તેવા સ્વરૂપમાં અમોએ બરાબર વિચારીનેજ ગોઠવેલા છે.

૧૯ અનુભવના ખાનગી પ્રયોગો કેટલાક અમારે ત્યાં પેટંટ રૂપમાં પણ તૈયાર કરી વેંચવામાં આવે છે. પણ તેમાં કંઇ ફેરફાર કર્યા શિવાય અમોએ તે બરાબર લખેલા છે.

૨૦ કયાંય પણ શંકા જણાતાં બરાબર વિચારીને કામ કરવું અને અમારી ભુલ કે શરત ચૂક જણાય તો અમોને સૂચના આપવા ચૂકવું નહિ કંઈ પણ ખુલાશો અમોને પુછવાથી અમો આપશું.

પ્રથમ ભાગ સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રન્થમાં

લખેલી તમામ બનાવટો કે તેમાંથી કોઈ પણ એક દવા તૈયાર ખરીદવા ઈચ્છા થાય તો

નીચેને ઠેકાણે એક ઓરડર આપી ઔષધો મંગાવી લેશોજી.

અમારે ત્યાં આ ગ્રન્થમાં બતાવેલા પાઠ મુજબ દરેક દવાઓ વિધીસર તૈયાર કરવામાં આવે છે.

ભાવ કીફાયત!

વધુ ખુલાશો જાણવા માટે મોટું સુચીપત્ર મંગાવો.

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર,

નાનકવાડા,—કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષામાં

ચાર વર્ષ થયાં પ્રગટ થતું

સિન્ધ પ્રાંતનું સૌથી પહેલું એકનું એક

વૈદ્યક માસિક પત્ર.

આરોગ્ય સિન્ધુ

વાર્ષિક લવાજમ ફકત રૂપીઆ બે

સાથે ભેટ તરીકે આવો અમૂલ્ય ગ્રન્થ મફતમાં મળે છે.

આયુર્વેદ, આરોગ્ય અને હુન્નર ઉદ્યોગ તેમજ અર્વાચિન વૈદ્યક સંબંધી દરેક જાતના ઉત્તમ અને મનન કરવા લાયક સરળ લેખો નિયમસર આવે છે. નમુનાનો અંક મફત મંગાવી જુઓ. લખોઃ—

વ્યવસ્થાપકઃ

આરોગ્ય સિન્ધુ કાર્યાલય,

કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક વૈદ્યક ગ્રન્થોના સત્વરૂપ, સેંકડો વખત અનુભવમાં
સિદ્ધ થએલા ઉત્તમ પ્રયોગોનો સંગ્રહ.

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૨ જો)

લેખક અને પ્રકાશકઃ—
આયુર્વેદાચાર્ય વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર.
નિ. ભા. આયુર્વેદ મહામંડળની સિન્ધ પ્રાંતિય સ્થાયી
સમિતિના મંત્રીઃ તથા નિ. ભા. આયુર્વેદ
વિદ્યાપીઠ (કાનપુર) ના કરાચી કેન્દ્રના
વ્યવસ્થાપકઃ
માલેકઃ ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી. (રજીસ્ટર્ડ)
તંત્રીઃ "આરોગ્ય સિન્ધુ" કરાચી.

સને ૧૯૨૫ ડીસેંબર પ્રત ૧૦૦૦ સંવત ૧૯૮૨

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.)

મુલ્ય આના ૧૨.

બંન્ને ભાગ સાથે રૂા ૧-૮-૦

તરૂણ-સાગર પ્રેસમાં ગિરિજાશંકર ખી. ત્રિવેદીએ પ્રકાશકને
માટે છાપ્યું, કેમ્પબેલ સ્ટ્રીટ,-કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફક્ત વૈદ્યક ધંધાદારીઓ માટે

તેમના ઉદ્યોગમાં મોટી સરળતા કરી આપનાર

વૈદ્યક ડાયરેક્ટરી

અમારા તરફથી તૈયાર થઈ રહી છે થોડાજ વખતમાં છપાઇ પ્રગટ થસે તમારૂં નામ તેમાં દાખલ ન થયું હોયતો મોકલી આપો તેથી તમેને બહુજ લાભ થસે ખુલાસા માટે સુચીપત્ર મંગાવો મુલ્ય પ્રથમથી રૂા. એક પો. જુદું.

વૈદ્યક સાહિત્યમાં નવું રત્ન.

આજ સુધી વૈદ્ય સમાજ જેની રાહ જોઈ જેના વાંચન અને અભ્યાસ માટે તલપી રહેલ હતું તે

ન્યાય વૈદ્યક

અને

વિષતંત્ર.

નામનો અતિ ઉપયોગી બહુ મુલ્ય ગ્રન્થ અમારા તરફથી તૈયાર થઇ ચુકયો છે તુરત નામ નોંધાવી આપો આવો અમુલ્ય ગ્રન્થ બરીદતાં રહી ગયા તો ફરીને નહિંજ મળે, થોડાજ વખતમા છપાઈ પ્રગટ થશે મુલ્ય પ્રથમથી રૂા. ૩ પછીથી ૪

લખોઃ- વૈદ્ય ગોપાલજી ઠક્કુર, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમ પુજ્ય,

શ્રીમાન ડૉ. આર. જે. વેદાંત

નિવાસ સ્થાનઃ વડગાદી, મુંબઇ.

આપ આયુર્વેદ વૈદ્યકના પરમ ઉપાસક છો. દેશી વૈદ્યકની સારી દરેક પ્રવૃતિ પ્રત્યે આપ સારી લાગણી અને માન રાખી દરેક પ્રકારે મને ઉત્સાહીત રાખો છો. તેમજ મારા વિદ્યા ભ્યાસ વખતે મને એક મુરબ્બી અને વડીલ તરીકે આપે અનેક પ્રકારે સહાયતા અને સાધનો આપી મારા વિચારોને દ્રઢ અને પરિપૂર્ણ રૂપે વૈદ્યકમાં ટકાવી રખાવ્યા છે. આ સર્વ આપના સદ્‌ગુણો યુકત મારા પરના અનેક ઉપકારોથી હું માત્ર તેની યાદગીરી રૂપે આપનું શુભ નામ આ મારા એક નાનકડા પુસ્તકમાં અમર રાખવા આ વૈદ્યક ચિકિત્સાસાર બીજો ભાગ આપના ચરણ કમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉ છું.

લી૦ હું છું આપનો બાળક,
વૈદ્ય ગોપાલજી ઠક્કુર,
ના સવિનય પ્રણામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્ર સ્તા વ ના.

હાલના સમયમાં પ્રાંતિક ભાષામાં વૈદ્યકનાં કેવાં પુસ્તકો પ્રગટ કરવાની જરૂર છે તે જાણવા માટે મેં મ્હારા તરફથી ગયા વર્ષમાં વૈદ્યક ચિકિત્સાસાર ભા. ૧ લો જેમાં મારી ફાર્મસીમાં તૈયાર થતી અને મારા અનુભવમાં જે જે દવાઓ ઠીક જણાઇ તેનો સંગ્રહ જ્હાર પાડેલ હતો. આ સંગ્રહને જન સમાજ તરફથી ઠીક વધાવી લેવામાં આવ્યો છે. આ સંગ્રહના અનુસંધાનમાંજ આ વૈદ્યક ચિકિત્સાસાર ભા. ૨ જો લખી જ્હાર પાડવામાં આવે છે. જેવી રીતે પેલા ભાગનો સંગ્રહ સમાજને ઉપયોગી જણાયો છે તેવીજ રીતે મને આશા છે કે આ બીજો ભાગ પણ ઉપયોગીજ થશે આમાં મેં મારા ખાનગી કે શાસ્ત્રીય પ્રયોગોનો કંઇપણ ભેદ રાખેલ નથી માત્ર જેમાં મને પુરી ખાત્રી છે તે અને જે વૈદ્યોના અનુભવમાં યોગ્ય જણાયું છે તેજ આમાં મેં દાખલ કરેલ છે.

પ્રથમ ભાગ માટે હિંદી અને બંગાળી વૈદ્યોએ આ ગ્રન્થ માટે "આ સમયને અનુકુળ અને બહુજ ઉપયોગી વસ્તુ છે" એવો અભિપ્રાય આપી તેનો લાભ લીધો છે. ગુજરાતમાં આવી શૈલીનું આ પ્રથમજ પુસ્તક હોવાથી ગુજરાતના વૈદ્યોએ તથા વૈદ્યક પ્રેમી ગૃહસ્થોએ અને બીજા પત્રકારોએ પોતાનો મત આ ગ્રન્થને માટે બહુજ સારો આપ્યો છે એ જાણી મને મારો શ્રમ સફળ થયો છે એમ સમજી વધુ ઉત્સાહથી આ કાર્ય ચાલુ રાખેલ છે. અને આ શૈલીનાં ચાર ભાગ પુરા કરવા પુરો નિશ્ચય કરેલ છે. બીજા બે ભાગ માટે ચૂંટણી થઇ ગઇ છે અને તે બને તેટલી ત્વરાથી પ્રગટ થઇ જશે.

આ ચુંટાયલા પ્રયોગોમાં જે જે ગ્રન્થમાંથી કે કોઇ સંગ્રહમાંથી જેના જેના ઉપાયો લેવામાં આવ્યા છે તેને માટે તે સર્વ ભાઇઓનો હું આ સ્થળે આભાર માનું છું.

પહેલા ભાગના વાંચનારાઓએ મને એક સૂચના આપી હતી કે દરેક પ્રયોગ કયા કયા ગ્રન્થનો છે તેનું નામ આપવું. મને આ સૂચનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમીછે પણ તેનેા અમલ આ વખતે થયેા નથી. તેનું કારણ કે પ્રથમ ભાગમાં તે થયું નથી, અને બીજા ત્રીજામાં થાય તે ઠીક નથી. એટલે હવે તેા બીજી આવૃતિમાં આ સુધારેા અવશ્ય કરી દેવામાં આવશે.

આરેાગ્ય સિન્ધુના ગ્રાહકેાને આ પુસ્તક સને ૧૯૨૫ માં જેઓ ગ્રાહક તરીકે રહી લવાજમ ભરી ચુકયા છે તેમને ભેટ આપવામાં આવશે જ્યારે છુટક ખરીદનારાઓને માટે માત્ર બારજ આના રાખ્યવામાં આવેલ છે.

આવા ઢબનાં સરળ ભાષામાં વૈદ્યકનાં પુસ્તકેા પ્રગટ થવાથી સાધારણ જનસમાજ કે જે દેશી દવાઓ વાપરવાની ઇચ્છા રાખે છે તેને બહુજ ઉપયેાગી થઇ પડેલ છે. વિદેશી દવા વાપરનાર ડૉકટરેા અને બીજા ગૃહસ્થેા પણ આમાંથી ઠીક લાભ ઉઠાવી શકયા છે. તેનું કારણ કે સરળ ભાષામાં અને ટુંકાણમાં, ખાસ ઉપયેાગી બાબતેાની માહીતી સાથેજ આ પુસ્તકમાં દરેક પ્રયેાગ ગેાઠવાયા છે, જેથી કેાઇ પણ પ્રયેાગ બનાવી વાપરતાં તેમને જરાપણ તકલીફ જણાતી નથી અને તેથી તેમને ફાયદેા પણ થયેા છે, ખર્ચમાં ફાયદેા થવાની સાથે તેઓ દેશી દવા વાપરવા પણ અવશ્ય લલચાય છે. આથી મને પુરી ખાત્રી થઇ છે કે આવી શૈલીનાં પુસ્તકેાથી સાધારણ શિક્ષીત વર્ગમાં અને ડૉકટરેામાં આયુર્વેદિક ઔષધેાનેા પ્રચાર જલદીથી અને સરળતા થઇ શકે છે ખરેા.

છેવટે આ કાર્યમાં મને સહાનુભૂતિ આપી ઉત્સાહ આપનાર આરેાગ્ય સિન્ધુના ગ્રાહકેાનેા અને બીજા ફાર્મસીના ગ્રાહક વર્ગનેા પણ હું આ સ્થળે આભાર માનું છું કેમકે તેમની સહાનુભૂતિ શિવાય આ બીજો ભાગ પ્રગટ થાત કે કેમ ? તે નિશ્ચય નહેાતું. અંતમાં પરમકૃપાળુ પરમાત્માનેા આભાર માનું છું કેમકે તેમની કૃપા શિવાય તેા આમાંનું કંઇપણ થઇ શકેજ કયાંથી.

આપનેા નમ્ર સેવક.

વૈદ્ય ગેાપાલજી ઠકકુર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ બીજાની અનુક્રમણિકા.

નંબર	નામ	પૃષ્ઠ.	નંબર	નામ	પૃષ્ઠ
૧૨૭	અગ્નિરસ	૧૩૩	૧૫૦	કામધેનું રસ	૧૩૨
૧૨૮	અર્કવટી	૧૦૧	૧૫૧	કાંચનાર ગુગળ	૯૮
૧૨૯	અમર સુંદરી ગુટીકા	૧૦૨	૧૫૨	કુટજારિષ્ટ	૧૪૨
૧૩૦	અગ્નિમુખ ચુર્ણ	૮૭	૧૫૩	કુટજાવલેહ	૧૩૫
૧૩૧	અમૃતપ્રભા વટી	૧૦૮	૧૫૪	કુટજાદિ કષાય	૧૪૭
૧૩૨	અભયા વટી	૧૦૦	૧૫૫	કેશરાદિ વટી	૧૦૯
૧૩૩	અભયારિષ્ટ	૧૪૫	૧૫૬	કોલેરાની ગોળી	૧૧૧
૧૩૪	અમૃતારિષ્ટ	૧૪૪	૧૫૭	કંટકાર્યાવલેહ	૧૩૬
૧૩૫	અવિપતિકર ચુર્ણ	૯૬	૧૫૮	કર્ણાખિંદુ	૧૫૪
૧૩૬	અહિફેનાસવ	૧૪૪	૧૫૯	કૃમિકુઠાર રસ	૧૧૫
૧૩૭	અર્જુનારિષ્ટ	૧૪૩	૧૬૦	કર્પુર સુંદરી ગુટીકા	૧૧૨
૧૩૮	આમ રાક્ષસી ગુટીકા	૧૦૫	૧૬૧	ખદિરાદી વટી	૧૦૧
૧૩૯	આયુષ્યવર્ધની ગુટીકા	૯૭	૧૬૨	ખદિરારિષ્ટ	૧૪૧
૧૪૦	આયુર્વેદિક ચહા	૧૫૦	૧૬૩	ખરજવાનો મલમ	૧૫૨
૧૪૧	ઇતરીફલ કસનીજી	૧૩૬	૧૬૪	ખસનો મલમ	૧૫૨
૧૪૨	ઉશીરાસવ	૧૪૭	૧૬૫	ગર્ભવિનોદ રસ	૧૩૧
૧૪૩	કનક સુંદર રસ	૧૩૨	૧૬૬	ગંધક રસાયન	૧૨૦
૧૪૪	કલ્પતરૂ રસ	૧૨૬	૧૬૭	ગંગાધર ચુર્ણ	૯૭
૧૪૫	કનકાસવ	૧૪૬	૧૬૮	ગ્રહણીકપાટ રસ	૧૨૧
૧૪૬	કર્પુરરસ	૧૧૯	૧૬૯	ચંદ્રકળા રસ	૧૨૧
૧૪૭	કર્પુરાસવ	૧૪૩	૧૭૦	ચંદનાસવ	૧૪૨
૧૪૮	કાળો રસ	૧૨૪	૧૭૧	ચૈતન્યરસ	૧૩૨
૧૪૯	કિશોર ગુગળ	૯૯	૧૭૨	ચોપચીનીઆદિ ચુર્ણ	૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર.	નામ.	પૃષ્ટ.	નંબર.	નામ.	પૃષ્ટ.
૧૭૩	જયવટી	૧૧૮	૧૯૯	પ્રતાપ લંકેશ્વર રસ	૨૨૫
૧૭૪	જસતનો મલમ	૧૫૧	૨૦૦	પ્રવાહીકા નાશક વટી	૧૦૪
૧૭૫	જ્વરઘ્ની વટી	૧૦૯	૨૦૧	પ્રહરારી રસ	૧૨૫
૧૭૬	જાતીફલાદિ ચુર્ણ	૯૩	૨૦૨	પ્રીવર મીકશ્ચર	૧૫૬
૧૭૭	જાતીફલાદિ વટી	૧૦૭	૨૦૩	બત્રીસું–કાટલું	૧૩૩
૧૭૮	તાલીસાદિ ચુર્ણ	૮૮	૨૦૪	બ્રાહ્મી કવાથ	૧૪૯
૧૭૯	દશન સંસ્કાર ચુર્ણ	૯૨	૨૦૫	ભૂતભૈરવ રસ	૧૩૧
૧૮૦	દશમુલારિષ્ટ	૧૪૦	૨૦૬	ભીમસેની ગુટીકા	૧૦૮
૧૮૧	દુગ્ધ વટી	૧૧૦	૨૦૭	મનમથાગ્ર રસ	૧૨૭
૧૮૨	દાડીમી વટી	૧૦૫	૨૦૮	મનમથવિલાસ રસ	૧૧૪
૧૮૩	દ્રાક્ષાદિ અવલેહ	૧૩૭	૨૦૯	મહાલક્ષ્મી નારાયણ રસ	૧૩૦
૧૮૪	દ્વાત્રિંદેશાંગ કવાથ	૧૪૯	૨૧૦	મહાલક્ષ્મી વિલાસ રસ	૧૧૪
૧૮૫	નવાયસલોહ	૯૫	૨૧૧	મહાયોગરાજ ગુગળ	૧૧૭
૧૮૬	નયનામૃત અંજન	૧૫૫	૨૧૨	મહાપંચનિંબ ચુર્ણ	૮૯
૧૮૭	નારાયણ ચુર્ણ	૯૪	૨૧૩	યવાનીખાંડવ ચુર્ણ	૯૩
૧૮૮	નારાયણ તૈલ	૧૪૦	૨૧૪	યકૃતરોગનાશક પ્રયોગ	૯૦
૧૮૯	નાગરાદિ પાચન	૧૪૮	૨૧૫	યષ્ટીમધુ વટી નં. ૧	૧૯૯
૧૯૦	નારસીંહ રસાયન	૧૩૭	૨૧૬	રકતસ્થંભક કવાથ	૧૫૧
૧૯૧	નારાચરસ	૧૧૬	૨૧૭	રામબાણ મલમ	૧૫૩
૧૯૨	નેત્રાંજન	૧૫૪	૨૧૮	રાજેન્દ્ર વટી	૧૦૬
૧૯૩	પથ્યાદિ વટી	૨૦૫	૨૧૯	લવંગાદિ ચુર્ણ	૮૯
૧૯૪	પથ્યાદિ કવાથ	૧૪૯	૨૨૦	લઘુલાહી ચુર્ણ	૧૨૨
૧૯૫	પશુપતિનાથ રસ	૧૨૪	૨૨૧	લાક્ષાદિ તેલ	૧૩૯
૧૯૬	પથ્યાદિ ગુગળ	૧૦૦	૨૨૨	વસંતકુસુમાકર રસ	૧૧૭
૧૯૭	પિપલ્યાસવ	૧૪૬	૨૨૩	વાતરાક્ષસ રસ	૧૨૮
૧૯૮	પુષ્યાનુગ ચુર્ણ	૯૨	૨૨૪	વાસાદિ કવાથ	૧૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર.	નામ.	પૃષ્ટ.	નંબર.	નામ.	પૃષ્ટ.
૨૨૫	શંશમની નંબર ૧	૧૦૨	૨૩૯	સુધાનિધી રસ	૧૨૯
૨૨૬	,, ,, ૨	૧૦૩	૨૪૦	સુતરાજ રસ	૧૧૯
૨૨૭	,, ,, ૩	૧૦૪	૨૪૧	સુવર્ણ વસંત માલતી	૧૧૩
૨૨૮	શિરશુળહર ચુર્ણ	૯૫	૨૪૨	સુવર્ણ વટીનં. ૧	૯૮
૨૨૯	શૂળગજકેસરી રસ	૧૨૨	૨૪૩	,, નં. ૨	,,
૨૩૦	શ્વાસચિંતામણી રસ	૧૨૭	૨૪૪	સુર્યપ્રભા વટી	૧૧૭
૨૩૧	શ્વેતાંજન	૧૫૫	૨૪૫	હરીતકી અવલેહ	૧૩૪
૨૩૨	શ્રીનિલકંઠ રસ	૧૨૯	૨૪૬	હરસનો મલમ	૧૫૩
૨૩૩	સરસ્વતિ ચુર્ણ	૯૦	૨૪૭	હરસની અકસીર દવા	૯૦
૨૩૪	સપ્તાંગ ગુગળ	૧૧૧	૨૪૮	હિંગ્વાદિ ચુર્ણ	૯૪
૨૩૫	સમીરગજકેસરી રસ	૧૨૩	૨૪૯	હિંગુલેશ્વર રસ	૧૨૨
૨૩૬	સ્નાનરજ ચુર્ણ	૮૭	૨૫૦	હેમાભ્રરસ સિંદુર	૧૨૬
૨૩૭	સિતોપલાદિ અવલેહ	૧૩૮	૨૫૧	ક્ષયહર પ્રયોગ	૯૧
૨૩૮	સુખવિરેચન	૯૬	૨૫૨	ક્ષયકેશરી યોગ	૯૧

રસાયનસાર સંગ્રહ.

આ નામનું અતિ ઉપયોગી પુસ્તક અમારા તરફથી તૈયાર થાય છે. જેમાં દરેક ધાતુ, ઉપધાતુનું શોધન, મારણ અને સિધ્ધ રસાયન પ્રયોગો તથા અનેક નવીન શોધ ખોળના અનુભવો તેમાં રજુ કરવામાં આવેલ છે. પારદના સંસ્કારો વગેરે તથા ભઠીઓ અને યંત્રોનું સ્વીસ્તર વર્ણન કરેલું છે. અગાઉથી નામ નોંધાવો. મૂલ્ય પ્રથમથી રૂા. ૧॥ પાછળથી રૂા. ૨.

લખો–વૈદ્ય ગોપાલજી ઠકકુર, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીધન્વન્તરયે નમઃ

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૨ જો.)

૧૨૭ સ્નાનરજ ચૂર્ણ.

બનાવટ—લોદર, વજ, ધાણા, હળદર, દારૂ હળદર, શુદ્ધમનશીલ સરસવ, મગની દાળનો લોટ, પ્રથમની સાત દવાઓ દરેક એકેક તોલો લેવી. જ્યારે છેલ્લી દવા તે સાત દવાઓના વજન જેટલી લેવી અને તેનું ચૂર્ણ કરી બાટલી ભરી રાખવા.

ઉપયોગ—ઉપરના ચૂર્ણને થોડાક પાણીમાં ચોળી શરીર પર ઘસવું. અને તેને પાંચ દશ મીનીટ સુધી શરીરપર મસળી ઠંડા જળવડે સ્નાન કરી લેવું.

ફાયદો—આ પ્રમાણે સ્નાન કરવાથી ચામડી સ્વચ્છ અને તેજસ્વી બને છે. ખરાબ પસીનાને લીધે આવતી ગંધ દુર થઇ શરીરમાંથી સારી વાસ આવે છે. અને ચામડીનાં દરદો મટી ચામડી રેશમ જેવી બને છે.

સૂચના—નહાતી વખતે દવાનો ભાગ પેટમાં નજાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ.

---

૧૨૮ અગ્નિમુખ ચૂર્ણ.

બનાવટ—હિંગ તો. ૧ વજ તો. ૨
પીપર તો. ૩ સુંઠ તો. ૪
અજમો તો. ૫ હરડે છાલ તો. ૬
ચિત્રકમુળની છાલ તો. ૭ ઉપલેટ તો. ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—દરેક દવાનું છુટું છુટું ચૂર્ણ લઈ વાટી મેળવી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧૨થી ૨૪ રતીભાર અથવા બેથી ચાર આનીભાર.

અનુપાન—સ્વચ્છ પાણી સાથે.

સમય—દિવસમાં ત્રણ વખત જમવા પહેલાં.

ઉપયોગ—હોજરીને બળ આપે, ખોરાક પચાવે, વાયુને ઓછો કરે, દસ્ત સાફ લાવે, અગ્નિદીપન કરી વાયુ, ગોળો. મંદાગ્નિ, કફ, ઝાડા, ચુંક વગેરે મટાડે છે.

---

૧૨૯ તાલીસાદ્દી ચૂર્ણ.

બનાવટ—તાલીશ પત્ર ૧ તોલો, મરી ૨ તોલા, શુંઠ ૩ તોલા, પીપર ૪ તોલા, વંશલોચન તોલા ૫, તજ ૦॥ તોલો, એલચી ૦॥ તોલો, સાકર તોલા ૩૨ એનું બારીક ચુર્ણ કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦ થી ૦॥ તોલો.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—અરૂચી, ખાંસી, ઉલટી, હૃદયરોગ, પડખાનું શુળ, વગેરે મટી ભૂખ લગાડે છે.

---

૧૩૦ ચોપચીનીઆદ્દિ ચૂર્ણ.

બનાવટ—ચોપચીની તોલા ૧૬ સાકર તોલા ૪ પીપર, પીપરી મુળ, મરી, લવંગ, અકલકરો, શુંઠ, વાવડીંગ, હરડે, બહેડાં, આમડા અને બંગભસ્મ એ દરેક અર્ધ અર્ધ તોલો લેવાં. તેનું ચુર્ણ કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦ થી ૦॥ તોલો.

અનુપાન—મધ અથવા ઘી સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—વીશ પ્રકારનો પ્રમેહરોગ, ઉપદંશ રોગ, વાતરક્ત, વ્રણ, કુષ્ટ. ગરમીનો સંધીવા, ધાતુક્ષીણતા, વાયુ વગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૧૩૧ મહાપંચનિંબ ચૂર્ણ.

બનાવટ—લીંબડાનું પંચાગ તોલા ૧૫, લોહભસ્મ, હીમેજ, કુવાડીયાનાં બીજ, ચિત્રકમુળ. ભીલામ, વાવડીંગ, સાકર, આમળા, હળદર, પીપર, મરી, શુંઠ. ખાખરી, ગરમાળાનો ગોળ, ગોખરૂ એ દરેક વસ્તુ અકેક તોલો લેવી.

રીત—ઉપરની દવાઓ ખાંડી કપડે ચાળી તેને ભાંગરાના રસની, એરના કવાયની, બીલાના કવાયની, અકેક ભાવના આપી સુકવી કપડે ચાળી બાટલીમાં ભરી લેવું.

અનુપાન—મંજીષ્ઠાદિ કવાથ અથવા એરના કવાથ સાથે.

પ્રમાણ—૧ થી ૧૫ તોલો સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ચામડીનાં તમામ દરદો તથા કુષ્ટરોગ અને રકત-વિકાર મટે છે. દવા લાંબો વખત લેવી જોઇએ.

---

૧૩૨ લવંગાદિ ચૂર્ણ.

બનાવટ—લવંગ, કપુર, એલચી, તજ, નાગકેશર, વાળો, જાયફળ, શુંઠ, શાહજીરૂં, કાળોઅગર, વંસલોચન, જટામાસી, કાળુંકમળ, પીપર. સુખડ, તગર, વાળો, કંકોળ, એ સર્વ અકેક તોલો લઇ તેનું ચુર્ણ કરી કપડે ચાળી લેવું અને તેમાં વાટેલી સાકરનો ભુકો તોલા ૬ મેળવી રાખવું.

પ્રમાણ—બે થી ચાર આની ભાર.

અનુપાન—મધ અથવા પાણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ક્ષય, ખાંસી, કંઠનોરોગ, હેડકી, પીનસરોગ, શ્વાસ, અતિસાર, પ્રમેહ, ઉરક્ષત, અરૂચી, ગુલ્મ, સંગ્રહણી વગેરેમાં ઠીક છે.

૧૩૩ સરસ્વતિ ચુર્ણ.

બનાવટ—કુષ્ટ, આસુંઠ સિંધાલુણ, અજમોદ, જીરૂં, શાહજીરૂં શુંઠ, મરી, પીપર, કાળીપાટ, સંખાવળી. એ દરેક અકેક તોલા તથા ધોળોવજ તોલા ૧૬ લઇ વાટી ચુર્ણ કરી કપડે ચાળી તેને ખાત્રીના સ્વરસની કે કવાથની ત્રણ ભાવના આપી સુકવી લેવું.

પ્રમાણ—૧ થી ૧॥ તોલો. સવાર સાંજ એ વખત.

અનુપાન—મધ અને ઘી સાથે ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—ઉન્માદ, અપસ્માર, મગજનાં દરદો મટાડી બુદ્ધિને વધારે, યાદશકિત ખીલવે, ધીરજ અને સ્મરણ શકિત વધારે. વિદ્યાર્થીઓ માટે તેમજ અભ્યાસ કરનારા સુરત બાળકો માટે સારૂં ગણાયછે.

૧૩૪ હરસની અકસીર દવા.

બનાવટ—શુદ્ધ ગંધક વાલ ૨ ક્રીમ ઓફ ટારટર (વિલાયતી દવા છે) વાલ ૪

રીત—ઉપરની દવાને ખરલમાં ઘુંટી બે પડીકાં કરવાં.

અનુપાન—માખણ સાથે દવા ચાટી જવા.

સમય—સવાર સાંજ અકેક પડીકું લેવું.

ઉપયોગ—હરસમાં પડતું લોહી બંધ કરે, અને દરત સાફ લાવી પીડા ઓછી કરે છે.

૧૩૫ યકૃતરોગનાશક પ્રયોગ.

બનાવટ—કડુ તોલા ૨૦ નવસાગર તો. ૧૦
સિંધાલુણ તો. ૪ સંચળ તો. ૪
હીંગ તો. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—ઉપરની દવાઓનું બારીક ચુર્ણ કરી તેને પ્રથમ ગૌ મુત્રની તથા ચિત્રકના કવાથની અને કુંવારના રસની ત્રણ ત્રણ ભાવનાઓ આપી ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—દરેક વખતે બબે ગોળી.

સમય—દિવસમાં ત્રણ વખત,

અનુપાન—સ્હેજ ગરમ પાણી સાથે અથવા કુમાયાસવ સાથે

ઉપયોગ—યકૃત, પ્લીહા, પેટની કોઇ પણ ગાંઠ આ પ્રયોગથી બરાબર મટી ભૂખ લાગે છે અને લોહી સાફ થઇ પેટ ચોખ્ખું થાય છે.

---

૧૩૬ ક્ષયહર પ્રયોગ.

બનાવટ—ગળોસત્વ તો. ૦॥ પીપર તો. ૦।

સુવર્ણમાક્ષિક ભસ્મ તો. ૦। પ્રવાલ ભસ્મ તો. ૦।

રીત—ઉપરની દવા વાટી તેના આઠ પડીકાં બનાવી લેવાં તેમાંથી દીવસમાં ચાર પડીકાં દર ત્રણ ત્રણ કલાકે મધ સાથે આપી ઉપર દુધ પીવરાવવું.

ઉપયોગ—નબળાઇ, ક્ષય, ક્ષીણતા, શરીરની ઉષ્ણતા, ઉધરસ, શ્વાસ, જીર્ણજ્વર વગેરે મટે છે.

---

૧૩૭ ક્ષય કેસરી યોગ.

બનાવટ—મરી, પીપર, કુલાવેલીકટકડી, નવસાર એ દરેક બે બે તોલા, શુદ્ધ વછનાગ ૧ તોલો મેલવી તેને બારીક વાટી રાખવું.

પ્રમાણ—૧ થી ૩ રતીભાર. દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સાકરના બૂકામાં ઉપરની દવા લેવી. અને ઉપર દુધ પીવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ--ક્ષય, ઉધરસ, શ્લેષ્મ, શરદી, તાવ અને ઉટાટી. આની ખાંસી મટે છે.

---

૧૩૮ પુષ્યાનુગ ચુર્ણ.

બનાવટ—કાળીપાટ, રસવંતી, મોથ, જુંબુના ઠળીયા, આંબાની ગોટલી, પાષાણભેદ, લોદર, મજીઠ, કમળનીકેશર, બીલીનો ગરભ, મોચરસ, નાગકેશર, સોનાગેરૂ, શુંઠ, કાયફલ, મરી, રકતચંદન, અરડુસો, વાવડીનાં ફુલ, દ્રાક્ષ, સારીવામુળ, જેઠીમધ, કડાછાલ, અતિવિષ, અર્જુનછાલ, કાળીપાટ, સમભાગે લઇ ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

અનુપાન—મધ સાથે ચાટી ઉપર ચોખાનું ધોણ પીવું.

પ્રમાણ—૦। તોલો સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પ્રદર, રકતપ્રદર, રકતાર્શ, અતિસાર, રકતાતિસાર, યોનીદાહ, કૃમિરોગ, ઋતુદોષ વગેરે મટે છે. આ દવા ખાસ કરી પ્રદર રોગમાં બહુજ વપરાય છે.

---

૧૩૯ દશન સંસ્કાર ચુર્ણ.

બનાવટ—શુંઠ, હરડેછાલ, મોથ, કાથોઉંચો, બાળેલી સોપારી ના કોલસા, મરી, લવંગ, તજ એ દરેક ચીજ એકેક તોલો લેવી તથા ચાકનો બારીક ભુકો તોલા ૮ લેવો.

રીત—દરેક ચીજને વાટી ધુંટી કપડે ચાળી લેવું.

ઉપયોગ—આ મંજન સવારે દાંતે ઘસવાથી દાંત સાફ રહે છે દરદ મટે છે, પરૂ થતું અટકે છે. મોઢાનાં દરદો મટી દાંત મજબુત બને છે. મોઢામાંથી ખરાબ વાસ નીકળતી બંધ પડી મોં સુવાસિત બને છે. હમેશાં વાપરવામાં વાંધો નથી.

સૂચના--મંજન લગાડયા બાદ તે ઘસીને પછી સ્વચ્છ પાણી થી કોગળા કરી નાંખવા જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૦ જાતીફલાદિ ચુર્ણ.

બનાવટ—જાયફલ, વાવડીંગ, ચિત્રક, શુંઠ, તગર, તલ, તાલીસ પત્ર, સુખડ, લવંગ, કલોંજી, કપુર, હરડે, આમડા, મરી, પીપર, તજ, વસંલોચન, એલચી. તમાલપત્ર, નાગકેશર. એ દરેક તોલો તોલો લેવાં. તથા શુધ્ધ શેકેલીભાંગ તોલા ૯ અને સાકર તોલા ૨૯ લઈ કુટી ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--૬થી ૧૨ રતીભાર.

અનુપાન—મધ સાથે.

ઉપયોગ—ક્ષય, ઉધરસ, શ્વાસ, સંગ્રહણી, ઝાડા, મરડો, મંદાગ્નિ, સળેખમ વગેરે મટે તથા ઉંઘ લાવે છે અને દરદને મટાડે છે. માથાનું દરદ તથા ઉન્માદમાં પણ વપરાય છે,

---

૧૪૧ યવાનીખાંડવ ચુર્ણ.

બનાવટ—અજમો, દાડમબીજ, શુંઠ, આમલીની છાલ અમ્લવેત્સ, ખાટાંબોર એ દરેક ચાર ચાર તોલા, કાળાં મરી ૨૫ તોલા, પીપર તોલા દશ, તજ, સંચળ, ધાણા અને જીરૂં એ દરેક બબે તોલા સાકર ૬૪ તોલા. એ સર્વને ખાંડી બારીક ચુર્ણ બનાવી કપડે ચાળી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૧૨ થી ૨૪ રતીભાર સવાર સાંજ બે વખત પાણી સાથે.

ઉપયોગ—પાંડુરોગ, હૃદયરોગ, સંગ્રહણી, જ્વર, ઉલટી, શોષ, અતિસાર, બરલ, કબજીઆત, અરૂચી, શુળ, મંદાગ્નિ, અર્શરોગ, છાતી અને ગળાનાં દરદો વગેરેમાં ઠીક ફાયદો આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૨ હિંગ્વાદિ ચૂર્ણ.

બનાવટ—શેકેલીહીંગ, કાળીપાટ, હરડેછાલ, ધાણા, દાડમબીજ, ચિત્રકછાલ, કચુરો, શુંઠ, અજમોદ, મરી, પીપર, પળાંશી, અમલવેત્સ, તુલશીપાન, આમલીની છાલ, જીરૂં, પુષ્કરમુળ, વજ, યવક્ષ, સાજીખાર, જવખાર, સિંધાલુણ, સંચળ, બીડલુણ, મીઠું, વડાગરૂં મીઠું એ દરેક ચીજ સમભાગે લેવી. અને ચુર્ણ કરી ચાળી બાટલી ભરી રાખવો.

પ્રમાણ—૧૨થી ૨૪ રતીભાર.

સમય—જમ્યા પહેલાં સહેજ ગરમ પાણી સાથે અથવા છાશ સાથે.

ઉપયોગ—વાયુ, ગોળો, હૃદયરોગ, કપજીઆત, અરતીશુળ, પાર્શ્વશુળ, ગુદશુળ, મુત્રકૃચ્છ, પાંડુરોગ, હેડકી, યકૃતરોગ, પ્લીહા, શ્વાસ, કંઠરોગ, ખાંસી, સંગ્રહણી, અર્શ વગેરે મટે છે. હમેશાં વાપરી શકાયછે અને સ્વાદિષ્ટ છે.

---

૧૪૩ નારાયણ ચૂર્ણ.

બનાવટ—ચિળકછાલ, હરડે, બહેડા, આમળાંની છાલ, શુંઠ, મરી, પીપર, પલાંશી, વજ, અજમો, જીરૂં, પીપળીમુળ, વરેઆળી, તુલશીનાપાન, અજમોદ, કચુરો, ધાણા, વાવડીંગ, કાળુંજીરૂં, ઉપલેટ, પુષ્કરમુળ, સાજીખાર, યવક્ષાર, સિન્ધાલુણ, સંચળ, બિડલવણ, વડાગરૂંમીઠું, મીઠું એ દરેક એકેક તોલો ઈંદ્રવારૂણીનાં મુળ એ તોલા, નસોતર ૩ તોલા, દાંતીમુળ ૪ તોલા, કાંટાળા થોરનું મુળ ૨ તોલા, એ દરેક ચીજને બારીક વાટી ચુર્ણ કપડછાણ કરી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—૧થી ૧૫ તોલો. સવાર સાંજ બે વખત.

અનુપાન—રોગ પ્રમાણે અથવા છાશ કે ગરમ પાણી સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ--અજીર્ણ કબજીઆત. હૃદયરોગ, પાંડુરોગ, ખાંસી, શ્વાસ, ભગંદર, મંદાગ્નિ, જ્વર, કુષ્ટ, સંગ્રહણી, સ્થાવર જંગમવિષ-નો વિકાર વગેરેમાં સારો ફાયદો આપી તમામ ઉંદરરોગ મટાડી શરીર શુદ્ધ બનાવે છે.

---

૧૪૪ નવાયસ લોહ.

બનાવટ—ચિત્રકમુળની છાલ, હરડેછાલ, બહેડાં છાલ, આમ-ડાની છાલ, પીપર, નાગરમોથ, શુંઠ, વાવડીંગ, મરી એ સર્વ દવા એક એક તોલો તેનું ચુર્ણ કરી તેમાં લોહભસ્મ તો. ૯ મેળની ઘુંટી આટલી ભરી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર સવાર સાંજ એ વખત.

અનુપાન—મધ અથવા ઘી સાથે ચાટી ઉપર દુધ પીવું. અથવા છાશ પીવી.

ઉપયોગ--પાંડુરોગ, ભગંદર, સોજો, કુષ્ટરોગ અર્શ, ઉદરરોગ, મંદાગ્નિ, કૃમીરોગ, ત્રિદોષ, નબળાઇ વગેરે મટે છે.

---

૧૪૫ શિરશૂલહર ચુર્ણ.

બનાવટ--ફેનાસીટીન	ગ્રેન ૫
કેફીનસાઇટ્રસ	ગ્રેન ૫
સાકરનો ભુકો	ગ્રેન ૧૦

રીત--ઉપરની દવાને બારીક વાટી તેના બે ભાગ કરવા. અને તેમાંથી એક ભાગ દવા ચહા સાથે લઇ બીજો ભાગ દવાનો ત્રણ કલાક પછી તેજ રીતે લેવો.

ઉપયોગ—માથાનો સખ્ત દુખાવો, ચસકો અને શુળ મગજનાં બે દરદોને તરતજ આદવાથી આરામ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુચના—આ દવા હમેશાં વાપરવી નહિ. કવચિતજ જરૂર પડયે વાપરી શકાય કેમકે દરરોજ વાપરવાથી હાની થાય છે, તેમ અતિ નબળાં માણસે પણ લેવી નહિં.

---

૧૪૬ સુખવિરેચન.

બનાવટ—શુંઠ ૧ ભાગ, વરેઆરી ૧ ભાગ. મીંઢીઆંબળા ૨ ભાગ. સાકર ૪ ભાગ, દરેકનું ચુર્ણ લઇ સાથે મેળવી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૧॥ તોલા ભાર.

અનુપાન—સહેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—કબજીઆત મટાડે, દરતસાફ લાવી હરસ, આફરો, ચુંક, વાયુ અજીર્ણ મળ બંધ વગેરે મટાડે છે. રાત્રે આ દવા ગરમ પાણી સાથે લેવાથી સવારે એક બે પેટ સાફ આવી જાય છે.

---

૧૪૭ અવિપતિકર ચુર્ણ.

બનાવટ—ત્રીફલા, ત્રિકટુ, મોથ, વાવડીંગ, એલચી, તમાલ પત્ર, એ દશ દવા અકેક તોલો, લેવંગ દશ તોલા, શાકર તોલા ૬૦ નસોતર તો. ૪૦ એનું ચુર્ણ કરી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—૧ થી ૧॥ તોલો. જમ્યા પહેલાં સવાર સાંજ,

અનુપાન—નાળીએરનું પાણી અથવા ઠંડુ પાણી.

ઉપયોગ—અમ્લપિત, શુળ, હરસ, પ્રમેહ, પથરી મુત્રાઘાત વગેરે મટે છે,

પથ્ય—દુધ, ભાત ખાવાથી જલદી ફાયદો થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૮ ગંગાધર ચુર્ણ.

બનાવટ—નાગરમોથ, ઈંદ્રયવ, બીલી, લોદર, મોચરસ, ધાવડી, નાંખુલ, શુંઠ, કડાછાલ, કાળીપાટ, વાળો. અતિવિષ, આંબાની, ગોટલી, શુધ્ધ હીંગળો એ દરેક ચીજ સમ ભાગે લેઇ ચુર્ણ કરી લેવું અને કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬ થી ૨૪ રતીભાર દિવસમાં ત્રણ વખત.

અનુપાન—મધ સાથે અથવા ચોખાના ધોણ સાથે.

ઉપયોગ—અતિસાર, પ્રવાહીકા, સંગ્રહણી, મરડો મટે છે અને મળ બંધાઇને આવે છે.

---

૧૪૯ આયુષ્યવર્ધની ગુટીકા.

બનાવટ—શુંઠ તોલા ૧૨,	હરડેછાલ તોલા ૧૨,
પીપર તોલા ૮	પીપરીમુળ તોલા ૮
મરી તોલા ૪	ચવક તોલા ૪
તાલીસ પત્ર તોલા ૪	નાગકેશર તોલા ૪
એલચી તો. ૨	વાળો તોલા ૨
તજ તો. ૧	તમાલ પત્ર તો, ૧

રીત—ઉપરની દવાઓનું બારીક ચુર્ણ કરી વાટી તેમાં ખપે તેટલો (આશરે તોલા ૩૦ સુધી) જુનો ગોળ મેળવી તેમાંથી ચણીબોર પ્રમાણે ગોળી બનાવી લેવી'

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત,

ઉપયોગ—હરસ, મંદાગ્નિ, પીનસરોગ વગેરેમાં વપરાય છે, છાશ અને દુધનું સેવન રાખવાથી સારી અસર બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૦ સુરણવટી નં. ૧

બનાવટ--સુરણને સુકવી તેનું ચુર્ણ તોલા ૩૨, ચિત્રક છા તોલા ૧૬ શુંઠ તોલા ૪ કાળાં મરી તોલા ૨ એ સર્વનું ચુર્ણ લ તેના સમ ભાગે તેમાં જુનો ગોળ મેળવી ગોળી બનાવી રાખવી.

પ્રમાણ-- ૦॥ થી ૧ તોલો દિવસમાં બે વખત.

ઉપયોગ--છ પ્રકારનો હરસ રોગ મટાડવા તથા તેમાં થતી પીડા ઓછી કરવા આ દવા વપરાય છે.

૧૫૧ સુરણવટી નં. ૨

બનાવટ--સુરણનો સુકવી કરેલો ભુક્કો તોલા ૧૬, વરધારો તોલા ૧૬, સફેદ મુશલી તો. ૮, ચિત્રકછાલ તો. ૮, હરડા. બહેડા, આમડા, વાવડીંગ, શુંઠ, પીપર, ભીલામ, પીપળીમુળ, તાલીસપત્ર, એ દરેક ચાર ચાર તોલા તજ, એલચી, મરી એ બે બે તોલા એ દરેકનું ચુર્ણ તથા તેના સમ ભાગે જુનો ગોળ નાખી ગોળી બનાવી રાખવી.

પ્રમાણ--૧ થી ૦॥ તોલો, દિવસમાં બે વખત.

ઉપયોગ--મંદાગ્નિ, અર્શ, સંગ્રહણી, શ્વાસ, ખાંસી, ક્ષય, બરલ, હાથીપગું, સોજા, હેડકી, પ્રમેહ, ભગંદર, નબળાઇ વગેરે મટે છે. ખાસ કરી હરસનાં દરદીઓ માટે આ દવા ઉતમ ગણાય છે.

૧૫૨ કાંચનાર ગુગળ.

બનાવટ--કાંચનાર વૃક્ષની છાલનો ભુક્કો તો. ૮૦ ત્રીફળાનો જાડો ભુક્કો તો. ૪૦ લઇ તેમાં પાણી તો. ૧૦૦૦ નાંખી ચતુર્થાંસ ક્વાથ કરી કપડે ગાળી લઇ તેને ફરી ગરમ કરવું. તે ક્વાથ ઘટ્ટ થાય ત્યારે તેમાં ત્રીફલા ચુર્ણ તો. ૨૦ ત્રીકટુચુર્ણ તો ૧૦ વરણાની છાલ તોલા ૪ એલચી, તજ, તમાલ પત્ર એ દરેક તોલો એક એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી દેવું તથા શુધ્ધ ગુગળ તોલા ૫૦ નાંખી જાડો પાક થાય ત્યારે ઊતારી લઇ પછી જરા ઘી વાળો હાથ કરી ચણી બોર પ્રમાણે ગોળી બનાવી બરાબર સુકવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ--૦ા થી ૦ાા તોલો, સવાર સાંજ બે વખત.

અનુપાન--પાણી અથવા કાંચનારનો કવાથ અથવા મહામંજીષ્ઠાદી કવાથ સાથે લેવો.

ઉપયોગ—કંઠમાળ, અપચી, અર્બુદ, ગ્રન્થી, વ્રણરોગ, ગુદમ, કુષ્ટરોગ, ભગંદર, રકતવિકાર વગેરે દરદોમાં આ દવા લાંબો વખત દેવાથી બહુજ સારૂં પરિણામ આવે છે,

---

૧૫૩ કિશોર ગુગળ.

બનાવટ-- હરડે. બહેડાં, આમડા અને ગળો એ દરેક ચીજ ૬૪ ચોસઠ તોલા જુદી જુદી લઇ ખાંડી તેના જાડા ભુકાને પાણી તોલા ૧૩૫૬ માં ઉકાળવું અરધું પાણી રહે ત્યારે ઉતારી કપડે ગાળીને કવાથને ફરી ચુલે ચડાવી તેમાં સુધ્ધ ગુગળ તોલા ૬૪ નાખી ઘટ પાક કરવો. પછી તેમાં હરડાં બહેડા આમડા એ દરેકનું ચુર્ણ તોલા બે બે, ગળોનું ચુર્ણ તોલા ૪, શુંઠ, મરી, પીપર અને વાવડીંગ એ દરેક તોલા બે બે, દંતીમુળ તોલો ૧ નસોતર તોલા૧ એ સર્વનું ચુર્ણનાંખી તેને ઘુંટી ઘી વાળા હાથથી તેની ગોળીઓ ચણી બોર પ્રમાણે કરી લઇ સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—તો. ૦ા થી ૦ાા સુધી સવાર સાંજ બે વખત.

ઉપયોગ—વાતરકત, ખરજવું, કુષ્ટ, વ્રણ, પ્રમેહ, ઉદરરોગ, અગ્નિમાંધ, ખાંસી, સોજા, પાંડુરોગ, રકતવિકાર વગેરે મટે છે, અને શરીર શુધ્ધ થાય છે.

અનુપાન—પાણી અથવા દુધ સાથે દવા લઇ ઉપર અનેતો મહામંજીષ્ઠાદિ કવાથ પીવો તો સારો ફાયદો આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૪ પથ્યાદિ ગુગળ.

બનાવટ—હરડે, બહેડા અને આમડાની છાલ તોલા ૧૨૦ લઇ તેને એક વાસણમાં અધકચરી કરી પાણી તો. ૬૦૦૦માં નાંખી રાત્રે પલાળી સવારે ઉકાળો કરવો. જ્યારે અર્ધું પાણી બાકી રહે ત્યારે ઉતારી તે કવાથને ફરી ચુલે ચડાવી તેમાં શુધ્ધ ગુગળ તોલા ૬૪ નાંખવું અને જાડો પાક થતાં સુધી ઉકાળો કરવો. પછી જ્યારે ઘટ્ટ થાય ત્યારે તેમાં વાવડીંગ, દંતીમુળ, હરડે, બહેડાં, આમડા, ગળો, પીપર, શુંઠ, મરી, નસોતર એ દરેકનું બબે તોલા ચુર્ણ કરી મેળવી દેવું. અને સુકાય ત્યારે જરા ઘી વાળા હાથથી તેમાંથી ચણીબોર પ્રમાણે ગોળી બનાવી બરાબર સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦ા થી ૦॥ તોલો સવાર સાંજ બે વખત.

અનુપાન—મહારાસ્નાદી કવાથના પ્રવાહી ઉકાળા માથે અથવા પાણી કે દુધ સાથે લેવી.

ઉપયોગ—અધસીવાયુ, ખંજતા (લંગડાપણું) બરોલ, પાંડુ રોગ વગેરેમાં સારો ગણાય છે.

---

૧૫૫ અભયાવટી.

બનાવટ—હરડેની છાલનું ચૂર્ણ તો. ૧ શુધ્ધ ટંકણ તો. ૧ મરી તો, ૧ પીપર તો. ૧ શુધ્ધ નેપાળો તો. ૪ સર્વને વાટી થોરના દુધમાં એક ભાવના આપી અડદના દાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી જરૂર જણાય ત્યારે.

અનુપાન—થોડું હરડે ચુર્ણ લઇ તેની સાથે ગોળી મુકી ગરમ પાણી સાથે લેવું

ઉપયોગ—ઉદરરોગ, જીર્ણજ્વર, બરલ, રકતપિત, અજીર્ણ, પેટનું દરદ મટાડી દસ્ત જુલાબ સાફ લાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુચના—આ મખ્ત જુલાબછે માટે વિચારીને ઉપયેાગ કરવેા અને જ્યારે બંધ કરવાની જરૂર જણાય ત્યારે ઠંડું પાણી પીવાથી બંધ થઇ જશે. પછી પથ્ય ખેારાક ખાવેા.

૧૫૬ અર્કવકી.

બનાવટ—શુદ્ધ અરીણુ તેા. ૧ લવંગ તેા. ૨॥
આકડાનારવાઇડા તેા. ૨॥ સિંધવ તેા. ૧।
ટંકણખાર તેા. ૧। તજ તેા. ૦॥
જેઠીમધ તેા. ૧ અજમેા તેા. ૧।

રીત—ઉપરની દવાઓને ખાંડી બારીક કરી ખરલમાં અરીણુના કસુંબા સાથે ઘુંટી રતીભારની ગેાળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણુ—એકેક ગેાળી ચુસવી. આખા દીવસમાં ૧૦થી વધુ ગેાળી ન લેવી.

ઉપયેાગ—ખાંસી માટે સારેા ઉપાય છે. નવી જુની ગમે તેવી ખાંસીને મટાડે છે ને કફ છુટેા કરી આરામ આપે છે.

૧૫૭ ખદીરાદી વટી.

બનાવટ—શુદ્ધ સારેા કાથેા તેાલા ૪૦૦ લઇ તેને પાણી તેા૦ ૮૦૦માં નાંખી ક્વાથ કરી લેવેા તેમાં નીચેની વસ્તુઓનું બારીક ચુર્ણ નાંખી ઘુંટી સુકવી ગેાળી બનાવી રાખવી. ચીજોનાં નામઃ—

ચંદન. પદમક, વાળેા, મજીઠ, ધાવડીનાં ફુલ, મેાથ, કમળકાકડી, જેઠીમધ, તજ, તમાલપત્ર, નાગકેશર, લાખ, રસવંતી, જટામાસી, લેાદર,, હરડા, બહેડા, આમડા, હળદર, દારૂહળદર, ધણુંલા, એલચી, મજીઠ, કાયફળ, વજ, જવાસેા, અગર, પતંગ, ગેરૂ અને સુરમેા એ દરેક એક એક તેાલેા, તથા જાયફળ, જાવંત્રી, લવંગ, કંકેાળ એ ચાર ચાર તેાલા લેવા જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—મોંમાં રાખી દવા ચુસવી જોઇએ તેથી ગળાનાં, હોઠનાં મોઢાનાં તમામ દરદો મટી મુખપાક વગેરેમાં આરામ થાય છે. તથા દંતરોગ મટી દાંત મજબુત બને છે. મોં અને દાંતના દરદોમાં ઉતમ હોવાની સાથે ખાંસી સ્વરભંગમાં ઠીક છે.

૧૫૮ અમરસુંદરી ગુટીકા.

બનાવટ—શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમડા, પીપરી મુલ, રેણુકબીજ, ચિત્રક, લોંહભસ્મ, તજ, તમાલપત્ર, એલચી, નાગ. કેશર, શુધ્ધ પારદ, શુધ્ધ ગંધક, શુધ્ધ વછનાગ, વાવડીંગ, અકલકરો, મોથ, આ દરેક ચીજ સરખે વજને લઇ ચુર્ણ કરી ખરલમાં ઘુંટી લેવું.

રીત—પ્રથમ પારદ વગેરે રસ દ્રવ્યની ખરલમાં કજ્જલી બનાવી તેમાં બીજી દવાઓનું ચુર્ણ મેળવી, આ દવાનું જે વજન થાય તેથી બમણા વજને ગોળ લઇ તેમાં બધી દવાઓ ઘુંટી લઇ ગોળી વાળવા જેવું થતાં ચણા જેવડી ગોળી બનાવી છાંયે સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૩ ગોલી.

અનુપાન—પાણી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

ઉપયોગ—અપસ્માર, સન્નિપાંત, દમ, ખાંસી, હરસ, સર્વ જાતના વાયુના દરદો, ઉન્માદ વગેરે મટાડી જ્ઞાન તંતુઓને પોતાના સરળ કાર્યમાં મદદ કરે છે.

૧૫૯ શંશમની નં. ૧

બનાવટ—લીંબડાના ઝાડ ઉપર ચડેલી લીલોગળો લાવી તેના અંકેક ઇંચના ટુકડા કરી તેને પાણીથી ધોઇ લાકડાની ખાંડણીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી ખુંદી તેનાથી ચાર ગણા પાણીમાં ત્રણ કલાક પલાળી મુકવા પછી તેને હાથ વડે ખુબ ચોળી મસળી કુચા જેવો ભાગ હોયતે કાઢી બ્હાર નાંખી દેવો અને જે પાણી રહે તેને કપડે ગાળી લઇ ચુલે ચડાવી દેવો અને તે ધીમે ધીમે તાપે ઉકાળી ઘટ અવલેહ ઘન-જેવો બનાવી નીચે ઉતારી સુકવી દેવો જ્યારે તે ખરલમાં ખુંટવા લાયક થાય ત્યારે તેમાં તે ઘનનું વજન તોલા ૧૦ હોયતો તેમાં લોહભસ્મ તો. ૧ નાંખી ખુંટી લેવું અને જરા ઘી વાળો હાથ કરી તેની મરી જેવડી ગોળી બનાવી છાંયે સુકવી પછી બાટલી ભરી રાખવી,

પ્રમાણ—એક ગ્રેનની ગોળી દરેક વખતે ૪ થી ૮ સુધી લેવી

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી અથવા દુધ.

ઉપયોગ—નબળાઇ, ફીકાશ, જીર્ણજ્વર, પાંડુ, દાહ, અગ્નિની મંદતા, ક્ષય, હૃદયરોગ, ધાતુની નબળાઇ, વગેરેમાં બહુ ઉપયોગી છે. કટુ પૌષ્ટક તરીકે અને શોધક તરીકે ઠીક છે. નબળા દરદીઓ માટે સારી ગણાય છે.

---

૧૬૦ શંશમની નં. ૨

બનાવટ—શંશમની નં. ૧ ની ઉપર જે બનાવટ આપવામાં આવીછે તે મુજબ કાળારંગનો ગળોનોઘન તૈયાર થાય તેમાં લોહ ભસ્મ નહિં નાંખતાં તેમાં સુવર્ણ માક્ષિક ભસ્મ ઉપરનાં વજન પ્રમાણે નાંખી ઉપર મુજબ ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—એકેક ગ્રેનની ગોળી દરેક વખતે ૪ થી ૮

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ કે પાણી.

ઉપયોગ—નબળાઇ, સફેદ પ્રદર, પાંડુરોગ, ફીકાશ, જીર્ણજ્વર, ક્ષય, હૃદયરોગ વગેરેમાં ઠીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૧ શંશમની નં. ૩

બનાવટ—ઉપરની રીત પ્રમાણે બનાવી શકાય છે. માત્ર ફરક એટલો છે કે શંશમની નં. ૧ માં લોહ ભસ્મ અને નં. ૨ જામાં માક્ષિક ભસ્મ પડે છે. જ્યારે નં. ૩ જામાં કોઇપણ જાતની ભસ્મ નાંખ્યા શિવાય ઘન તૈયાર કરી તેમાંથી ઉપર મુજબ ગોળી બનાવી લેવાય છે. અને તે નં. ત્રીજાની શંશમની ગણાય છે.

ઉપયોગ—જ્વર, સુવાવડીનો તાવ, બાળકોનો તાવ, મંદાગ્નિ, પ્રદર, નબળાઇ તથા શરદી, ઝાડા, ઉધરસ, પેટચડવું વગેરે બાળરોગ માં ખાસ વપરાય છે.

પ્રમાણ—૪ થી ૧૬ ગોળી. દર ચાર કલાકે.

અનુપાન—પાણી.

---

૧૬૨ પ્રવાહીકા નાશક વટી.

બનાવટ—અફીણ ૪ ભાગ, હિંગળો શુદ્ધ ૨ ભાગ.
ટંકણખાર ફુલાવેલ ૧ ભાગ.

રીત—એક નાની ખરલમાં ત્રણેને વાટીને પાણીની સાથે મરી જેવડી ગોળી બનાવી લેવી આસરે ગોળી એકેક ગ્રેનની બનાવવી જોઇએ.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—મધસાથે ચાટવી અથવા પાણી સાથે લેવી.

ઉપયોગ—મરડો, આમાતિસાર, પ્રવાહીકા, સંગ્રહણી, ઝાડો, ખાસ કરી જુના મરડામાં વખણાય છે.

સૂચના—આ દવા નાનાં બાળક માટે વાપરવી હોય તો બહુજ સંભાળથી ઓછી માત્રામાં વિચાર કરીને આપવી, કેમકે તેમાં અફીણ ખાસ આવે છે. અને યોગ્ય પથ્ય રાખી દવા લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્ય—મરડાના રોગી માટે છાશ ભાત અને દાડમનો રસ અથવા બીલીનો મુરબ્બો આપવાથી આ દવા જલદી ફાયદો આપે છે.

૧૬૩ દાડીમી વટી.

બનાવટ—કડાછાલ તો. ૦॥	બુરાસાની અજમો તો. ૦॥
કેસર તો. ૦॥	ઉપલેટ તો. ૦॥
ગાંન્ધે તો. ૦॥	ગુગળ તો. ૦॥
બીલીનો ગરભ તો. ૦॥	લોદર તો. ૦॥
ધાવડીના ફુલ તો. ૦॥	આંબાની ગોટલી તો. ૦॥
અરીણુ તો. ૦॥	કાચા દાડીમ નંગ બે,

રીત—ઉપરની તમામ દવાઓનું ચુર્ણ તૈયાર કરી રાખવું. અને માત્ર બે દાડીમ જુદાં લઇ તેમાં ડગળી આપી વચ્ચે ખાડો કરી તેમાં ઉપરનું ચુર્ણ તથા તેનાં બીયાંને ભરી ડગળી બંધ કરી તેના ઉપર લીલું કપડું વીંટી પછી તેના પર માટી લગાડી થોડાક છાણાની અગ્નિમાં પકાવવું જ્યારે ઉપરની માટી બરાબર લાલ થાય ત્યારે કાઢી લઇ ઠંડુ થવા દેવું. પછી તે બે દાડમની ઉપરથી કપડું માટી ફેંકી દઇ આખાં બે દાડીમને ખરલમાં વાટી મધ નાંખી વટાણા જેવડી ગોળી બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ ગોળી. દિવસમાં બેથી ત્રણ વખત લેવી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—ઝાડો, મરડો, રક્તાતિસાર, પ્રવાહીકા વગેરે ગમે તેવા જોરદાર હોય તો પણ મટે છે

૧૬૪ આમરાક્ષસીગુટીકા.

બનાવટ—શુદ્ધ હિંગળો તો. ૧	જાયફળ તો. ૧
અરીણુ તો. ૧	લવંગ તો. ૧
મરી તો. ૧	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—સમ ભાગે ચીન્ને લઇ બારીક વાટી પાણી સાથે ખરલમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી પાણી સાથે.

ઉપયોગ—અતિસાર, મરડો, સંગ્રહણી, કોલેરા, અજીર્ણ વગેરેમાં પાચન શક્તિ સુધારી તરત ઝાડા બંધ કરેછે મરડા અને કોલેરામાં ખાસ ઉપયોગી છે રક્તાતિસાર પણ બંધ કરે છે.

---

૧૬૫ પથ્યાદિ વટી

બનાવટ—હરડે સારી લાવી તેનું ચુર્ણ તોલા ૫ લઇ તેમાં સુંઠનું ચુર્ણ તોલા ૨॥ નાંખી મેળવી તેમાં ખપે તેટલો ગોળ નાંખી ઘુંટી ગોળી ચણાબોર પ્રમાણે કરી રાખવી.

પ્રમાણ—૩થી ૬ ગોળી એક વખતે લેવી,

અનુપાન—પાણી અથવા રોગ મુજબ.

સમય—રાત્રે અથવા જરૂર જણાય ત્યારે.

ઉપયોગ—તમામ રોગમાં વપરાય તેવી ઉતમ દવા છે. આ દવાથી દસ્ત સાફ આવી વાયુ શાંત થાયુ છે. અને આજકાલ સર્વ રોગનું મુળ તપાસીશું તો તેમાં પ્રથમ વાયુ અને કબજીઅતજ મુખ્ય જણાય છે. આ સાદી દવાથી મહાત્મા લોકો ભયંકર વ્યાધિઓ મટાડી ચમત્કાર બતાવી ગયા છે તેજ આ શાસ્ત્રીય પ્રયોગ છે. દરેકને બનાવી વાપરવા ભલામણ છે.

---

૧૬૬ રાજેન્દ્ર વટી.

બનાવટ—કસ્તુરી તો૦ ૨
અફીણ તો૦ ૪
જાયફળ તો૦ ૮
ભીમસેની કપુર તો૦ ૪
કેશર તો૦૮
જાવંત્રી તો૦ ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તજ તો૦ ૮	લવંગ તો૦ ૮
એલચી તો૦ ૮	અકલકરો તો૦ ૮

રીત—દરેકનું બારીક ચૂર્ણ લઇ નાગરવેલના પાનના રસમાં ઘુંટી મગના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી બાટલી ભરી રાખવી,

પ્રમાણ—૧ થી ૪ ગોળી. દુધ સાથે.

ઉપયોગ—શરદી, ખાંસી, શળેખમ, શ્વાસ, નબળાઇ, ઝાડા, અછણું, વાયુ, ધાતુશ્રાવ, વીર્યનું, પાતળાપણું, સ્વપ્નશ્રાવ, બાળકોની નબળાઇ, ઝાડા, ખાંસી, સરદી, આંચકી વગેરે તમામ દરદોમાં તરતજ ફાયદો આપે છે. અને સ્ટીમ્યુલંટ (ઉતેજક) દવા તરીકે કોઇપણ દરદમાં સારો ફાયદો બતાવે છે.

સુચના—આખા દિવસમાં ૧૨ થી વધારે ગોળી ન લેવી. અને બચ્ચાંને એક ગોળીથી વધારે એક વખતમાં ન આપવી આખા દીવસમાં બાળકને ત્રણ ગોળી આપી શકાય છે.

---

૧૬૭ જાતીફલાદી વટી.

બનાવટ—જાયફળ, અફીણ, બારેકનો ભૂકો દરેક એકેક તોલો લઇ વાટી પાણી સાથે ઘુંટી રતીભારની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—એકથી બે ગોળી.

અનુપાન—પાણી કે છાશ સાથે,

સમય—દર ચાર ચાર કલાકે દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—અતિસાર, સંગ્રહણી, આમાતિસાર કે પ્રવાહીકા મટે.

સૂચના—આ દવામાં અફીણ મુખ્યભાગે સમ ભાગે આવે છે માટે ધ્યાન રાખીને વાપરવી અને બાળકને આ દવા બનતાં સુધી આપવીજ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૮ ભીમસેની ગુટીકા.

બનાવટ—હરડેની છાલ, હીમેજ હરડે, કડુ ઈંદ્રવારૂણીની જડ, કુવાડીયાનાં બીજ રેવચીનીનો શીરો શુંઠ મરી પીપર હરડે છાલ બહેડા છાલ, આમડાનીછાલ એ સર્વ સમ ભાગે તથા તેનાથી બમણું એળી-આનું ચૂર્ણ લેવું

રીત—ઉપરની દવાને ખરલમાં નાંખી કુંવારના રસમાં બે દહાડા ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી લેવી.

પ્રમાણ—એકથી બે ગોળી.

અનુપાન—પાણી સાથે રાત્રે સુતી વખતે લેવાય.

ઉપયોગ—જુલાબની ગોળી તરીકે લેવાથી પેટને સાફ કરી કબજીઆત, મટાડે, ઉદરરોગ, કમળો, કમીરોગ, જીર્ણજ્વર, અર્શ વગેરેમાં પેટ સાફ કરી ફાયદો આપે છે.

---

૧૬૯ અમૃતપ્રભા વટી

બનાવટ—અકલકરો સિંધાલુણ, ચિત્રક, મરી, આમડા. પીપર અજમો, હરડે છાલ, એ દરેક અકેક તોલો તથા શુંઠ તોલા બે આ પ્રમાણે ચીજોનું ચુર્ણ લેવું,

રીત—ઉપરના ચુર્ણને બીજોરા લીંબુના રસમાં એક દીવસ ઘુંટી ચણા પ્રમાણે ગોલી કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ

અનુપાન—પાણી સાથે આપવી.

ઉપયોગ—મંદાગ્નિ, અરૂચી, ખાંસી, દમ, શ્લેષ્મ, ગળાનું દરદ, શરદી, વાયુનો તાવ, પેટની ચુંક વગેરે મટી ભૂખ લાગે અને ખાધેલું પચાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૦ જવરઘ્નની વટી.

બનાવટ--પીપર તોલા ૨ જીરૂં તોલા ૨॥
કાંકચનીમંજ તો. ૪ બાવળનાં પાન તો, ૧॥

રીત--દરેક દવાને બારીક વાટી ખરલમાં નાંખી તેને પાણી સાથે ઘુંટી વટાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી,

પ્રમાણ---૨ થી ૪ ગોળી,

સમય----દર ત્રણ ત્રણ કલાકે,

અનુપાન---ગરમ પાણી સાથે લેવાય,

ઉપયોગ----દરેક પ્રકારનાં તાવ માટે વપરાય તેથી તાવ ઉતરે છે, અને ટાઢીઓ તાવ અટકે છે.

૧૭૧ કેશરાદ્ધી વટી.

બનાવટ--કેશર, જાયફળ, એલચી, શુંઠ, લવંગ, અફીણ, હીંગળો શુધ્ધ સમભાગે લેવા.

રીત--અફીણના ડોડવાનો કવાથ કરી ઉપરની દવાનું ચુર્ણ ખરલમાં નાંખી તે કવાથમાં ઘુંટી એકેક રતીભારની ગોળી બનાવી લેવી.

પ્રમાણ--એક થી બે ગોળી.

અનુપાન--ચોખાના ધોણ સાથે.

સમય----સવાર બપોર અને સાંજ.

ઉપયોગ----અતિસાર, મરડો, પેટની ચુંક, જમ્યાપછી પેટમાં ગડબડાટ થઇ ઝાડો લાગવો વગેરે માટે ઠીક છે. ઝાડા બંધ કરી દુખાવો મટાડે છે.

૧૭૨ યષ્ટીમધુવટી.નં. ૧

બનાવટ—એલચી તો૦ ૪ લવંગ તો૦ ૪
બહેડાની છાલ તો૦ ૪ વર્યાળી તો૦ ૪
ચોખો કાથો તો૦ ૪ કાળાં મરી તો૦ ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઠીમધ તો૦ ૪ જેઠીમધનો શીરો તો૦ ૧૬
પીપરમેન્ટનાં ફુલ તો૦ ૧

રીત—પ્રથમની આઠ દવાનું બારીક ચુર્ણ લઇ તેમાં નવમી દવા મેળવી ઘુંટી પાણી સાથે ખરલમાં વાટી વટાણા જેવડી ગોળી બનાવી લેવી. અને તે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—આખા દીવસમાં બાર ગોળી સુધી વાલે.

સમય—મોંમાં ગોળી રાખી ચુસ્યા કરવી જ્યારે જ્યારે ખાંસી આવે ત્યારે ખાસ લેવી જોઇએ.

ઉપયોગ—ખાંસી, સ્વરભંગ, શ્લેષ્મ, ગળાનો વરમ, શોષ, વગેરે મટાળી કફ છુટો કરી ગળાને સુંવાળું બનાવે છે.

---

૧૭૩ દુગ્ધ વટી.

બનાવટ—વછનાગ તો. ૧⁄૮ અફીણ તો. ૧⁄૮
લોહભસ્મ તો. ૦)૮।। અભ્રકભસ્મ તો. ૧।।⁄૮

રીત—ઉપરની દવાઓને ખરલમાં ઘુંટી દુધમાં વાટી તેની રતીભારની અથવા અકેક ગ્રેનની ગોળી વાળી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી (૧થી ૨ રતીભાર)

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ સાથે,

ઉપયોગ—સોજા, સંગ્રહણી, મંદાગ્નિ, વિષમજ્વર, પાંડુરોગ, ઝાડા વગેરે મટે છે.

પથ્થ—આ ગોળીખાનારે જ્યાં સુધી દવા ચાલુ હોય ત્યાં લગી માત્ર દુધ ઉપરજ રહેવું. પાણી અથવા બીજા કોઇ પણ પદાર્થનો ઉપયોગ ન કરવો જોઇએ, તોજ સારો ફાયદો થાયછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૪ સપ્તાંગ ગુગળ.

બનાવટ—શુંઠ, મરી, પીપર, હરડાં, બહેડા, આમડા એ સર્વ દવા સમભાગે લઇ તેમાં શુદ્ધ ગુગળ સમભાગે એટલે એ છ દવાને સરખે વજને મેળવી પાક જેવું કરી ગોળી ચણાપુરની બનાવી રાખવી.

પ્રમાણ—૬ થી ૬ ગોળી સવાર સાંજ એ વખત.

અનુપાન—મંજીષ્ઠાદિ કવાથ સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ—નાડીવ્રણ, ભગંદર, શુળ, વ્રણ, રક્તદોષ, વગેરે માટે છે. અને શરીરને સુધારે છે.

---

૧૭૫ કોલેરાની ગોળી.

બનાવટ—શેકેલા ધાણા તોલા ૪ જાવીંત્રી તો. ૩ છરૂં તો, ૩ અતિવિષ, પંદ્રયવ, અજમો, કાંકચનીચીંજ, લવંગ એ દરેક બે બે તોલા, વજ, હિંગ, કપુર, લસણ, સિંધાલુણ, જાયફલ, અઘેડાનું મુળ એ દરેક અકેક તોલે, બીડલવણ, શુંઠ, કાળાં મરી, બીલીનો ગરભ, પીપર, પીપરીમુળ, રાળ, એલચી, હરડે એ દરેક અર્ધ અર્ધ તોલે, તથા ખપે તેટલો લીંબુનો રસ,

રીત—પ્રથમ સર્વ દવાઓને ખાંડી કપડે ચાળી ખરલમાં નાંખી લીંબુના રસમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ ગોળી.

સમય—દર ૧ા કલાકે.

અનુપાન—ડુંગળીનોરસ અથવા સ્વચ્છ પાણી.

ઉપયોગ—કોલેરા માટે આ દવા અકસીર જણાઇ છે. એ શિવાય પેટના દરદોમાં પણ સારી જણાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૬ કર્પૂરસુંદરી ગુટીકા.

બનાવટ—કપુર, જાયફળ, જાવંત્રી, ધતુરાના બીજ, સમુદ્ર શોષના બીજ, અકલકરો, શુંઠ, મરી' પીપર, ચોપચીની, શેકેલ કુ ચનાં બીજ એ દરેક એક એક તોલો શેકેલી ભાંગ તો. ૧૬ અફીણ તો. ૧૧ વછનાગ તો. ૫૫.

રીત—દરેક વસ્તુને ખાંડી તેમાં અફીણનો કસુંબો નાંખી તે ભાંગરાના રસની ભાવના આપી મરી જેવડી ગોળી બનાવી છાંયે સુકવી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

અનુપાન—પાણી સાથે અથવા કડાછાલના ભુકા સાથે.

સમય—દિવસમાં બે થી ત્રણ વખતે લેવા.

ઉપયોગ—ઝાડો, મરડો, સંગ્રહણી, અર્શ, મંદાગ્નિ, જ્વરાતિસાર વગેરે માટે ઉત્તમ છે તથા ચાલુ થોડો વખત વાપરવાથી અફીણનું બંધાણ છુટી જાય છે.

સુચના—આ દવામાં અફીણ મોટા પ્રમાણમાં છે માટે બાળક કને સંભાળથી પ્રમાણનો વિચાર કરીને દવા આપવી, તથા ઝાડાના દરદ પ્રમાણે પથ્થ રાખવું.

---

૧૭૭ સૂર્યપ્રભા વટી.

બનાવટ—ભારંગી, ભીલામ શુધ્ધ, અરણી, અભ્રક ભસ્મ, કેળનોકંદ, કાળીપાટ, વજ, ગોરોચન, ચવક, તમાલ પત્ર, ચિત્રક, શુંઠ, મરી, પીપર, જવખાર, સાજીખાર, ગંધકશુધ્ધ, પારદ શુધ્ધ, ત્રાયમાણ, વિકળો, કાળો વછનાગ શુધ્ધ, લાલ વછનાગ શુધ્ધ, લવંગ, લીંડીપીપર, કુષ્ટ, તાડનાં ફળ, હરડાં, બહેડાં, આમળા, બ્રાહ્મી, લતાકસ્તુરી, ગળો, બીલીનો ગરભ, પાંચે પ્રકારનાં લવણ, જુઇનાં ફુલ, ચમેલીનાં ફુલ, મોગરાનાં ફુલ, બોલસરીનાં ફુલ, માલકં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતાનાં ફુલ, બપોરીઆનાં ફુલ, એ બધાને ખાંડી બારીક ચુર્ણ કરી લેવું. અને પારદ ગંધકની કજ્જલી બનાવી તેમાં દવા મેળવી તેને એરંડ તેલમાં ઘુંટી ચણીબોર જેવડી ગોળી કરી રાખવી.

પ્રમાણ--૨ ગોળી; દિવસમાં બે વખત, પાણી સાથે.

ઉપયોગ—તમામ પ્રકારના ઉદર રોગને મટાડી અગ્નિ દીપન કરે છે, જુનાં પેટના દરદોમાં બહુજ વખણાય છે,

---

૧૭૮ સુવર્ણ વસંતમાલતી.

બનાવટ—સોનાનાં વરખ અથવા ભસ્મ તો૦૧ મોતીની પીષ્ટી તો૦૨
રસ સિંદુર તો૦૬ સફેદ મરી તો૦ ૪
યસદ ભસ્મ તો૦ ૮ (અથવા ખાપરીયું શુધ્ધ તો૦ ૮)

રીત—દરેક ચીજને બરાબર વાટેલી લઇ સાથે મેળવી બરાબર ખરલ થઇ જાય ત્યારે તેમાં માખણ તો. બે નાખી બરાબર ઘુંટી પછી તેમાં લીંબુનો રસ નાંખતા જવું અને ઘુંટવું. આશરે વીશેક દીવસ સુધી એમ ચાલુ ઘુંટવાથી માખણની ચીકાસ મટી જઇ સ્વાદ પારખતાં ખટાશ થઇ જશે ત્યારે સમજવું કે હવે તૈયાર થઇ ગઇ છે પછી રતીભારની આશરે ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ— એક રતીભારથી તે ત્રણ રતીભાર સુધી.

સમય--સવાર સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન--પીપરનું ચુર્ણ વાલ ૧ તથા મધ અથવા માખણ સાથે ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ-- ક્ષયરોગ, મગજની, નબળાઇ, ધાતુક્ષીણતા, જીર્ણ જ્વર, ખાંસી, સંગ્રહણી, નબળાઇ, હૃદયરોગ, મસ્તક શુળ, ચક્કર આવવા તેમજ ચાલુ નબળાઇમાં ખાસ વખણાય છે. મગજ શક્તિ વધારે છે અને જુના રોગોમાં સારૂં કામ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્ય—આ દવા ચાલુ હોય ત્યારે પચે તેવો પૌષ્ટિક ખોરાક લેવો અને દરદને અનુકુળ થાય તેવું પથ્ય પાળવું.

---

૧૭૯ મહાલક્ષ્મીવિલાસ રસ.

બનાવટ—લોહભસ્મ તો. ૧, શુધ્ધ ગંધક તો. ૨, રસસિંદુર તો. ૨, અભ્રક ભસ્મ તો. ૪, વંગ ભસ્મ તો. ૧, રૌપ્ય ભસ્મ તો. ૧, તામ્રભસ્મ તો. ૧, સુવર્ણ માક્ષિક ભસ્મ તો. ૧, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, વરધારાનાં બીજ તો. ૧, કનકબીજ શુધ્ધ તો. ૧, ધોળી મુશલી તો. ૨, ભીમસેની કપુર તો. ૧, શુંઠ, મરી, પીપર, લવંગ, એલચી, મોથ અને શુધ્ધ ભાંગ એ દરેક એકેક તોલો તથા સુવર્ણ ભસ્મ તો ૦॥

રીત—દરેક વસ્તુ જુદી જુદી બારીક વાટેલી લેવી અને તે એક પછી એક ખરલમાં મેળવતા જવું, બરાબર ચીજો મળી જાય ત્યાર બાદ એક દીવસ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૩ રતીભાર.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ અથવા માખણ સાથે ચાટી ઉપર દુધ પીવું

ઉપયોગ—ક્ષયરોગ, ખાંસી, શરદી, શ્લેષ્મ, હૃદયરોગ, છાતીનું શુળ, પ્રદર, પ્રમેહ, મધુપ્રમેહ, દમ, અતિશયનબળાઇ, માથું દુઃખવું વગેરે મટે છે તેમજ મગજ પુષ્ટ થઇ ધાતુ ક્ષીણતા મટી અશકિત દુર થાય છે. વાજીકરણ ગુણ સાથે પૌષ્ટિક અને ઉતેજક છે.

---

૧૮૦ મન્મથવિલાસ રસ.

બનાવટ—રસસિંદુર તો. ૧, પારદ તો. ૨, ગંધક તો. ૨, અભ્રકભસ્મ તો. ૧॥ લોહભસ્મ તો. ૬૦, સફેદ મુશળી તો. ૪, ભીમસેની કપુર તો. ૧, ચોપચીની, જાયફળ, લવંગ, અજમોદ, મરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાળ, એલચી બીજ એ દરેક એક એક તોલો. એખરો, જાવંત્રી, લીંડીપીપર, કનકબીજ. શુંઠ, અકલકરો એ દરેક દોઢ દોઢ તોલો, હરેમળાની છાલ તો. પા૧, આસુંઠ તો. ૫, ઝેરકોચલાં તો. ૪, બળદાણા તો, ૯, આમળા તો, ૫, શતાવરી તો. પા૧,

રીત--પ્રથમની પાંચ વસ્તુઓ ખરલમાં જુદી મેળવી પછી તેમાં બીમસેની કપુર નાંખી દેવું અને ત્યાર બાદ દરેક વસ્તુનું બારીક ચુર્ણ લેઇ તેમાં મેળવી દઇ ખરલમાં ઘુંટી નાગરવેલના પાનના રસમાં ચણોઠી પુરની ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ અથવા પાણી અનુકુળ જણાય તે.

ઉપયોગ--આરોગ્ય સાચવવા તથા શક્તિ વર્ધક પૌષ્ટિક દવા તરીકે ચાલુ વાપરી શકાય છે. બીમારી પછીની નબળાઇ, નેત્રરોગ, વીર્યશ્રાવ, મગજની કે ધાતુની નબળાઇ મટાડી શક્તિ વધારે, તથા વીર્ય, બળ, કાંતિનો વધારો કરે હમેશાં વાપરવાથી સારો ફાયદો બતાવે. યુવાનો માટે ઉતમ દવા છે.

સુચના--નાનાં બાળકો કે સ્ત્રીઓ માટે પણ પાષ્ટિક તરીકે વપરાય છે.

---

૧૮૧. કર્મિકુઠાર રસ.

બનાવટ—કપુર તો૦ ૮
અજમો તો૦ ૧
વાવડીંગ તો૦ ૧
કેશર તો૦ ૧
પીતપાપડો તો૦ ૧
ત્રાયમાણ તો૦ ૧
કડાછાલ તો૦ ૧
હીંગળો શુધ્ધ તો૦ ૧
વછનાગ શુધ્ધ તો૦ ૧

રીત—દરેક દવાનું ચૂર્ણ લેઇ ખરલમાં ઘુંટી તેને પ્રથમ ખાલી પછી ભાંગરો પછી ઉંદરકાનીના રસની અથવા ક્વાથની એકેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવના આપી બધે રતીભારના વજનની ગોળી બનાવી સુકવી બાટલી માં રાખવી.

પ્રમાણ—વાલ ૧ થી વાલ ૨ સુધી.

અનુપાન—મધ અથવા વાવડીંગનો કવાથ,

સમય—જરૂર જણાય ત્યારે અથવા દરરોજ સવારનાં.

ઉપયોગ—પેટનાં કૃમી, અજીર્ણ, ચુંક, મોળ, વાયુ, ઝાડા, ઉલટી, કોલેરા વગેરેમાં સારો ફાયદો બતાવે છે.

---

૧૮૨ નારાચ રસ.

બનાવટ—શુધ્ધ પારદ, ૧ તોલો, શુધ્ધ ગંધક તોલા ૨
ટંકણખાર ફુલાવેલ તો. ૧ કાળાં મરી તો. ૧
પીપર તો. ૨ શુંઠ તોલા ૨
શુધ્ધ નેપાળો તોલા ૯

રીત—ઉપરની દવાઓ બારીક લઇ પ્રથમ પારદ ગંધકની કજળી કરી તેમાં બીજી દવાઓ મેળવી દશ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ રતીભાર.

અનુપાન—સાકરના ભુકા સાથે અથવા મધ સાથે ચાટી ઉપર ઠંડું પાણી પીવું.

ઉપયોગ—શુળ, ઉદરરોગ, વાયુ, ગોળો ચૂંક, કબજીઆત વગેરે મટાડી જુલાબ લાવે છે. આ દવા ખાસ કરી જુલાબ લેવા માટેજ અપાય છે.

સુચના—નાનાં બાળકોને કે નબળા દરદીઓને આ દવા આપવી નહિં. જુલાબ બંધ કરવું હોયતો સાકર વાળું પાણી પીવું અને ઉપર ખીચડી તથા ઘી ખાવા આપવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૩ મહાયોગરાજ ગુગળ.

બનાવટ—સુંઠ, પીપર, ચવક, પીપરીમુળ, ચિત્રકછાલ, શુંધ્ધ હીંગ, અજમોદ, સરસવ, જીરૂં, શાહજીરૂં. રેણુંકબીજ, ઇંદ્રયવ. કાળીપાટ, વાવડીંગ, ગજપીપર, કહુ, અતિવિષ, ભારંગી, વજ, મોઐડાશીંગ એ દરેક અકેક તોલો ત્રીફલા ચુર્ણ તો. ૪૦ શુધ્ધ ગુગળનો સીરો તોલા ૬૦, લોહભસ્મ, અભ્રક ભસ્મ, ચાંદીની ભસ્મ, મંડુર ભસ્મ, અંગભસ્મ, નાગ ભસ્મ રસસિંદુર એ દરેક દવા ચાર ચાર તોલા લઇ તેને જુદી વાટી લેવી,

રીત—પ્રથમ ઉપરની દવામાંથી ગુગળનો પાણીમાં અવલેહ જેવો શીરો બનાવી તેમાં ઉપરનાં વસાણાંનું જીણું ચુર્ણ નાંખી મેળવવું. અને પછી તેમાં ભસ્મો નાંખી ઘુંટી મેળવી તડકે સુકાવી જરા ઘી વાળો હાથ કરી તેની ચણીબોર પ્રમાણે ગોળી બનાવી બરાબર સુકવી બાટલી ભરી રાખવી. ગુગળ બનાવતાં ઘી વાળો હાથ હશે તો ચોંટવાની ધાસ્તી રહેશે નહિં. તેમ તપેલામાં દવાને બરાબર મેળવ્યા બાદ દવા કાઢી તેને ગરમ પાણીથી ધોઇ નાંખવાથી તે સાફ થઇ જાયછે.

પ્રમાણ—૨થી ૪ ગોળી સવાર સાંજ એ વખત. ઘી સાથે ચાટી ઉપર મહારાસ્નાદિ કવાથ પીવો,

ઉપયોગ—તમામ પ્રકારનાં વાત વ્યાધિ, મંદાગ્નિ, હરસ, ભગંદર, પ્રમેહ, પ્રદર, ઋતુદોષ, શ્વાસ, ખાંસી, વાયુ, કુષ્ટ, ક્ષય, વાતરકત, વિર્યદોષ, રજદોષ, ઉદાવર્ત, પાંડુ વગેરે તમામ દરદોનો નાશ કરવા આ દવા ઉતમ કામ કરે છે. વાયુની ખાસ દવા છે.

---

૧૮૪ વસંતકુસુમાકર રસ.

બનાવટ—સુવર્ણ ભસ્મ તો૦ ૨ અભ્રક ભસ્મ તો૦ ૨
લોહ ભસ્મ તો૦ ૩ રસસિંદુર તો૦ ૪॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ ભસ્મ તો૦ ૩ મુક્તાપિષ્ટી તો૦ ૪
પ્રવાલપિષ્ટિ તો૦ ૪ કસ્તુરી તો૦ ૧
ભીમસેની કપુર તો૦ ૧।।

રીત—પ્રથમની સાત દવાઓને ખરલમાં નાંખી ઘુંટી તેને ગાયનું દુધ, અરહુશીનો રસ, હળદરનો કવાથ, કેળના કંદનો રસ, ગુલા બના ફુલનો સ્વરસ. ચમેલીના ફુલનો રસ, તુલસીના પાનનો રસ, એ દરેકની એકેક ભાવના આપી સુકવી તેમાં કસ્તુરી તથા ભીમસેની કપુર મેળવી ઘુંટી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૧ થી ૨ રતીભાર સવાર સાંજ એ વખત.

અનુપાન—માખણ અથવા મધ સાથે ઉપર દુધ પીવું.

ઉપયોગ—તમામ પ્રકારના પ્રમેહ, મધુપ્રમેહ, વીર્યશ્રાવ, નપુંસકાઇ, ધાતુક્ષીણતા, સ્વપ્નશ્રાવ, પ્રદર, બહુમુત્ર, સોમરોગ વગેરે મટાડી અને શક્તિ આપે છે. વીર્યવર્ધક અને કામોતેજક છે.

---

૧૮૫ જયવટી.

બનાવટ—શુધ્ધ મનશીલ ૧ તોલો, શુધ્ધ હરતાલ ૧ તોલો, શુધ્ધ ગંધક ૧ તોલો, શુધ્ધ પારદ તોલો ૧।। લઇ મર્દન કરી તેમાં તામ્રભસ્મ તોલા ૪।। નાંખી ઘુંટી આકડાના દુધમાં તથા ભોંરીંગણીના રસમાં, ગળોના રસમાં, ત્રિફલાના કવાથમાં, ચિત્રકના અને ચવકના ઉકાળામાં જુદી જુદી એક એક ભાવના આપી મર્દન કરી એક ગોળો કરી લેવો. તે ગોળાને સુકવી તેનાપર આકડાનાં પાન વીંટીને ઉપર દશ કાપડ માટી કરી તેને સુકવી કુકુટ પુટમાં પકાવી લેવું. ઠંડુ થયા બાદ ઉપરની કપડ માટી તથા પાન વગેરે દુરકરી બહુજ સંભાળથી તેમાંનો ગોળો કાઢી લઇ ખરલમા ઘુંટી તેનું વજન સાત તોલા થાય તો તેમાં શુદ્ધ વછનાગ, ફુલાવેલો ટંકણખાર, પીપર, કાળાં મરી, એ દરેક દવાઓ ચૌદ ચૌદ આનીભાર તથા શુદ્ધ નેપાળો તોલા ૩।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી સર્વને ઘુંટી તેને લીંબુનો રસ તથા આદુનો રસ નાંખી એકેક ભાવના આપી ઘુંટી મગ પ્રમાણે ગોળી બનાવી લેવી.

પ્રમાણ—એક ગોળી વધુ જરૂર હોયતો બે ગોળી સવાર સાંજ દેવી.

અનુપાન—પતાસામાં મુકી ચાવી જવી અથવા મધ સાથે લેવી.

ઉપયોગ—કફજ્વર, વાતજ્વર, શ્વાસ, ખાંસી, મંદાગ્નિ, હરસ. પાંડુરોગ, ભગંદર વગેરેમાં ઠીક છે. ખાસ કરી આ ગોળીથી દસ્ત બે ત્રણ આવી પેટ સાફ થઇ જ્વર ઉતરી જાય છે. અનુપાન ભેદથી તમામ દરદમાં વપરાય છે.

---

૧૮૬ સૂતરાજ રસ.

બનાવટ—શુધ્ધ પારો, શુધ્ધ ગંધક, શુધ્ધ વછનાગ, ફુલાવેલો ટંકણખાર. દરેક ચીજ એકેક તોલો, શુધ્ધ ધતુરાના બીજ તો. ૪

રીત—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ લઇ એક દિવસ ખરલમાં વાટી તેને ધતુરાના બીજ તો. ૧ તથા વછનાગ તો. ૧ લઇ તેનો ઉકાળો કરી તેના ત્રણ પટ આપવા. પછી ત્રિકટુ તો. ૨।। લઇ તેનો ઉકાળો કરી તેના પાંચ પટ આપવા. અને પછી અડદના દાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એ ગોળી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—કફજ્વર શ્લેષ્મ શરદી ન્યુમોનીઆ ઇન્ફ્લુએંઝા વગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૧૮૭ કર્પૂર રસ.

બનાવટ—શુદ્ધ હિંગળો,, અફીણ. મોથ, ઇંદ્રજવ, જાયફળ, કપુર સર્વ સમભાગે લેવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—દરેકનું બારીક ચુર્ણ લઇ પાણીમાં ઘુંટી રતીભાર ની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

અનુપાન—પાણી સાથે.

સમય—દર ચાર કલાકે દિવસમા ત્રણ વખત લેવી.

ઉપયોગ—જ્વરાતિસાર, સંગ્રહણી, ઝાડા, રક્તાતિસાર વગેરે મટે.

---

૧૮૮ ગંધક રસાયન.

બનાવટ—પ્રથમ ગંધક આમણસારો શેર ૦॥ લાવી તેનો ભૂક્કો કરી તેને ઘી શેર ૦॥ માં નાખી ધીમે તાપે ગરમ કરી જ્યારે તે રસ થાય ત્યારે એક વાસણ મોટું લઇ તેમાં દુધ શેર ૨ નાંખી ઉપર કપડું જીણું બાંધી તેના ઉપર ગરમ કરેલું ગંધક ઘી શીએ રેડવું ઘી અને દુધને વાસણમાં મુકી દઇ તેમાંથી ગંધક કઢાડી લઇ તેને ગરમ પાણીથી ધોઇ સાફ કરી તેનો ભૂક્કો બનાવી ખરલમાં વાટવું અને તેને ગાયનું દૂધ, એલચીનો ઉકાળો, તજનો ઉકાળો, તમાલપત્રનો ઉકાળો, નાગકેશરનો ઉકાળો, ગળોનો રસ, હરડેનો ઉકાળો, બહેડાંનો ઉકાળો, આમડાનો ઉકાળો, શુંઠનો ઉકાળો, ભાંગરાનો રસ, તથા છેવટે આદુના રસની એમ દરેકની જુદી જુદી એક એક ભાવના આપી ઘુટતાં ઠીક સુકાય ત્યારે કપડે ચાળી લેવું.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર.

અનુપાન—બે આનીભાર સાકરના ભુકામાં દવા લઇ દુધથી ઉતારવી.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—મંદાગ્નિ, ખસ, ખરજવું, ચેળ, પાંડુરોગ, અંડવૃધ્ધિ, જીર્ણજ્વર, વાતરક્ત, પ્રમેહ, ધાતુક્ષય, શુળ, કુષ્ટરોગ, સોમરોગ, હરસ, વાતરોગ, રક્તવિકાર, વગેરેમાં વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્ય--આ દવા ખાનારે મરચાં, તેલ, ખટાઇ, અને અથાણાં બંધરાખી દુધનું વધારે સેવન રાખવું.

૧૮૯ ગ્રહણીકપાટ રસ.

બનાવટ—શુંઠ, મરી, પીપર, શુધ્ધ ગંધક, ટંકણખાર ફુલાવેલો, શુધ્ધ પારદ, કોડીની ભસ્મ, શુધ્ધ વછનાગ એ દરેક દવા સમ ભાગે લેવી.

રીત—ઉપરની દવાનું બારીક ચુર્ણ લઇ પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં ઘુંટી લીંબડાના પાનનો રસ નાંખ ઘુંટી અડદ જેવડી ગોળી બનાવી સુકવી રાખવી,

પ્રમાણ—૨થી ૪ ગોળી, દીવસમાં બે વખત.

અનુપાન—મરી, સાકર અને ઘી સાથે ઉતારવી. ઉપર પાણી પીવું,

ઉપયોગ—સંગ્રહણી અને ઝાડાના રોગમાં ઉતમ છે.

૧૯૦ ચંદ્રકળા રસ.

બનાવટ—શુંધ્ધ પારદ, તો. ૧ શુધ્ધ ગંધક તો ૨, તામ્ર ભસ્મ તો. ૧ અભ્રક ભસ્મ તોલો ૧ કપુ તો. ૧ ગળોસત્વ તો. ૧ ખંડસલીઓ તો. ૧ ચંદનનો ભૂકો તો. ૧ વાળો તો, ૧, માધવી તો. ૧ સારીવા તો. ૧ સર્વનું બારીક ચુર્ણ લેવું.

રીત—ઉપરની માત્રાઓ ઘુંટી તેમાં ચુર્ણ મેળવી તે સર્વને નાગરમોથનો કવાથ, દાડમનો રસ, ધોખડનો સ્વરસ, કેવડાનો સ્વરસ, દુધ, સહદેવીનો રસ, કુંવારનો રસ ખડસલીઆનો કવાથ, રામતુલશીનો રસ, સતાવરીનો કવાથ કે રસ, કાળીદ્રાખનો કવાથ એ દરેકની જુદી જુદી અકેક ભાવના આપી ઘુંટી સુકાવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૨થી ૪ રતીભાર દિવસમાં બે વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—જીરું અને સાકર અથવા દુધ કે માખણ સાથે અપાય,

ઉપયોગ—રક્તપિત્ત, પ્રદર, પ્રમેહ, સોમરોગ, પથરી, પિતજ્વર, દાહ, શરીરના કોઇપણ ભાગમાંથી પડતું લોહી અટકાવે અને ઠંડક આપે છે.

૧૯૧ લઘુલાહી ચુર્ણ.

બનાવટ—શુધ્ધ પારદ, શુધ્ધ ગંધક, શુંઠ, મરી, પીપર, અજમો જીરું શાહજીરું સંચળ સિંધાલુણ સિડલુણ શુદ્ધ હીંગ એ દરેક દ્રવ્ય સમ ભાગે લઇ ચુર્ણ કરી તેના બરાબર વજનમાં કહાછાસનું ચુર્ણ કરી મેળવી દેવું.

પ્રમાણ—૨ થી ૪ આનીભાર (૪ થી ૮ વાલ)

અનુપાન—પાણી અથવા ચોખાનું ધોણ.

ઉપયોગ—દરેક પ્રકારના અતિસાર, સંગ્રહણી, શુળ, મરડો, આફરો, વાયુ વગેરે મટે છે. પાચન થાય છે.

૧૯૨ હિંગુલેશ્વર રસ.

બનાવટ—શુધ્ધહીંગળો, પીપર, શુધ્ધ વછનાગ, સમભાગે લેવાં. અને તેને પાણીમાં વાટી ત્રણ દીવસ બરલમાં ઘુંટવું પછી એકેક રતીની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—વાતજ્વર, નવીન તાવમાં ઠીક છે.

પ્રમાણ—એકથી બે ગોળી, દીવસમાં ત્રણ વખત.

અનુપાન—પાણી સાથે લેવી.

૧૯૩ શૂળગજકેશરી રસ.

બનાવટ—શેકેલાં ઝેરકુચલા તો. ૨ શેકેલ કાંકચનીમીંજ તો. ૨
શુધ્ધ હીંગ તો. ૦॥ ટંકણ ખાર તો. ૦॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજમો તો, ૦॥ પીપર તો. ૦।
પીપરી મુળ તો, ૦। ચવક તો. ૦।
કાળાંમરી તો. ૦। શુંઠ તો. ૦।
હરડે છાલ તો. ૦। સાજીખાર તો. ૦।
સિંધાલુણ તો. ૦। યવક્ષાર તો, ૦।
સંચળ તો. ૦। ગંધક શુધ્ધ તો, ૦।
પારો શુધ્ધ તો. ૦। લેવાં.

રીત—દરેકને વિધીસર વાટી મેળવી તેને લીંબુના રસના ત્રણ પુટ આપી ઘુંટી ચણા જેવડી ગોળી વાળી માટલી ભરી લેવી.

પ્રમાણુ—૧થી ૨ ગોળી,

સમય—દિવસમાં બેથી ત્રણ વખત.

અનુપાન—પાણી સાથે,

ઉપયોગ—શુળ, વાયુ, આફરો, ચુંક. કબજીઆત, ઝાડા. અજીર્ણ વગેરે મટે છે.

---

૧૯૪ સમીરગજ કેસરી રસ.

બનાવટ—અશુદ્ધ ઝેરકોચલાંનો ભુક્કો તો૦ ૧ અફીણ તો૦ ૧
કાળાં મરી તો૦ ૧

રીત—નાગરવેલના પાનના રસમાં ત્રણેને ઘુંટી મગની દાળ જેવડી ગોળી વાળવી.

ઉપયોગ—ઝાડા તથા ઉલટી સાથેનો પેટનો દુખાવો, શુળ, વગેરે તરત મટે છે. વાયુને મટાડે છે.

પ્રમાણુ—૧ થી ૨ ગોળી.

અનુપાન—પાણી સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫ કાળો રસ.

બનાવટ—શુધ્ધ પારો તો. ૦॥ શુધ્ધ ગંધક તો. ૦॥ પુલા-વેલ ટંકણખાર તો. ૨. શુધ્ધ નેપાળો તો. ૩॥ એરંડીની મીંજ તો. ૪ શુંઠ તો. ૨॥ કાળાં મરી તો. ૧॥ નસોતરની છાલ તો. ૨॥ હરડે છાલ તો. ૬ એ દરેકનું ચુર્ણ લેવું.

રીત--પ્રથમની બે દવાની કજળી કરી તેમાં બીજી દવાઓ ધુંટી મેળવી સાત દીવસ બરલેમાં વાટવું એટલે કાળો રસ થશે.

પ્રમાણ—રતી બે ભાર અથવા તેથી ઓછો, પ્રકૃતિ પ્રમાણે લેવાય.

અનુપાન— ગરમપાણી સાથે લેવું.

ઉપયોગ—પેટનું શુળ, શ્વાસ, ઉધરસ, સમણી, વરાધ, અરીણનું ઝેર, હડકવા, પાંડુરોગ, જ્વર, શીળશ, વિષમજ્વર જીર્ણજ્વર, વિરુદ્ધ ટક, મળવિકાર વગેરેમાં પેટ સાફ કરી જુલાબ લાવે, અને શરીરનું શોધન કરી ઉપરની દરેક વ્યાધિ મટાડે.

સુચના—જુલાબ બંધ કરવા ખીચડી, ઘી ખાવું અને તરસ લાગે કે જુલાબ બંધ કરવો હોયતો સાકર વાળું પાણી પીવું, અને જુલાબ ન લાગે તો તડકે બેસવું, અને ચહા પીવો.

---

૧૯૬ પશૂપતિનાથ રસ.

બનાવટ--શુધ્ધ પારદ, ગંધક, હિંગળો, શુંઠ, મરી, પીપર, લવંગ, સિંધાલુણ, સંચળ, વડાગરૂં મીઠું, હીંગ, લોહભસ્મ, કપુર, હરડેછાલ, ટંકણખાર, કોડીની ભસ્મ, શંખ ભસ્મ, છીપ ભસ્મ, દરેક ચીજ અકેક તોલો લેવી.

રીત--દરેક વસ્તુનું ચુર્ણ લેવું. તેમાં પ્રથમ પારદ ગંધકની કજળી કરી તેમાં હીંગળો મેળવી ધુંટી બીજી બાકીની ચીજો મેળવી દઇ તેને લીંબુના રસમાં ધુંટી ચણા જેવડી ગોળી વાળી છાંયે સુકવી બાટલીમાં ભરી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ--૭થી ૬ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન--ઘી સાથે ચાંટવી અથવા પાણી સાથે લેવી.

ઉપયોગ--અજીર્ણ, મંદાગ્નિ. અરૂચી, મોળ, ગુલ્મ, શુળ, બરલ, લીવરની ગાંઠ, ટાઢી ગાંઠ વગેરે તમામ પેટનાં દરદો મટે છે,

---

૧૯૭ પ્રતાપ લંકેશ્વર રસ.

બનાવટ—શુદ્ધ પારદ ૧ ભાગ, અભ્રક ભસ્મ ૨ ભાગ
ગંધક શુદ્ધ ૧ ભાગ, મરી ૩ ભાગ,
લોહ ભસ્મ ૪ ભાગ, શંખ ભસ્મ ૮ ભાગ,
વછનાગ ૧ ભાગ. અડાયાછાણાની રાખ ૧૬ ભાગ

રીત—આ દવાને બારીક વાટી કપડછાણ કરી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ--૩ થી ૬ રતીભાર.

અનુપાન—મધ સાથે.

ઉપયોગ—સુવાવડી સ્ત્રીના તમામ રોગોમાં આ દવા અજબ કામ કરે છે. તાવ, ખાંસી, માથાનું દરદ, વાયુ, શરદી, આંચકી, ચુંક વાતરોગ, કફરોગ, ત્રિદોષ, અતિસાર, વગેરેમાં વપરાય છે. અને સારો ફાયદો આપે છે.

---

૧૯૮ પ્રદરારી રસ.

બનાવટ—રસસિંદુર તો૦ ૨ અંગભસ્મ, લોહભસ્મ, યશદ ભસ્મ, અફીણ, કેળનો કંદ, કમળનો કંદ, શતાવરી, એ દરેક તો. એક એક લેવાં

રીત—દરેક વસ્તુનું બારીક ચુર્ણ લઇ તેને બરલ કરી તેમાં આશોપાલવની છાલના ઉકાળાની ત્રણ ભાવના આપી ધુંટી ચણા જેવડી ગોળી વાળી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૩થી ૬ રતીભાર,
અનુપાન--મધ સાથે ચાટી જવું.
સમય—સવાર, બપોર અને સાંજ ત્રણ વખત.
ઉપયોગ—તમામ જાતના પ્રદરને મટાડે છે.

---

૧૯૯ કલ્પતરૂ રસ.

બનાવટ—શુધ્ધ પારદ ૧ તોલો, શુધ્ધ ગંધક ૨ તોલા,
શુધ્ધ વછનાગ તોલો ૧, શુધ્ધ મનશીલ ૧ તોલો.
સુવર્ણ માક્ષિકભસ્મ તો, ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧
શુંઠ તો. ૨ પીપર તો. ૨
મરી તોલા ૧૦

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી ચીજો અનુક્રમે ધીમેથી મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર,
અનુપાન—મધસાથે.

ઉપયોગ—કફજ્વર, શરદી, ખાંસી, શ્વાસ, હાંફણ, વગેરે મટે છે તથા મુર્છા વાળા દરદીને આ દવાની ચપટી ભરી નાકમાં નાંખવાથી શુદ્ધિ આવે છે. બાળકોના તાવ અને ખાંસીમાં ઠીક ફાયદો આપે છે.

---

૨૦૦ હેમાભ્રરસસિંદુર.

બનાવટ—અભ્રકભસ્મ રસસિંદુર અને સુવર્ણભસ્મ સમ ભાગે લઇ તેને આદુના રસમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી લેવી.

ઉપયોગ—ક્ષય, ખાંસી, શ્વાસ, પાંડુરોગ, કમળો, સંગ્રહણી, ધાતુક્ષય નબળાઇ વગેરે મટે છે.

પ્રમાણ—૨ ગોળી. અનુપાન—દુધ સાથે સવાર સાંજ લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦૧ શ્વાસચિંતામણી રસ.

બનાવટ—શુદ્ધ પારદ, ગંધક, તામ્રભસ્મ, શુક્તિભસ્મ, શંખ ભસ્મ એ દરેક એક એક તોલો તથા અભ્રક ભસ્મ તો. ૧॥ મુક્તા ભસ્મ તો. ૦। સુવર્ણભસ્મ તો. ૦। રૌપ્યભસ્મ તો. ૦। સુવર્ણમાક્ષિક ભસ્મ તો. ૧ ટંકણખાર, વછનાગ, શુંઠ, મરી, પીપર, મનશીલ, કન કબીજ એ દરેક તોલો એક એક દરેકને સાફકરી જુદાં જુદાં વાટેલાં લેવાં.

રીત—ઉપરની દવાઓમાંથી પ્રથમ માત્રાઓને ખરલમાં ઘુંટી તેમાં બીજી દવાઓનું બારીક ચુર્ણ મેળવી તેને ભોરીંગણીના ડોડવાનો, નગોડ અને આદુનો રસ જુદો જુદો કાઢી તેની એક એક ભાવના આપી ઘુંટી બારીક કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર. મધ અથવા પાણી સાથે દિવસ માં બે વખત સવાર સાંજ લેવી.

ઉપયોગ—પાંચ પ્રકારનો શ્વાસરોગ, છાતીનાં દરદ, હેડકી, ખાંસી, દમ વગેરે મટે છે.

---

૨૦૨ મનમથાભ્ર રસ.

બનાવટ—શુદ્ધ પારદ તોલા ૪ શુદ્ધ ગંધક તોલા ૪
અભ્રક ભસ્મ તોલા ૨ ભીમસેની કપુર તો. ૧
બંગ ભસ્મ તો. ૦॥ તામ્રભસ્મ તો. ૦॥
લોહ ભસ્મ તો. ૧ વિદારી કંદ તો. ૦॥
વરધારો તો. ૦॥ શતાવરી તો ૦॥
જીરો તો. ૦॥ એખરો તો ૦॥

વૈદ્યક ચિકિત્સાસારનો ત્રીજો ભાગ લખાઈને તૈયાર છે. તેમાં આથી પણ ઉત્તમ પ્રયોગોનો સંગ્રહ છે માટે વાંચવાને ભુલી જતા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌંચબીજ તો. ૦।૮	અતિવિષ તો. ૦।૮
જાયફળ તો. ૦।૮	લવંગ તો. ૦।૮
ભાંગનાં બીજ તો. ૦।૮	અજવાન તો. ૦।૮
સફેદરાળ તો. ૦।૮	બળબીજ તો. ૦।૮

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જલી બનાવી તેમાં ભસ્મો મેળવી પછી બાકીની ચીજ નાંખી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૩ રતીભાર સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ સાથે ચાટી જઇ અને ઉપર દુધ પીવું.

ઉપયોગ—ધાતુ ક્ષીણતા, નબળાઇ, વીર્યશ્રાવ, નસોની કમજોરી, સ્ત્રી પ્રસંગમાં મંદ ઉત્સાહ, અને શુક્રનું પાતળા પણું મટાડી અજબ શક્તિ લાવે છે,

---

૨૦૩ વાતરાક્ષસ રસ.

બનાવટ—પારદ શુધ્ધ, ગંધક શુધ્ધ, રસસિંદુર, અભ્રક ભસ્મ, તામ્રભસ્મ, લોહભસ્મ, નાગભસ્મ, દરેક તોલો એક એક લેવી. શુદ્ધ રસકપુર તો. ૦। શુંઠ, મરી, પીપર, લવંગ, સુખડ, હરડે છાલ, ચણોઠીનું મુળ. લીંબડાનો ગુંદ, ગોરડનો ગુંદ, એ દરેક તોલો અર્ધ અર્ધ લેવાં અને શીલાજીત તો. ૧ લેવી.

રીત—ઉપરની દવાઓનું બારીક ચુર્ણ લઇ તેમાં માત્રાઓ મેળવી ખરલમાં નાંખી પછી તેને ચિત્રક, આદુનો રસ, એરંડાનાં મુળ, અને રાસ્નાનાં ઉકાળાની અકેક ભાવના આપી ઘુંટી રતીભારની ગોળી કરી સુકવી રાખવી અથવા ભુકો રાખવો.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર સવાર સાંજ બે વખત.

અનુપાન—ઘી સાથે દવા ચાટી ઉપર મહારાસ્નાદિ કવાથ પીવો.

ઉપયોગ—તમામ જાતના વાતરોગ જેવાકે, પક્ષાઘાત, સંધીવા, લકવો, ઉરૂસ્તંભ, ગાંડીયો વાયુ, અડદીયો વાયુ, ટચકયું, વગેરેમાં, ખાસ સંભાળ પુર્વક વાપરતાં સારો ફાયદો આપે છે. નવા અને જુના દરેક વાના દરદ માટે સારો ઉપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦૪ સુધાનીધી રસ.

બનાવટ—સુવર્ણ માક્ષિક ભસ્મ, મંડુર ભસ્મ, ફુલાવેલ ટંકણખાર એ દરેક એક એક તોલો, કચુરો, જીરૂં, નાગકેશર, કપુર, ત્રણકળાળ, મોથ, હરડેછાલ, ફટકડી એ દરેક તોલા ૦॥ અરધ લેવાં તેને સર્વને ધુંટી કપડે ચાળી ખરલમાં નાંખી પછી તેને વાળો, દ્રાક્ષ, કમળનાં ફુલનો ક્વાથ પ્રથક પ્રથક બનાવી તેની એકેક ભાવના આપી ધુંટી રતીભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ ગોળી સવાર સાંજ એ વખત.

અનુપાન—પાણી સાથે લેવી.

ઉપયોગ—શરીરના કોઇપણ ભાગમાંથી પડતું લોહી બંધ કરવા માટે આ દવા વાપરવાથી ઠીક ફાયદો આપે છે.

---

૨૦૫ શ્રીનીલકંઠ રસ.

બનાવટ—ચંદ્રોદય તોલો ૧ શુધ્ધ પારદ તો. ૦॥
સુવર્ણ તોલો ૦ (વરક લેવા) ગંધક તોલો ૦॥
અભ્રક ભસ્મ તો. ૦॥ લોહ ભસ્મ તો. ૦॥
અંગભસ્મ તો. ૦॥ છીપભસ્મ તો. ૦॥
રૌપ્ય ભસ્મ તો. ૦॥ પ્રવાલ ભસ્મ તો. ૦॥
સુવર્ણ માક્ષિકભસ્મ તો. ૦॥ મોચરસ તો. ૦॥
લીંબડાનો ગુંદ તો. ૦॥ એલચી તો. ૦॥
જાવંત્રી તો. ૦॥ હરડે છાલ તો. ૦॥
આમડાની છાલ તો. ૦॥ ત્રીકટુ ચર્ણ તો, ૧

રીત—ઉપરની દવાઓમાંથી પ્રથમ રસ જેવા પદાર્થ લઇ તેને ખરલમાં ધુંટી તેમાં બીજી દવાઓનું બારીક ચુર્ણ મેળવી તેને શતાવરી, આસુંદ, મળમીજ, શેમળાની છાલ, ખરખોડી (જીવંતી) એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસની કે કવાથની અકેક ભાવના આપી દવા ઘુંટી તેની રતીભાર ગોળી બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક ગોળી સવાર સાંજ, બીજે માસે બબે ગોળ એમ અનુક્રમે દરમાસે અકેક ગોળી વધારતા જવી અને ઉપર દૂધ પીવું.

ઉપયોગ—યુવાની ટકાવી રાખવા અને વૃદ્ધાવસ્થા આવ અટકાવવા માટે તેમજ દિર્ઘ જીવન પ્રાપ્ત કરવા માટે આ પ્રયોગ ડીક શકિત વર્ધક તરીકે પણ સારો છે અનુપાન ભેદથી આ એકજ દ તમામ રોગમાં વાપરી ફાયદો બતાવે તેવી બનાવટ છે.

---

૨૦૬ મહાલક્ષ્મીનારાયણ રસ.

બનાવટ—શુદ્ધ ગંધક, ટંકણખાર, શુદ્ધ ઝેરકુચલાં, શુ હિંગળુ, નગોડનાંખીજ, અતિવિષ, પીપર, કડાછાલ, સિંધાલુંણ, વછનાગ અભ્રકભસ્મ એ દરેક એક એક તોલો લેવાં.

રીત—ઉપરના ચુર્ણને દંતીમુળનાં ઉકાળાની તથા ત્રીફળા ઉકાળાની અંદર ત્રણ ત્રણ દિવસ ખરલ કરવું. પછી સુકાય ત્યા ગોળી બનાવી કે ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬ થી ૧૨ ગ્રેન,

અનુપાન—મધ સાથે ચાટવું.

ઉપયોગ—તાવ, કફ ન્યુમોનીઆ, આંચકી, શરદી, છાતીમાં કે શરદીથી નીકળતું શુળ, (પાર્શ્વશૂળ) વગેરે મટે છે. બાળકો આંચકી માટે ખાસ વખણાયલી દવા છે,

સૂચનાં—બાળક માટે એકથી બે ગ્રેન દર બબે કલાકે દેવી જેથી તુરતમાં આંચકી માટે ફાયદો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦૭ ગર્ભવિનોદ રસ.

બનાવટ--ત્રિકટુ તોલા ૩, શુધ્ધ હિંગળો તો. ૪,
જાવંત્રી તો ૩ લવંગ તો. ૩
સુવર્ણ માક્ષિક ભસ્મ તો. ૨

રીત--દરેકને બારીક વાટી પાણીમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--એક એક ગોલી સવાર બપોર અને સાંજ.

અનુપાન--રોગ પ્રમાણે સાદી વસ્તુઓનો ક્વાથ કરી તેની સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ--ગર્ભિણી સ્ત્રીનાં તમામ દરદોમાં વપરાય છે.

---

૨૦૮ ભૂતભૈરવ રસ.

બનાવટ--શુધ્ધ પારદ, શુધ્ધ હરતાલ, શુધ્ધ મનશીલ, લોહ ભસ્મ, શુધ્ધ સુરમો, તામ્રભસ્મ, એ દરેક એકેક તોલો શુદ્ધ ગંધક તોલા ૧૨.

રીત--ઉપરની દવાને ખરલમાં ઘુંટી તેને બાળકના મુત્ર વડે ભાવના દઇ સુકાવી પછી તેને લોઢાની કડાઇમાં જરા જરા તાપથી શેકી લેવું અને પછી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--૨ થી ૪ રતીભાર.

અનુપાન--ગાયનું ઘી લઇ દવા તેમાં મેળવી ચટાડી ઉપર ત્રીકટુનો ઉકાળો કરી તેમાં ઘી તથા હીંગ નાખીને પાવો.

ઉપયોગ--ઉન્માદ, ગાંડપણ, વાઇ, હીસ્ટીરીયા, સૂતીકાઉન્માદ વગેરે મગજના વાયુ સબંધી દરદોમાં આ દવા ઠીક ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦૯ કામધેનુ રસ.

બનાવટ--રસસિંદુર, અભ્રકભસ્મ, નાગભસ્મ સુવર્ણમાક્ષિકભસ્મ, જસતભસ્મ, રૌપ્યભસ્મ, દરેક એકેક તોલો લઇ તેને ઘુંટી બરલમાં રાખી તેમાં કેળના કંદનો રસ નાંખી એક ભાવના આપી ઘુંટી સુકાવા લેવું પછી તેમાં ભીમસેની કપુર તો. ૧ નાંખી દઇ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ રતીભાર.

અનુપાન—પાણી કે દુધ સાથે સવાર સાંજ એ વખત લેવાય.

ઉપયોગ—બધી જાતના પ્રમેહ, પ્રદર, શુક્રમેહ, મધુમેહ, જીર્ણ જ્વર, ક્ષય, નબળાઇ વગેરે મટી શક્તિ આપે છે.

---

૨૧૦ કનકસુંદર રસ.

બનાવટ—મરી, શુદ્ધ ગંધક, હીંગળો શુધ્ધ, વછનાગ, શુધ્ધ પીપર, ટંકણખાર પુલાવેલ, શુધ્ધ ધતુરનાં બીજ, એ સર્વ સમભાગે લઇ વાટી ભુકો તૈયાર કરી તેને ભાંગના રસમાં કે ઉકાળામાં ઘુંટીને રતીભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨થી ૪ગોળી.

અનુપાન--મધ સાથે અથવા કડાછાલના ઉકાળા સાથે.

સમય—દર ચાર ચાર કલાકે અપાય.

ઉપયોગ--ઝાડો, મરડો અને સંગ્રહણીમાં વપરાય છે. અને તે માટે ઉતમ ગણાય છે.

---

૨૧૧ ચૈતન્ય રસ.

બનાવટ—ધોળાંમરી, પીપર, કાયફળની છાલ, પારો અને ગંધક એ ચીજો સમભાગે લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત--પારા, ગંધકની કજળી કરી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ મેળવી બરણમાં ધુંટી બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ--આ દવાની એક ચપટી ભરી દરદીના નાકમાં સુંઘાડવાથી મુર્છા મટી જાયતી આવે છે.

---

૨૧૨ અગ્નિ રસ.

બનાવટ—શુદ્ધ પારદ ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ,
પીપર ત્રણ ભાગ, મોટીહરડેની છાલ ૪ ભાગ
બહેડાની છાલ ૫ ભાગ. અરડુસીના પાન સુકેલાં ૬ ભાગ

રીત—બધાંને બારીક વાટી પારદ ગંધકની કજજલીમાં મેળવી ધુંટી તેને બાવળની છાલના કવાથ ની ૨૧ ભાવના આપી ધુંટી બાટલી ભરી રાખવી.

અનુપાન--મધ સાથે ચાટી ઉપર દુધ પીવું.

સમય—સવાર સાંજ બે વખત અથવા ચાર ચાર કલાકે,

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર.

ઉપયોગ--ગમે તે પ્રકારની બાંસી, સ્વરભંગ, શ્વાસ અને ગળાનાં દરદો મટી કફ છુટો પડે છે, લોહી પડતું હોયતો બંધ કરી ક્ષયની બાંસીને ફાયદો આપે છે.

---

૨૧૩ બત્રીશું કાટલું.

બનાવટ—શુંઠ તોલા ૫ સુંદ બાવળનો તો. ૨૦
મેથી તો, ૧ જાયફલ તો. ૦॥
જાવંત્રી તો, ૦॥ શતાવરી તો. ૦॥
ચીમેડ તો. ૧ નાગકેશર તો. ૦॥
તજ તો.૦॥ બસબસ તો, ૧
પીપરી મુલ તો. ૦॥ વરેબારી તો. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમાલ પત્ર તો. ૦॥	પીપર તો. ૧
સુવા તો. ૧	વાવડીંગ તો ૦॥
ગોખરૂ તો. ૧	મુશલી સફેદ તો. ૧
મુશલી કારી તો. ૧	કૌચબીજ તો. ૧
બલબીજ તો. ૨	મરી તો. ૧
વાપુંઆ તો. ૧	કણીજડો તો. ૦॥
ધાણા તો. ૧	જીરૂં તો. ૦॥
એખરો તો. ૧	હળદર તો, ૦॥
અશેરીઓ તો, ૧	ટોપરૂં તો, ૧૦
બદામબીજ તો. ૫	પીસ્તાં તો. ૫

રીત--ઉપરની દવાઓ સાફ કરી ખાંડી રવાદાર જાડો ભૂકો કરી લેવો, અને તેને ઘી તોલા ૧૦માં ભૂકો તો. ૪ નાંખી તળી લાલ કરી તેમાં ગોળ તો. ૧૦ તથા ઘઉંનો સેકેલો લોટ તો ૬ નાંખી કાટી બનાવી લઇ ઠંડું કરી ખાઇ જવી, આ કાટી દરરોજ સવારે ખાઇ ઉપર દુધ પીવું. અને પચે ત્યારે સાદો અને પૌષ્ટિક ખોરાક ખાવો,

ઉપયોગ--આ દવા સુવાવડી સ્ત્રીને માટે બહુજ અકસીર છે. અને તેથી શરીર મજબુત થાય છે નબળાઇ મટી જઠરાગ્નિ તેજ થાય છે. શિવાય વાયુ, શરદી મટે છે. નબળા માણુસો માટે પણ પૌષ્ટિક તરીકે સારી છે. આ દવા પાકના રૂપમાં બનાવીને પણ ખાઇ શકાય છે. અને ખપે તો ગુંદ વધારે નાંખી બનાવાય છે.

---

૨૧૪ હરિતકી અવલેહ.

બનાવટ—જવ તોલા ૨૫૬ દશમુળ તોલા ૮૦ હરડે સારી નંગ ૧૦૦ તથા ચિત્રક મુળ, પીપરીમુળ, અધેડો, કચુરો, કૌચબીજ, શંખાવળી, ભારંગમુળ, ગજપીપર, બળદાણાનાં મુળ, પુષ્કરમુળ, એ દરેક આઠ આઠ તોલા લેવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—ઉપરની વસ્તુઓને અધકચરી કરી ખાંડી તેનાથી પાણી આઠગણું નાંખી ક્વાથ કરવો. ફક્ત હરડે ખાંડયા શિવાય આખીજ રાખી નાંખી દેવી. અને ચતુર્થાંસ પાણી બાકી રહે ઉતારી ગાળી લેવું પછી જે હરડે રહી હોય તેને ભાંગી માવો કાઢી લેવો અને ઠળીયા ફેંકી દેવા, માવાને કપડામાંથી દાબી લઇ છાણી લેવું તેને ઘી તોલા ૩૨ તથા તેલ તલનું તોલા ૩૨ લઈ તેમાં સેકી લેવું. અને ક્વાથમાં ગોળ તોલા ૪૦૦ નાંખી પાક કરવો, તેમાં ઉપરનો માવો નાંખી પાક કરવો. જ્યારે બરાબર અવલેહ થાય ત્યારે તેમાં પીપર તો. ૧૬ નું ચુર્ણ તથા મધ તોલા ૫૦ નાંખી ઠંડુ થયે બરણી ભરી લેવી.

પ્રમાણ—૧ થી ૨॥ તોલા. સવાર સાંજ બે વખત ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—ક્ષય, ખાંસી, તાવ, દમ, હેડકી, હરસ, અરૂચી, પીનસરોગ, સંગ્રહણી, વગેરે મટે છે. અને દસ્ત સાફ આવે છે.

---

૨૧૫ ફુટજાવલેહ.

બનાવટ—કડાછાલ તોલા ૪૦૦ લઇ ખાંડી તેનો પાણી તોલા ૧૦૦૦માં ક્વાથ કરવો. ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી લઇ ગાળી તેમાં ગોળ તોલા ૧૨૦ નાંખી અવલેહ બનાવવો. અને તેમાં રસવંતી, મોચરસ, શુંઠ, પીપર, મરી, હરડાં, બહેડાં, આમડા, રીસામણી, ચિત્રકમુળ, પહાડમુળ, બીલીફળ, ઈંદ્રયવ, વજ, શુધ્ધ ભીલામ, વાળો, અતિવિષ, વાવડીંગ, એ દરેકનું ચુર્ણ તોલા ચાર ચાર લઇ નાંખવું. ને તેમાં ઘી તોલા ૧૬ તથા મધ તોલા ૩૨ નાંખી બરાબર અવલેહ બનાવી રાખવો.

પ્રમાણ—૧થી ૨ તોલા, સવાર સાંજ બે વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—છાસ, દૂધ, દહીં, પાણી ઘી એમાંથી જે લાગે તે.

ઉપયોગ—હરસરોગ, અતિસાર, અરૂચી, સંગ્રહણી, મરડો પાંડુ, રક્તપિત, કમળો અમ્લપિત, સોજા, કૃશતા. ઇત્યાદીમાં ફાયદો આપે છે.

---

૨૧૬ કંટકાર્યાવલેહ.

બનાવટ—ભોરીંગણીનું પંચાંગ તોલા ૪૦૦ થોડું કચરી તે પાણી તોલા ૧૦૦૦ નાંખી ઉકાળો કરવો ચોથા ભાગ પુરતું આ રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાં સાકર તોલા ૧૦૦ નાં તથા ઘી તોલા ૩૨ તલનું તેલ તોલા ૩૨ મેળવી ચૂલે ચડાવી પા કરવો. અને અવલેહ જેવું થાય ત્યારે તેમાં ગળો, ચવક, ચિત્રક, મો કાકડાસીંગી, શુંઠ. મરી, પીપર. ધમાસો, રાસ્ના, ભારંગમુળ કચુ એ દરેકનું ચુર્ણ તોલા ચાર ચાર લઇ નાંખી બરાબર પાક થ ઉતારી નાખવું અને તેમાં મધ તોલા ૩૨, વંસલોચન તોલા પીપર તોલા ૧૬ ચુર્ણકરી મેળવી બરણી ભરી રાખી મુકવું.

પ્રમાણ—૧ થી ૨ તોલા

અનુપાન—દુધસાથે સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ક્ષય, ખાંસી, દમ, હેડકી, શ્વાસ, ફેફસાંનાં દર્દ કફરોગ વગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૨૧૭ ઈત્રીફલ કસનીજી.

બનાવટ—પીળી હરડેની છાલ તો. ૧૫ કાબુલી હરડેનીછાલ તો. ૧૫
હીમજ હરડે તો. ૧૫ બહેડાંની છાલ તો. ૧૫
આમડાનું ચુર્ણ તો. ૪૫ ધાણાંનું ચુર્ણ તો. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદામનું તેલ તો. ૫ સાકર તો. ૨૦

મધ તો, ૪૦

રીત—પ્રથમ દરેક ચીજનું જુદું જુદું ચૂર્ણ લઈ તેમાં અદામનું તેલ મેળવી પછી મધ મેળવી દઈ તેનું ચાટણ બનાવી બરણી ભરી રાખવી.

પ્રમાણ—૦॥ થી ૧ તોલો.

અનુપાન—દૂધ અથવા સહેજ ગરમ પાણી.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—મગજનો દુખાવો, કમજીઆત, નજલો, ખોટી ગરમી, લોહી વિકાર, નેત્રરોગ આંખની રોશનીમાં ખામી થવી, રતાંધળા પણું માથાનું દર્દ વગેરે મટી પાચન શક્તિ સુધારે છે.

---

૨૧૮ દ્રાક્ષાદિ અવલેહ.

બનાવટ—કાળી દરાખ, જરદાલુ, મરી, સિંધાલુણ, સેકેલી ભાંગ, છરૂં શુંઠ, સંચળ, લશણની કળી, એ દરેક એકેક તોલો લેવાં ખજુર ઠળીયા વીનાનો તોલા ૫, હીંગ તોલો ૧, ગુલાબનાં ફુલ તોલો ૧. પીપર તોલો ૬, લીંબુનો રસ તો. ૨૦, ગોળ તો. ૨૦

રીત—પ્રથમ સુકી દવાઓ ખાંડી જુદી રાખવી પછી દરાખ, ખજુર, જરદાલુ વગેરેના ઠળીયા કાઢી નાંખી તેને વાટવા અને તેમાં ગોળ તથા લીંબુનો રસ નાંખી લોંદા જેવું થાય ત્યારે ઉપરનું ચુર્ણ તેમાં નાંખી ચાટણ જેવું બનાવી બરણી ભરી રાખવી.

સુચના—આ દવા બનાવતાં વાસણ ચીનીનું લેવું ઠીક પડે છે. ધાતુમાં કાટ લાગે છે માટે તે લેવું નહિં.

ઉપયોગ—આ ચાટણ ભૂખ લગાડે, રૂચી પેદા કરે, દસ્ત સાફ લાવે તથા ખાધું પચાવે છે.

પ્રમાણ—૦॥ થી ૧ તોલો લેવાય.

——

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧૯ નારસિંહ રસાયન.

બનાવટ—સતાવરી તો. ૬૪ ગોખરૂ તો. ૬૪
વારાહી કંદ તો. ૮૦ ગળો તો. ૧૦૦
ભીલામ શુધ્ધ તો, ૧૨૮ ચિત્રક છાલ તો, ૪૦
તલનું ચુર્ણ ૬૪ ત્રિકટુ તોલા ૩૨
સાકર તોલા ૨૮૦ મધ તોલા ૧૪૦
ઘૃત તોલા ૭૦

રીત—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ તેમાં શુધ્ધ ભીલામ ચુર્ણ તથા સાકરનો ભુકો મેળવી પછી તેમાં ઘીનું તમામ મે આપી પછી મધ નાંખી લેહ જેવો કરી બરણી ભરી રાખવી.

પ્રમાણ—૦॥ તોલાથી ૧ તોલો.

અનુપાન—દુધ.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—વાયુ, પિત અને કફના સંપુર્ણ રોગ, ભગંદ હરસ, પ્રમેહ, નબળાઇ, કરચલી વળવી, પાંડુ, પીનસ, કુષ્ટરોગ, હલી મક, ક્ષય, મુત્રકૃચ્છ વગેરે તમામ વ્યાધિ મટાડી રસાયન વાજીકરણ ગુણ આપી નવયૌવન આપે છે.

સૂચના—આ દવામાં ભીલામ આવે છે. માટે તેનું સેવ કરનારે ગરમ મસાલા વાળો ખોરાક ન આવો અને રસાયન ઔષધી મુજબ લાંબો વખત પથ્ય રાખી દવા લેવી કે જેથી સારો ફાયદો થા

---

૨૨૦ સિતોપલાદિ અવલેહ.

બનાવટ—શુધ્ધ હિંગળો તો૦ ૨ લવંગ તો૦ ૧
અભ્રક ભસ્મ તો૦ ૦॥ સાબર શૃંગ ભસ્મ તો૦ ૧
સીતોપલાદી ચુર્ણ તો૦ ૪॥ ગળો સત્વ તો૦ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરની દવાઓને ખરલમાં વાટી તેમાં મધ તો. ૧૦ નાંખી ઘુંટી ચાટણ જેવું બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ આનીભાર.

અનુપાન—ચાટણ ચાટી ઉપર અરડુસીનો ક્વાથ પીવો.

સમય—દિવસમાં ત્રણ વખત ચાટવો અને દવા ચાટી ઉપર ક્વાથ પીધા બાદ થોડું દુધ પીવું.

ઉપયોગ—ક્ષય, જ્વર, ખાંસી, હૃદયશુળ, સરદી, શ્લેષ્મ, જુના દરદોને લીધે થએલી ક્ષીણતા મટાડી થતો ક્ષય અટકાવે છે ભુખ લગાડી ક્ષયમાં સારો ફાયદો આપે છે

---

૨૨૧ લાક્ષાદિ તૈલ.

બનાવટ—પીપળાની અથવા બોરડીની લાખ તોલા ૨૫૬, પાણી તોલા ૧૦૦૦માં નાંખી ક્વાથ કરવો. ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. અને તેમાં તલનું તેલ શેર ૧ ગાયની છાશ તોલા ૨૫૦, વરેઆરી, આસુંઠ, હળદર, દેવદાર, કડુ, રેણુંકબીજ, મોરવેલ, કુષ્ટ જેઠીમધ, સુખડ, નાગરમોથ, રાસ્ના, એ દરેકનું ચુર્ણ અકેક તોલો, નાંખી દઇ ધીમે તાપે પાણી બળતાં સુધી તેલનો પાક કરી લઇ ઠંડુ કરી કપડેગાળી બાટલી ભરી રાખવી,

ઉપયોગ—વિષમજ્વર, શ્વાસ, કાસ, શ્લેષ્મ, કમર અને પીઠનું શૂળ વાયુ પિતનો કોપ, વાઇ, ઉન્માદ, ક્ષયરોગ, ભુતબાધા, ખરજ, પસીનાથી શરીરમાં વાસ નીકળવી, વગેરે દરદો આ તેલ શરીરે માલીશ કરવાથી મટે છે ગર્ભિણી સ્ત્રી જો આ તેલનું માલીશ કરે તો ગર્ભને પુષ્ટિ મળે છે, અને બાળક નિરોગી અવતરે છે.

સૂચના—ક્ષયના તાવમાં આ તેલ સારો ફાયદો આપે છે માટે થોડો વખત શ્રધ્ધા રાખી માલીસકરાવવું,

---

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨૨ નારાયણ તૈલ.

બનાવટ—આસુંઢ, બળબીજનાં મુળ, બીલીની છાલ, કાંડવેલ મોટી રીંગણી, ગોખરૂ, ખપાટનાં મુળ, લીંબડાની છાલ, અરલુની છાલ, સાટોળીનાં મુળ અને અરણી એ દરેક દવા તોલા ૪૦ ચાલીસ લેવી તેને અધ કચરી કરી તેમાં પાણી તોલા ૪૧૦૦ નાંખી ચોથા ભાગનો કવાથ કરી ગાળી લેવો તેમજ શતાવરી તોલા ૧૨૫ લઇ તેનો ૧૦૦૦ તોલા પાણીમાં કવાથ કરી તેનો ચતુર્થાંસ કવાથ રહે ઉતારી ગાળી લેવુ પછી તેમાં ગાયનું દુધ તોલા ૧૦૦૦ તથા તલનું તેલ તોલા ૩૨૦ નાંખી સર્વ એક વાસણમાં નાંખી પકાવવુ અને તેમાં નીચેની દવાઓનું ચુર્ણ કરી તેને પાણીમાં વાટી કલક (ચટણી) કરી તે કવાથમાં નાંખી પચન કરવું. વજ, રકતચંદન, કુષ્ટ, એલચી, જટામાંસી, દગડ પુલ, સિંધાલુણ, આસુંઢ, ખપાટ, રાસ્ના, સુવા, દેવદાર, સમેરવો, ગંધી સમેરવો, જંગદી અડદનો છોડ, તગર, એ દરેક ચીજ ચાર ચાર તોલા લેવી અને તેલમાં નાંખી તેલનો પાક સિદ્ધ થાય ત્યારે ઉતારી રાખવું. આ તેલને ગાળી સારા વાસણમાં ભરી લેવું.

ઉપયોગ—આ તેલ લગાડવા, પીવા અને પીચકારીના કામ માટે બહુ વખણાય છે. સર્વ પ્રકારના વાતરોગ જેવા કે:—પક્ષઘાત, હનુસ્થંભ, ગલગ્રહ, કુબડાપણું, બહેરાપણું, કેડઝલાવી, ઉરૂસ્થંભ, શોષ, જ્વર, ક્ષય, વધરાવલ, પડખાનું શુળ ગ્રધ્રસી, શુક્રક્ષય, વાયીઝલાઇ જવું એવા તમામ દરદોમાં માલીશ કરવાથી સારો ફાયદો આપે છે.

---

૨૨૩ દશમૂલારિષ્ટ.

બનાવટ—દશમુલ તોલા ૮૦, ચિત્રકછાલ તો. ૪ પુષ્કર મુલ તોલા ૪ લોદર તો. ૪ ગળો તોલા ૪ આંબળા તોલા ૪ ધમાસો તો. ૪ બેરની છાલ તો. ૪ હરડેછાલ તો. ૪ કુષ્ટ, મજીઠ, દેવદાર, વાવડીંગ, જેઠીમધ, ભારંગી, કાંઠે, બહેડાં, સાટોડી, ચવક, બાલછડ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધણુંલા, શતાવરી. શાલજીરું, સારીવા, નસોતર રેણુકબીજ, રાસ્ના, પીપર, શોપારી, કચુરો હળદર, સુવા, પદ્મકેશર નાગરમોથ, ઇંદ્રયવ, કાકડાશીંગ, વિદારી કંદ, આસુંડ, વારાહીકંદ, એક એકત્રીશ ચીજ દરેક એ બે તોલાલેવી. તથા કાળી દ્રાખ તોલા ૧૦૦ લેવી. આ સર્વ દવાઓને કચરી તેમાં પાણી તોલા ૨૫૦૦નાંખી કવાથ કરી ચોથા ભાગનું બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઇ તેમાં મધ તોલા ૧૦૦ તથા ગોળ તોલા ૨૦૦ નાંખી પછી તેમાં ધાવડીનાં ફુલ તો. ૬૦, કબાબચીની, વાળો, સુખડ, જાયફળ, લવંગ, તજ, એલચી, તમાલ પત્ર, પીપર, નાગકેશર એ દરેકનું ચુર્ણ તોલા ત્રણ ત્રણ નાખી બંધ કરી દોઢ માસ રાખી મુકવું, બરાબર તૈયાર થાય ત્યારે ગાળી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—૧થી ૨તોલા સવાર સાંજ એ વખત દવા જેટલુંજ બીજું પાણી લઇ તેની સાથે લેવું આ દવા સ્ત્રીરોગ, સુવારોગ અને બીજા જુના દરદો માટે ઘણીજ ઉપયોગી અને ઉતમ છે.

---

૨૨૪ ખદિરારિષ્ટ.

બનાવટ—ખેરની છાલ તો૦ ૨૦૦ દેવદારનું લાકડું તો ૨૦૦
બાવચી તો૦ ૫૦ દારૂહરદર તો૦ ૮૦
ત્રીફલા તો૦ ૮૦ પાણી તો૦ ૮૧૯૨

રીત—ઉપરની દવાઓને અધકચરી બનાવી પાણીમાં નાંખી કવાથ કરવો. જ્યારે અષ્ટમાંસ પાણી બાકી રહે ત્યારે ગાળી લઇ તેમાં

ધાવડીનાં ફુલ તો૦ ૮૦ નાગ કેશર તો૦ ૪
જાયફળ તો૦ ૪ કબાબચીની તો૦ ૪
લવંગ તો૦ ૪ એલચી તો૦ ૪
તજ તો૦ ૪ તમાલપત્ર તો૦ ૪
પીપર તોલા ૧૬ સાકર તોલા ૨૫૦
મધ તો૦ ૧૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરની ચીન્નેનું ચુર્ણ તથા મધ સાકર મેળવી બરણી ભરી રાખી આસવ દૃઢ માસે તૈયાર થાય ત્યારે ગાળી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—૧। થી ૨।। તોલા. સવાર સાંજ બે વખત પાણી સાથે.

ઉપયોગ—કુષ્ટરોગ, વાતરકત, પાંડુરોગ, હૃદયરોગ, ગોળો, ગ્રન્થી, કૃમીરોગ, શ્વાસ, ખાંસી, બરલે, રકતવિકાર, ઓટી ગરમી વગેરે મટી લોહી શુદ્ધ થાય છે. સારસાપરિલા તરીકે ઘણી જગ્યાએ વપરાય છે.

૨૨૫ કુટજારિષ્ટ.

બનાવટ—કડાછાલ તોલા ૪૦૦ મહુડાનાં ફુલ તો. ૪૦
દ્રાક્ષ તોલા ૨૦૦ શીવણનાં મુળ તો. ૪૦

રીત—ઉપરની દવાઓને ૪૦૯૬ તોલા પાણીમા ઉકાળો કરી ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી દવાને છુંદી કપડાથી ગાળી લેવું. અને તેમાં ધાવડીનાં ફુલ તોલા ૮૦, ગોળ તો. ૪૦૦ નાંખી એક ઘી વાળા વાસણમાં અથવા બરણીમાં ભરી થોડા દિવસ ખુલ્લું રાખી ગેસ પેદા થતી બંધ થાય કે તેને બંધ કરી એક માસ રાખી મુકવું અને પછી કપડેથી ગાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨।। તોલા.

સમય—બેથી ત્રણ વખત દિવસમાં.

અનુપાન—પાણી.

ઉપયોગ—અગ્નિમાંદ્ય, જ્વર, સંગ્રહણી, મરડો, રકતાતિસાર વગેરે મટે. પેટના જુના દરદોમાં સારૂં કામ આપે છે,

૨૨૬ ચંદનાસવ.

બનાવટ—ચંદન, વાળો, નાગરમોથ, કમળનાં લીલાંફુલ (નાલોફર) માલકાંગણી, પદમક, લોદર મજીઠ, રકતચંદન, કાળીપાટ, કરીઆતું, કડુ, પીપર, કચુરો. ખડસલીઓ, જેઠીમધ, રાસ્ના, પરવળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંચનાર, મોચરસ, આંબાની છાલ, શીવણ, એ દરેક દવા ચાર ચાર તોલા, ધાવડીનાં ફુલ તોલા ૬૪, કાળી દરાખ તોલા ૮૦, પાણી તોલા ૨૦૪૮ સાકર તો. ૪૦૦ અને ગોળ તો. ૨૦૦ નાંખી દવાને કુટી એક મોટી બરણીમાં ભરી બંધ કરી દોઢ માસ રાખી દેવું.

પ્રમાણ—૧થી ૨॥ તોલા સવાર સાંજ એ વખત પાણી સાથે.

ઉપયોગ—શુક્રસ્રાવ, શુક્રમેહ, નબળાઇ, મંદાગ્નિ, પ્રમેહ, ઉનવા પેશાબમાં ફોસ્ફરપણ પદાર્થ જવો, મગજ ગરમ રહેવું. સ્વપ્નસ્રાવ વગેરે ધાતુ દોષની દરેક ફરીયાદ મટે છે. અને પાષ્ટિક તરીકે ફાયદો આપેછે.

૨૨૭ અર્જુનારિષ્ટ.

બનાવટ—અર્જુનવૃક્ષની છાલ તોલા ૪૦૦ દ્રાક્ષ તોલા ૨૦૦
મહુડાના ફુલ તોલા ૮૦ પાણી તોલા ૪૦૯૬

રીત—ઉપરની દવાઓને પાણીમાં નાંખી કવાથ કરી તેમાંથી ચોથો ભાગ બાકી રહે ત્યારે તેને ગાળી તેમાં ગોળ તોલા ૪૦૦ તથા ધાવડીના ફુલ તો, ૮૦ નાંખી એક બરણીમાં ભરી બંધ કરી દોઢ માસ રાખી ઉપરાંત ગાળી લેવું.

પ્રમાણ—૧થી ૨॥ તોલા દિવસમાં બે વખત પાણી સાથે.

ઉપયોગ—હૃદયરોગ તમામ પ્રકારના ફેફસાંનાં દરદો માટે ખાસ વખણાય છે, બળ અને વીર્યને પણ વધારે છે.

૨૨૮ કર્પૂરાસવ.

બનાવટ—બજારમાં મળતો રેકટીફાઇડ દારૂ તો. ૪૦ કપુર તો. ૪ એલચા તો. ૧ તજ તો. ૧ સુંઠ તો. ૧ અજમોદ તો. ૧ મોથ તો. ૧ મરી તો. ૧ એ દરેકને ખાંડી દારૂમાં મેળવી એક માસ બાટલીમાં ભરી બંધકરી રાખી મુકવું. અને ત્યાર બાદ ગાળી લઇ તેમાં પાણી રતલ એક મેળવી બાટલી ભરી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૧૫ થી ૩૦ ટીપાં સુધી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—કોલેરા, ઝાડો, ચૂક, મરડો, અજીર્ણ અને બીજા એવા પેટના દરદોમાં તાત્કાળીક આરામ કરે છે.

---

૨૨૯ અમૃતારિષ્ટ.

બનાવટ—ગળોના વેલા ૪૦૦ તોલા. દશમૂળ ૪૦૦ તોલા, પાણી તોલા ૪૦૯૬

રીત—પાણીમાં નાંખી ચતુર્થાંસ કવાથ બાકી રહે ત્યારે તેમાં ગોળ તોલા ૪૦૦ નાંખી દેવું અને

જરૂ તોલા ૬૪, ખડસલીઓ તો. ૮ સાતવીન તો. ૪ શુંઠ તો, ૪ મરી તો, ૪ પીપર તો. ૪ નાગરમોથ તો. ૪ નાગકેશર તો, ૪ કહુ તોલા ૪ અતિવિષ તો. ૪ ઇંદ્રયવ તો. ૪ એ સર્વનો ભૂકો કરી બરણીમાં પેક કરી દોઢ માસ રાખી ગાળી લેવું.

પ્રમાણ—૧થી ૨ા તોલા દિવસમાં ત્રણ વખત પાણી સાથે.

ઉપયોગ—જુનો તાવ, મુદતનો તાવ, જીર્ણજ્વર વગેરે માટે અકસીર છે. ફીવર મીકશ્ચર તરીકે સારૂં છે.

---

૨૩૦ અહિફેનાસવ.

બનાવટ—રેકટીફાઇડ દારૂ તો. ૨૦ અફીણ તો. એ મોથ જાયફળ ઇંદ્રયવ એલચી એ દરેક તો. ૧ા/ અરધ લઇ દારૂમાં નાંખી દેવાં અને તેને એક બાટલીમાં ભરી રાખી એક માસ બાદ ગાળી તેમાં પાણી તો. ૨૦ નાંખી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ— ૧૦ થી ૨૦ ટીપાં સુધી.

સમય—દર બબે કલાકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી તો. ૧૧ માં દરેક વખતે નાંખી આપવું.

ઉપયોગ—ઝાડો, કોલેરા, ચુંક, સંગ્રહણી, વગેરે મટે છે.

સૂચનાં—આ દવામાં અફીણ આવે છે માટે નાનાં મોટા દરેક દરદીને રોગના પ્રમાણમાં માત્રાનો વિચાર કરીને આપવી. ત્રીશ ટીપાં દવામાં એક રતીભાર અફીણ આવે છે. માટે બાળકને આપતાં પુરતો વિચાર કરીનેજ દવા આપવી.

---

૨૩૧ અભયારિષ્ટ.

બનાવટ—હરડે છાલ તો. ૪૦૦ દ્રાક્ષ તોલા ૨૦૦
વાવડીંગ તોલા ૪૦ મહુડાના ફુલ તો. ૪૦

રીત—પાણી તોલા ૪૦૬૬ માં ઉપરની દવાઓ અધકચરી કરી નાંખી ઉકાળો કરવો. ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી ઠંડુ કરી હાથથી ચોળી કપડેથી છાણી લેવું. તેમાં ગોળ તો. ૪૦૦ તથા ગોખરૂ, નસોતર, ધાણા, ધાવડીના ફુલ, ઇંદ્રવારૂણીના મુળ, ચવક, વરેઆરી, શુંઠ, દંતીમુળ, મોચરસ, એ દરેક દવા આઠ આઠ તોલા લઇ તેનું ચુર્ણ કરી તેમાં મેળવી દેવું, અને તેને ઉપરની દવામાં નાંખી દઇ આસવની રીતે બરણીમાં રાખી તૈયાર કરવો. આસવ તૈયાર થએ ગાળી લઇ બરણી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨॥ તોલા,

સમય—દિવસમાં બેથી ત્રણ વખત,

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—અર્શ, સંગ્રહણી, ઉદરરોગ, પાંડુ, હૃદયરોગ, પ્લીહા, ગુલ્મ, સોજા, વગેરે મટાડી રક્ત શુદ્ધ કરે છે. અને જુના હરસને માટે બહુજ સારો ફાયદો આપે છે.

સુચના—આ દવા જુના હરસમાં થોડી વધારે પ્રમાણમાં આપવી. અને જરૂર જણાય તો ત્રણ ત્રણ કલાકે આપવી. જેથી સત્વર ફાયદો થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩૨ પિપલ્યાસવ.

બનાવટ—પીપર, મરી, ચવક, હળદર, ચિત્રક, નાગરમોથ વાવડીંગ, શોપારી, લોદર, કાળીપાટ, આમડા, ચણકબાબ ચંદ્ર કહુ, લવંગ, તજ, તગર. જટામાસી, એલચી, તમાલપત્ર, ધણુંલા નાગકેશર આ દરેક ચીજો સરખે વજને એટલે બબે તોલા લઇ બાં જાડો ભુક્કા કરી લઇ તેમાં પાણી તો. ૧૦૦૦ તથા ગોળ તો. ૪૦ ચારસોહ ધાવડીનાં પુલ તો. ૪૦ તથા દ્રાક્ષ તો. ૧૦૦ એ સર્વ મેળ એક બરણીમાં ભરી આસવની રીતે તૈયાર કરવું, એક માસ બા કપડે ગાળી લઇ બાટલી ભરી રાખવી.

પ્રમાણ—તોલા ૨ થી ૪ સુધી.

સમય—દીવસમાં બે વખત.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—ક્ષય, ગુલ્મ, ઉદરરોગ. કૃશતા, પાંડુરોગ, સંગ્રહણી અર્શ વગેરે મટી શરીર સાફ થાય છે.

---

૨૩૩ કનકાસવ.

બનાવટ—ધતુરાનું પંચાગ તોલા ૧૬, અરડુસીના મુળ છાલ, જેઠીમધ, ભોંરીંગણી, કેશર, શુંઠ, ભારંગી, તાળીસપત્રએ દરે એકેક તોલો, ધાવડીનાં પુલ તોલા ૬૪ દ્રાક્ષ તોલા ૮૦ પાણી તો. ૨૦૪૮ સાકર તો. ૨૫૦ મધ તોલા ૬૫૦ એ સર્વને સાથે મેળ એક તપેલામાં નાંખી ચુલે ચડાવી ગરમ થતાં એક જોશ આવે ત્યાં ઉતારી ઠંડુ કરી તેને એક બરણીમાં ભરી મુકવું. અને આસવની રી બરાબર તૈયાર કરી પાકે ત્યાર બાદ ગાળી કામમાં લેવું.

પ્રમાણ—૧થી ૨ તોલા તેટલાજ પાણી સાથે. દર ૪ કલા

ઉપયોગ—ખાંસી, ક્ષય, શ્વાસનો રોગ, ઉરઃક્ષત, જીર્ણજ્વ રકતપિત વગેરે મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩૪ ઉશીરાસવ.

બનાવટ—વાળો, નેત્રવાળો, રાતાં કમળ, શિવણ મુળ, કાળાં કમળ, ચંદુલા, પદ્મકાષ્ટ, લોદર, મજીઠ, ધમાસો, કાળીપાટ, કરીઆતું, કડુ, વેડની છાલ, ઉંબરાની છાલ, કચુરો, ખડસલીઓ, સફેદ કમળ. પટોલપત્ર, કાંચનારની છાલ. જાંબુની છાલ, શેમળાની છાલ, એ દરેક વસ્તુનું જાડું ચુર્ણ તોલા ચાર ચાર લેવું તથા દ્રાક્ષ તોલા ૮૦ ધાવ ડીનાં ફુલ તોલા ૬૪, પાણી તોલા ૨૦૪૮, સાકર તોલા ૨૫૦, મધ તોલા ૧૫૦ એ પ્રમાણે લઇ તેને એક તપેલામાં નાંખી ચુલે ચડાવી થોડું ગરમ કરી ઉતારી ઠંડું કરી બરણીમાં ભરી રાખવું અને આસવની રીતે બરાબર પાક થાય ત્યારે કપડે ગાળી બાટલીઓ ભરી લેવી.

પ્રમાણ—૧ થી ૨ તોલા.

અનુપાન—તેટલાજ પાણી સાથે.

ઉપયોગ—રક્તપિત, પાંડુ, કુષ્ટરોગ, પ્રમેહ, દાહ, અર્શ, કૃમી શોષરોગ, લોહીવિકાર, રક્તસ્રાવ, વગેરે મટાડે છે.

---

૨૩૫ ફુટજાદિકષાય.

બનાવટ—આંબાની ગોટલી, ઇંદ્રયવ, કડાછાલ, દાડમની છાલ, ધાવડીનાં ફુલ, બીલીનો ગરભ, ભાંગ, માયાંફળ, મોચરસ, રાળ, લોદર, વાળો, ખસખસ એ સર્વ દવા અકેક તોલો લઇ વાટી જાડું ચુર્ણ કરી લેવું.

રીત—તે કવાથ જેવા જાડા ઉપરના ચુર્ણમાં પાણી તો. ૧૬૦ નાંખી રાત્રે પલાળા મુકી સવારે ધીમે તાપે ઉકાળો કરી ચોથા ભાગનું બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી ફરી પાછું ધીમે તાપે ઉકાળો કરવો તે જ્યારે ૪૦ તોલામાંથી ૧૦ તોલા રહે ત્યારે ઉતારો તેમાં ઠંડુ થયા બાદ મધ તો. ૧૦ મેળવી બાટલી ભરી રોખવી.

પ્રમાણ—૩૦થી ૬૦ ટીપાં સુધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી સાથે અથવા ચોખાના ધોવણ સાથે.

સમય—દર ત્રણ ત્રણ કલાકે આપવું.

ઉપયોગ—અતિસાર, રક્તાતિસાર, પ્રવાહીકા, આમ, સંગ્રહણી વગેરેમાં સારો ફાયદો આપે છે. અને જ્યાં અફીણ વાળી દવા આપવા વિરૂદ્ધ જણાય ત્યાં આ દવા સારૂં કામ કરી આપે છે, બચ્ચાંઓને પણ ઉપરનાં દરદોમાં સારો ફાયદો આપે છે.

---

૨૩૬ નાગરાદિ પાચન.

બનાવટ—શુંઠ, દેવદાર, ધાણા, ઉભીરીંગણી, એડીરીંગણી, સમ ભાગે લઇ કુટી જાડો ભુક્કો કરી તેમાંથી બે તોલા દવાને ૪૦ તોલા પાણીમાં નાંખી કવાથ કરી દશ તોલા બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેના ચાર ભાગ કરવા.

ઉપયોગ—તાવમાં આમનું પાચન કરવા માટે પ્રથમ આ કવાથ દર ચાર ચાર કલાકે આપવાથી તાવ ઉતરી જાય છે. અને આરામ થાય છે.

---

૨૩૭ પથ્યાદિ કવાથ.

બનાવટ—હરડા, બહેડા, આમડા, કરીઆનું, હળદર, લીંબ ડાની છાલ, ગળો એ સાતે દવા સમ ભાગે લઇ કવાથ જેવો જાડો ભુક્કો કરી તેમાંથી બે તોલા દવાનો ભુક્કો લઇ પાણી તોલા ૪૦ માં નાંખી ઉકાળો કરવો દશ તોલા બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેના ચાર ભાગ કરવા.

ઉપયોગ—ઉપરનો કવાથ લઇ તમાં થોડોક ગોળ નાંખી તે દર ત્રણ ત્રણ કલાકે લેવાથી માથાનું દરદ આંખ કાન અને લમણાનું શુળ આધાશીશી અને સૂર્ય ઉગતાંજ જે માથાનો દુખાવો થઇ બપોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ઘટી જાય તેસૂર્યાવર્ત રોગ, દંતપીડા, રતાંધળાપણું આંખનું પડળ, ફુલું તથા નેત્રની પીડા વગેરે દરદોમાં ઠીક ફાયદો આપે છે.

૨૩૮ વાસાદિ ક્વાથ.

બનાવટ—અરડુસીનાં પાન, ગળો, ભોંરીંગણી, હીમજ, દ્રાક્ષ, દારૂ હળદર, કરીઆતું, લીંબડાની છાલ, સમભાગે લઇ ક્વાથ જેવો જાડો ભૂકો કરી ક્વાથનો ભૂકો તો. બે તથા પાણી તો. ૪૦માં ઉકાળો કરી દશ તોલા રહે ત્યારે ઉતારી ગાળી તેમાં મધ નાંખી તેના ચાર ભાગ કરવા.

ઉપયોગ—તે ઉકાળો દર ત્રણ ત્રણ કલાકે લેવાથી, ખાંસી, તાવ, રક્તપિત, કફજ્વર, પિતજ્વર, વગેરે મટે છે.

૨૩૯ બ્રાહ્મી ક્વાથ.

બનાવટ—બ્રાહ્મી, વજ, શતાવરી, ત્રીફલા, કડુ, બલા, ગરમાળો, કરીઆતું, લીંબડો, પટોલપત્ર, દ્રાક્ષ, દશમુળ એ સર્વ દવા સમભાગે લઇ તેનો જાડો ભુકો કરવો. તેમાંથી બે તોલા દવા લઇ પાણી તો, ૪૦માં ક્વાથ કરી જ્યારે તેમાં દશ તોલા બાકી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેના ચાર ભાગ કરવા,

ઉપયોગ—ઉપરનો ક્વાથ દર ત્રણ ત્રણ કલાકે આપવાથી ચિતવિભ્રમ અને શન્નિપાતજ્વરમાં સારો ફાયદો બતાવે છે. મગજની ફરિયાદો માટે આ ઉપાય સારો છે,

૨૪૦ દ્વાત્રિંશાંગ ક્વાથ,

બનાવટ—ભારંગમુળ, કરીઆતું, નીંબડાલ, મોથ, કડુ, વજ, શુંઠ, મરી, પીપર, અરડુશી, ઇંદ્રવારૂણી, રાસ્ના, ધમાસો, પટોળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળદર, દેવદાર, કાળીપાટ, બ્રાહ્મી, શુદ્ધકુચલા, દારૂહળદર, ગળો, નસોતર, અતિવિષ, પુષ્કળ, મુળ, ત્રાયમાણ, ભોંરીંગણી, ઉભીરીંગણી, ઈંદ્રયવ, હરડા, બહેડા, આમડા, કચુરો દરેક વસ્તુ સમ ભાગે લેવી.

રીત—દરેક ચીજને ખાંડી જાડો કવાથ લાયક ભુકો કરી લેવો અને તે ભુકો તોલા બે પાણી તોલા ૪૦માં નાંખી કવાથ બનાવી બાકી તોલા ૫ રહે ત્યારે ઉતારી કપડે છાણી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—તૈયાર થએલો પ્રવાહી કવાથ તોલા ૨।। સવાર સાંજ લેવો.

ઉપયોગ—ત્રિદોષ, તેરજાતના, સન્નિપાત, શુળ, ખાંસી, દમ, કફ, ઉરૂસ્થંભ, વગેરે ભયંકર દરદોને મટાડે છે.

---

૨૪૧ આયુર્વેદિક ચહા.

બનાવટ—શુંઠ, મરી, પીપર, વરેઆરી જેઠીમધ, અકલકરો, તજ, લવંગ, એલચી, જાવંત્રી, શતાવરી, આશુંઠ, અનંતમુલ, રોહીડો, આમડા, તુલશીનાં પાન, ગુલાબનાં ફુલ, ચોપચીની, નાગકેશર, નસોતર, વિદારી કંદ એ દરેક અકેક તોલો લેવાં. તથા દશમુળની દશ ચીજો, તોલા ૬૦ લેવી.

રીત—ઉપરની ૩૧ ચીજો લઇ કુટી જાડો ભુકો કરી રાખવો. તેમાંથી ૧૦ તોલો ભુકો દૂધ તોલા ૨૦માં નાંખી ઉકાળો કરવો ને તેમાં સાકર તોલા બે નાંખી ઉભરો આવે ઉતારી લઇ કપડે ગાળી ઠંડુ થયે પી જવું,

ઉપયોગ—શરીરમાં ગરમી લાવે, વાયુ મટાડે, શરદી મટાડી કબજીઆતને તોડે તથા દસ્ત સાફ લાવી ભુખ લગાડે છે. દરરોજ ચહા તરીકે વાપરવાથી સારો ફાયદો આપે છે. દરેક વ્યકિત વાપરી શકે છે. બબેતો અરધું પાણી અને દુધ નાંખી બનાવવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪૨ રક્તસ્થંભકકવાથ.

બનાવટ—લીંબડાની છાલ, વાળો, દારૂહળદર સમ ભાગે લઇ તેનો જાડો ભુક્કો કરીને બનાવી રાખવું.

રીત—કવાથની રીતે ૧ ભાગ દવા અને સોળભાગ પાણી નાંખી જ્યારે ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

પ્રમાણ—સુકો કવાથ તો. ૧૫ પાણી તો. ૨૦ એને ઉકાળતાં તો, ૫ બાકી રહે તેના બે ભાગ કરવા અને તે સવાર સાંજ પીજવા.

ઉપયોગ—પેશાબ અથવા ઝાડા વાટે પડતું લોહી, બંધ કરી પેશાબની તથા શરીરની બોટી ગરમી (ઉનવા) ને મટાડે છે.

---

૨૪૩ જસતનો મલમ.

બનાવટ—જસતની ભસ્મ (ઝીંકઓકસાઇડ) કે જે બજારમાં મળે છે તે તોલા ૨૫, તથા વેસેલાઇન તોલા ૨૦

રીત—પ્રથમ એક વાટકામા વેસેલાઇન ગરમ કરી તેમાં જસતની ભસ્મ મેળવી ઠંડુ થાય ત્યારે બરાબર હલાવી ડબ્બીમાં ભરી રાખવું.

ઉપયોગ—ગરમીના દિવસોમાં અથવા ગરમીને લીધે છાલાં અથવા ગુમડાં થાય છે. તે ઉપર આ ઠંડો મલમ બહુજ ફીક જણાય છે, બળેલા પછી જે ચાંદા રહે છે તે માટે ઠંડો અને સારો છે. મતલબ કે રૂઝવવાનું કામ ત્વરાથી કરે છે.

સુચના—મલમ લગાડયા બાદ જ્યારે સાફ કરવું હોય ત્યારે આવળની છાલના ઉકાળેલા પાણીથી ધોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪૪ ખસનો મલમ.

બનાવટ—ગંધકનો ભુક્કો તોલા ૫ વેસેલાઇન તોલા ૩૫.

રીત—પ્રથમ એક ચીનીના મોટા પ્યાલામાં વેસેલાઇનને ધરા અંગારા પર પીગળાવી લેવું. પછી તેમાં ગંધકનો ભુક્કો નાંખી હલાવી લઇ બાટલીમાં ભરી રાખવું. (ગંધક બરાબર મેળવીને પછી ભરવું)

ઉપયોગ—ખસ ખુજલી દાદર ચેળ ફોડા વગેરે ચાલુ દરદો તથા ખરજવું વગેરે જુના દરદો આ મલમથી અજાયબ રીતે મટી જાય છે.

સુચનાં—જ્યાં મલમ લગાડો ત્યાં હમેશાં ગરમ પાણીથી સાફ કરી પછી મલમ લગાડશો તો ઠીક અને તરત ફાયદો થશે અને ચમત્કાર જોઇ ખુશી થસો જો બને તો લીંબડાના પાનવાળું ગરમ પાણી વાપરવું વધારે સારૂં થસે.

---

૨૪૫ ખરજવાનો મલમ.

બનાવટ—ગંધકનો ભુક્કો તો. ૨॥ વેસેલાઇન તો. ૪૦
એસીડ સાલીસીલસ તો. ૧। બોરીક એસીડ તો. ૨॥
કપુરનો ભુક્કો તો. ૧। જસતની ભસ્મ (ઝીંકઓક્ષાઇડ) તો. ૨॥

રીત—વેસે લાઇન ગરમ કરી તેમાં ઉપરની બીજી દવાઓ વાટીને મેળવી દેવી. બરાબર ઘટ થાય ત્યારે ઉતારી ડબ્બીમાં ભરી લેવું.

ઉપયોગ—પ્રથમ ખરજવા વાળા ભાગને લીંબડાના પાનથી ગરમ કરેલા પાણી વડે ધોઇ સાફ કરી તેના ઉપર મલમ લગાડવો. આ પ્રમાણે નિયમિત દવા લગાડવાથી—સફાઇથી ડ્રેસીંગ કરવાથી થોડાજ વખતમાં ખરજવું મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪૬ રામબાણ મલમ.

બનાવટ—તલનું તેલ તો૦ ૬૦ રાળ ઉંચી સફેદનો ભુકોતો૦ ૬૦
મોરથુથાનું ચુર્ણ તો૦ ૫

રીત—પ્રથમ રાળ અને મોરથુથાના ભુકાને તેલમાં નાંખી એક ચીનીની ગેંટીમાં નાંખી એકાદ કલાક સુધી ઘુંટયા કરવું. બરાબર મીશ્ર થઈ જાય ત્યારે તેમાં પછી થોડું થોડું પાણ નાંખ્યા જવું અને ઘુંટતા જવું ઘુંટવા માટે હાથથીજ સારૂં ઘુંટાય છે. મજબુત માણસે બરાબર એવી રીતે ઘુંટવાનું છ થી બાર કલાક ચાલુ રાખવાથી અને દર પંદર મીનીટે તે પાણી કાઢી નાંખી બીજું તાજું પાણી નાંખવાનું ચાલુ રાખવાથી મલમ જેવો ચીકાશદાર મોટો લોદો તૈયાર થશે છેવટે પાણી નાંખતાં સફેદ રંગનું પાણી નિકળશે ત્યારે મલમ તૈયાર થયો સમજવો પ્રથમતો લીલા રંગનું જ પાણી નીકળશે તે સર્વ કાઢી દેવું અને મલમ તૈયાર કરી પાણીથી નીતારી બરણીમાં ભરી રાખવું.

ઉપયોગ—બરજવું, સડતાંચાઠાં, ધારાં, વ્રણ. જુનાં અને ચેપી તેમજ બળી જવાથી થઇ પડેલાં તમામ વ્રણ-જખમ સારા કરે છે. અને ભોંય લાદી સંપુર્ણ રૂઝ લાવે છે. બહુજ અકસીર જણાયેલ છે.

---

૨૪૭ હરસનો મલમ.

બનાવટ—લીંબોળીઓનું મગજ તો, ૨ કપુર તો. ૬ રસવંતી તો. ૪ એ ત્રણને સાથે વાટી બરલમાં ઘુંટી મલમ જેવું બનાવી ડબ્બી ભરી રાખવી.

ઉપયોગ—હરસ વાળી જગ્યાએ મલમ લગાડવાથી રકતસ્રાવ, તથા સોજો મટી હરસની પીડામાં ફાયદો થાય છે.

સૂચના—હમેશાં મલમ રાત્રે લગાડવો. તથા સવારે દિશા જતી વખતે ગુદ પ્રક્ષાલન માટે જે પાણી લીધું હોય તેમાં ત્રણ ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટીપાં પીપરમેન્ટ તેલનાં નાંખી દેવાં, જેથી સારો ફાયદો થશે. અને ખાવા માટે દરત સાફ આવે તેવી દવા પણ સાથે લેવી જોઇએ જેથી તુરતમાં ફાયદો થાય છે,

૨૪૮ કર્ણ બિન્દુ.

બનાવટ—ટીંચર ઓપીઅમ ટીપાં ૧૫ ટીંચર લવેન્ડુલા તો. ૧ ગ્લીસરાઇન તો. ૧

રીત--દરેકને સાથે મેળવી હલાવી કરી બાટલીમાં ભરી રાખવું. અને તેનાં કાનમાં ટીપાં સવાર સાંજ નાંખવા.

ઉપયોગ—કાનનું શૂળ, ચમકા, રસી આવવી, સોજો વગેરે મટી આરામ આપે છે.

૨૪૯ નેત્રાંજન.

બનાવટ—હરડા, બહેડા અને આંમડાની છાલ, તથા મધ અને ભીમસેની કપુર અને નાળીએરનું પાણી,

રીત—પ્રથમની ત્રણે દવાઓની છાલનો જાડો ભુકો તોલા દશ લેવો, તેમાં નાળીએરનું પાણી તોલા ૮૦ નાંખી રાત્રે પલાળી મુકવું. સવારે કલઇ કરેલા વાસણમાં તેનો સગડી પર ધીમી આંચે ઉકાળો કરવો જ્યારે માત્ર તો. ૧૦ પાણી રહે ત્યારે ઉતારી ઠંડુ થયે ગાળી લેવું અને તેને ફરી ધીમે તાપે ઉકાળી ઘન જેવું--શીરા જેવું થાય ત્યારે ઉતારી લેવું પછી તેમાં મધ તો. ૧ નાંખી ઘુંટી તેમાં ભીમસેની કપુર વાલ ૪ નાંખી દેવું અને મેળવી એક બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—આ દવા શીરા જેવી પ્રવાહી અને ચીકાસ દાર થશે. તેની શળી ભરી આંખે સુરમાની માફક અંજન કરવાથી–આંજવાથી અનેક ફાયદા થાય છે. રોશની વધે છે, ગરમી મટે છે રતાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મટે છે ફુલું મટે છે. ખીલ થતા અટકી જાય છે, પાંપણનાં દરદો તથા પરવાળાં, ચીપડા, આંજણી, સોજો, રતાશ વગેરે મટી સારો ફાયદો આપે છે

સૂચના—આ દવા હમેશાં સુરમાની માફક રાત્રે સુતી વખતે આંજવી જોઇએ. અને ખાસ આંખનું દરદ હોય તો બપોરે પણ આંજી શકાય નિરોગી માણસ પણ વાપરે તેમાં હરકત નથી ખાત્રી લાયક અનુભવી પ્રયોગ છે.

---

૨૫૦ નયનામૃત અંજન.

બનાવટ—શીશું (નાગ) શેર ૧ લઇ તેને ગરમ રસ જેવો કરી ત્રીફળાનો કવાથ, ભાગરાનો રસ, કમળની ડાંડીનો રસ, બકરીનું દુધ, ગાયનું ઘી, એ પાંચ ચીજમાં વારાફરતી સાત સાત વખત શુધ્ધ કરી લેવું. શુદ્ધ થયા બાદ જે શીશું રહે તેના સરખા વજને શુધ્ધ પારદ અને ગંધક અને તે સર્વના સરખે વજને શુધ્ધ કાળો સુરમો મેળવી એકદમ બારીક વાટી તેમાં પારદના વજન પ્રમાણે ભીમસેની કપુર નાંખી બારીક ઘુંટી કપડ છાણ કરી બાટલીમાં ભરી લેવું.

ઉપયોગ—શુધ્ધ શીશાની શળી વળે આ અંજન આંખમાં આંજવાથી તમામ નેત્રરોગ મટી આંખની રોશની સાફ થાય છે. દરેક વ્યકિતને માટે આ અંજન સારો ફાયદો આપે છે. બની શકેતો ઉપર બતાવેલ શુધ્ધ શીશાની એક શળી હોય તે વડેજ આ અંજન આંજવું કે જેથી ગુણમાં બહુજ ફાયદો થશે.

---

૨૫૧ શ્વેતાંજન.

બનાવટ—ઝીંક સલફેટ વાલ ૨ બોરીક એસીડ વાલ ૫
ભીમસેની કપુર વાલ ૨ ચીનાઇ સાકર વાલે ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત—ઉપરની દરેક ચીજ બારીક વાટેલી લેવી. તેને બરલમાં મેળવી ઘુંટી શીશી ભરી રાખવી.

ઉપયોગ—આંખનાં તમામ દરદો જેવાં કે આંખ આવવી, રતાશ, ફુલું, છારી, પડળ, પરવાળાં, ઝાંખ, રતાંધળાપણું, વગેરેમાં આ અંજન શળી ભરી આંજવાથી સારો ફાયદો આપેછે અને તાપો-ડીયાં વગેરે મટાડી દ્રષ્ટિ સાફ બનાવે છે.

૨૫૨ ફીવર મિક્શ્ચર.

બનાવટ—કુઇનાઇન સલ્ફ તો. ૫
એસીડ સલ્ફ્યુરિક ડીલ્ન તો. ૧૦
એસીડ એસેટીક તો. ૫
એમોનીઆ કલોરાઇડ તો. ૧૦
લાઇકર આરસેનીક તો. ૨
ડીસ્ટીલ્ડ વૉટર તો. ૪૦૦
મેગનેસીઆ સલ્ફ તો. ૧૦૦

રીત—પ્રથમ કુઇનાઇનમાં એક પછી એક ચીજ નાંખી દઇ મેળવી તેમાં થોડું પાણી નાંખી જુદું રાખવું. પછી છેલ્લી દવામાં પાણી તો, ૨૦૦ નાંખી મેળવી કપડે ગાળી ઉપરના મીક્શ્ચરમાં નાંખી દઇ જોઇએ તેટલા પ્રમાણમાં રોઝકલર (લાલરંગ આવવા માટે) નાંખી બાટલી ભરી લેવી. દવા બનાવતાં વાસણ કાચનું લેવું.

પ્રમાણ—૦।થી ૧। તોલા સુધી. બાળકને પથી ૧૦ ટીપાં.

ઉપયોગ—જવર વિષમજ્વર અને જુના નવા તાવ માટે બહુજ સારો ઉપાય મનાય છે. બજારમાં વેચાતાં મીક્શ્ચરોની માફક આને પણ પેટંટ બનાવી વેચી વાપરી શકાય તેમ છે.

સૂચના—જોખમી તાવ વાળા કેસોમાં ડૉકટની સલાહ મુજબ રહેવું. આવી દવાને ભરોંશે બેસી ન રહેવું.

ભાગ બીજો સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રન્થમાં

લખાયલી તમામ પ્રકારની બનાવટો કે તેમાંનું
કોઇ પણ એક ઔષધ તૈયાર લેવાની
આપની ઇચ્છા થાય ત્યારે

માત્ર નિચેને શિરનામે એક કાર્ડ લખી
મંગાવી લેશો.

અમારી રસશાળામાં અનેક પ્રકારની દેશી
દવાઓ શાસ્ત્રિય પાઠ અને અનુભવના ધોરણ મુજબ
ઘણીજ સંભાળ પુર્વક તૈયાર થાય છે.

ભાવ કિફાયત.!

ખુલાશો જાણવા માટે સૂચીપત્ર મંગાવો.

વૈદ્ય ગોપાલજી ઠક્કુર,
આરોગ્યાશ્રમ,-કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્યક ચિકિત્સાસાર.

એટલે

વૈદ્યો, ચિકિત્સકો, અને આયુર્વેદ પ્રેમી ડૉક્ટરો તથા સર્વ ગૃહસ્થોને બહુજ ઉપયોગી થનાર અમુલ્ય ગ્રન્થ.

કે જેને અનેક વિદ્વાનોએ

સરળ આયુર્વેદિક ફાર્માકોપીઆ

ની ઉપમા આપી તેના માટે બહુજ ઉતમ અભિપ્રાય આપેલ છે

તે ગ્રન્થના આ બીજા ભાગના

અનુસંધાન માં ત્રીજો ભાગ લખાઈને તૈયાર થઈ રહ્યો છે.

તે થોડાજ વખતમાં છપાઈ પ્રગટ થશે. માટે તેમાંનું સાહિત્ય વાંચવાનું ચુકશો નહિ.

કારણ કે તેમાં પણ આથી ઉતમ પ્રયોગોનો સંગ્રહ છે.

[આ ગ્રન્થ જોયા પછી તમારો અભિપ્રાય અમને લખશો કે ?]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક વૈદ્યક ગ્રન્થોના સત્વરૂપ સેંકડો વખત અનુભવમાં
સિદ્ધ થએલા ઉત્તમ પ્રયોગોનો સંગ્રહ

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૩ જો)

લેખક અને પ્રકાશકઃ—

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર આયુર્વેદાચાર્ય.

તંત્રીઃ "આરોગ્ય સિન્ધુ."

માલેકઃ સિંધ આર્યુવેદિક ફાર્મસી, કરાચી.

સને ૧૯૨૬ ડીસેંબર પ્રત ૧૦૦૦ સંવત ૧૯૮૩

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.)

મુલ્ય આના ૧૨

ત્રણે ભાગ સાથે લેનારને રૂા. ૨-૪-૦

પારેખ પ્રિન્ટીંગ પ્રેસમાં હરિલાલ એચ. પારેખે પ્રકાશકને
માટે છાપ્યું, ક્રેમ્પમ્રેલ સ્ટ્રીટ, કરાચી.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્યક ચિકિત્સાસાર

એટલે:-

વૈદ્યો ચિકિત્સકો અને આયુર્વેદ પ્રેમી ડૉકટરો
તથા સર્વ ગૃહસ્થોને માટે બહુજ ઉપયોગી
થનાર અમુલ્ય ગ્રન્થ !

બે ભાગ પ્રગટ થઈ ચુકયા જેને માટે સેંકડો ઉતમ અભિ-
પ્રાયો અત્યાર પહેલાં મળી ગયા છે તેના અનુસંધાનમાં
આ ત્રીજો ભાગ છે. અને છેવટનો ચોથો ભાગ લખાઇ
તૈયાર થઈ રહયો છે. અને તે થોડાજ વખતમાં
પ્રગટ થઇ જશે તે વાંચવાને ચુકશો નહિ !

કારણ કે તેમાં

ભસ્મો, કુપીપકવ રસાયનો અને બીજા ઉતમ અનુભવી સિધ્ધ
પ્રયોગોજ તેમાં દાખલ થયા છે માટે તે મેળવવાને
ચુકશો નહિ. હમણાંથીજ તમારો
ઓરડર મોકલી આપો !

કારણકે આ ગ્રન્થ હવે આ ચોથા ભાગમાં
પુરો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીયુત માનનીય રાજ્યમાન રાજેશ્રી—

ડાક્ટર ડી. એચ. ઝાલા.

નિવાસ સ્થાનઃ કરાચી.

આપને દેશી વૈદ્યક માટે અપુર્વ લાગણી છે. સ્વદેશી વસ્તુઓના આપ પરમ ઉપાસક છો. પોતે વિલાયતી દવાઓના ખાસ અભ્યાસી હોવાની સાથે અહિંની સીવીલ ઇસ્પીતાલ જેવી મોટી સંસ્થામાં અનેક વર્ષો સુધી કામ કરવા છતાં હજીપણ આપ દેશી વૈદ્યકની દરેક દવાઓ માટે બહુજ ઉંચો મત ધરાવવાની સાથે અનેક પ્રકારનાં દરદો માટે દેશી દવાઓનો પ્રચાર આપ છુટથી કરો છો તે તેમજ આપને વૈદ્યક ધંધાનો ઉંચો અભ્યાસ અને અનુભવ હોવાની સાથે દેશી વૈદ્યક માટે આપને ઘટતું માન છે અને તેની સાથે મ્હારી વૈદ્યક પ્રવૃત્તિઓને આપ સારી દ્રષ્ટિથી જે કંઈ માન આપો છો તે સર્વ સદ્‌ગુણોના સ્મરણમાં મ્હારૂં આ નાનકડું પુસ્તક "વૈદ્યક ચિકિત્સાસાર" ભાગ ઉજે આપના ચરણ કમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી. હું છું આપનો સ્નેહાભિલાષિ,

વૈદ્ય ગોપાલજી ઠક્કુર

ના વંદેમાતરમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના.

વૈદ્યકચિકિત્સાસાર ભાગ ૧ લો અને ૨ જો પ્રથમ જે રીતે લખીને પ્રગટ કરવામાં આવ્યા તેવીજ શૈલી અને તેવીજ ઢબનું અ તેના અનુસંધાનમાં ૩ જો ભાગ તૈયાર કરવામાં આવ્યો છે. અ ભાગમાં પણ મેં મ્હારા અત્યંત ખાનગી પ્રયોગો કે જે મુરબ્બીઓ પાસેથ પ્રાપ્ત થયા છે તે તેમજ બીજા જે કંઇ સારા અને અનુભવી જણાય તે દરેક દાખલ કરી તેનું યોગ્ય વર્ણન બને તેટલું સરલ કરવામ આવ્યું છે.

૧ લો અને ૨ જો ભાગ વાંચનારાઓમાં જેટલો રૂચીકર અને આદરને પાત્ર થવા પામ્યો છે તેના કરતાં આ ત્રીજો ભાગ વિશેષ આદર પાત્ર થાય તે માટે બનતું દરેક ઉપયોગી લખાણજ તેમ ભરવામાં આવ્યું છે જેથી મ્હને પુરી આશા છે કે તેપણ લોકપ્રિય થશેજ.

આવી શૈલીના ગ્રન્થો આજના માણસો વધારે પસંદ કરે છે તેનું કારણ એ છે કે ટુંકાણમાં, મુદ્દાસર અને જરૂર પુરતું સાહિત્ય આ એક નાના ગ્રન્થમાં થોડા ખર્ચે મળી આવતું હોવાથી લોકો તેને વધારે પસંદ કરી ઉતેજન આપે છે.

ગુજરાતના કેટલાક વૈદ્યો આવી રીતે અનુભવી પ્રયોગો બ્હા પાડવાની નકલ કરી રહ્યા છે પણ હજી તેમાં એમનો નર્યો સ્વાર્થ હોય તેમ જણાઇ આવે છે. કારણ કે તેઓ એ દવાઓ વેચવાના હેતુથીજ બનાવટો જાહેર કરે છે ખરૂં જોતાં તે બનાવટો માટે પણ પુરી ખાત્રી રાખવી શંકાસ્પદ છે.

મ્હારા આ પ્રયાસને હિંદુસ્થાનના દરેક ભાગના વૈદ્યોએ ભીન્ન દ્રષ્ટીથી જોઇ યથા યોગ્ય ટેકો અને સારો અભિપ્રાય આપ્યો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે હું તેમનો ખરેખર આભારી છું. અને આ પુસ્તકના ખરીદનાર ગ્રાહકો કે જેઓ નવા નીકળનાર ભાગોની વર્ષાની પેઠે રાહ જોઈ હંમેશાં પત્રથી પુછાવ્યા કરે છે તેમનો તો હું અત્યંત ઋણી છું કેમકે તેમની લાગણી શિવાય હું મારા આ ખાનગી પ્રયોગો સમાજ આગળ વધારે પ્રમાણમાં મુકી શકત કે કેમ તેની શંકા હતી. પરંતુ ઇશ્વર કૃપાથી અને મ્હારા આ વૈદ્યક સાહિત્યમાં રસથી ભાગ લેનાર સ્નેહી બંધુઓની લાગણી હું આનાથી વધારે ઉપયોગી સાહિત્ય આ માળા દ્વારા જરૂર હંમેશાં આપતો રહીશ.

આવા ગ્રંથની સાચ્ચી સમાલોચના અમારા ભાઇબંધ વૈદકપત્રકારોએ લક્ષ જે યોગ્ય ટેકો આપ્યો છે તે માટે પણ તેમનો ઉપકારી છું

આરોગ્ય સિન્ધુના ગ્રાહકોને આવું અમુલ્ય સાહિત્ય દર વર્ષે મફતમાં મળે અને કુંકા લવાજમમાં બાર માસ સુધી પત્ર મળે એ યોજના આ સાહિત્ય સુના સિંધદેશ માટે તો ખરેખર ઉપયોગીજ છે. પણ હજી સુધી યોગ્ય ટેકો અમોને મળેલ નથી. એની અમારે દીલગીરી સાથે નોંધ લેવી પડે છે. જ્યારે કેટલાક ઉત્સાહી ભાઈઓની મીઠી લાગણી અને હંમેશના ટેકાથી તેમજ બ્હારના એવાજ ઉત્સાહી ગ્રાહકોની સહાયતાથી અમો આરોગ્ય સિન્ધુમાં ખોટ હોવા છતાં તે પત્ર વધારે સારૂં કેમ થાય તેવા દરેક પ્રયત્ન ધીમે ધીમે કરતા જઇએ છીએ.

છેવટે આ સર્વ કાર્યમાં સહાયતા કરનાર ગ્રાહકો તેમજ સ્નેહ ઓનો આભાર માનવાની સાથે પરમ કૃપાળુ પરમાત્માનો મ્હોટો ઉપકાર માની થોડાજ વખતમાં ચોથો ભાગ આપની સેવામાં રજુ કરવાની આશા રાખું છું અને તે ઇશ્વર કૃપાથી તરતમાં પ્રગટ થઈ જશે.

આપનો નમ્ર સેવક.

વૈદ્ય ગોપાલજી ઠક્કુર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા ભાગની અનુક્રમણીકા.

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ.
૨૫૩	અપુર્વમાલિનીવસંત	૧૫૭	૩૦૭	કનક વટી	૧૮૭
૨૭૮	અજીરણ કંટક રસ	૧૭૧	૩૬૬	કર્ણાનંદ તેલ	૨૧૬
૨૭૦	અતિસાર નાસક રસ	૧૬૭	૩૪૪	કામદુધા રસ	૨૦૫
૨૯૬	અરીશુછોડાવવાનોઉપાય	૧૮૧	૩૫૫	કાકજંઘારિષ્ટ	૨૧૧
૨૯૮	અહિફેન વટી	૧૮૨	૨૯૯	કુટજાદિ વટી	૧૮૨
૩૦૬	અભ્રક વટી	૧૮૭	૩૨૮	કુષ્ટનાશક પ્રયોગ	૧૯૭
૩૧૩	અમ્લપિતાંતક વટી	૧૯૦	૩૫૭	ગર્ભધારક યોગ	૨૧૨
૩૧૬	અશોધ્ની વટી	૧૯૧	૨૬૩	ગુલ્મકુઠાર રસ	૧૬૩
૩૩૧	અર્કલવણક્ષાર	૧૯૯	૩૪૮	ગુલાબી ચુર્ણ	૨૦૭
૩૩૩	અદ્‌ભુત છીંકણી	૨૦૦	૨૮૦	ચિંતામણી રસ	૧૭૨
૩૫૮	અર્કાદિ કવાથ	૨૧૨	૩૬૧	ચોપચિનીઆદિ કવાથ	૨૧૪
૩૬૫	અકાદિ લેપ	૨૧૬	૨૮૮	છર્દિહર રસ	૧૭૬
૩૭૩	અશ્વગંધાદિ અવલેહ	૨૨૧	૩૪૭	છર્દિહર યોગ	૨૦૬
૩૩૪	આમલકયાદિ લોહ	૨૦૦	૨૬૫	જયમંગળ રસ	૧૬૪
૩૬૮	આયુષ્ય વર્ધક તેલ	૨૧૭	૩૧૪	જવરઘ્ની વટી	૧૯૦
૨૮૭	ઉન્માદગજ કેસરી રસ	૧૭૬	૩૪૦	જવરભાસ્કર	૨૦૩
૩૦૨	ઉપદંશારી વટી	૧૮૪	૩૨૫	તાંડવારી ચુર્ણ	૧૯૬
૨૬૮	કફકેશરી રસ	૧૬૬	૩૩૬	ત્રિફલા રસાયન	૨૦૧
૨૬૧	કૃષ્ણચિંતામણી રસ	૧૬૨	૨૭૫	તામ્ર પર્પટી	૧૭૦
૨૮૧	કસ્તુરી ભૈરવરસ	૧૭૩	૩૨૬	દંત રક્ષક ચુર્ણ	૧૯૬
૨૮૫	કફકુઠાર રસ	૧૭૫	૨૮૨	ધન્વન્તરી રસ	૧૭૩
૨૮૬	કફકેતુ રસ	૧૭૫	૩૦૯	નયનપ્રભા વટી	૧૮૮
૨૯૩	કફચિંતામણી રસ	૧૭૯	૨૯૨	નૃપતિવલ્લભરસ	૧૭૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૩૩૦	નિમક સુલેમાની	૧૯૮	૩૦૩	ભગંદરારિ મોદક	૧૮૫
૩૬૪	નપુંસકતાનાશક લેપ	૨૧૫	૨૫૮	મલ્લ ગુટિકા	૧૬૦
૨૫૪	પુર્ણચંદ્ર રસ	૧૫૮	૨૬૬	મલ્લ જ્વરાંકુશ	૧૬૫
૨૬૨	પુરંદર વટી	૧૬૩	૨૫૯	મહામારી ગુટિકા	૧૬૪
૨૬૧	પિયુષવલ્લી રસ	૧૭૮	૩૨૧	મહામારી ગુટિકા	૧૬૧
૩૦૦	પ્રદરાંતકવટી	૧૮૩	૩૪૯	મંજીષ્ટાદિ ચુર્ણ	૨૦૭
૩૦૮	પ્રવાહિકા વટી	૧૮૮	૩૫૩	મૃગમદાસવ	૨૦૯
૩૨૨	પુનર્નવા મંડુર	૧૬૪	૩૬૭	મરિચ્યાદિ તેલ	૨૧૭
૩૨૭	પ્રમેહ નાશકયોગ	૧૬૭	૩૭૪	માજુને બુકરાત	૨૨૧
૩૨૬	પ્રદરાદિ યોગ	૧૬૮	૩૭૫	માજુને નાનખાહ	૨૨૨
૩૫૧	પંચમકાર ચુર્ણ	૨૦૬	૨૭૬	યકૃત પ્લીહારિ લોહ	૧૭૦
૩૫૪	પ્લીહાશત્રુ	૨૧૦	૩૭૨	યવાનીકા અવલેહ	૨૨૦
૩૫૬	પ્રદરનો સરળ ઉપાય	૨૧૩	૨૬૦	રત્નગીરી રસ નં. ૧	૧૭૭
૩૬૬	પંચગુણ તેલ	૨૧૮	૩૩૮	રકતસ્થંભક યોગ	૨૦૨
૩૭૦	પૌષ્ટિકમાજુન	૨૧૬	૩૩૬	રકતસ્થંભક યોગ	૨૦૨
૨૫૫	બ્રહત્પુર્ણ ચંદ્ર રસ	૧૫૮	૩૫૬	રકતશોધક અર્ક	૨૧૧
૨૫૬	બ્રહત્શૃંગારભ્ર રસ	૧૫૬	૨૬૬	લક્ષ્મી વિલાસ રસ	૧૬૭
૨૬૦	બ્રહત્આનંદભૈરવવટી	૧૬૧	૨૭૩	લીલાવિલાસ રસ	૧૬૬
૨૮૪	બ્રહત્ભંગેશ્વર રસ	૧૭૪	૩૨૦	લીલાવતી વટી	૧૬૩
૩૫૨	બરોળ નાશક યોગ	૨૦૬	૩૪૬	લિંગ વિરેચન	૨૦૬
૨૭૧	બોલ પર્પટી	૧૬૮	૨૬૪	વિરેચન ગુટિકા	૧૭૬
૨૭૪	બોલબધ્ધ રસ	૧૬૬	૨૬૫	વ્યોષાદિ ગુટિકા	૧૮૦
૨૮૩	બાલાર્ક રસ	૧૭૪	૩૦૪	વિશુચિકાંત વટી	૧૮૫
૩૭૧	બાલારોગ્ય ચાટણ	૨૧૬	૩૧૦	વિશ્વનાથ વટી	૧૮૬
૨૬૪	બ્રાહ્મી વટી	૧૬૪	૩૨૩	વિન્ધ્યા ચુર્ણ	૧૬૫
૨૬૭	ભાગોતર વટી	૧૬૬	૩૩૨	વાળાની દવા	૧૬૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૩૪૫	વજ્રક્ષાર	૨૦૫	૩૪૧	શિતલ પર્પટી	૨૦૩
૨૫૭	શુલવજ્રણી	૧૬૦	૩૪૨	શ્વાસ હર લસુનપાન	૨૦૪
૨૭૨	સુતરાજ રસ	૧૬૮	૩૪૩	શ્વાસ હર યોગ	૨૦૪
૨૭૭	સમીરગજ કેસરી રસ	૧૭૧	૩૫૦	શતપત્ર્યાદિક ચૂર્ણ	૨૦૮
૨૭૯	સિધ્ધ લક્ષ્મીવિલાસ રસ	૧૭૨	૨૮૯	હંસપોટલી રસ	૧૭૭
૨૯૭	શ્વાસારી વટી	૧૮૧	૩૧૭	હિંગુકર્પુર વટી	૧૯૨
૩૦૧	સારીવાદિ વટી	૧૮૩	૩૧૫	હિસ્ટીરીઆનાશક વટી	૧૯૧
૩૦૫	સિંહવાહિની વટી	૧૮૬	૩૧૯	હિંગુલ વટી	૧૯૩
૩૧૨	શુલહરી વટી	૧૯૦	૩૩૫	હેમ રસાયન	૨૦૧
૩૧૧	શ્વાસકાસારી વટી	૧૮૯	૩૬૦	હિસ્ટીરીઆનાશક કવાથ	૨૧૩
૩૧૮	સરલ વટી	૧૯૨	૩૬૨	હરસનો મલમ	૨૧૪
૩૨૪	શિરશુલ હર યોગ	૧૯૫	૩૬૩	હરસનો મલમ	૨૧૫
૩૩૭	શોથનાશક ઉપાય	૨૦૨			

એ શિવાય પરિશિષ્ટ ૨ જુ પૃષ્ટ ૨૨૩ થી તે પૃષ્ટ ૨૨૮ સુધીમાં આવેલ છે.

તૈયાર છે ! તૈયાર છે !

ન્યાય વૈદ્યક અને વિષતંત્ર.

સરલ હિંદી ભાષામાં લખાયલો અતિ ઉત્તમ ગ્રન્થ પ્રત્યેક વૈદ્ય અને ડોકટર માટે ખાસ મનન કરવા લાયક આ ગ્રન્થ તૈયાર થઈ ગયો છે જલદી મંગાવો. મુલ્ય રૂા. ચાર પોસ્ટેજ જુદું. લખોઃ—

વૈદ્ય ગોપાલજી ઠક્કુર,
આરોગ્યાશ્રમ, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री धन्वन्तरये नमः

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૩ જો.)

૨૫૩ અપુર્વ માલિની વસંત.

બનાવટ—વૈક્રાંતભસ્મ, અભ્રકભસ્મ, તામ્રભસ્મ, સુવર્ણમાક્ષિક ભસ્મ, રૌપ્યભસ્મ, પંગભસ્મ, પ્રવાલભસ્મ, લોહભસ્મ, રસસિંદુર, જસતભસ્મ, મુકતાપિષ્ટી, શંખભસ્મ, શુધ્ધ ટંકણખાર. એ દરેક ચીજ અકેક તોલો લેવી.

વિધી—બધી ચીજોને ખરલમાં બરાબર ઘુંટી લઇ તેને શતાવરીના રસની, ધોળી મુશલીના કવાથની, ગોખરૂની, બહુફલીની, હળદરની ત્રણ ત્રણ ભાવના આપી ચાંદીમાં સુકવીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૩ રતીભાર.

અનુપાન—મધ અને પીપર સાથે અથવા માત્ર ઘી સાથે, અથવા રોગાનુસાર જુદા જુદા અનુપાનથી આપી શકાય છે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—નબળાઇ, ધાતુક્ષીણતા, જીર્ણજ્વર, બાંસી, પ્રમેહ અને પરદેશનું પાણી લાગવાથી થતાં અનેક પ્રકારના દરદોમાં વપરાય છે, ખાસ કરી પૌષ્ટિક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫૪ પૂર્ણચંદ્ર રસ.

બનાવટ—રસ સિંદુર, અભ્રકભસ્મ, લોહ ભસ્મ, શુધ્ધ-શિલાજીત, વાવડીંગ, સુવર્ણમાક્ષિક ભસ્મ, એ દરેક દવા અકેક તોલો લેવી

વિધી—ખરલમાં બરાબર ઉપરની દવાઓને ઘુંટી તેને ઘીમાં તથા મધમાં થોડી થોડી વાર નાંખી ઘુંટી ચણા પ્રમાણે ગોળી કરી લેવી.

પ્રમાણ—૨ ગોળી સવાર સાંજ બે વખત.

અનુપાન—ભુકો કરી ઘીમાં ચાટી જવી.

ઉપયોગ—નબળાઇ મટાડી શક્તિ વધારે છે. ખાસ કરી વિર્ય વધારનાર તરીકે ઠીક છે.

---

૨૫૫ બ્રહત્ પૂર્ણચંદ્ર રસ.

બનાવટ—શુધ્ધપારો ૨ તોલા, શુધ્ધ ગંધક, ૨ તોલા, લોહ-ભસ્મ ૪ તોલા, અભ્રકભસ્મ ૪ તોલા, રૌપ્યભસ્મ ૨ તોલા, બંગ ભસ્મ ૨ તોલા, સુવર્ણભસ્મ ૧ તોલો, તામ્ર ભસ્મ ૧ તોલો કાંસ્ય ભસ્મ તોલા ૧, લવંગ, જાયફલ, એલચી, તજ, જીરૂં, કપુર, ધહુંલા, નાગરમોથ એ દરેક અકેક તોલો લઇ વાટી લેવાં.

વિધી—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેને કુંવારના રસમાં ઘુંટી પછી સુકાવી ત્યાર બાદ તેને ત્રિફલાના કવાથની સાત ભાવના આપી દેવી. ત્યાર બાદ તેને કૌચાના કવાથની સાત ભાવના આપી સુકવી એરંડાના પાનમાં લપેટી ગોળો કરી ધાનના ઢગલામાં ૨૪ કલાક રાખી દેવું, ત્યાર બાદ કાઢી લઇ વાટી તેની મધ સાથે ચણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૨ થી ગોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—નાગરવેલના પાન સાથે ખાઇ જવી.

ઉપયોગ—વાજીકરણ છે, બળ અને વીર્ય વધારનાર તથા નબળાઇ મટાડી ખાંસી, શ્વાસ, મંદાગ્નિ, અજીર્ણ, કમરનું દરદ આમવાત, સંગ્રહણી, ધાતુ ક્ષીણતા, કમળો, પાંડુ, પ્રમેહ, વાતરક્ત, હૃદયશુળ વગેરે ને મટાડે છે, શક્તિ વર્ધક ઉપાય તરીકે ઠીક છે. બુધ્ધી વધારી કાંતી સારી કરે છે.

પથ્થ—સારો અને પૌષ્ટિક ખોરાક લેવો; તેલ, ખટાઇ, મરચાં વગેરે ન ખાવું.

---

૨૫૬ બ્રહત્ શૃંગારાભ્રરસ.

બનાવટ—પારદ શુધ્ધ તો.૧ ગંધક તો. ૧ ટંકણખાર ફુલાવેલ તો. ૧ નાગ કેશર તો. ૧ કપુર તો. ૧ જાવંત્રી તો, ૧ લવગં તો. ૧ તમાલપત્ર તો.૧ સુવર્ણ ભસ્મ તો.૧ અભ્રક ભસ્મ તોલા ૪ તથા તાલીસપત્ર, નાગરમોથ, કુષ્ટ, છડીલો, લવંગ, તજ, એલચી, શુંઠ, મરી, પીપર, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, ગજપીપર. એ દરેક ચીજ એ એ તોલા લેવી.

વિધી—પારદ ગંધકની કજલી કરી તેમાં ભસ્મ મેળવી પછી તેમાં બાકીની ચીજોનું બારીક ચુર્ણ મેળવી ખરલમાં બરાબર ઘુંટી તેને પીપરના કવાથની સાત ભાવના આપવી, અને પછી ઘુંટી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૪ થી ૮ વાલ સુધી.

અનુપાન—થોડું તજનું ચુર્ણ તથા દવા લઇ મધમાં મેળવીને દેવું

ઉપયોગ—ખાંસી, હૃદયશુળ, પાર્શ્વશુળ, માથાનું દરદ, સ્વરભંગ, ક્ષયરોગ, કફ, વાતરક્ત, કુષ્ટ, રક્તપિત્ત, કાસરોગ વગેરે મટે છે. આ દવા નબળાઇ અને ખાંસી તથા શુળ માટે ઉત્તમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫૭ શૂલવજ્રાણી.

બનાવટ—શુધ્ધ પારદ, શુધ્ધ ગંધક, લોહભસ્મ, શોધેલ ટંકણ-ખાર, શેકેલી હીંગ, શુંઠ, મરી, પીપર, હરડા, બહેડા, આમળાં. કચુરો, તજ, તમાલપત્ર, એલચી, તાલીસપત્ર, જાયફળ, લવંગ, અજ-મોદ, જીરૂં, ધાણાં એ સર્વ અકેક તોલો લઇ બારીક વાટી પારદ ગંધકની કજ્જલી કરી તેમાં મેળવી બકરીના દુધમાં ઘુંટી બોર પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત પાણી સાથે.

ઉપયોગ—આઠ પ્રકારનાં શુળ, પરિણામ શુળ, આફરો, મંદા-ગ્નિ, ચુંક વગેરે માટે ઉતમ છે. પરિણામ શુળ માટે આ સારો ઉપાય છે.

સુચના—શુળ રોગ વાળાએ મશાલા વાળું કે તળેલું કઇંપણ ખાવું નહિ જેથી તરત ફાયદો થસે.

---

૨૫૮ મલ્લ ગુટીકા.

બનાવટ—શુધ્ધ શોમલ તો. ૧ એલચીનાં બીજ તો. ૧ વંસલોચન તો. ૧ વાટી કપડછાણ કરી એક ખરલમાં ઘુંટી લઇ તેમાં નાગરવેલનાં દેશી પાન અકેક પાન લઇ નાંખતા જવું, અને ઘુંટતા જવું, આમ પચાસ પાન નાંખી ઘુંટી લેવું પછી તેમાં બસો પાનનો રસ નાંખી એક બે દિવસ બરાબર ઘુંટી લઇતેની બજરીના દાણા જેવડી ગોળી કરી લેવા.

પ્રમાણ—૧ એક ગોળી.

સમય—સવાર સાંજ

અનુપાન—પાણી સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ખાંસી, શ્વાસ, મંદાગ્નિ, વાયુના અને શરદીના જુના રોગો વગેરે માટે ઉત્તમ છે.

સુચના—ખોરાકમાં ઘી, દુધ વગેરે આપવું, અને ગરમ ચીજો મરચાં વગેરે ન ખાવા. તેમજ આ દવા એકાદ માસ લઇ વચ્ચે થોડાક દિવસ બંધ કરી આપવી.

---

૨૫૯ મહામારી ગુટીકા.

બનાવટ—લસણ તો. ૧ જીરૂં તો. ૧
શુધ્ધ ગંધક તો, ૧ સુંઠ તો, ૧
મરી તો. ૧ પીપર તો. ૧
હિંગ શેકેલી તો. ૧ શુધ્ધ હિંગળો તો. ૧
સરપુંખાનાં મુળની છાલ તો. ૨

વિધી—બધી ચીજોને બારીક વાટી ભુકો કરી કપડે ચાળી લીંબુના રસમાં ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી.

સમય—દર એકથી બબે કલાકે.

અનુપાન—પાણી અથવા પીપરમેન્ટના પાણી સાથે.

ઉપયોગ—કોલેરાની રામબાણ દવા તરીકે આ ગોલીઓ વાપરવા લાયક છે. ઝાડા, ઉલટી, નબળાઇ, પેટનો વાયુ વગેરે મટે છે.

---

૨૬૦ બ્રહત આનંદભૈરવવટી.

બનાવટ—શુધ્ધ સોમલ તો. ૧ શુધ્ધ હિંગળો તો. ૧
ફુલાવેલ ટંકણખાર તો. ૧ શેકેલી હીંગ તો. ૧
સુંઠ તો. ૧ પીપર તો, ૧
મરી તો. ૧ એલચી તો. ૧
લવંગ તો. ૧ કાયફલ તો. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધી—બધી ચીજોનું ચુર્ણ લઇ ખરલમાં તેને બરાબર મેળવી તેમાં આદુનો રસ નાંખી બાર કલાક ઘુંટી આશરે અડદના દાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

ઉપયોગ—બધી જાતના તાવ, શરદી ઝાડા, અપચો, જુના ઝાડા, શુળ વગેરેમાં યોગ્ય અનુપાન સાથે આપવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળા.

સમય—દિવસમાં ૩ વખત.

અનુપાન—પાણી સાથે અથવા રોગાનુસાર.

સુચના—આ દવામાં સોમલ આવે છે માટે તે વિચારીને વય, બળ તથા સ્થિતિ જોઇને વાપરવી જોઇએ.

---

૨૬૧ કૃષ્ણચિંતામણી રસ.

બનાવટ—શુધ્ધ રસકપુર તો. ૪ હીમજ તો. ૮
એલચી તો. ૨ દાડમનાં ફુલ તો. ૨
કાથો તો. ૨ પાપર તો. ૨
મરી તો. ૨ ઓદાર તો. ૨
લવંગ તો.૨

વિધી—તમામ ચીજોને ઝાંડી કપડછાણ કરી તેને ખરલમાં નાંખી લીંબુના રસમાં મર્દન કરવું, એ રીતે આટલી દવામાં ૨૦૦ લીંબુનો રસ નાંખી ઘુંટી સુકાય ત્યારે ચણાપુરની ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૧ ગોળીથી ૨ ગોળી.

અનુપાન—ઘીમાં વચ્ચે રાખી ચાટી જવી.

સમય—સવાર સાંજ એ વખત લેવી.

પથ્ય—ઘી રોટલી અને સાકર ખાવી. બીજું કંઇ પણ ખાવા આપવું નહિં.

ઉપયોગ—નાડીવ્રણ, ભગંદર, ઉપદંશ, ચાંદી, ટાંકી, વીસ્ફોટક, ગરમીનો રોગ મંધીવા વગેરે મટે છે, અને મોહું આવ્યા શિવાય એ દરદ મટે છે. મોહું આવે તો દવા બંધ કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુચના—આ દવા ત્રણથી પાંચ અઠવાડીયાં પથ્ય રાખી બરાબર લેવાથી આરામ થાય છે.

---

૨૬૨ પુરંદર વટી.

બનાવટ—ત્રિફલા તો. ૩ ગંધક શુધ્ધ તો. ૨
ત્રિકટુ તો. ૩ શુધ્ધ પારદ તો. ૧

વિધી—પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી ચીજો મેળવી બકરીનો દુધમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી

પ્રમાણ—૨ ગોળી.

અનુપાન—દુધ કે મધ સાથે.

ઉપયોગ—વાયું, કફ, શરદી, શ્વાસનોરોગ, નબળાઇ વગેરે માટે ઉત્તમ છે,

---

૨૬૩ ગુલ્મકુઠાર રસ.

બનાવટ—શુધ્ધ પારદ તો. ૦॥ શુધ્ધ ગંધક તો. ૦॥
શુધ્ધ હરતાલ તો. ૦॥ શુધ્ધ વછનાગ તો. ૦॥
તામ્ર ભસ્મ તો. ૦॥ લોહભસ્મ તો. ૦॥
કોડીની ભસ્મ તો. ૧ ત્રિકટુ તો. ૧॥
સિંધાલુણ તો. ૦॥ ટંકણખાર ફુલાવેલો તો. ૦॥
યવક્ષાર તો. ૦॥ ફુલાવેલ ફટકડી તો. ૦॥
સંચર તો. ૦॥ સાજીખાર તો ૦॥
બંગક્ષાર તો. ૦॥ શુધ્ધ કુચલા તો. ૦॥
છીપ ભસ્મ તો. ૧ શુધ્ધ હીંગ તો. ૦॥

વિધી—બધી ચીજોને ખરલમાં ઘુંટી પ્રથમ લીંબુના રસની અને પછી આદુના રસની એક એક ભાવના આપી ગોળી રતીભારની બનાવી સુકવી બાટલીમાં રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૨ ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ.

ઉપયોગ—ગુલ્મરોગ, વાયુ, પેટની ગાંઠ, આફરો, શૂળ, મોળ, જ્વર, અજીર્ણ, ઉલટી, મંદાગ્નિ વગેરેને મટાડે છે. પેટના ગોળા માટે ઠીક છે.

અનુપાન—પાણી સાથે.

---

૨૬૪ બ્રાહ્મીવટી.

બનાવટ—અભ્રક ભસ્મ તો. ૧ રસસિંદુર તો. ૧
સુવર્ણ માક્ષિક ભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧
શુદ્ધ શિલાજીત તો. ૧ વાવડીંગ તો. ૧
બ્રાહ્મીચુર્ણ તો. ૬

વિધી—દરેકને ખરલમાં બરાબર બારીક વાટી મધ સાથે ઘુંટી ચણા પ્રમાણની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—મગજની નબળાઇ, યાદ શક્તિની ખામી, ધાતુશ્રાવ પ્રમેહ નબળાઇ, બુધ્ધિની મંદતા વગેરે મટી યાદશક્તિ ખીલે છે.

અનુપાન—દુધ સાથે દવા લેવી.

---

૨૬૫ જયમંગળરસ,

બનાવટ—રસસિંદુર તો. ૧, તામ્રભસ્મ તો. ૧, કાંતલોહ ભસ્મ તો. ૧, સુવર્ણભસ્મ તો. ૧, યશદ ભસ્મ તો. ૧, રૌપ્યભસ્મ ભસ્મ તો. ૧, શુધ્ધ હરતાલ તો. ૧, લીંડીપીપર તો. ૧, શુધ્ધ વચ્છ નાગ તો. ૧, કુલાંજેલ ટંકણખાર તો. ૧ ચિત્રક તો ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધી--સર્વનું બારીક ચુર્ણ લઇ ખરલમાં ઘુંટી તેને અરડુસીના પાનનો, નગોડનાં પાનનો, ધતુરાનાપાનનો, બીલીનાં પાનનો, રસ કઢીને તથા કરીયાતું, કડુ, દશમુળ એના કવાથની જુદી જુદી દરેકની બે બે ભાવના આપી ઘુંટી રતીભારની ગોળી કરવી અથવા બારીક વાટી રાખવું

પ્રમાણ--૧ થી ૨ રતીભાર.

અનુંપાન--ધાણાનો ભુકા સાથે અથવા સુદરસનના કવાથ સાથે.

સમય-- દર ચાર ચાર કલાકે.

ઉપયોગ--ત્રિદોષજ્વર, અણુ ઉતાર તાવ, સાધારણ નવો જુનો તાવ, વિષમજ્વર, સનિપાત જ્વર તેમજ ગમે તેવા તાવ માટે આ ઉત્તમ ઉપાય છે. નજીકાઇ કર્યા શિવાય તાવને ઉતારે છે.

---

૨૬૬ મલ્લ જ્વરાંકુશ.

બનવાટ--શુધ્ધ સોમલ તો. ૧ શુધ્ધ વચ્છનાગ તો. ૧
કાથો તો. ૧ શુધ્ધ નેપાળો તો. ૧

વિધી--ઉપરતી દવાઓને ખરલમાં ઘુંટી તુલશીના પાનના રસમા મર્દન કરી મગ જેવડી ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--એકેક ગોળી સવાર સાંજ બે વખત.

અનુપાન--છરૂં અને સાકર લાવી તેનું ચુર્ણ કરી તેમાંથી બેઆની ભાર ચુર્ણ સાથે દવા લઇ પાણીથી ઉતારી જવી.

ઉપયોગ--નવો અથવા જુનો તાવ (વિષમજ્વર) મટે છે. જુલાબ થતા નથી. અને શકિત ટકાવી રાખે છે. વાત, કફ. જ્વર કે ત્રિદોષ જ્વર માટે ઠીક છે.

સુચના--આ દવામાં સોમલ આવે છે માટે તે સંભાળીને વાપરવી. રાંધો વખત આ દવા ન લેવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬૭ ભાગોત્તર વટી.

બનાવટ--શુધ્ધ પારદ ૧ તોલો, શુધ્ધ ગંધક ૨ તોલા, પીપર ૩ તોલા, હરડેછાલ ૪ તોલા, બહેડાંછાલ ૫ તોલા, **અરડુસીના પાન** ૬ તોલા, ભારંગી ૭ તોલા,

વિધી--પારદગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓનું ચુર્ણ મેળવી તેને ખરલમાં નાંખી અને પછી આવળના કવાથની ૨ ભાવના આપી સુકાવી **મધ** સાથે ઘુંટી બોર જેવડી ગોળી બનાવી રાખવી.

પ્રમાણ--સવાર સાંજ એક એક ગોળી લેવી.

ઉપયોગ--ખાંસી અથવા શ્વાસ, દમ માટે સારો ઉપાય છે એથી ખાંસી, દમ મટે છે.

---

૨૬૮ કફકેશરી રસ.

બનાવટ--કુંવારના રસમાં બનાવેલી ધાપાણુ (ગૌદંતી) ભસ્મ તો. ૧૦ શુધ્ધ મનસીલ તો. ૨॥

વિધી--બન્ને દવાઓને ખરલમાં નાંખી બે પહોર ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--૩ થી ૬ રતીભાર.

અનુપાન--**મધ** સાથે,

સમય--સવાર, સાંજ બે વખત અથવા જરૂર પ્રમાણે.

ઉપયોગ--ખાંસી, શ્વાસ, દમ વગેરેમાં કફ છુટો કરવા માટે આ ઉપાય સારો છે. દમ અને ખાંસી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬૯ લક્ષ્મી વિલાસ રસ.

બનાવટ--અભ્રક ભસ્મ તોલા. ૪ શુદ્ધ પારદ શુદ્ધ ગંધક કપુર ભીમસેની, જાવંત્રી, જાયફલ, વરધારાનાં બીજ. ધતુરાનાંબીજ. (કનકબીજ) ભાંગનાંબીજ, વિદારીકંદ, શતાવરી, ગંગેરણ (નાગબલા) ખપાટનાં બીજ, ગોખરૂ બીજ, સમુદ્રફલ, એ દરેક ચીજ એક એક તોલો લઇ બારીક વાટી લેવાં,

વિધી--પ્રથમ પારદ, ગંધક તથા ભસ્મો મેળવી તેમાં બીજી દવાઓનું બારીક ચુર્ણ મેળવી આપી ઘુંટી તેમાં નાગરવેલના પાનનું રસ નાંખી ઘુંટી સુકવી ગોલી ચણા પ્રમાણે બનાવી રાખવી.

પ્રમાણ--૨ થી ૪ ગોલી.

અનુપાન--મધ સાથે અથવા દુધ સાથે સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ત્રિદોષ વ્યાધિ, પ્રમેહ, વ્રણ, નાડીવ્રણ, ભગંદર, અતિસાર, વધરાવળ, ખાંસી, ક્ષય, હરસ, મેદરોગ, સંધિવા, અડદીઓ વા, માથાનું શુળ, સ્ત્રી રોગ, ધાતુક્ષીણતા, વગેરે મટાડી શકિત લાવે છે.

---

૨૭૦ અતિસારનાશક રસ.

બનાવટ--અફીણ શુદ્ધ તો. ૧ પારદ અને ગંધકની કજ્જલી તોલા ૨ લેવી.

વિધી--પ્રથમ કજ્જલીમાં અફીણ મેળવી ઘુંટી તેને૧ભાવના ભાંગના રસની તથા એક ભાવના ધતુરાના પાનના રસની આપી ગોળીઓ બનાવવી ખુબ ઘુંટી લઇ તેની રતીભારની ગોળી કરી સુકવી રાખવી.

પ્રમાણ--૨ ગોળી મધ સાથે લેવી.

સમય--દિવસમાં બે થી ત્રણ વખત લેવી.

ઉપયોગ--અતિસાર, મરડો, સંગ્રહણી વગેરેમાં ખાસ ઉપયોગી છે. અતિસાર માટે રામબાણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭૧ બોલપર્પટી.

બનાવટ—શુદ્ધ પારદ તો. ૨ શુદ્ધ ગંધક તોલા ૨
હીરાબોળ તોલા ૨

રીત—પારદ ગંધકની કજ્જલી કરી તેમાં હીરાબોળનું ચુર્ણ બારીક મેળવી ઘુંટી લેવું, પછી તેને લોઢાના વાટકામાં નાંખી જરા ગરમ કરી લેવું અને પછી તેને કેળાના પાનપર ગાયનું છાણ મુકી તે ઉપર ઢાળી દઇ ઉપર પાન ઢાંકી છાંણથી બંધ કરી દેવું એટલે કે પર્પટીના રૂપમાં તૈયાર કરી લેવું. અને તેને વાટી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—૧ થી ૨ વાલ.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—સાકરનો ભુકો અને મધ લઇ તે સાથે દવા લેવી.

ઉપયોગ—અર્શમાં પડતું લોહી, રક્તપિત, યોનીશ્રાવ, રક્તશ્રાવ વગેરેને મટાડે છે.

---

૨૭૨ સુતરાજ રસ.

બનાવટ—શુદ્ધ પારદ ૧ તોલો, શુદ્ધ ગંધક ૨ તોલા.
અભ્રકભસ્મ ૮ તોલા.

વિધી—ખરલમાં ઘુંટી બાટલી ભરી રાખવા.

પ્રમાણ—૨ થી ૪ રતીભાર.

અનુપાન—મધ સાથે અથવા રોગાનુસાર.

ઉપયોગ—સંગ્રહણી, ક્ષય, ગુલ્મરોગ, હરસ, પ્રમેહ, ધાતુગત જ્વર, નબળાઇ વગેરે મટે છે અને અનુપાન ભેદથી સર્વ રોગમાં વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭૩ લીલાવિલાસ રસ.

બનાવટ—શુધ્ધ પારદ, શુધ્ધ ગંધક, તામ્રભસ્મ, અભ્રકભસ્મ, લોહ ભસ્મ એ સર્વ સમભાગ લેવાં.

વિધી—ઉપરની ચીજોને ખરલમાં ઘુંટી તેને આંબળાના રસની તથા ભાંગરાના રસની ત્રણ ત્રણ ભાવના આપવી. પછી તેમાંથી ચણા પ્રમાણની ગોળી બનાવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૨ થી ૩ રતીભાર.

અનુપાન—મધ સાથે દિવસમાં બે ત્રણ વખત.

ઉપયોગ—અમ્લપિત રોગ માટે સારો ઉપાય છે. તેમજ દાહ, તરશ, ઉલટી, અને હૃદયરોગ માટે ઠીક છે.

---

૨૭૪ બોલબદ્ધ રસ.

બનાવટ—ગળોનું સત્વ તો. ૧ શુધ્ધ પારદ તોલો. ૧
શુધ્ધ ગંધક તોલો. ૧ હીરાબોળ તોલા. ૩

વિધી—દરેક ચીજોનું બારીક ચુર્ણ લઇ પારદ ગંધકની કજલી કરી તેમાં મેળવી ઘુંટી તેને ખરલમાં મુકી અને કાંટાંશેળીઆના કવાથની એક ભાવના આપી ખરલમાં ઘુંટી સુકાવી બાટલી ભરી રાખવી

પ્રમાણ—૨ થી ૪ રતીભાર.

અનુપાન—માખણ, દુધ અથવા મધ કે પાણી સાથે.

સમય—સવાર, બપોર સાંજ ત્રણ વખત.

ઉપયોગ—લોહી વાળા હરસ, પિતજન્ય હરસ, રક્તપ્રમેહ, રક્તપિત, પ્રદર, ભગંદર, પિતવિદ્રધિ વગેરેનો નાશ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭૫ તામ્ર પર્પટી.

બનાવટ—શુધ્ધ પારદ તો. ૧ તામ્ર ભસ્મ તો. ૧
શુધ્ધ ગંધક તો. ૧ વછનાગ શુધ્ધ તો. ૧

વિધી—પર્પટીની રીત પ્રમાણે ઉપરની દવાઓની કજળી બનાવી લોઢાના વાસણમાં ઘી લગાડી તેમાં ગરમ કરવું પછી રસ જેવું થતાં કેળના પાનને છાણ ઉપર મુકી પર્પટી ઢાળી ઉપર પાન ઢાંકી છાણથી બંધ કરી દેવું. એટલે પર્પટી જેવું બની જશે, અને તેને વાટી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૧ થી ૩ રતીભાર.

અનુપાન—પીપર અને મધ સાથે અથવા આદુના રસ માથે કે સાકર અને ત્રીફલા ચુર્ણ સાથે.

ઉપયોગ—ક્ષયરોગ, ત્રિદોષ, પાંડુરોગ, કુષ્ટરોગ, વગેરેમાં જુદા જુદા અનુપાનથી બુધ્ધિ પુર્વક વાપરવી.

---

૨૭૬ યકૃતપ્લીહારિ લોહ.

બનાવટ—શુધ્ધપારદ તો. ૧ શુધ્ધ ગંધક તો. ૧ લોહભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૨ મનશીલ તો. ૧ હળદર તો. ૧ તેપાળો શુધ્ધ તો. ૧ ટંકણખાર ફુલાવેલ તો. ૧ શીલાજીત તો. ૧ ખરલમાં ઘુંટી બારીક કરી લેવું.

વિધી—ઉપરની દવાને ખરલમાં નાંખી તેને દંતીમુલના ક્વાથની, નસોતરની, ચિત્રકની, નગોડની, ત્રિકટુની, આદુના રસની ભાંગરાના રસની અકેક ભાવના આપી ગોળી બનાવવા જેવું થતાં ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—એ ગોળી સવાર સાંજ એ વખત.

અનુપાન—પાણી અથવા દુધ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—અરલ, કલેજાની ગાંઠ, ઉદરરોગ, જ્વર, પાંડુરોગ, કમળો, સોજા, મંદાગ્નિ, અરૂચી વગેરે મટાડે છે. અને શક્તિલાવી જુની અરલને મટાડે છે.

---

૨૭૭ સમીરગજકેસરી રસ.

બનાવટ—કાળાં મરી, શુદ્ધ અફીણ, શુદ્ધ ઝેરકુચલા, શુદ્ધ હીંગળોક સમભાગે લેવા.

વિધી—દરેકને અરલમાં વાટીતેની મગના દાણા જેવડી ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૧ થી ૪ ગોળી સુધી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—તાજું પાણી,

ઉપયોગ—વાયુ વિકાર, વાતાતિસાર, પેટની ચુંક, ઝાડા, આમાતિસાર, શરદીના વિકારો, પેટનો વાયુ, શળેષ્મ, તાવ ઉતરયા પછી શરીરમાં વેદના થવી વગેરે મટાડે છે.

---

૨૭૮ અજીર્ણકંટક રસ.

બનાવટ—શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તોલો ૧
શુદ્ધ વછનાગ તો. ૧ કાળાં મરી તો. ૩

વિધી—સર્વને બારીક પીસી અરલમાં નાંખી તેને ૨૧ ભાવના ભોંરીંગણાના કવાથની કે રસની આપી સુકાવી લેવું.

પ્રમાણ—૧ થી ૩ રતીભાર.

સમય—સવાર, સાંજ અથવા જરૂર પડે ત્યારે.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—અજીર્ણ, ખાંસી, વાયુ, શરદી, ગળાનો રોગ, ઝાડા વગેરે મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭૯ સિદ્ધ લક્ષ્મીવિલાસ રસ.

બનાવટ—સુવર્ણભસ્મ તો. ૧ રૌપ્યભસ્મ તો. ૧ તામ્રભસ્મ તો. ૨ કાંત લોહભસ્મ તો. ૩ ગજવેલ ભસ્મ તો. ૪ મંડુરભસ્મ તો. ૫ અભ્રકભસ્મ તો. ૬ શંગભસ્મ તો. ૭ નાગ ભસ્મ તો. ૮ મોતી ભસ્મ તો. ૧૦ પ્રવાલ ભસ્મ તો. ૧૧ રસસિંદુર તો. ૫૮ નાંખી ઘુંટી બારીક કરી લેવું.

વિધી—બારીક કરેલી દવાને જાવંત્રી, ત્રીફલા, ત્રિકટુ, ધાતુ-રજાત અને કેશરનીત્રણ ત્રણ ભાવના આપી સુકવી પછી તેમાં કસ્તુરી તોલો ૧ મેળવી ઘુંટી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૧થી ૨ રતીભાર.

અનુપાન—સાકર અને મધ સાથે.

ઉપયોગ—ક્ષય, ખાંસી, પાંડુરોગ, શ્વાસ જીર્ણજ્વર, ગુલ્મ રોગ, પ્રમેહ, મંદાગ્નિ, નબળાઇ ઇત્યાદિ રોગમાં સારૂં કામ આપે છે. અને શરીરને પુષ્ટ કરી દરેક રોગ મટાડે છે.

પથ્થ—સારો અને પૌષ્ટિક પચે તેવો ખોરાક લેવો.

---

૨૮૦ ચિન્તામણી રસ.

બનાવટ—રસ સિંદુર ૨ તોલા લોહ ભસ્મ ૧ તોલો.
અભ્રક ભસ્મ ૧ તોલો. સુવર્ણ ભસ્મ તો. ૦॥

વિધી—કુંવારના રસમાં સારી રીતે બે દિવસ ઘુંટી એક ટીકડી બનાવી સુકવી લેવું તેના પર આકડાનાં પાન દશ પંદર વીંટી ગોળો કરી તેને અનાજના ઢગલામાં ત્રણ દિવસ દાટી રાખવું. પછી દવા કાઢી બારીક વાટી શીશીમાં ભરી રાખવી.

પ્રમાણ—બાળકો માટે ૧થી ૨ ચોખાભાર. માણસો માટે ૧ થી ૨ રતીભાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન--મધ સાથે. લેવી.

ઉપયોગ--વાત રોગ, આંચકી, ધનુર વાયુ, હીસ્ટીરીઆ વાયુ, લકવોવાયુ, ઉન્માદ વાયુ વગેરે માટે સારો ઉપાય છે.

---

૨૮૧ કસ્તુરીભૈરવ રસ.

બનાવટ—શુધ્ધ હિંગળો તો. ૧ શુધ્ધ વછનાગ તો. ૧
જાયફલ તો. ૧ કાંળાં મરી તો. ૧
પીપર તો. ૧ ટંકણ ખાર તો. ૧
કસ્તુરી સારી તો. ૧

વિધી—સર્વને ખરલમાં વાટી ઘુંટી પાણીમાં મર્દન કરી મગ પ્રમાણે ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી માણસ માટે. જ્યારે નાના બાળક માટે ૧।। થી ૧ ગોલી.

અનુપાન—મધ અથવા આદુના રસ સાથે.

સમય—જરૂર જણાય ત્યારે.

ઉપયોગ—વાતરોગ, આંચકી, ધનુરવાયુ, મોતીજરોતાવ મૃગીવાયુ, હીસ્ટીરીઆવાયુ, લકવો વગેરે માટે અને શરીરમાં તુરત હુશીઆરી લાવે.

---

૨૮૨ ધન્વન્તરિ રસ.

બનાવટ—શુધ્ધ પારદ, શુધ્ધ ગંધક, તામ્રભસ્મ, ફુલાવેલ ટંકણખાર, રેવતરશ (પાળીઓ) રતાંજલી, પીપર એ સર્વ એકેક તોલો લઇ ખરલમાં બરાબર ઘુંટી લેવાં અને તેને બીજોરાના રસની એક ભાવના આપી સુકવી બાટલીમાં ભરી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૩ થી ૬ રતીભાર.

અનુપાન—હરડેનો ભુક્કો અને ઘી સાથે દવા ચાટી જવી.

ઉપયોગ—સર્વ પ્રકારનાં કુષ્ટરોગ, ત્વકદોષ મટે છે.

---

૨૮૩ બાલાર્ક રસ.

બનાવટ—શુધ્ધ હીંગળો, કચુરો, શુધ્ધ ખાપરીયું, શાખરનું ભસ્મ, પ્રવાલપિષ્ટ, મરી, પુલાવેલ ટંકણખાર, કેશર, એ દરેક અકેક તોલો લઇ જુદાં વાટી ખરલમાં ધુંટી પાણીમાં મર્દન કરી મરી જેવડી ગોળી બનાવી લેવી.

ઉપયોગ—બાળકોનાં ઝાડા, ઉલટી. તાવ, ખાંસી, કૃમિરોગ આંચકા, શરદી, ભરાઇ જવું વગેરે વ્યાધિ માટે સારો ઉપાય છે.

પ્રમાણ—૧ થી ૨ ગોળી પય પ્રમાણે અપાય.

અનુપાન—પાણી, મધ અથવા ધાવણ સાથે.

સમય—સવાર સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે ચાર ચાર કલાકે અપાય.

---

૨૮૪ બ્રહત્‌ભંગેશ્વર રસ.

બનાવટ—શુધ્ધ ગંધક તો. ૧	ભંગભસ્મ તો. ૧
રસ સિંદુર તો. ૧	રોપ્ય ભસ્મ તો. ૧
અભ્રક ભસ્મ તો. ૧	ભીમસેની કપુર તો. ૧
સુવર્ણ ભસ્મ તો. ૦।।	મુકતા ભસ્મ તો. ૦।

વિધી—પ્રથમ રસસિંદુર ગંધકની કજ્જલી કરી તેમાં ભસ્મો મેળવી પછી ખરલમાંજ તેને ભાંગરાના રસની ૨૧ ભાવના આપી રતી ભારની ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય—સવાર સાંજ.

અનુપાન—ગાયનું દુધ અથવા બકરીનું દુધ,

ઉપયોગ—જુનો કે નવો પ્રમેહ, મુત્રાઘાત, મુત્રકૃચ્છ, પાંડુરોગ, ધાતુગત જ્વર, રકતપિત્ત, કફ, સંગ્રહણી, સોમરોગ, પ્રદર, ક્ષય, મધુપ્રમેહ વગેરે મટાડી વાજીકરણ ગુણ બતાવે છે.

પથ્ય—રોગ પ્રમાણે અપથ્ય ચીજ ન ખાવી જોઇએ. વાજીકરણ માટે લેવું હોયતો પૌષ્ટિક ખોરાક સાથે બ્રહ્મચર્યનું પાલન કરવું.

---

૨૮૫ કફકુઠાર રસ.

બનાવટ—શુધ્ધ પારદ ૧ તોલો. શુધ્ધ ગંધક ૧ તોલો. શુધ્ધ વછનાગ ૧ તોલો. શુધ્ધ મનશીલ ૧ તોલો. ટંકણ ફુલાવેલ ૧ તોલો. ત્રિકટુ ચુર્ણ ૩ તોલા. જેઠીમધ ચુર્ણ ૮ તોલા. શુધ્ધ કનકબીજ ૧ તોલો. અફીણ શુધ્ધ ૧ તોલો. કાકડા શીંગી ૧ તોલો. જુફા ૧ તો, અપામાર્ગબીજ ૧ તોલો.

વિધી—ઉપરની ચીજોને ખરલમાં બારીક વાટી લઇ તેને નાગરવેલના પાનની ૩ ભાવના. આદુના રસની ૩ ભાવના, જેઠીમધના ક્વાથની ૭ ભાવના, આપી ચણા પ્રમાણે ગોલી બનાવી રાખવી.

અનુપાન—સહેજ ગરમ પાણી સાથે ગોલી ખાવી.

પ્રમાણ—૨ ગોળી દિવસમાં ૩ વખત.

ઉપયોગ—ખાંસી. દમ, શ્વાસ. કફ વગેરે મટે છે.

---

૨૮૬ કફકેતુ રસ.

બનાવટ—પીપર, ટંકણખાર ફુલાવેલ, શુધ્ધ વચ્છનાગ, એ દરેક અકેક તોલો લઇ ખરલમાં વાટી તેને આદુના રસમાં ત્રણ દિવસ (૩ ભાવના) ઘુટી મગ પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

અનુપાન—આદુનો રસ અથવા મધ સાથે.

ઉપયોગ—ખાંસી, શ્વાસ, કફનોરોગ, દાંતનાં દરદો, ત્રિદોષ, કર્ણરોગ, વગેરે મટે છે.

---

૨૮૭ ઉન્માદગજકેસરી રસ.

બનાવટ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ મનશીલ, શુદ્ધ ધતુરબીજ સરખે ભાગે લઇ બારીક વાટી તેને ખુરાસાણીવજનો કવાથ કરી તેની સાત ભાવના આપવી પછી બીજી ૭ ભાવના બ્રાહ્મીના કવાથની કે સ્વરસની આપી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર.

અનુપાન—માખણ સાથે.

ઉપયોગ—ઉન્માદ, (ગાંડપણ) અપસ્માર, (વાઇ) મગજનાં દરદ વગેરે મટે છે.

---

૨૮૮ છર્દિહર રસ.

બનાવટ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, બોરની મીંજ, લવંગ, સમુદ્રફળ, ધહુંલા, ચંદન, જુવારની ધાણી (શેકેલી) પીપર, કપુરકાચડી, તજ, એલચી, તમાલ પત્ર, તમામનું બારીક ચુર્ણ કરી તેને શ્વેતચંદનની ૭ ભાવના આપી સુકવી બાટલી ભરી રાખવી

પ્રમાણ—૨ થી ૪ રતીભાર,

અનુપાન—મધ અને મરીની સાથે,

ઉપયોગ—ગમે તે પ્રકારની ઉલટી આ પ્રયોગથી મટે છે.

સમય—દર એક બે કલાકે અથવા જરૂરત પ્રમાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮૯ હંસપોટલી રસ.

બનાવટ—પીડીકાડીની ભસ્મ, શુંઠ, મરી. પીપર, પુલાવેલ ટંકણખાર, વછનાગ, શુધ્ધ પારદ, શુંધ્ધ ગંધક. એ દરેક દવા સમ ભાગે લઇ ખરલમાં ઘુંટી તેને બીજોરા લીંબુના રસની ૧ ભાવના આપી રતીભારની ગોળી કરી સુકવી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ ગોળી. મરીનું ચુર્ણ અને ઘી સાથે ચાટવી.

સમય—સવાર સાંજ.

ઉપયોગ—સંગ્રહણી, ઝાડા, પેટનો વાયુ, મંદાગ્નિ, અપચો વગેરે મટે છે.

---

૨૯૦ રત્નગિરિરસ નંબર ૧.

બનાવટ—શુધ્ધ પારદ તો. ૧ શુધ્ધ ગંધક તો. ૧
અભ્રકભસ્મ તો. ૧ તામ્ર ભસ્મ તો. ૧
લોહભસ્મ તો. ૨ વૈક્રાંત ભસ્મ તો. ૧

વિધી—ઉપરની દવાઓને ખરલમાં બારીક વાટી લેવું પછી તેને ભાંગરાના રસમાં ત્રણ દિવસ ખરલ કરી સુકવી એક ત્રાંબાની વાટકીમાં ભરી લેવું ઉપર તેવીજ બીજી વાટકી ઢાંકી મોંધ કરી દેવું. અને તેની નીચે દીવા જેવો તાપ ત્રણ કલાક આપી ઉતારી કુંડુ થયે બહાર કાઢી ખરલમાં ઘુંટી તેને સરગવો, અરડુસી, નગોડ, ગળો, ચિત્રક, ભાંગરો, બ્રાહ્મી, ભોંરીંગણી, ગોરખમુંડી, અરણી, અગથીઓ. કડુ, કુંવાર વગેરેમાંથી જેનો રસ મળે તેના રસની અને સુકી હોય તેના ક્વાથની જુદી જુદી ત્રણ ત્રણ ભાવના આપી સુકવી એક નાના સંપુટમાં પેક કરી બે શેર છાણાનો પુટ આપી દેવો. (ભઠી દઇ દેવી.) કુંડુ થયે કહાડી લઇ વારી સંભાળી બાટલીમાં ભરી લેવો.

પ્રમાણ—૧।। થી ૩ રતીભાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—ધાણાનો ભુક્કો કરી તેના પાણી સાથે આપવું.

ઉપયોગ—દરેક પ્રકારનાં તાવને તુરત ઉતારી શરીર દુરસ્ત કરે અને કોઇપણ જાતની નબળાઇ કર્યા શિવાય તાવને શાંત કરવા આ એક ચમત્કારિક ઉપાય ગણાય છે.

પથ્ય—મગનું પાણી, ભાત વગેરે આપવું.

---

૨૯૧ પિયુષવલ્લી રસ.

બનાવટ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, અભ્રકભસ્મ, રૌપ્યભસ્મ લોહભસ્મ, ટંકણખાર, રસવંતી, સુવર્ણ માક્ષિકભસ્મ, એ દરેક અરધ અરધ તોલો લેવાં લવંગ, ચંદન, મોથ, જીરૂં, ધાણાં. રીસામણી, અતિવિષ, કડાછાલ, ઇંદ્રયવ, તજ, જાયફલ, શુંઠ, બીલાંનોગરભ, લોદર, વાળો, દાડમની છાલ, મજીઠ, ધાવડી ફુલ અને કુષ્ટ એ દરેક બીજા ૦ા પા તોલો લઇ બારીક વાટી ખરલમમાં ઘુંટીને ભાંગરાના રસની સાત ભાવના આપી સુકવી પછી બકરીના દુધની ૧ ભાવના આપી ચણા જેવડી ગોળી બનાવી સુકવી લેવી.

પ્રમાણ—૨ ગોળી સવાર સાંજ એ વખત.

અનુપાન—સેકેલા બીલાનું ગરભ તથા ગોળ સાથે આ દવા ખાવી.

ઉપયોગ—અતિસાર, સંગ્રહણી, મરડો, રકતાતિસાર વગેરે મટાડી અગ્નિ પ્રદિત કરે છે. અને પેટનાં દરદો તથા જુની સંગ્રહણી મટાડી આપે છે.

---

૨૯૨ નૃપતિવલ્લભ રસ.

બનાવટ—જાયફલ, લવંગ, મોથ, તજ, એલચી, ટંકણખાર, હીંગ, જીરૂં, તમાલપત્ર, અજમોદ, સિંધાલુણ, શુંઠ, લોહભસ્મ, અભ્રકભસ્મ, શુદ્ધપારો, શુદ્ધગંધક, તામ્રભસ્મ એ દરેક ચીજ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક તોલો લેવી. અને કાળાં મરી એ તોલા લેવાં બધાને બારીક વાટી કજ્જલીમાં ઘુંટી મેળવી તેને બકરીના દુધની ભાવના આપી ઘુંટી અથવા આમળાંના રસની ભાવના આપી ઘુંટી બધે રતીભારની ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દિવસમાં ૨ થી ૩ વખત પાણી સાથે.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—મંદાગ્નિ, કલેજાનું દરદ, સફેદ ઝાડા, અજીર્ણ, સંગ્રહણી, ગુલ્મ, બરલ, પાંડુ, કમળાનો રોગ વગેરે મટાડે છે. બાસ કરી લીવર બગડવાથી થતા સંગ્રહણીના વ્યાધિ માટે ઉત્તમ દવા છે.

---

૨૯૩ કફચિંતામણી રસ.

બનાવટ—શુધ્ધ હિંગળો, ઈંદ્રયવ, ટંકણખાર, ભાંગનાં બીજ, કાળાંમરી એ દરેક ચીજ એકેક તોલો. રસસિંદુર ૩ તોલા, એ સર્વને બરલમાં વાટી આદુના રસમાં ઘુંટીને ચણા પ્રમાણે ગોલી કરવી.

પ્રમાણ—૨ ગોળી.

સમય—દર ચાર ચાર કલાકે લેવું.

અનુપાન—આદુના રસમાં અથવા ભારંગીના કવાથ સાથે.

ઉપયોગ—બાંસી, દમ, કફનો મુંઝારો, તેમજ ન્યુમોનીઆ અને ઇન્ફલ્યુએંઝામાં સારો ફાયદો કરી કફને છુટો કરે છે.

---

૨૯૪ વિરેચન ગુટીકા.

બનાવટ—એળીઓ ૪ તોલા, રેવતરસ (કંકુષ્ટ અથવા પીળીઓ) તો. ૨ શેકેલીહીંગ તોલો ૧ ટંકણખાર તો. ૦॥

વિધી—પ્રથમ એ ચારે ચીજ બારીક વાટેલી લેવી, અને તેને બરલમાં બરાબર ઘુંટીને ગરમાળાનાગોળનું સ્વરસ(પાણી) બનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાથી ઘુંટવું ગોળી વાળવા જેવું થાય ક તેની અડધક રતી ભારની ગોળી બનાવી તેના ઉપર શંખજીરાનો ભુકો છાંટી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૪ ગોળી.

સમય—જ્યારે જરૂર હોય ત્યારે અથવા રાત્રે સુતી વખતે.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—આ ગોળીથી જુલાબ લાગી પેટ સાફ થાય છે. અને ઉદર રોગ, હરસ વગેરે મટે છે. અને કબજીઅતમાં જ્યારે જરૂર જણાય ત્યારે લેવાથી પેટ સાફ થાય છે. એક જુલાબની જરૂર હોયતો માત્ર એકજ ગોળી લેવી જોઇએ. હોસ્ટરીઆમાં પણ સારી જણાય છે.

પથ્ય—આ ગોળીથી વધારે જુલાબ લેવા હોયતો ખોરાકમાં ખીચડી ભાત અને છાશ લેવાય. અને જુલાબ બંધ કરવાની જરૂર જણાયતો સાકરનું પાણી બનાવી પીવાથી શાંતિ થાય છે.

---

૨૯૫ વ્યોષાદ્દી ગુટીકા.

બનાવટ—શુંઠ, મરી, પીપર, આમલીનો ગર, ચવક, ચિત્રક અમલવેતસ, તાલીસપત્ર, જીરું એ સર્વ અડધક તોલો લેવાં તથા તજ, એલચી, તમાલ પત્ર એ ત્રણ ચીજે અરધ અરધ તોલો લેવી. સર્વને વાટીને ચુર્ણ કરી લેવું.

વિધી--ઉપરની દવાઓનું ચુર્ણ લઇ તેમાં જુનો ગોળ તોલા ૨૦ નાંખી ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

પ્રમાણ--૨ ગોલી, દિવસમાં ૧૨ ગોળી સુધી લેવાય.

સમય--દર ૩થી ૪ કલાકે, દિવસમાં ૪ વખત લેવી.

અનુપાન--સ્હેજ ગરમ પાણી સાથે દવાની ગોલી ઉતારવી.

ઉપયોગ--શ્લેષ્મ, ખાંસી, શ્વાસ, અરૂચી, પીનસ રોગ, સ્વરભંગ વગેરે મટાડે છે, અવાજ બેસી ગયો હોય તો આ દવાની ગોલીઓ મોંમાં રાખીને ચુસવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯૬ અફીણ છોડાવવાનો ઉપાય.

બનાવટ--શુધ્ધ અફીણ તોલા. ૨ શુધ્ધ વછનાગ તો. ૦॥
જાયફલ તો. ૦॥ જાવંત્રી તો. ૦॥
પીપર તો. ૦॥ કેશર તો. ૦॥
અકલકરો તો. ૦॥ ભાંગ તો. ૦॥
શુધ્ધ હીંગળો તો. ૦॥

વિધી—બધી ચીજોને બારીક વાટી નાગરવેલના પાનના રસમાં ગોળી મગ જેવડી બનાવી સુકાવી બાટલીમાં ભરી રાખવી.

માત્રા—જેટલા પ્રમાણમાં અફીણ ખાવાની ટેવ હોય તેટલા પ્રમાણથી શરૂ કરી રોજ જરા જરા ઓછું પ્રમાણ કરતા જવું.

સમય—જ્યારે અફીણ ખાવાની ટેવ હોય ત્યારે લેવી.

અનુપાન—મધ સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ—અફીણનું અધારણ છોડાવવા માટે આ દવા આપવી. તેથી બે ત્રણ માસમાં ટેવ મટી જઇ કોઇપણ ઉપદ્રવ થવા પામતો નથી.

પથ્ય—પૌષ્ટિક અને દુધના બનાવેલા પદાર્થો વધારે પ્રમાણમાં ખાવા જોઇએ.

---

૨૯૭ શ્વાસારિ વટી.

બનાવટ—શુધ્ધ ધતુરાનાં બીજ તો. ૧ શુધ્ધ વછનાગ તો. ૧
કાળી તમાકુ ખાવાની તો. ૧ અફીણ શુધ્ધ કરેલું તો ૧

વિધી—બધી દવાઓને બારીક વાટી અફીણનો કસુંબો બનાવી તેમાં ઘુંટીને તેની સરસવના દાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી દિવસમાં ત્રણ વખત લેવી.

અનુપાન--પાન સાથે ગોળી મોંમાં રાખીને ચુસવી.

૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ--શ્વાસ રોગ, ખાંસી, કફની જમાવટ વગેરે મટે અને દમ રોગમાં ફાયદો બતાવે. કફ છુટો કરે. ઉંઘ લાવી આરામ આ

સુચના--આ દવા સારી બનાવટની છે પણ સંભાળથી વાપરવી જોઇએ, કારણકે તેમાં ઝેરી વસ્તુઓ આવે છે માટે ધ્યાનથી વાપરવી જોઇએ.

---

૨૯૮ અહિફેન વટી.

બનાવટ—શુધ્ધ અફીણ તોલો, ૧ જાયફલ તો. ૬
કપુર તોલો, ૦૧ કસ્તુરી તો. ૭

વિધી--દરેક ચીજોને ખરલમાં વાટીને પાનના રસમાં મધ જેવડી ગોળી બનાવી છાંયામાં સુકવી રાખવી.

પ્રમાણ--૧ થી ૨ ગોળી, સવાર સાંજ બે વખત.

અનુપાન--પાનમાં નાંખીને ખાવી.

ઉપયોગ--પ્રમેહ મુત્રનો રોગ, મધુ પ્રમેહ અને તેના વિકારો માટે ઠીક જણાય છે.

---

૨૯૯ કુટજાદિ વટી.

બનાવટ--કડા છાલ તોલા ૮૦ શુંઠ તો. ૧
માયાફલ તો, ૧ જાયફલ તો. ૧
લવંગ તો. ૧ મરી તો. ૧
કાકડા શીંગ તો. ૧ પીપર તો. ૧
બહેડા છાલ તો. ૧ જાવંત્રી તો, ૧
વાવડીંગ તો. ૧ બીલીનું ગર તો. ૧
નાગકેશર તો. ૧

વિધી--પ્રથમ કડાછાલનો જાડો ભુકો કરી પાણી તોલા ૮૦૦માં કવાથ કરવો જ્યારે ૨૦૦ તોલા પાણી બાકી રહે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારી લેવું. અને કપડે ગાળી તેને ફરી ચુલે ચડાવી ઘાટું થાય ત્યારે તેમાં ઉપરની ચીજોનું બારીક ચુર્ણ કરી મેળવી સુકાવી ગોળા વાળવા જેવું થતાં ચણા પ્રમાણે ગોલી બનાવી લેવી.

પ્રમાણ—૧ થી ૪ ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ ત્રણ વખત.

અનુપાન—છાશ તાજી લઈ તે સાથે લેવી.

ઉપયોગ—રક્તાતિસાર, મરડો, જ્વરાતિસાર અને હરસમાંથી પડતું લોહી બંધ કરે છે,

---

૩૦૦ પ્રદરાન્તક વટી.

બનાવટ—ગુલાબજળમાં વાટેલ અફીક તો. ૧
ગુલાબજળમાં વાટેલ કહેરબા તો. ૧
હીરાદખણ તો. ૨
રસવંતી તો. ૩

વિધી—ખરલમાં ઘુંટીને જરૂર પડેતો જરા પાણી નાંખીને ચણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૨ ગોળી.

અનુપાન—ચોખાના ધોવણ સાથે.

સમય—સવાર સાંજ.

ઉપયોગ—રક્તપ્રદર, રક્તાર્શ, રક્તાતિસાર વગેરેમાં લોહી પડતું બંધ કરે છે.

---

૩૦૧ સારીવાદિ વટી.

બનાવટ—અનંતમુલ તો. ૧ જેઠી મધ તો. ૧
કુષ્ટ તો. ૧ તજ તો. ૧
તમાલપત્ર તો. ૧ એલચી તો. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગકેશર તો. ૧	ધણાંલા તો. ૧
લીલોફર તો. ૧	ગળોસત્વ તો. ૧
લવંગ તો. ૧	ત્રીફલા તો. ૩
અભ્રક ભસ્મ તો. ૧૪	લોહ ભસ્મ તો. ૧૪

વિધી—ભસ્મો સિવાયની બીજી ચીજોનું બારીક ચુર્ણ કરી વાટી તેમાં ભસ્મો મેળવી તેને ખરલમાં ઘુંટી તેને ભાંગરાના રસની શતાવરીની, અર્જુનની છાલના કવાથની, જવના કવાથની ૧ ભાવના ત્રિફલાના કવાથની ૧ ભાવના આ પ્રમાણે જુદી જુદી દરેકની ભાવના આપી ઘુંટી તેની ચણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—એકેક ગોળી સવાર સાંજ બે વખત.

અનુપાન—તાજા દુધ સાથે.

ઉપયોગ—કર્ણશ્રાવ, કર્ણનાદ, બહેરાપણું, અવાજ તથા જુના કાનનાં દરદો માટે આ દવા ખાવાથી સારો ફાયદો થાય છે.

---

૩૦૨ ઉપદંશારિ વટી.

બનાવટ—હીમેજ તો. ૪	લવંગ તો. ૧
કાથો તો. ૧	શુધ્ધ મોરથુથો તો. ૧

વિધી—ઉપરની દવાનું બારીક ચુર્ણ કરી લોઢાની ખરલમાં ૪૦ લીંબુના રસમાં ખુબ ઘુંટી લઇ તેની ૨૦૦ ગોળી થાય તે પ્રમાણની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૧ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—ઘી સાથે ચાટી જવી.

પથ્ય—ચોખા, ઘહુ, ઘી, શિવાય કંઇપણ ખોરાક આપવો નહિ.

સુચના—ફકત સાત દિવસમાં આ દવાની ચૌદ ગોળી આપી બંધ કરી દેવી. પુરો ફાયદો થઇ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ઉપદંશ, ગરમીનો રોગ, ગરમીથી થએલો સંધી વા વગેરે ગરમીના રોગોને સાફ કરે છે.

---

૩૦૩ ભગંદરારિ મોદક.

બનાવટ—ચોપચીનીનું બારીક કપડછાણ કરેલું ચુર્ણ તો. ૧ા દેશી બનારસી સાકર તો. ૧ા તે બેને મેળવી તેમાં જણીઆરથી ઘી નાંખતા જવું અને મેળવતા જવું. લાડુ બનાવવા યોગ્ય થાય એટલે તેના લાડુ બનાવી લેવા.

પ્રમાણ—ઉપર લખેલ એક લાડુ એક વખતમાં ખાવો.

સમય—સવાર સાંજ બે વખત લેવું.

અનુપાન—લાડુ ખાઇ ઉપર દુધ પીવું.

મુદત—આ દવા ફકત ૧૪ દીવસ કરવાથી ફાયદો થાય છે.

પરેજી—ઘી, ગોટલી, દુધ, ખાવું શિવાય તમામ પદાર્થ બંધ કરી દેવા. દુધમાં સાકર નાંખી લેવાય.

ઉપયોગ—ભગંદર નવો અથવા જુનો મટે છે. આ ઉપાય અત્યંત ખાત્રી યુકત અને એક ગૃહસ્થનો અનુભવી હોવાથી અમોએ દાખલ કરી આપ્યો છે. અને તે જણાવે છે કે આ પ્રયોગથી એક મહાત્માએ અમારી રૂબરૂમાં દરદ તદન મટાડી આપેલ હતો અને શકિત સારી આવી હતી.

સુચના—દવા ગરમ જણાય તો ખોરાકમાં ઘી દુધ વધારે લેવું તે છતાં પણ ગરમ જણાય તો દવાનું પ્રમાણ ઓછું કરી આપવું.

---

૩૦૪ વિશુચિકાન્ત વટી.

બનાવટ—તામ્ર ભસ્મ તો. ૧ મીન્જેરૂં તો. ૦॥
શુંઠ તો. ૦॥ મરી તો. ૦॥॥
પીપર તો. ૧ હળદર તો. ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગજપીપર તો. ૦॥ કાંકચબીજ તો. ૦॥॥
જાયફલ તો. ૧ જાવંત્રી તો. ૧।
હીંગ તો. ૧॥ લસણકળી તો. ૨

વિધી--ઉપરની દવાઓને ખરલમાં બારીક વાટી આદુના રસમાં બરાબર ઘુંટી મર્દન કરી ચણી બોર જેવડી ગોળી કરી રાખવી.

પ્રમાણ--૧ થી ૨ ગોળી.

સમય--દર અકેક કલાકે

અનુપાન--પીપરમેન્ટના અર્ક સાથે.

ઉપયોગ--કોલેરા, ઝાડા લટી, પેટની ચુંક અને વિસૂચિકાના તમામ ઉપદ્રવો તુરત મટાડે છે.

---

૩૦૫ સિંહવાહિની વટી.

બનાવટ--કેશર તો. ૦। લવંગ તો. ૦।
જાવત્રી તો. ૦। જાયફલ તો ૦।
યશદ ભસ્મ તો. ૦। અજમોદ તો. ૦।
માયાફળ તો. ૦। સમુદ્રશોસનાંબીજ તો. ૦।
રૂમીમસ્તકી તો. ૦। પુષ્કરમુલ તો. ૦।
શુધ્ધ ઝેરકોચલું તો. ૦। અફીણ તો ૦।
શુધ્ધ હિંગળો તો. ૧ શુધ્ધ વચ્છનાગ તો. ૦।
કસ્તુરી વાલ ૪ (બે આનીભાર) ભીમસેની કપુર તો. ૦।
અંબર વાલ ૨

વિધી--બધી ચીજો સાફ લઇ બારીક વાટી તેને ખરલમાં નાંખી ઘુંટી મધમાં મેળવી ચણીબોર પ્રમાણે ગોળી બનાવી રાખવી.

અનુપાન--કેશર વાળું કઢેલું દુધ અચ્છા મુજબ લેવું ઉપર પાન ખાવું.

પ્રમાણ--૧ થી ૨ ગોળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય-- સાંજનાં ૬ વાગે લેવી.

ઉપયોગ--સ્થંભન થાય, સ્ત્રી સેવનમાં અત્યંત આનંદ આપે છે. સ્ત્રીના મદને ઉતારે છે. અને સ્ત્રીને પ્રથમ દ્રવિત કરે છે.

સુચના--નબળા માણસોએ આ દવાનો હમેશાં ઉપયોગ ન કરવો. તેમજ ખોરાકમાં હમેશાં સારા પૌષ્ટિક પદાર્થો લેવાં

---

૩૦૬ અભ્રક વટી.

બનાવટ—સારી રીતે તૈયાર કરેલી અભ્રક ભસ્મ તો. ૧૦
આમળા તો. ૧૦ શુંઠ તો. ૧૦
લીંડીપીપર તો. ૧૦ મરી તો. ૧૦
વાવડીંગ તો. ૧૦

વિધી—બધી દવાઓ બારીક લઇ ખરલમાં નાંખી ત્રણ દિવસ સુધી ઘુંટવી, ત્યાર બાદ તેને ભાંગરાના રસમાં બરાબર ઘુંટી લઇ અકેક વાલની(૩ રતીભાર)ની ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

અનુપાન—રોગાનસાર અથવા પાણી.

ઉપયોગ—અનુપાન ભેદથી દરેક વ્યાધિમાં વપરાય. ખાસ કરી દોષોને ઓછાં કરે છે અને પૌષ્ટિક છે. તેમજ તાવ, ખાંસી, ઝાડા, નબળાઇ, મંદાગ્નિ, વાયુ, કફ, વગેરે માટે ચાલુ વાપરવા લાયક છે.

---

૩૦૭ કનક વટી.

બનાવટ—ધતુરાના લીલા પાન તો. ૨ કાળાં મરી તો. ૨

વિધી—ખરલમાં ધતુરાના પાનને ઘુંટી તેમાં મરીનું ચુર્ણ નાંખી વાટી મરી પ્રમાણે ગોળી કરવી.

પ્રમાણ—૨ ગોળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી સાથે.

સમય—સવાર, બપોર, સાજ.

ઉપયોગ—શ્વાસ, ખાંસી, જુનો વિષમજ્વર વગેરે મટે.

---

૩૦૮ પ્રવાણીકા વટી.

બનાવટ—બીલીનુંગર, મોચરસ, નાગરમોથ, ધાવડીનાં ફુલ, શુંઠ, જાયફલ, અફીણ, એ સર્વ અકેક તોલો લેવાં.

વિધી—બધી દવાઓ ખાંડી ભુકો કરી અફીણનો કસુંબો બનાવી તેમાં ઉપરની દવાઓનું ચુર્ણ નાંખી ઘુંટી લઇ રતીભારની ગોળી કરવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

સમય—સવાર, બપોર અને સાજ.

ઉપયોગ—ઝાડો, મરડો, અને આમાતિસાર મટે છે.

---

૩૦૯ નયનપ્રભા વટી

બનાવટ—જસતનાં ફુલ તો.૧ એલચીનાં બીજ તો. ૦॥
મોરથુથુ ફુલાવેલ તો. ૦॥ સાકર તો. ૧
બાવળનો ગુંદ તો. ૪

વિધી—દરેકને બારીક વાટી કપડછાણ ચુર્ણ કરી સાફ ખરલમાં નાંખી તેમાં ગુલાબજળ નાંખી ઘુંટી બોર જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—જરૂર જણાય ત્યારે આ દવાને તાંબાના વાસણ ઉપરજરા નાંખી ગોળીને ઘસીલઇ તેમાંથી શળી ભરી આંખમાંઆંજવી.

ફાયદો—આંખ આવવી, રતાશ, ઝાંખ, ખીલ, ચીપડા થવા વગેરે ચાલુ આંખના દરદો મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧૦ વિશ્વનાથ વટી.

બનાવટ--શુંઠનો ભુકો તોલા ૫ કુવારનો રસ તો. ૧૦ ખરલમાં નાંખી સારી પેઠે ઘુંટી સુકાતાં તેની વટાણા પ્રમાણે ગોળી બનાવી લેવી, અને તે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ ગોળી સહેજ ગરમ પાણી સાથે.

સમય—જરૂરત પ્રમાણે કલાકે કે બે કલાકે.

ઉપયોગ—હેડકી મટાડે છે. વાયુ છુટો કરે છે.

---

૩૧૧ શ્વાસકાસારી વટી,

બનાવટ—બંગાલી પીપર તો. ૨॥ સફેદ મરી તો. ૨॥

શુદ્ધ વછનાગ તો. ૨॥ કાળી દ્રાક્ષ બી વગરની તો. ૨॥

કાળી તમાકુના ડાંખળાની બાળીને કરેલી રાખ તો. ૬

એલચી તો. ૦॥ જાયફલ તો. ૦॥

લવંગ તો. ૦॥

વિધી—પ્રથમની ત્રણ દવાઓ ઘુંટી તેમાં કાળી દ્રાખ મેળવી પછી તેમાં બાકીની દવાઓ મેળવી ઘુંટી લઇ તેની મગના દાણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

માત્રા—૧ થી ૨ ગોળી.

સમય--સવાર સાંજ બે વખત.

અનુપાન--સહેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ--ખાંસી, દમ, શ્વાસ મુંઝારો વગેરે આ દવાથી મટે છે, કફ છુટો થાય છે, લાંબો વખત લેવાથી દમનું દરદ મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧૨ શૂલહરી વટી.

બનાવટ—શેકેલી હીંગ તો. ૧ શેકેલી કાંકચબીજ તો. ૧
છોલેલું લસણ તો, ૧ શુંઠ તો. ૧
યવક્ષાર તો, ૨ જીરૂં તો. ૧

વિધી—બધી ચીજોને બરલમાં બારીક પીસી જરૂર પડે તો જરા પાણી નાંખી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દર અકેક કલાકે લેવી,

અનુપાન—સ્હેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—શુળ, ચુંક, ગુલ્મ, બરલ, વાયુની ગાંઠ વગેરે મટે છે. પેટમાં દુખતું હોય કે શુળ થતું હોય ત્યારે આ દવા ઠીક જણાય છે. જુના પેટના દરદમાં સવાર સાંજ બે વખત દવા લાંબો વખત લેવી જોઇએ

---

૩૧૩ અમ્લપિતાંતક વટી.

બનાવટ—સુરાખાર તો. ૫ નવસાગર તો. ૦॥

વિધી—બંને ચીજોને બારીક બરલમાં વાટી લઇ તેમાં જરા પાણી નાંખી ઘુંટીને અકેક વાલની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી ગરમ પાણી સાથે લેવી.

ઉપયોગ—આ ગોળી લેવાથી અમ્લપિત છાતીનો દાહ, ખાટા ઘચરકા વગેરે મટે છે.

---

૩૧૪ જવરઘ્ની વટી.

બનાવટ—કવીનાઇન તો. ૨ પીપરમેન્ટ ફુલ વાલ ૪
કપુર વાલ ૬ રસવંતી તો. ૨
હિંગળો શુધ્ધ તો. ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત--આ દવામાંથી રસવંતી સિવાયની બધી દવાઓને બરણમાં ધુંટી તેમાં રસવંતી નાખી ધુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ--૨ ગોળી દિવસમાં ૩ વખત.

ઉપયોગ--જુનો તાવ, પેટના દરદો સાથેનો તાવ, મલેરીયા તાવ, અને નવો કે ચાલુ કોઇપણ જાતના તાવ માટે આ દવા અપાય છે.

સુચના--આ દવામાં મુખ્ય કવીનાઇન છે તેથી તે જ્યાં વાપરવાની ખાસ જરૂર જણાય ત્યાં વાપરવી

---

૩૧૫ હિસ્ટીરીયાનાશક વટી.

બનાવટ--ગાંજો તોલો ૧ કપુર તોલો ૧

ખુરાસાની અજમો તોલા ૪

રીત--દરેક દવાને બારીક વાટી ચુર્ણ કરી લેવું, અને પાણીમાં ધુંટી ચણા જેવડી ગોળી બનાવી દઇ સુકવી બાટલીમાં રાખવી.

પ્રમાણ--૨ ગોળી સવારે અને ૨ ગોળી સાંજે,

અનુપાન--હીસ્ટીરીઆ નાશક કવાથ સાથે બે વખત દરરોજ આગોતી લાંબો વખત લેવી.(કવાથતીબનાવટ જુઓ આભાગનાઅંતમાં)

ઉપયોગ--હીસ્ટીરીઆનો રોગ આથી મટે છે ને મગજને શાંત રાખે છે ખાસ કરી આ દવા સ્ત્રીઓ માટે વધુ ઉપયોગી છે.

---

૩૧૬ અર્શોદ્દની વટી.

બનાવટ--ગુલાબજળમાં પીસેલા દરેક તો. ૧

હીરાદખણ તો. ૨ રસવંતી તો. ૩

લીંબોડીનો મગજ તો. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત--ઉપરની ચારે ચીજોને ખરલમાં બારીક વાટી લઈ જરૂર જણાયતો જરા પાણી મેળવી ઘુંટી ગોળી બનાવવા જેવું થતાં ચણા પ્રમાને ગોળી કરી અને તે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--૨ ગોળી, રાત્રે સુતી વખતે અથવા સવારે અને રાત્રે બે વખત લેવી.

અનુપાન--પાણી સાથે.

ઉપયોગ--દરેક પ્રકારનાં હરસ રોગમાં બોવા માટે આ દવા આપવાથી સારો ફાયદો થાય છે.

---

૩૧૭ હિંગુકર્પુર વટી.

બનાવટ--કપુર તો. ૧ હિંગ કાચી તો. ૧ મંચ જોઇએ તેટલું લઇ ખરલમાં ઘુંટી ગોળી બનાવી લઇ સુકવી બાટલી ભરી રાખવી, ગોળી વટાણા જેવડી કરવી.

પ્રમાણ--૧ થી ૨ ગોળી. દિવસમાં ૩ વખત.

અનુપાન--પાણી અથવા આદુનો રસ.

ઉપયોગ--ખાંસી, ત્રિદોષજ્વર, ઇન્ફ્લ્યુએંઝા અને હૃદયરોગ, ન્યુમોનીઆ માટે સારો ઉપાય છે. આ દવા ફેફસાં અને હૃદય ઉપર સારી અસર કરી આપે છે, અને દરદીને રાહત આપે છે.

સુચના--ત્રિદોષનું બહુજ જોર હોય તેવા ન્યુમોનીઆમાં કસ્તુરી અને આદુના રસ સાથે આપવાથી સારો ફાયદો થાય છે.

---

૩૧૮ સરલ વટી.

બનાવટ—શેકેલી હીંગ ૧ તોલો, મરી કારા તો. ૧ કપુર તો. ૧ વાટી પાણીમાં ઘુંટી આશરે એક ચણા પ્રમાણે ગોળી કરી સુકવી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

સમય—તાવ આવ્યા પહેલાં બે કલાક પ્રથમ.

ઉપયોગ—મલેરીઆ તાવ અટકાવે છે અને પેટનો દુખાવો, મટાડે છે.

---

૩૧૯ હિંગુલ વટી.

બનાવટ—શુધ્ધ હિંગળો તો. ૩
પીપર તો. ૨
જાયફલ તો. ૨
તજ તો. ૨
શુધ્ધ વચ્છનાગ તો. ૦॥
મરી તો. ૨
અજમો તો. ૨
અકલકરો તો. ૨
કેશર તે. ૦॥

વિધી—બારીક વાટેલી ચીજોને ખરલમાં નાંખી નાગરવેલના પાનના રસમાં ઘુંટી મગ જેવડી ગોલી બનાવી લેવી.

પ્રમાણ—૧ થી ૨ ગોલી, સવાર સાંજ બે વખત.

ઉપયોગ—વાતરોગ, કુષ્ટ રોગ, શુળ, ઉરૂસ્થંભ, વાતરકત, કફ રોગ, શ્વાસ, ખાંસી. ક્ષય, પ્રમેહ, વગેરે મટી શકિત લાવે છે.

અનુપાન—દુધ સાથે લેવી.

---

૩૨૦ લીલાવતી વટી.

બનાવટ—શુધ્ધ પારદ તો. ૧
શુધ્ધ હિંગુલ તો. ૧
લોહ ભસ્મ તો. ૧
બીલીનું ગરભ તો. ૧
વચ્છનાગ શુધ્ધ તો. ૧
ધાવડી ફુલ તો. ૧
શુધ્ધ કનકબીજ તો. ૧
શુધ્ધ ગંધક તો. ૧
અભ્રકભસ્મ તો. ૧
જાયફલ તો. ૧
મોચરસ તો. ૧
ત્રિકટુ તો. ૩
કડાછાલ તો. ૧
અફીણ તો. ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધી--પ્રથમ પારદ, ગંધક, હીંગુલની કજ્જલી કરી તેમાં અનુક્રમે બીજી દવાઓનું ચુર્ણ મેળવી તેને બરાબરના ડોડવાના ક્વાથમાં ઘુંટી ત્રણ દીવસ બરલ કરી રતીભારની ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--૨ થી ૪ ગોલી.

અનુપાન--ચોખાનું ધોણ અથવા તાજું પાણી.

ઉપયોગ--ઝાડો, મરડો, સંગ્રહણી, રક્તાતિસાર અને વાયુ કફથી થનારા રોગ મટે.

---

૩૨૧ મહામારી ગુટીકા.

બનાવટ--લાલ મરચાં તો. ૨ હીંગ શેકેલી તો. ૨ કપુર તો. ૨ ભાંગ શેકેલી તો. ૨ અફીણ તો. ૧॥ લઇ વાટી અફીણનો કસુંબો નાંખી પછી તેને આદુના રસમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી લેવી.

પ્રમાણ--૨ ગોળી.

સમય—દર અકેક કલાકે અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—સહેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—કોલેરા વિષુચિકા, ઝાડા, ઉલટી, નબળાઇ, ગોટલાં ચડવાં વગેરે આ ભયંકર વ્યાધિમા સારૂં કામ કરે છે.

---

૩૨૨ પુનર્નવામંડુર.

બનાવટ—સાટોડી, નસોતર, શુંઠ, પીપર, મરી, વાવડીંગ, દેવદાર, ચિત્રક, પુષ્કરમુલ, હરડે, બહેડા, આમળા, હળદર, દારૂહળદર, ચવક, દંતીમુલ, કડુ, ઇંદ્રયવ, પીપરમુલ, નાગરમોથ. એ સર્વ એક એક તોલો ચુર્ણ કરી લેવું. તેમાં મંડુરભસ્મ તો. ૪૦ તથા તેમાં ગોમુત્ર તો. ૧૦૦૦ એક હજાર નાંખી ધીમે તાપ પાક કરવો. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે ગોમુત્ર બળી જવા આવે ત્યારે ઉતારી ઠારી રાખવુ અને બરલમાં ઘુંટી ગોળી અથવા ચુર્ણ કરી લેવું.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ કે મધ સાથે લેવાય.

ઉપયોગ—પાંડુરોગ, સોજા આફરો, ઉદરરોગ, શુળ, હરસ, પ્લીહાશ, કૃમિ, ગુદમરોગ, નબળાઈ અને લીવર તથા બરલના રોગ મટાડી લોહી વધારે તેનાં લાલ રજકણ વધારે છે.

૩૨૩ વિજયા ચુર્ણ.

બનાવટ—ત્રિફલા તો. ૩ ત્રિકટુ તો. ૩ તજ તો. ૧ એલચી તો. ૧ તમાલ પત્ર તો. ૧ વજ્ર તો. ૧ કાળીપાટ તો. ૧ યવક્ષાર તો. ૧ હિંગ તો. ૧ સાજીખર તો. ૧ ટંકણ ખાર તો. ૧ હળદર તો. ૧ દારૂ હળદર તો. ૧ ચવક તો. ૧ કડુ તો. ૧ ઈંદ્રયવ તો. ૧ શુઆ તો. ૧ પંચ લવણ તો. ૫ બીલીનું ગરભ તો. ૧ પીપરી મુળ તો. ૧ અજમોદ તો. ૧ લાવી સાફ કરી ખાંડી ભુકો કરી કપડે ચાળી રાખવું.

પ્રમાણ—૧ થી ૧॥ તોલો.

અનુપાન—રહેજ ગરમ પાણી સાથે અથવા એરંડતેલમાં ચાટી જવું. ઉપર દુધ પીવું.

ઉપયોગ—હરસ, કુષ્ટરોગ, ભગન્દર, પાર્શ્વશુળ, હૃદયરોગ, ઉદરરોગ, સંગ્રહણી, ઝાડા જ્વર, ઉન્માદરોગ, વંધ્યારોગ વગેરે મટાડે છે.

૩૨૪ શિરશૂલહર યોગ.

બનાવટ—ગૌદંતી હરતાલ જેને ગુજરાતાં ધોપાણ કહે છે તે લાવી તેને કુંવારના લફરાની વચે એક માટીના વાસણમાં મુકી બંધ કરી નાના ગજપુટમાં ફુંકી દેવું. ઉતમ સફેદ રંગની ભસ્મ થશે. તે બહાર કાઢી કપડે ચાળી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—એ આની ભાર દવા.

અનુપાન—સાકર તો ા તથા ઘી તો. ાાં લઇ તેમાં દવા મેળવી ચાટી જવી.

ઉપયોગ—માથાનો દુખાવો, ગમે તેવું માથાનું દરદ આ પડીકાથી મટી જાય છે. નાનાં બચ્ચાંઓને વળી પૌષ્ટીક ગુણ માટે આ દવા ઠીક પડે છે.

સમય—સવાર સાંજ એ વખત લેવું.

---

૩૨૫ તાંડવારી ચુર્ણ.

બનાવટ—અજમો, વજ, જેઠીમધ, અનંતમુળ, શુદ્ધબ્રુચલા, ધતુરાના પાન, તજ, એલચી, ખસખસ, બરાસકપુર, નસોતર, ગરણીનાં બીજ, ખુરાસાની અજમો, કડુ, યવક્ષાર, સુખડ, આંબળા, હીંગ, પીપરીમુળ, ધમાસો એ વીસ ચીજ અકેક તોલો તથા લોહ ભસ્મ(ત્રીફલાના પુટ જેને વધારે આપ્યા હોય તે) તોલા ૪ મેળવી ઘુંટી બારીક ચાળી બાટલી ભરી લેવી

પ્રમાણ—૨ થી ૬ રતીભાર.

અનુપાન—પાણી સાથે.

સમય—સવાર સાંજ એ વખત.

ઉપયોગ—ઉન્માદ, અપસ્માર, હીસ્ટરીઆ, યોષાપસ્માર, આંચકી તાંડવનૃત્ય વગેરેમાં સારૂં કામ કરે છે.

સુચના—દરદીને પેટ સાફ ન આવતું હોયતો પ્રથમ સારો જુલાબ આપી કોઠો સાફ કરી ત્યારબાદ આ દવા આપવી.

---

૩૨૬ દંતરક્ષક ચુર્ણ.

બનાવટ—ફુલાવેલી ફટકડી તો. ૧ અકલકરો તો. ૧ કપુર તો. ૧ એલચીનાં બીજ તો. ૧ ફુલાવેલ ટંકણખાર તો. ૧ તજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો. ૦॥ લવંગ તો. ૦॥ ચાકનો ભુકો તો. ૧૨ બારીક ભુકો કરી કપડછાણ કરી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—દાંતના દરદો જેવાં કે શુળ, પરૂ નીકળવું, રસી દાંત હાલવા, સડોથવો. દંતકૃમિ, પથરી બાઝવી વગેરે મટાડી દાંતને સ્વચ્છ અને મજબુત બનાવે છે.

રીત—આ મંજન દાંતે ઘસી પછી પાણીથી કોગળા કરવા જોઇએ.

---

૩૨૭ પ્રમેહનાશક યોગ

બનાવટ—ચંદ્રપુટી પ્રવાલ ભસ્મ તો. ૨ ચાંદીના વરક તો. ૧

વિધી—પ્રથમ ખરલમાં પ્રવાલ ભસ્મ નાંખી તેમાં એકેક ચાંદીનો વરક નાંખતા જવું અને ઘુંટતા જવું. તમામ વરક મળી જાય ત્યારે બરાબર ઘુંટી મેળવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર.

અનુપાન—માખણ કે મલાઇ માથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પ્રમેહ. સ્વપ્ન પ્રમેહ, સોમરોગ, વિર્યદોષ, નબળાઇ ખોટી ગરમી વગેરે મટે છે.

---

૩૨૮ કુષ્ટનાશક પ્રયોગ

બનાવટ—મીંઢીઆવળ (સોનામુખીનાં પાન) તો. ૮ લોંબોળાનીમીંજ તો. ૮ લઇ વાટી તેનું બારીક ચુર્ણ કરી રાખવું.

પ્રમાણ—૦॥ તોલો.

સમય—સવાર, બપોર અને સાંજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્ય—ખીચડી અને ઘી ખાવું શિવાય તમામ અંધ રાખવું.

ઉપયોગ—વાતરક્ત, (રક્તપિત) લોહી બિગાડ વગેરે રક્ત અને ત્વચાના રોગને ઠીક મટાડી આપે છે.

---

૩૨૯ પ્રદરારિ યોગ.

બનાવટ—સમુદ્રશોષનાં બીજ તો. ૩ માયાંફળ તો. ૪ સોનાગેરૂ તો. ૨ વાટી ચુર્ણ કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૦ા થી ૦ા તોલો.

અનુપાન—બકરીનું દુધ દવા ઉપર લેવું.

ઉપયોગ—પ્રદર, શ્વેતપ્રદર, રક્તપ્રદર વગેરેનો સ્રાવ મટે છે.

---

૩૩૦ નીમક સુલેમાની.

બનાવટ—પુદીનો સુકો, અમરવેલ, શાહજીરૂં, જીરૂં, પીપર, મરી, શેકેલીહીંગ, એ દરેક બે બે તોલા, વરેઆરી. ધોળાં મરી, બે એક તોલો શુંઠ તો. ૧૫ છડીલો તો. ૩ અજમોદ તો. ૩ શેકેલી રાઇ તો. ૧૦ સિંધાલુણ તો. ૯ સંચર તો. ૫ સાજીખાર તો. ૬૦ લઇ કપડછાણ ચુર્ણ કરી લેવું.

વિધી—ઉપરના બનાવેલા ચુર્ણને બરણમાં નાંખી તેને અંબુરના સુરકાની સાત ભાવના દેવી, અને પછી સુકાવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૨ થી ૪ આનીભાર.

ઉપયોગ—પેટના તમામ રોગમાં પાચન દીપન દવા તરીકે છુટથી વપરાય તેવી દવા છે અને આજ બજાર બન્નરમાં તૈયાર પણ તે પુષ્કળ મળે છે માટે બનાવવા પેટનાં તમામ દરદોમાં ખાસ વાપરવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩૧ અર્કલવણ ક્ષાર.

બનાવટ—આકડાનાં પીળા પાન નંગ ૧૦૦, સીંધાલુણ તો, ૨૦

વિધી—પ્રથમ એક માટીની નાની હાંડલી લાવી તેમાં આકડાના પીળા પાન પાથરી તેના ઉપર સીંધાલુણનો ભુકો છાંટી ફરી પણ તેના ઉપર પાન પાથરી પાછું સીંધવ છાંટવું. એ પ્રમાણે બધા પાન ગોઠવી ક્ષાર ઉપર નીચે ગોઠવી તે વાસણને ઢાંકણીથી બંધ કરી કપડ-માટી કરી તેને ગજપુટમાં ફુંકી દેવું. એટલે ભસ્મરૂપ થઇ જશે.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર,

અનુપાન—મધ સાથે ચાટી જવું.

સમય—સવાર, બપોર અને સાંજ.

ઉપયોગ—પેટનાં નવા અને જુના રોગોમાં વપરાય છે તેમજ તે બરલ માટે ખાસ ઉપયોગી જણાય છે. ભુખ લગાડી હરસ પચીને સાફ ઉતારે છે. પેટનો દુખાવો મટાડે છે.

---

૩૩૨ વાળાની દવા.

બનાવટ—હિંગ. કહુ. મરી, કાંકચમીજ, કપીલો, ટંકણખાર ફુલાવેલ એ દરેક વસ્તુ સમભાગે લઇ ચાટી ચુર્ણ કરી કાચે ચાળી રાખવું.

પ્રમાણ—૦ા તોલો.

સમય—દીવસમાં બે થી ત્રણ વખત.

અનુપાન—સહેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—વાળાનો રોગ (સ્નાયુક) થતો અટકાવવા તથા થયા પછી તે તુરત બહાર નીકળી જાય તે માટે આ ચુર્ણ ઠીક છે.

સુચના—વાળો બહાર નીકળે તેને સંભાળથી બાંધી રાખવું અને ધતુરાના પાનને વાળાની જગ્યાએ જરા ઘી ચોપડી ગરમ કરી બાંધી દેવું કે જેથી બહારનું દર્દ સોજા વગેરે તુરત મટી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩૩ અદ્‌ભૂત છીંકણી.

બનાવટ—ગાયનાં સુકેલા અડાયા છાણાને લાવી સાફ કરી તેને બાળી તેની રાખ તોલા ૫ લેવી અને તેને એક કપડે ચાળી માટીના એક વાટકામાં નાંખી તેમાં આકડાનું દુધ તો, બે આશરે નાંખી ઘુંટી તડકે સુકવી બાટલીમાં ભરી રાખવું.

વાપરવાની વિધી—આ તૈયાર થએલ ચુર્ણ નસ્યમાં વાપરવા માટે એક રતીભાર ચપટીમાં લઇ નાક સુંઘવું કે જેથી પાંચ મીનીટ બાદ ખુબ છીંક આવશે, અને જો બરાબર છીંક ન આવે તો દશ મીનીટ પછી એક રતીભાર ફરી સુંઘી લેવું, તેથી ખુબ છીંકો આવશે. કદાચ વધારે છીંકો આવે તો જરા ઘી સુંઘી લેવાથી બંધ થઇ જશે.

ઉપયોગ—માથાનું ભારેપણું માથાનું દરદ, અર્ધી માથાનું દુખવું શળેખમ વગેરેમાં આનો ઉપયોગ થાય છે. તેથી મગજ સાફ અને હલકું થઇ જાય છે.

સુચના—અત્યંત દુર્લળને, ગર્ભિણી સ્ત્રીને કે નાનાં બાળકને આ દવા ન સુંઘાડવી કેમકે આ દવાથી પુષ્કળ છીંક આવે છે. અને તેથી તેને હાની થઇ જવા સંભવ છે.

---

૩૩૪ આમલક્યાદિ લોહ.

બનાવટ—આમળા તો. ૧ પીપર તો. ૧
સાકર તો. ૨ લોહ ભસ્મ તો. ૪

વિધી—બારીક વાટેલી ચીજો લઇ કપડે ચાળી તેને ખરલમાં નાંખી લોહ ભસ્મ સાથે મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ રતીભાર.

અનુપાન—ઘી સાથે ચાટવી (ગાયનું દુધ હોય તો વધારે સારૂં) ઉપર ગાયનું દુધ પીવું.

સમય—સવાર સાંજ બે વખત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ખાંસીમાં પડતું લોહી અથવા ઉલટીમાં પડતું લોહી ઉરક્ષત અને નબળાઇની ખાંસીને મટાડે છે તથા લોહીના ગળફા કે લોહીની ઉલટીને મટાડે છે. શકિત આપેછે.

સુચના—આવા દરદમાં ખોરાક તદન સાદો અને સાત્વિક લેવા જોઇએ.

---

૩૩૫ હેમરસાયન.

બનાવટ—લીલાં પાકાં આંબળા લાવી તેમાંથી ઠળીઆ કાઢી તેની મજ્જા કપડાપર મુકી તડકે સુકવી તૈયાર કરી તેનું ચુર્ણ કરવું આ ચુર્ણને આંબળાના રસની સાત ભાવના આપી તૈયાર કરવું. અને તેમાં તેના અરધાવજ્જને સુવર્ણ ભસ્મ અથવા સોનાનાં વરખ નાંખી ઘુંટી તેમાં તે મર્વથી બમણું મધ નાંખી ચાટણ જેવું કરી ડબ્બી ભરી રાખવી.

પ્રમાણ—તૈયાર ચાટણની માત્રા બે આનીભાર.

અનુપાન—દવા ચાટી ઉપર કઢેલું દુધ પીવું.

સમય—સવારનાં અને રાતના સુતી વખતે.

ઉપયોગ—ધાતુ ક્ષીણતા. અત્યંત નબળાઇ. વૃધ્ધાવસ્થાની નબળાઇ. ક્ષીણતા વગેરે મટાડી નવજીવન આપે છે.

---

૩૩૬ ત્રિફલા રસાયન.

બનાવટ—ત્રિફલા ચુર્ણ તો. ૩ શુધ્ધ ગંધક તો ૧
સાકર તોલા ૫

વિધી—પ્રથમ ત્રિફલા અને ગંધક સાથે મેળવી તેનો જરા ચીનો કરમો દઇ પછી તેમાં સાકર મેળવી તેને ભાંગરાના રસમાં ઘુંટી ચુર્ણ કરી બાટલી માં ભરી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૨ થી ૪ આનીભાર.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ સાથે.

ઉપયોગ—લોહી ઓગાડ, ખોટી ગરમી, ઉપદંશ, ખસ ખુજલી, દાદર વગેરેમાં શોધક તરીકે સારો ઉપાય છે.

---

૩૩૭ શોથનાશક ઉપાય.

બનાવટ—કરીઆતું તો. ૫ શુંઠ તો. ૫ વાટી ચુર્ણ કરી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૧ તોલો સવાર સાંજ.

અનુપાન—સાટોડીના કવાથ સાથે દવા લેવી.

ઉપયોગ—સોજા, આખા શરીરમાંના સોજા આ દવાથી મટી જાય છે.

---

૩૩૮ રક્તસ્થંભક યોગ.

બનાવટ—ફુલાવેલ ફટકડી તો. ૩ આવળનો ગુંદ તો. ૪ સાકર તો. ૪ વાટી ભુકો કરી બાટલીમાં રાખવું.

પ્રમાણ—૧૫ થી ૩૦ ગ્રેન (ઘણું ભાર)

સમય—ચાર ચાર કલાકે અકેક પડીકું.

અનુપાન—ઠંડા પાણી સાથે.

ઉપયોગ—છાતીમાંથી પડતું લોહી રક્તપિત મટાડે.

---

૩૩૯ રક્તસ્થંભક યોગ.

બનાવટ—ફુલાવેલ ફટકડી તોલા ૫ ગેરૂ તોલો ૧ લેવું.

વિધી—ખરલમાં નાંખી દવાને પીસીને બાટલી ભરી લેવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ--૬ થી ૧૨ રતીભાર દિવસમાં બે વખત.

અનુપાન--બકરીના દૂધ સાથે દવા લેવી. (દવા લઇ ઉપર દૂધ પીવું)

ઉપયોગ--રક્તપ્રદર, અથવા ભીન્ન રંગમાં પડતું લોહી પ્રવાહ ના રૂપમાં હોય છતાં બંધ થાય છે.

---

૩૪૦ જ્વરભાસ્કર ચુર્ણ.

બનાવટ--કરીઆતું તો. ૧૦ | બહેડા છાલતો. ૧
દેવદાર તો. ૧ | સફેદ ચંદન તો. ૧
લીંબડાની અંતર છાલ તો. ૧ | સુંઠ તો. ૧
મોટી હરડે છાલ તો. ૧ | પીપર તો. ૧
ગળો સત્વ તો. ૧ | કાંકચ તો. ૧
નાગરમોથ તો. ૧

વિધી--દરેક ચીજનું બારીક ચુર્ણ કરી કપડે ચાળી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ--૨ થી ૪ આનીભાર.

સમય--દિવસમાં બે થી ત્રણ વખત.

અનુપાન--તાજું પાણી.

ઉપયોગ--ચાલુ તાવ, વિષમ જ્વર, નવીન જ્વર, ટાઢીઓ તાવ, જીર્ણ જ્વર, મુદતનો તાવ વગેરેમાં સેવન કરવાથી સારો ફાયદો આપે છે.

---

૩૪૧ શીતલપર્પટી.

બનાવટ--સુરાખાર ૮ તોલા, શુધ્ધ ગંધક ૧ તોલો.

વિધી--એક માટીના સકોરામાં સુરાખાર મુકી તેને અગ્નિ ઉપર રાખી ગરમ કરવું. રસાયા ત્યારે તેમાં ગંધકનું બારીક ચુર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી દેવું પછી કોઇ પાન ઉપર યા કોઇ વાસણ માથે નાંખી પર્પટી માફક કાળી દેવું.

પ્રમાણ—એથી ૪ આનીભાર.

સમય—દિવસમાં એથી ૩ વાર.

અનુપાન—ઠંડુ પાણી.

ઉપયોગ—પેશાબનાં દરદો, મુત્રકૃચ્છ, દાહયુક્ત, પેશાબ થોડો થોડો આવવો વગેરે મટે છે. મુત્રલ તરીકે ઠીક છે.

---

૩૪૨ શ્વાસહર ધુમ્રપાન.

બનાવટ—ધતુરાના પાન, કાળી ચાહ, સુરાખાર, લાલ તમાકુ સમભાગે લઇ જરા જાડું વાટી તેની જાડા કાગળમાં બીડી કરી રાખવી.

ઉપયોગ—દમ વાળાં દરદીએ આ બીડી પીવી કે જેથી દમ બેસે, શ્વાસ ઠીક લેવાય, અને કફ છુટો પડે છે. ગળામાંનો મુશ્કેલી હોય તો ઓછી થાય છે.

સુચના—આ બીડી ફકત દમના દરદીઓ માટે છે અને તે જ્યારે જરૂર જણાય ત્યારે એટલે કે દમ ચડે ત્યારેજ લેવાની જરૂર છે.

---

૩૪૩ શ્વાસહર રોગ.

બનાવટ—સુરાખાર ૧ ભાગ, આદીયાન ૧ ભાગ, ધતુરાના સુકા પાન ૨ ભાગ, હોબાન ૧ ભાગ, વાટી ચુર્ણ કરી તૈયાર રાખવું.

રીત—જ્યારે વાપરવું હોય ત્યારે ઉપરના ચુર્ણમાંથી થોડી દવા લઇ તેમાંથી ૧ ચપટી દવાજરા લાલ અંગારા (દેવતા) ઉપર નાંખીને તેનો ધુમાડો થાય તે શ્વાસ લેવો. એટલે ફાયદો થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—શ્વાસ રોગ માટે સારો પ્રયોગ છે તેનાથી દમ સહેલાઈથી લેવાયછે. અને દરદીને તત્કાળ રાહત આપે છે.

સુચના—આ પ્રયોગ જ્યારે દરદી પર એકાએક દમનો હુમલો થાય ત્યારે કરવાનો છે. અને તે દમ બેસતાં લગી દશપંદર મીનીટ કરવાથી શાંતિ થાય ત્યાં લગી કરવો જોઇએ, માત્ર ધુંમાડો ગળામાં જાય તેમ કરવું કે જેથી રાહત મળશે.

---

૩૪૪ કામદુધારસ.

બનાવટ—સોનાગેરૂ લાવી તેને વાટી બારીક કરી તેને લીલા આંબળાના રસની ૨૧ ભાવના આપી બરણમાં સુકવીને ઘુંટી રાખવું.

પ્રમાણ—૧ થી ૨ વાલ. પાણી કે દુધ સાથે.

સમય—દિવસમાં ૨ થી ૩ વખત.

ઉપયોગ—પાંડુરોગ, હરસમાં પડતું લોહી, પ્રદરરોગ, નબળાઇ, પિતાવકાર, રકતપિત વગેરે માટે ઠીક છે. બાસ કરી પડતું લોહી બંધ કરવા માટે સારો ઉપાય છે.

---

૩૪૫ વજ્રક્ષાર.

બનાવટ—સિંધાલુણ, સંચર, સમુદ્રલવણ, યવક્ષાર, સાજીખાર ટંકણખાર, એ દરેક સમભાગે લઇ ચુર્ણ કરી તેમાં થોરનું દુધનાંખી ૩ દીવસ ભીંજવી રાખવું. પછી સુકાય એટલે તેમાં આકડાનું દુધ નાંખી ૩ દીવસ ભીંજવી રાખી પછી સુકાવી વાટી લઇ તેને આકડાના પાન વચ્ચે રાખી સંપુટ જેવુ કરી ગોળો બનાવી કપડમાટી કરી ગજપુટ અગ્નિમાં ફુંકી દેવું. અને ઠંડુ થાય ત્યારે કાઢી લઇ વાટી કપડછાણ કરી તેમાં નીચેની ચીજોનું ચુર્ણ મેળવી બાટલીમાં રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુંઠ, મરી, પીપર, હરડા, બહેડા આમળા, ગજપીપર, અજમો, જીરું, ચિત્રકછાલ એ દશદ્રવાઓનું ચુર્ણ ઉપરના ક્ષારની ભસ્મના વજન જેટલુંજ બધું થઇને લેવું જોઇએ.

પ્રમાણ—૧ા તોલો અથવા ૮ વાલ.

અનુપાન—નવશેકું પાણી.

ઉપયોગ—ગુલ્મ, વાયુ, ઉદરરોગ, શુળ, અજીર્ણ, મંદાગ્નિ, અરૂચી વગેરે મટે છે.

---

૩૪૬ લિંગવિરેચન.

બનાવટ—કમાળચીની તો. ૧ રેવતચીનીનું લાકડું તો. ૧
સુરાખાર તો. ૧ યવક્ષાર તો. ૧
જીરું તો, ૧ સોનાગેરૂ તો. ૧

રીત—ઉપરની દ્રવાઓનું બારીક ચુર્ણ કરી લેવું.

પ્રમાણ—૧ તોલો અથવા ૨ તોલા જરૂર પ્રમાણે.

ઉપયોગ—મુત્ર નળી સાફ કરવા, ઈંદ્રિ જુલાબ લેવા, પ્રમેહમાં, પેશાબમાં દાહ હોય તેમાં તથા પેસાબ ખુલાશે લાવવાની જ્યાં જરૂર હોય ત્યાં તથા મુત્ર બંધ હોય ત્યાં આ દવા વપરાય છે.

અનુપાન—દવાનું ચુર્ણ તો. ૧ તથા દુધ અને પાણી સમભાગે વીશ વીશ તોલા મેળવી હલાવીને પી જવું. એથી પેશાબ સાફ આવી જશે.

---

૩૪૭ છર્દિહર યોગ.

બનાવટ—વંસલોચન, એલચી, કમળનાં ફુલ, ગેરનાં પીછાની રાખ, નાળીએરની ચોટલીની રાખ, (ભસ્મ) મરી, પીપર, સમભાગે લઇ વાટી ચુર્ણ કરી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ--૩ થી ૬ રતીભાર.

અનુપાન--મધ સાથે ચાટી જવું.

ઉપયોગ-ગમે તે પ્રકારની ઉલટી માટે ચોકસ ઉપાય છે.

---

૩૪૮ ગુલાબી ચુર્ણ.

બનાવટ--જાંબુના સુકા ઠળીઆ તો. ૫
આમલાની ગોટલી તો. ૫
વાળો તોલા ૫

રીત--દરેકને બારીક વાટી કપડ છાણ કરી બાટલીમાં ભરી રાખવું,

પ્રમાણ--૩થી ૬ માસા ભાર.

અનુપાન--ચોખાનું ધોણ અથવા છાસ સાથે.

ઉપયોગ--આમાતિસાર, રકતાતસાર, મરડો, લોહીના ઝાડા, જુનો અતિસાર અને બાળકોનાં ઝાડા તુરતમાં મટે છે,

---

૩૪૯ મંજીષ્ઠાદિ ચુર્ણ.

બનાવટ--મજીઠ તો. ૨॥ હીમેજ તો. ૫
હરડે છાલ તો. ૩॥ ગુલાબનાં ફુલ તો. ૫
બહેડા છાલ તો. ૩॥ રેવતચીનીનું લાકડું તો. ૨॥
આમળા તો. ૩॥ એલચી તો. ૨॥
મીંઢીઆવલ તો. ૧૦ કાસની તો. ૨॥
વરેઆરી તો. ૨॥ સુરાખાર તો. ૨॥
ગોખરૂ તો. ૨॥ સોનાગેરૂ તો. ૨॥

રીત--ઉપરની દવાઓને બારીક ખાંડી કપડાથી ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ--૧ તોલો, અથવા ૨॥ તોલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય--દરરોજ રાત્રે સુતી વખતે અથવા સવાર સાંજ બે વખત

અનુપાન---સહેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ---પ્રમેહ. ઉનવા, મુત્રકચ્છ્ર, રક્તવિકાર શીતપિત્ત લોહી બગડવાથી થતાં ચામડીનાં દરદો વગેરે મટી રક્ત શુધ્ધ થાય છે. ગરમી, ઉપદંશ વગેરે મટે છે.

---

૩૫૦ શતપત્र्याद्य चुर्ण.

અનાવટ--ગુલાબનાં ફુલ તો. ૧૬ ઉંમથાળરાની તુઇ તો. ૧
સાકર તોલા ૩૨ કપુર તો. ૦૧
જીરૂં તો. ૧ સારીવા તો. ૧
વસલોચન તો. ૧ તજ તો. ૧
ગળોસત્વ તો. ૧ તમાલપત્ર તો. ૧
તવક્ષીર તો. ૧ નાગ કેશર તો. ૧
એલચી તો. ૧ ચંદન સફેદ તો. ૧
નાગરમોથ તો. ૧ રૂમીમસ્તકી તો. ૧
આંબળા તો, ૧

રીત--ઉપરની દવાઓને બારીક વાટી કપડે ચાળી બાટલી ભરી લેવી.

પ્રમાણ--રથી ૪ આનીભાર.

સમય--સવાર, બપોર, સાંજ.

અનુપાન--દુધ અથવા પાણી સાથે,

ઉપયોગ---ખોટી ગરમી. પેટનાં દરદો, દાહ, તરસ, જ્વર, રક્તપિત્ત લીવરનાં દરદો, કબજીઆત, માથાનું દરદ, પિતવાયુ, મંદાગ્નિ, નબળાઇ, મુખપાક અને આંતરડાની દરેક જુની વ્યાધિ મટાડી રક્તનું શોધન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫૧ પંચસકાર ચૂર્ણ.

બનાવટ—શુંઠ તો. ૧૦ અજમો તો ૧૦
સિંધવ તો. ૧૦ પુદીનો તો. ૧૦
મીંઢીઆવળ તો. ૪૦ હિમજ તોલા. ૨૦

વિધી—ઉપરની દવાઓને ખાંડી બારીક કુટી ચાળી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—૦ા થી ૦॥ તોલાભાર.

સમય—સવારે અથવા રાત્રે. કેવળ ગરમ પાણી સાથે.

ઉપયોગ—રક્તવિકાર, વાયુ. કબજીઆત, ખુજલી વગેરેમાં જ્યાં પેટ સાફ કરવાની જરૂર જણાય ત્યાં આ દવા સાદા જુલાબના રૂપમાં વાપરવી સારી છે.

---

૩૫૨ બરોળનાશક યોગ.

બનાવટ—કુંવારનો રસ તોલા ૪૦ નવસાર તો. ૪૦ એક પ્યાની સ્ટોપર બાટલીમાં એ દવા સાથે મેળવી હલાવી ભરી રાખવું. આઠ દહાડા પછી વાપરવું.

પ્રમાણ—૦ા તોલો દવા.

ઉપયોગ—બરલ મટે છે. નવી અથવા જુની બરલ અને પેટના રોગને માટે ઉતમ છે.

અનુપાન—દવા તોલો ૦ા તથા તેમાં પાણી તો.એ નાખીને પીવું.

સમય—દિવસમાં બે વખત સવાર સાંજ.

---

૩૫૩ મૃગમદાસવ.

બનાવટ—સ્પીરીટ રેકટીફાઇડ તોલા ૧૦ મધ તો. ૫ કસ્તુરી તો. ૦॥ પાણી તો ૫ કાળાં મરી, લવંગ, જાયફળ, પીપર, તજ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ ચીજ દરેક અરધ અરધ તોલો લઇ તેનું ચુર્ણ ઉપરની દવાઓ સાથે એક સ્ટોપર બાટલીમાં ભરી એક માસ રાખી મુકવું. પછી કપડેથી ગાળી કામમાં લેવું.

સુચના—કસ્તુરી પ્રથમથી બરાબર વાટેલી હોય તે નાંખવી અને પછી બીજી દવાઓ સાથે મેળવી હલાવી રાખી એક માસ બાદ ગાળી કામમાં લેવું ત્યારે કચરો નાખી દેવો,

પ્રમાણ—૫ થી ૧૫ ટીપાં.

અનુપાન—પાણી તોલા ૧ સાથે.

સમય—દર બબે કલાકે અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—કોલેરા, સન્નીપાત, આંચકી, હાથપગ ઠંડા થઇ જવા, શરીર નબળું કે અચેતન અને ઠંડુ થઇ જવું વગેરે ભયંકર લક્ષણો જણાય ત્યારે આ દવા ઘણુંજ સારૂં કામ આપે છે. હુશીઆરી લાવી શરીરને સજીવન કરી દરેક રોગને શાંત કરે છે.

---

૩૫૪ પ્લીહાશત્રુ.

બનાવટ—કુંવારનો રસ શેર ૫ કાળી દ્રાખ શેર ૫
ધાવડીનાં ફુલ શેર ૦॥

વિધી—બધી દવાઓને એક ચીનીની બરણીમાં ભરી પેક કરી તડકામાં એક માસ રાખી મુકવું. અને પછી ગાળી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૦॥ થી ૧ તોલો.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દવામાં તેટલા વજને પાણી મેળવી તેમાં નવસાર માસો ૧ (૮ રતીભાર) નાંખીને પીવું

ઉપયોગ—બરોલ અને લીવરની ગાંઠ મટે, પેટ સાફ થાય, ભુખ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫૫ કાકજંઘારિષ્ટ.

બનાવટ—અઘેડાનું પંચાગ તોલા ૪૦૦ પાણી તોલા ૪૦૦૦ ઉકાળો કરી તેમાંથી જ્યારે ૧૦૦૦ તોલા પાણી રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાં સાકર તો. ૨૦૦ મધ તોલા ૨૦૦ ધાવડીનાં ફુલ તો, ૫૦ એલચી તો. ૫ મરી તો. ૫ ચણકબાબ તો. ૫ પીપર તો. ૫ નાગકેશર તો. ૫ તજ તો. ૫ આ ચીજોનું ચુર્ણ નાંખી મેળવી બરણી ભરી રાખી એ માસ પછી ગાળી રાખવું.

પ્રમાણ—૧૫ થી ૨૫ તોલા.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—લોહી સુધારે છે. મગજની ગરમી, આંખની ગરમી. શરીરના કોઇપણ ભાગમાંથી પડતું લોહી બંધ કરી મગજશકિત વધારે છે તથા બુધ્ધિ ખીલવે છે.

૩૫૬ રક્તશોધક અર્ક.

બનાવટ—કરીઆતું, ગળો, જવાસાનું મુળ, મજીઠ, ચોપચીની હરડે. પિતપાપડો (ખડસલીઓ), લોંબડાની છાલ. સરપંખો, લાલચંદન વાળો, ગુલાબનાં ફુલ, અનંતમુલ, હરડે, બહેડાં, આમળા એ દરેક દવા પાંચ પાંચ તોલા લેવી.

વિધી—ઉપરની દવાઓને બધ કચરી કરી તેને પાણી. શેર ચારમાં (૩૨૦ તોલામાં) પલાળી એ ત્રણ દીવસ રાખી મુકવું પછી અર્ક ખેંચવાના નલીકા યંત્રથી અર્ક કાઢી લેવું. અને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧૫ થી ૨૫ તોલા, દિવસમાં બે વખત.

અનુપાન—થોડું મધ સાથે નાંખીને પીવું.

ઉપયોગ—રક્તવિકાર, અને રકત બગડવાથી થતા તમામ વ્યાધિ માટે આ દવા શ્રેષ્ઠ ઉપાયછે. ખસ, ખુજલી, ખરજવું, ઉપદંશ અને સંધીવાને મટાડી લોહી શુધ્ધ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુચના—પ્રથમ જુલાબ લઇ પછી આ દવા શરૂ કરવાથી તરતમાં સારો ફાયદો થાય છે.

---

૩૫૭ ગર્ભધારક યોગ.

વિધી—એક તોલો આસુંડ લાવી તેનું જાડું ચુર્ણ કરી તેને ૨૦ તોલા પાણી તથા ૨૦ તોલા ગાયના દુધમાં નાંખી ધીમે ધીમે તાપે ઉકાળવું. પાણી બળી જાય ત્યારે દુધ ઉતારી લેવું. અને કપડે ગાળી લઇ તેમાં ૨૫ તોલા સાકર નાંખી પછી તે દુધમાં દરરોજ સવારનાં ૭ દાણા શીવલીંગીના બીજ મોં માં રાખી તે ઉપર દુધ પીજવું.

સુચના—આ પ્રયોગ ઋતુ આવ્યા બાદ પાંચમાં દીવસથી શરૂ કરવો. જોઇએ. અને તે ૧૧ દીવસ પ્રયોગ કરવો. આ પ્રયોગની સફલતા માટે સ્ત્રી અને પુરૂષના રજ તથા વીર્ય શુધ્ધ હોવા જોઇએ તો અવશ્ય ગર્ભ ધારણ થાય છે. અને આ પ્રયોગ ત્રણ માસમાં ત્રણ વખત કરવો જોઇએ.

ઉપયોગ—ગર્ભ ધારણ કરવા માટે તેમજ ગર્ભાશયના દોષ ઓછા કરવા માટે ખાસ ઉપયોગી છે.

---

૩૫૮ અર્કાદિ ક્વાથ.

બનાવટ—આકડાના મુલની છાલ તો.૨ જીરૂં તો. ૧
કાકડાશીંગ તો. ૧ ભોંરીંગણી તો. ૧
ભારંગી તો. ૧ કાયફલ છાલ તો. ૧
શુંઠ તો. ૧ પુષ્કર મુલ તો. ૧
મરી તો. ૧ પીપર, તો ૧

વિધી—ઉપરની ચીજોનું ક્વાથ લાયક જાડો ભુકો કરી તેમાંથી બે તોલા દવા લઇ પાણી તોલા ૪૦ માં ક્વાથ કરી બાકી જ્યારે ૫ તોલા રહે ત્યારે ઉતારી લઇ કપડે ગાળી લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય—સવાર સાંજ એ વખત અઢી અઢી તોલા લેવું.

ઉપયોગ—શીતાંગ, કફ ત્રિદોષજ્વર, શ્વાસ, ખાંસી, ન્યુમોનીઆ વગેરેમાં આમ, કફ પચાવી શ્વાસ નળીને સુધારે છે.

---

૩૫૯ પ્રદરનો સરળ ઉપાય.

બનાવટ–હરડે છાલ, આમળાં, રસવંતી એ ત્રણે અકેક તોલો લેવાં.

વિધી—દરેક વસ્તુને ખરલમાં બારીક વાટી તેમાં પાણી તો. ૧૦ નાંખી ખુબ ઘુંટી લઇ મેળવી કપડે ગાળી બાટલી ભરી લેવી. અને તેના ચાર ભાગ કરવા.

પ્રમાણ—ઉપરનું સ્વરસ દરેક વખતે રા તોલા લેવું અને તે દર ચાર ચાર કલાકે લેવું

ઉપયોગ—પ્રદરના સ્રાવને બંધ કરે છે, અને ખોટી ગરમી મટાડી દસ્ત સાફ લાવી પડતું લોહી બંધ કરે છે.

---

૩૬૦ હિસ્ટીરીઆ નાશક કવાથ.

બનાવટ—આસુંઠ તોલો ૧ જટામાસી તોલા ૪
ખુરાસાણી અજમો. તો. ૧

રીત—દરેક દવાને બાંડી જાડો ભુક્કો કરવો. તેમાંથી એક તોલો ભુક્કો લઇ ૨૦ તોલા પાણીમાં ઉકાળી તેમાંથી જ્યારે ૫ તોલા રહે ત્યારે ઉતારી કપડે ગાળી લેવું.

પ્રમાણ—રા તોલા કવાથ, સવાર સાંજ એ વખત લેવો.

અનુપાન—હીસ્ટીરીઆનાશક વટી સાથે આ કવાથ લેવો.

ઉપયોગ—નવો અથવા જુનો હીસ્ટીરીઆનો વ્યાધિ આ દવાથી ખાત્રી પુર્વક મટી આરામ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુચના—જુના રોગ વાળાએ આ કવાથ અને ગોળી બરાબર નિયમિત લાંબો વખત સુધી લેવી જોઇએ.

---

૩૬૧ ચોપચિનીઆદ્દિ કવાથ.

બનાવટ—ચોપચીની તો. ૨૦ આમળા તો. ૨૦
ઉશબો તો. ૨૦ શુંઠ તો. ૨૦
મીઠો સુંરબ્જન તો. ૨૦ હરડે બાલ તો ૩૦.
આસુંઠ તો. ૨૦ કરીઆતું તો. ૨૦
ગોરખમુંડી તો. ૨૦ રાસ્ના તો. ૨૦

રીત—ઉપરની દવાઓને જાડી કચરીકવાથ જેવો ભુક્કો કરી લેવો.

પ્રમાણ—૧ તોલો ભુક્કો અથવા ૨॥ તોલા પ્રવાહી કવાથ.

અનુપાન—કોઇ પણ ગુગળની બનાવટ સાથે આ કવાથ પીવો.

ઉપયોગ—રકતદોષ, સંધિવા આમવાત, ખસ, ખુજલી, અમ્બપિત, શુળ વાયુનું, પિતવિકાર અને સાંધા જલાઇ જવા કે પ્રમેહ ચાંદી વગેરે જુના નવા દરેક દરદોમાં શોધન તરીકે સારૂં કામ કરે છે.

સુચના—કવાથનો ભુક્કો તો. ૧ પાણી ૨૦ માં નાંખી ઉકાળો કરવો, જ્યારે ૨॥ તોલા રહે ત્યારે ઉતારી કપડે ગાળી સવાર સાંજ બે વખત પીવો.

---

૩૬૨ હરસનો મલમ.

બનાવટ—શંખજીરૂં, સોનાગેરૂ, ફટકડી ફુલાવેલી, હીરાબોળ, કાટાંળા માયા, સુરમો કાળો, રસવંતી, કપુર એ દરેક એકેક તોલો લઇ બરલમાં બારીક વાટી લેવાં. અને તે ચુર્ણનું વજન ૪ તોલા થાય તો આઠ તોલા માખણ અથવા ઘોએલું ઘી લઇ નાંખી મલમ બનાવી લેવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—આ મલમ હરસ ઉપર લગાડવાથી સોજો, પીડા, રક્તસ્રાવ, અંદરના કે બહારના હરસ મટે છે. હંમેશાં લગાડી શકાય તેવો છે.

---

૩૬૩ હરસનો મલમ.

બનાવટ—શુદ્ધ રસ કપુર તોલો ૧ વાટી ભુક્કો કરી લેવો. એકસો વખત પાણીથી ધોએલું માખણ તો. ૪૦

વિધી—બંનેને સાથે ઘુંટી મલમ જેવું કરી વાસણમાં ભરી લેવું.

ઉપયોગ—આ મલમ હરસની જગ્યાએ મસા ઉપર લગાડવાથી હરસ સુકાઇ જાય છે, અને ત્યાં થતો દાહ તથા શુળ પીડા મટે છે.

સુચના—આ મલમ ઝેરી છે, માટે તે બનાવતાં કે લગાડતાં હાથ બરાબર ધોઇ સાફ કરવા જોઇએ.

---

૩૬૪ નપુંસકતાનાશક લેપ.

બનાવટ—અકલકરો તો. ૧ આશુંઠ તો. ૧
શુંઠ તો. ૧ શુદ્ધ વછનાગ તો. ૧
તજ તો. ૧ કડવી તુમડીનાં બીજ તો. ૧

રીત—દરેક દવાઓને સાથે ખાંડી બારીક ચુર્ણ બનાવી બતુરાના ડોડવામાંથી ગરભ કાઢી ત્યાં દવા ભરી બંધ કરી ગાયના દુધમાં ૭ દિવસ પલાળી રાખવું. પછી તેને કાઢી બારીક વાટી ભુક્કો કરી રાખવો. જરૂર જણાય ત્યારે પાણીમાં કે દુધમાં વાટી ઇંદ્રી પર લેપ કરવો.

ઉપયોગ—ઇંદ્રીની શીથીલતા, નામર્દી અને સ્થંભનની ખામી મટાડી સુરત થએલ નસોમાં જાગ્રતી લાવે છે.

સુચના—આ દવા લગાડતી વખતે ઇંદ્રીનો આગળનો ભાગ (મણીભાગ) તથા અંડકોષનો ભાગ બચાવી ફકત ઇંદ્રી પર દવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગાડી તેનાપર પટી બાંધી દેવી. આ પ્રયોગ ફકત ૭ દિવસ કરવો જોઇએ.

---

૩૬૫ અર્કાદિ લેપ.

બનાવટ--આકડાના મુલની છાલ તો. ૨॥
લીંબડાની છાલ તો. ૨॥
સાટોડીની જડ તો. ૨॥
એરંડાના મુળ તોલા ૨॥

વિધી--ઉપરની ચારે ચીજોને બારીક વાટી ચુર્ણ કરી લેવું. તેને ગૌ મુત્રમાં વાટી જરા ગરમ કરી લેપ લગાડવો.

સમય--દીવસમાં બે વાર.

ઉપયોગ--દરેક પ્રકારનાં સોજા માટે આ લેપ લગડવાથી સોજા ઉતરે છે.

---

૩૬૬ કર્ણનંદ તેલ.

બનાવટ--દારૂ હળદર, દશમુલ, જેઠીમધ, વરેઆરી, મરગવાની છાલ, રસવંતી, કુષ્ટ, વજ, દેવદાર, અશ્વાડાનું પંચાગ, એ દરેક ચીજ અઢીઅઢી તોલા લેવી. (દશમુલ ૨॥ તોલા લેવાં)

વિધી—ઉપરની દવાઓને જાડી કુટી પાણી તોલા ૪૦૦માં કવાથ કરી જ્યારે ૧૦૦ તોલા કવાથ રહે ત્યારે ઉતારી ગાળી તેમાં ૧૦૦ તોલા તલનું તેલ નાંખી પાકકરવો અને તેમાં લીમડાના પાનની ચટણી કરી નાંખી તેલ તૈયાર થાય ત્યારે ઉતારી લેવું ઠંડુ થતાં કપડે ગાળી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—કર્ણશ્રાવ, કર્ણનાદ, કર્ણશુળ કર્ણબધરજ વગેરે મટાડે છે. કાનનાં દરદોમાં આ તેલનાં ટીપાં નાંખવાથી સત્વરે ફાયદો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬૭ મરિચ્યાદિ તૈલ.

બનાવટ—મરી, હરતાલ, નસોતર રકતચંદન, નાગરમોથ મણસીલ, જટામાસી, હળદર, દેવદાર, દારૂહળદર, ઈંદ્રવારૂણીનાં મુળ. કણેરનાં મુળ, કુષ્ટ, આકડાનાં મુળની છાલ, એ દરેક એક એક તોલો તથા મરસવનું તેલ તો. ૮૦ ગૌમુત્ર તો. ૮૦ તથા શુધ્ધ વચ્છનાગ તો. ૨ લેવું.

વિધી—સુકી વસ્તુઓને પાણીમાં વાટી કલક કરી તેને તેલ તથા ગૌમુત્રમાં નાંખી ધીમે તાપે પાક કરવો. અને માત્ર તેલ રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

ઉપયોગ—શરીરે ચોળવાથી ચામડીનાં દરદો જેવાં કે ખસ ખરજ. કોઢ, ચેળ, ચિત્રી. જણી જણી બરોડી, ચકામાં વગેરે મટે છે

સુચના—તેલ ચોળ્યા બાદ હાથ સાબુથી ધોઇ લેવા.

---

૩૬૮ આયુષ્યવર્ધક તેલ.

બનાવટ—શતાવરી, આસુંઠ, બલદાણા, બપાટબીજ, ગંગેટા ગોખરૂપંચાંગ, રૂદ્રવંતી, અરણી, આંમળા, હરડે, બહેડાં, લવંગ, ભાંગરો આંબાહળદર, હળદર, દારૂહળદર. ગળો, જવ, ધણું, એલચી, વાવ-ડીંગ, ચણુકબાબ, ગોરખમુંડી, કમળપુલ' કમળનો કંદ, કેળનો કંદ. વાળો, ચંદન પાનડી, કપુરકાચડી, દેવદાર, ગુલાબપુલ એ દરેક ચીજ અઢી અઢી તોલા લઇ બ્નહી કુટી તેમા પાણી તોલા ૮૦૦ નાંખી એ દિવસ રાખવું, પછી આંમળાનો રસ તો. ૫૦ તથા તલનું તેલ તો. ૩૨૦ નાંખી એક મોટા વાસણમાં ધીમે તાપે ઉકાળવું પાણી બળી જતાં માત્ર જ્યારે તેલ રહે ત્યારે ઉતારી લઇ ગાળી બાટલીમાં ભરી લેવું.

ઉપયોગ—આ તેલ શરીરે માલીશ કરવાથી શરીરમાં બળ વધે છે. વર્ણ સુધારે છે. ચામડી રેશમ જેવી બનાવે છે. માથામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘસવાથી મગજને ઠંડક આપી વાળને કાળા અને તેજસ્વી તેમજ પુષ્ટ બનાવે છે. સફેદ વાળ આવતા નથી અને હોય તો તે કાળા થઇ શકે છે.

સુચના—તેલ પકાવવા માટે વાસણ હમેશાં મોટું અને ફલમ કરેલું હોય તેવું વાપરવું તો ભય ન રહેતાં માલ પણ બગડશે નહિં

---

૩૬૯ પંચગુણ તૈલ.

બનાવટ—હરડેછાલ, બહેડાછાલ આમળાની છાલ એ ત્રણે પાંચ પાંચ તોલા મલી કુલ્લે પંદર તોલા તથા લીંમડાના પાન તોલા ૩૦, નગોડનાં પાન તોલા ૧૫ લઇ તેનો પાણી તોલા ૪૦૦માં ક્વાથ કરવો. જ્યારે તેમાંથી આઠી પાણી તો ૧૦૦ રહે ત્યારે ઉતારી લઇ ગાળી લેવું અને તેમાં નીચેની ચીજો નાંખી ફરી પાક કરવો.

ગુગળ તોલા ૫	રાળ તોલા ૫
સેલારસ તો. ૫	મીણ દેશી તો. ૫
ગંધબેરજો તો. ૫	તલનુંતેલ તો. ૬

રીત—આ ચીજો નાંખી મોટા વાસણમાં ધીમે તાપે પાક કરી પાણી બળી જાય, ફીણ આવતું બંધ થાય જ્યારે માત્ર તેલ રહેલું દેખાય ત્યારે ગાળી લેવું. અને તેમાં કપુર તોલા ૫ નાંખી દેવું. પછી શીશીમાં ભરી ને રાખવું.

ઉપયોગ—કાનનું દરદ, કાનમાંથી રસી આવવી, વ્રણ, નાડી વ્રણ, ઘાઇ, પરૂવાળાં ચાંદાં, નાની નાની ફોડકીઓ, ચેપવાળાં ગુંમડાં વગેરેમાં આ તેલ સારો અને સિધ્ધ ઉપાય છે. જરૂર મુજબ ટીપાં નાંખવાં અથવા વાટ ભરી નાંખવી કે રૂનું પુમડું લગાડવું જેથી ઉપરનાં દરદો મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭૦ પૌષ્ટિક માજુન.

બનાવટ—નાની એલચી તો. ૩ જટામાંસી તો. ૧॥
મોટી એલચી તો. ૫ નાગરમોથ તો. ૨
તજ તો. ૧॥ તગર ગંઠોડા તો. ૧॥
નાગ કેશર તો. ૧ બહમન સફેદ તો. ૧॥
જાયફલ તો. ૧॥ તાલીપત્ર તો. ૨
જાવંત્રી તો. ૧॥ કેશર તો. ૦॥
કપુર કાચલી તો. ૧॥ ચંદન સફેદ તો. ૧
રૂમી મસ્તકી તો. ૧ ગાવઝબાન તો. ૬
ગુલાબનાં ફુલ તો. ૩ વંસલોચન તો. ૧॥
ચાંદીનો વરક તો. ૧ શોનાના વર્ક નંગ ૨૫
તમાલપત્ર તો. ૧॥ સાકર શેર ૧
આંબળાનો મુરબ્બો તો. ૪૦

વિધી—બધી દવાઓમાંથી વરક શોના ચાંદીનાં અને કેશર તથા સાકર અને મુરબ્બો જુદો રાખી બાકીની ચીજો બારીક કપડ છાણ કરી રાખવી. અને મુરબ્બાના ઠળીયા કાઢી માવો બનાવી રાખવો. અને પછી સાકરની ચાસણી કરી તેમાં માવો (આંબળાનો) નાંખી પાક જેવું થાય ત્યારે તેમાં બીજી દવાઓ તથા કેશર ઘુંટેલી અને વરક નાંખી હલાવી ઠંડુ કરી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૧ તોલો. સવાર સાંજ બે વખત દુધ સાથે લેવાય.

ઉપયોગ—શક્તિ વધારનાર ઉતમ પ્રયોગ છે. ક્ષય, ખાંસી, ક્ષીણતા મટાડે છે. અને જીર્ણજ્વર, મંદાગ્નિ વગેરે મટાડે છે.

---

૩૭૧ બાલારોગ્ય ચાટણ.

બનાવટ—ગળોસત્વ તો ૨॥ મંડુરભસ્મ તો. ૨॥
અતિવિષ તો. ૧ અભ્રકભસ્મ તો. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીપર તો. ૧ વંસલોચન તો. ૧
કાકડાશીંગ તો. ૧ જેઠી મધ તો. ૨॥
મરી તો. ૧ શુંઠ તો. ૧
કાંકચ તો. ૦॥ વાવડીંગ તો, ૧

વિધી—દરેક વસ્તુનું બારીક ચુર્ણ લઇ બરલમાં ઘુંટી તેમાં મધ તો. ૩૦ નાંખી ઘુંટી મેળવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—એ આનીભાર. અથવા ૧ થી ૪ વાલ સુધી.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—નબળાઇ, ખાંસી. જીર્ણજ્વર, રતવા, ઝાડા, મંદાગ્નિ, ઉલટી, રકતપિકાર, ફીકાશ, પેટનું દરદ, સોજા, કમજીઅત વગેરે બાળકોનાં દરદો મટાડે અને ખાસ કરી નબળાઇ મટાડી શરીર રૂષ્ટ પુષ્ટ બનાવે છે. અમારે ત્યાં પૌષ્ટિક તરીકે આ દવા વપરાય છે,

---

૩૭૨ યવાનીકા અવલેહ.

બનાવટ—અજમો તો. ૩ બીસ્કોઇઝ તો. ૦૮
ગાભરનાં બીજ તો. ૩ મધ તો. ૩૦
શુંઠ તો. ૩ અજમોદનાંમુલ તો. ૧॥
કેશર તો. ૦૮

વિધી—બધી ચીજોને ખાંડી બારીક કરી તેમાં મધ મેળવી બાટલી ભરી રાખવી. અવલેહ જેવું ચાટણ થઇ જશે.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો.

સમય—જમ્યા પછી દવા લેવી.

ઉપયોગ—હોજરીને શકિત આપે છે. દીપન અને પાચન ગુણ હોવાની સાથે મોઢામાંથી જતી લાળ બંધ કરી ગુરદાને તથા મુત્રપિંડને તાકાત આપે છે. ધાતુપુષ્ટ કરી શકિત આપે છે. મોળ, વાયુ, કૃમી, વગેરે મટાડી ખોરાક પચાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭૩ અશ્વગંધાદિ અવલેહ.

અનાવટ—આસુંઠ તો. ૫, શતાવરી તો. ૧, અલમીજ તો. ૧ ગોખરો તો. ૧, શેમળાનું મુળ તો. ૧, ન્યગ્રોધ તો. ૧, સમુદ્રશોષનાં બી તો. ૧, જવત્રી તો. ૧, તજ તો. ૧, વસલોચન તો. ૧, એલચી બીજ તો. ૧, જેઠીમધ તો. ૧, વિદારીકંદ તો. ૧, મોટા ગોખરૂ તો. ૧, કોંચબીજ તો. ૧, લવંગ તો. ૧, નાગકેશર તો. ૧, તમાલ પત્ર તો. ૧, ગળોસત્વ તો. ૧, મોટી એલચી તો. ૧, કેશર તો. ૧.

વિધી—બધી દવાઓ ખાંડી બારીક ચુર્ણ કરી તેમાં મધ તો. ૮૦ નાંખી મેળવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—તોલો ૧ એક.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દવા બાદ ઉપર દુધ પીવું,

ઉપયોગ—મગજની નબળાઇ, કમરનો દુખાવો, વાયુ, નબળાઇ, ધાતુક્ષીણતા સ્વપ્નસ્રાવ, પ્રમેહ. નસોની શીથીલતા વગેરે મટી શકિત આપે છે.

---

૩૭૪ માજુને બુકરાત.

અનાવટ—ગાજરનાં બીજ તો. ૨॥ અનીસુન તો. ૨॥
શોઆ તો. ૨॥ અજમોદ તો. ૨॥
અકલકરો તો. ૧ લવંગ તો. ૧
રૂમી મસ્તકી તો. ૧ અગર સાચો તો. ૧
ગુલાબના ફુલની કલીનાં તંતુ (ઝરવદ) તો. ૧॥

વિધી—ખાંડી બારીક બુકરા કરી તેમાં મધ તો. ૩૫ નાંખી મેળવી બરણી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૧॥ તોલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય--જમ્યા પછી બે વખત. દવા ખાઇ ઉપર જરૂર હોય તો પાન ખાવું.

ઉપયોગ—લીવરની કમજોરી, આમાશયની કમજોરી, મગજની નબળાઇ, યાદશકિતની ખામી, હૃદયની નબળાઇને મટાડી ખોરાકને પચાવે છે. કાચો કફ થતો અટકાવે છે, અને શરીરને બળ આપે છે.

---

૩૭૫ માજુને નાનખાહ.

બનાવટ—અજમોદ તો. ૩ ગાજરનાં બીજ તો. ૩
વરેઆરી તો. ૩ ગંધનાં તો. ૩
શુઆ તો. ૩ ફમી મસ્તકી તો. ૦।=
લવંગ તો. ૦।= તજ તો. ૦।=
અકલકરો તો. ૦।= જાવત્રી તો. ૦।=
અગરખાન વાલ ૫ કસ્તુરી વાલ ૧
કેશર વાલ ૬ સાકર તો. ૪૦

વિધી—બધી વસ્તુઓનું બારીક ચુર્ણ કરી લેવું. તેમાં સાકરની મંદ જેવી ચાસણી કરી તેમાં દવાઓ નાંખી મેળવી બરણી માં ભરી રાખવું. ચાટણ જેવું થઇ જશે.

પ્રમાણ—૦। થી ૦।। તોલો.

સમય—સવાર સાંજ જમ્યા પહેલાં લેવી.

ઉપયોગ--મગજ અને હોજરીને શકિત આપે છે. ખોરાક પચાવે છે, મુખને સુગંધ યુકત બનાવી દાંતના મુળને મજબુત બનાવે છે. મોળ, અરૂચી, પેટના કૃમી, વાયુ, ગુરદાની બીમારી, ઈંદ્રીની શીથીલતા, મુત્રકચ્છ વગેરે મટાડી શકિત આપેછે.

સુચના--આ દવા ખાવામાં સ્વાદિષ્ટ હોવાથી તેના પર અનુપાન તરીકે કંઇ પણ લેવાની જરૂર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૨ જું.

દવાઓ તૈયાર કરવાની વિધી-પરિભાષા. માત્ર ચાલુ ઉપયોગનીજ થોડી બાબતો અહિં લેવામાં આવેલ છે.

કવાથ—આપણી ભાષામાં ઉકાળો, કાઢો, કવાથ એ નામથી આ બનાવટ ઓળખાએ છે. રીત પ્રથમ લીલી અથવા સુકી દવાઓને જાડી ખાંડી તેને એક પહોળા તપેલા જેવા વાસણમાં નાંખી તે દવાનું વજન ૧ શેર હોય તો દવા કરતાં સોળગણું એટલે ૧૬ શેર પાણી નાંખી કવાથ કરવો. અને જ્યારે તે એ શેર બાકી રહે ત્યારે ઉતારી ગાળીને પછી ઉપયોગમાં લેવું. કેટલીક જગાએ કવાથમાં દવાઓ નાંખીને લેવાય છે તોતે દવાઓ આ તૈયાર થએલા કવાથમાં મેળવી દેવી. કવાથ બનાવતી વખતે વાસણ ખુલ્લું મુકવું જોઇએ. કવાથની માત્રા પ્રવાહીની ૨) થી ૩ તોલા. ભુકો હોયતો ૧ તોલો.

ચુર્ણ—સુકી દવાઓને ખાંડી બારીક કપડાથી કે તેવી જાળી ચાળણીથી ચાળી લેવું તેનું નામ ચુર્ણ છે. તેની માત્રા ૨ થી ૪ આનીભાર મધ્યમ પ્રમાણ છે.

ગોળી—ગોળીને ગુટી, વટી, વટક, પીલ્સ વગેરે નામથી ઓળખવામાં આવે છે. તેને બનાવવાની રીત એવી છે કે સુકી ઔષધીનું ચુર્ણ બનાવી તેમાં પાણી, મધ, ગોળ, કવાથ વગેરે જે કંઇ નાંખવા લખેલ હોય તે નાંખી ખરલમાં ઘુંટી બરાબર મેળવી પ્રમાણ બતાવેલ હોય તે પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી. ગુગળની બનાવટ વાળી ગોળી બનાવતાં સહેજ ઘી વાળો હાથ હોય તો દવા હાથે ચોંટતી નથી, ગોળી સુકાવવા માટે કેટલાક સફેદ પાઉડરના રૂપે ધાવાણ ભસ્મ વાપરે છે તેથી ગોળી ચોંટતી નથી, અને જલદી સુકાયલી જણાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલેહ--લીલી અથવા સુકી દવાઓનો પાણીમાં ઉકાળો કરી પછી તેને ગાળી તે પાણી ફરી ચુલે ચડાવી તેમાં સાકર, ગોળ વગેરે પદાર્થો નાંખી ઘાટું પાક જેવું કરવું. અને પાઠ મુજબ ઉપર કહે દવાએ નાંખવી હોય તોતે નાંખી જાડો શીરા જેવો પાક થતાં હેઠે ઉતારી લેવો અને પછી તેમાં મધ વગેરે નાંખવાનું લખેલ હોય તે નાંખી વાસણમાં ભરી લેવું. આ અવલેહ બરાબર જો ન થયો હોય તો સડી જાય છે માટે તેનો પાક કરી પાણીમાં જરા નાંખી જોતાં તળીએ બેસે અને છુટું ન પડી જાય તો બરાબર પાક સમજી લેવો

આસવ--દવાઓને ખાંડી તેને લખેલા વજન પ્રમાણે પાણીમાં મેળવી મધુર પદાર્થ નાંખી બરણી, પીપ કે માટીના ઘડામાં ભરી બંધ કરી એક બે માસ રાખી મુકવું અને પછી ગાળી ઉપયોગમાં લેવું તેને આસવ કહે છે.

અરિષ્ટ--દવાના ઉકાળામાં મધુર પદાર્થ અને ઉપરની દવાઓનું ચુર્ણ મેળવી બંધ વાસણમાં ભરી પેક કરી બે માસ રાખી અને પછી ગાળી ઉપયોગમાં લેવું તેને અરિષ્ટ કહે છે.

શરબત--જે વસ્તુનું શરબત બનાવવું હોય તેનો અર્ક, રસ કવાથ વગેરે જે બને તે લાવી તેમાં સાકર નાંખી શરબતની જરા જાડી ચાસણી કરી ઉતારી ગાળી રાખવું તેને શરબત કહે છે.

તેલ--લીલી સુકી દવાઓનો રસ અથવા કવાથ અને તેમાં તેલ, દવાઓનો કલ્ક વગેરે નાંખી પાક કરવો અને બીજી ચીલે બળી જતાં માત્ર તેલ રહે ત્યારે ઉતારી લેવું તે તેલ કહેવાય છે. તેલ બનાવતાં હમેશાં બે ત્રણ દહાડા લગાડવા જેથી તેમા દવાઓનો બરાબર સત્વ આવે. તેલ બનાવવાનું વાસણ હમેશાં મોટું લેવું જોઇએ અને તાપ બહુજ ધીમો રાખવો જોઇએ. તેલનો પાક થઇ રહે એટલે તેની વાટ બનાવી બાળી જોતાં તેમાં તડ, તડ, અવાજ ન આવે તો બરાબર પાક થયો સમજવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘૃત—તેલ મુજબ બનાવટ કરવી પરંતુ તેમાં તેલને બદલે ઘી નાંખવામાં આવે છે.

ફાંટ—દવાના જાડા કે જીણાં ચુર્ણને આઠ ગણા પાણીમાં જરા ઉકાળી બે ત્રણ કલાક તેને રાખી પછી ગાળીને વાપરવું તેનું નામ ફાંટ કહેવાય છે ફાંટની માત્રા ૫ તોલાની સમજવી. તેમાં ચુર્ણ ૧॥ થી ૧ તોલો નાંખવું.

અર્ક—લીલી કે સુકી દવાઓ, ફુલ વગેરેમાંથી નલીકા યંત્ર વડે જે દવા કાઢવામાં આવે છે તેનું નામ અર્ક છે. આવી દવાઓમાં સુવાનું અર્ક, ગુલાબનું અર્ક પાણી વગેરે હોય છે. એથી દવાનું સત્વ ઉડયા સિવાય ગુણ વાસ બરાબર રહે છે અને સ્વાદ સારો રહે છે. કેટલીક સુદરસન જેવી કડવી દવાઓનો સ્વાદ આ રૂપમાં સારો થઇ જાય છે. ચુનાની વૈદ્યો આ પ્રમાણે દરેક અર્ક બનાવી વાપરે છે.

પુટપાક—લીલી સુંવી વનસ્પતિ લાવી વાટી ગોળા જેવું (સુકી હોય તો પાણી નાંખીને) કરી તેના પર લીલું પાણીથી કપડું લપેટી ઉપર માટી ચોપડી જીણી ગરમી હોય તેવા અંગારાની રાખમાં તેને બાફી લેતાં તે માટી ઉપરની રતાશવાળી દેખાય ત્યારે કાઢી બોલી તરતજ તેને કપડામાં દબાવી રસ કાઢી લેવો તેને પુટપાક કહે છે. તે પુટપાકના રસમાં સમભાગે મધ નાંખી રાખી મુકવાથી બગડતો નથી. આ દવાની માત્રા ૧॥ થી ૧ તોલો સમજવી.

રસક્રિયા—કોઇપણ વસ્તુનો બહોળા પાણીમાં ઉકાળો કરી ગાળી ફરીને ઉકાળાને ધીમા તાપે પકવી શીરા જેવો લેહ કરી લેવો તેને રસક્રિયા કહે છે. કેટલાક તેને ઘન કહે છે જેમકે ગળોનું ઘન શંશમની વગેરે.

સ્વરસ—લીલી વનસ્પતિને વાટીને દબાવીને રસ કાઢવો તથા સુકી હોય તો તેમાં પાણી નાંખી વાટીને દબાવીને રસ કાઢવો તેને સ્વરસ કહે છે. આ સ્વરસની માત્રા ૧। થી ૨॥ તોલાની સમજવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષાર—યવ, અધેડો, કેળ, વગેરે વનસ્પતિમાંથી જેનો ક્ષાર બનાવવો હોય તેને લાવી સુકવી તેનું પંચાગ બાળી રાખ કરી લેવી આ રાખને ૨૫ ગણા પાણીમાં નાંખી મુઅ હલાવી હલાવી મુકી દેવું. જ્યારે દવાનો અંશ તે પાણીમાં બરાબર આવી ગયો જણાય ત્યારે તેને કપડે ગાળી ચુલે ચડાવી અરધું બાળી જરૂર હોય તો ફરી કપડે ગાળી પાછું ચુલે ચડાવી પાણી બાળી નાંખવું. અને વાસણના તળીઆમાં જે સફેદ રાખ, ક્ષાર જણાય તે લઇ સ્ટોપર બાટલીમાં ભરી રાખવો તેને ક્ષાર કહે છે. ક્ષારને બરાબર ગાળવામાં આવે તોતે વિલાયતિ ક્ષાર જેવા સફેદ દેખાવમાં થઇ જાય છે.

લેપ—લીલી અથવા સુકી વનસ્પતિના ભુકાને વાટીને પાણી વગેરે યોગ્ય વસ્તુ સાથે લઢીને સોજા વગેરે માટે લેપ કરવામાં આવે છે. સોજા માટે લેપ જાડો હોયતોજ સારો ફાયદો કરે છે. લેપ સુકાયા પછી વધુ વખત ન રાખવો જોઇએ.

પંચાગ—કોઇપણ વનસ્પતિના મુળ, છાલ, ફળ, પાન અને પુષ્પ એ પાંચે લેવાય તેને પંચાગ કહે છે.

મંજન—દાંતે ઘસવાની દવાના ચુર્ણને મંજન કહેવામાં આવે છે.

અંજન—આંખમાં આંજવાની દવાને અંજન કહે છે. આ અંજન ચુર્ણ રૂપે, રસક્રીયા રૂપે કે ઘસીને આંજી શકાય એવી ગોળી કે વાટના રૂપમાં હોય છે.

નસ્ય—નાકમાં સુંઘવાની દવાને નસ્ય કહે છે. પછી તે તેલ ઘી. ચુર્ણ ગમે તે વપરાય છે.

પોટીશ—લોટ અથવા અલશીનો જાડો ભુકો કે બીજી કોઇ વનસ્પતિને બાફીને તેને કપડાના બેવડમાં મુકી શેકતા રૂપમાં અથવા પાટો બાંધવાના રૂપમાં વપરાય તેનું નામ પોટીશ કહેવાય છે.

ધુપ-ધુમાડી—અગ્નિ ઉપર દવા નાંખી તેની ધુંવાડી આખા શરીરને કે તેના કોઇ ભાગને કે રહેવાના મકાનને ધુંમાડી આપવી તેને ધુંમાડી કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધુમ્રપાન—બીડી રૂપે અથવા અંગાર પર દવા નાંખી તેનો ધુંમાડો ગળામાં કે નાકમાં લેવો તેને ધુમ્રપાન કહે છે.

વાટ—યોની અથવા ગુદામાં કે વ્રણમાં રાખવા માટે કપાશની બનાવેલી અને તેના ઉપર દવાથી તર કરેલી વસ્તુને વાટ કૃત્યવર્તી કહેવાય છે. તે નાની મોટી પ્રસંગાનુસાર થાય છે.

ક્વાથ—દવાના ચુર્ણને પ્રવાહી ક્વાથ રૂપે ગરમ કે ઠંડા રૂપમાં પાણી જેવું બનાવી મોમાં દવા થોડો વખત રાખી બહાર કાઢી નાંખવું તેને કોગળા કહે છે.

બસ્તી-પિચકારી—પિચકારીમાં પ્રવાહી દવા ભરી તેને મુત્ર દ્વારમાં કે ગુદદ્વારમાં દાખલ કરી દેવું તેને બસ્તિ ક્રિયા કહે છે. આ બસ્તિવડે કેટલીક વખતે પોષણને માટે દુધ વગેરે પણ લેવાય છે.

સ્વેદ-બાફ—બાફ શરીરમાં પસીનો લાવવાની ક્રિયાને સ્વેદ કહે છે. વરાળથી અથવા મર્દનથી પસીનો કાઢવા ઉપરાંત શેકથી પણ પસીનો કાઢવામાં આવે છે.

બંધારણ—શરીરના કોઇપણ ભાગને તે પોચું કરવા માટે જે વસ્તુ બાંધવામાં આવે તેને બંધારણ કહે છે.

શેક—ઇંટનો, કપડાની પોટલીનો કે વરાળની ક્રિયાથી ગરમ કપડાનો ભીનો શેક અથવા બાટલીમાં પાણી ભરીને તેનો શેક, મીઠાનો, ભુસાનો, રેતીનો વગેરેને ગરમ કરી તેનો શેક અપાય છે. આ શેકથી અંદરનું દરદ ઓછું થઇ સોજા મટે છે. પસીનો આવે છે.

ભાવના—દવાના ચુર્ણને દવાનો રસ મેળવી ઘુંટી દેવું તેને ભાવના કહે છે. આ ભાવના સુકાયા પછી ફરીવાર બીજી વખત અપાય તેને બીજી ભાવના કહે છે

ભસ્મ—ધાતુઓ ઉપધાતુઓને શુધ્ધ કરી તેને દવાના રસમાં મર્દન કરી ગજપુટમાં પકાવવામાં આવે ને પરિણામે જે દવા તૈયાર થાય તેને ભસ્મ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગજપુટ—એક ગજ લાંબો અને એક ગજ ઉંડો ગોળ ખાડો કરી તેમાં છાણાં ભરી વચ્ચે દવાનું સંપુટ મુકી ઉપર બીજા છાણા મુકી સળગાવી દેવું. સ્વાંગશીત (ઠંડું) થાય ત્યારે કાઢી લેવું એ ક્રિયાને એક ગજપુટ આપ્યો એમ કહે છે.

સરાવસંપુટ—માટીનાં બે વાટકાં લાવી તેની અંદર દવા મુકી બંધ કરી તેના ઉપર માટીમાં પલાળેલ કપડું લપેટી સુકવી ભઠીમાં આંચ માટે જે દવા મુકવામાં આવે તે ક્રિયાને સરાવસંપુટ કહે છે.

કપડમાટી—કોઇ પણ વાસણ ઉપર માટી અને કપડું મેળવી તેના ઉપર લપેટી સુકવી લેવું તેને કપડમાટી કહે છે. આવી રીતે કરેલી એક કપડમાટી માફક ઉપરા ઉપરી વધારે પણ થઇ શકે છે.

ભાગ ત્રીજો સમાપ્ત.

વૈદ્યક ચિકિત્સાસાર.

ત્રણ ભાગ પુરા થયા અને ચોથો ભાગ તૈયાર થઈ રહ્યો છે. અને તે ભાગમાં દરેક જાતની ભસ્મોની બનાવટ શોધન અને મારણની વીધી તથા અનુભવી ઉપાયોનો સંગ્રહ ઘણોજ સારો આપવામાં આવેલ છે માટે ચોથો ભાગ મંગાવવાનું ચુકશો નહિ. હવેથી આ ચોથો ભાગ પુરો થતાં ગ્રન્થ સંપુર્ણ કરવામાં આવશે. માટે તેના ગ્રાહક થવાનું હમણાંજ લખી જણાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક વૈદ્યક ગ્રન્થોના સત્વરૂપ સેંકડો વખત અનુભવમાં
સિદ્ધ થયેલા ઉત્તમ પ્રયોગોનો સંગ્રહ

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૪ થો)

લેખક અને પ્રકાશકઃ—
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર આયુર્વેદાચાર્ય.
તંત્રીઃ "આરોગ્ય સિન્ધુ."
માલેકઃ સિંધ આયુર્વેદિક ફાર્મસી, કરાચી.

સને ૧૯૨૭ ડીસેંબર પ્રત ૧૦૦૦ સવંત ૧૯૮૩

(સર્વ હક્ક લેખકને સ્વાધિન છે.)

મુલ્ય આના ૧૨

ચારે ભાગ સાથે લેનારને રૂા. ૩-૦-૦

પારેખ પ્રિન્ટીંગ પ્રેસમાં હરિલાલ એચ, પારેખે પ્રકાશકને
માટે છાપ્યું, ક્રેમ્પબેલ સ્ટ્રીટ, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્યકચિકિત્સાસાર (પુર્વાર્ધ)

(ભાગ ૧, ૨, ૩, ૪.)

આ ચારે ભાગ પુરા થયા, અને એના અનુસંધાનમાં

વૈદ્યકચિકિત્સાસાર (ઉતરાર્ધ)

ભાગ ૫, ૬, ૯, માં પુરો થશે.

એ ત્રણે ભાગમાં નિચેના વિષયો આપવામાં આવશે.

ભાગ ૫ મોઃ રસાયન વિભાગ—આ ભાગમાં રસાયન સારને લગતું તમામ ઉપયોગી સાહિત્ય આપવામાં આવશે.

ભાગ ૬ ઠોઃ નિઘંટુવિભાગ—આ ભાગમાં આ ગ્રન્થમાં વપરાયેલી દરેક દવાઓનું વૈદ્યક દ્રષ્ટિએ ટુંકામાં ઉપયોગી નિઘંટ આપવામાં આવશે.

ભાગ ૭ મોઃ નિદાનચિકિત્સાવિભાગ—આ ભાગમાં અકારાદિ ક્રમથી દરેક દરદની ઓળખાણ, નિદાન, લક્ષણ વગેરે બતાવી તે સાથે દવાઓ વાપરવાના સમજણ પથ્યાપથ્ય સાથે આપવામાં આવશે.

આ પ્રમાણે આ છેલ્લા ત્રણ ભાગ પ્રગટ થતાં સાત ભાગમાં

વૈદ્યકચિકિત્સાસાર.

એ વૈદ્યકનો ખરેખરો માર્ગદર્શક અનુભવી ગ્રન્થ બની રહેશે તમોને જો પસંદ હોય તો હમણાંથીજ નામ નોંધાવજો અને અમારા આ કાર્યમાં ઉત્સાહ આપજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમસ્નેહી

શ્રીયુત કાનજી ભાણજી

નિવાસઃ કરાચી.

આપ દેશી વૈદ્યકને અત્યંત ચાહનારાછો અને તેમાં પણ મારી કાર્યવાહીને માટે આપના હૃદયમાં બહુજ માન છે, અને તેનો પ્રત્યક્ષ રીતે આપે મને પરિચય અનેક પ્રસંગે કરાવ્યો છે. "આરોગ્યસિંધુ" અને તે સંસ્થા તરફથી પ્રગટ થતું વૈદ્યક સાહિત્ય જો કંઈપણ લોકપ્રિયતા મેળવી શકયું હોયતો તેનું માન આપનેજ ઘટે છે. કેમકે આપેજ મને આ દિશામાં અત્યંત ઉત્સાહ આપી માર્ગ બતાવેલ છે.

"વૈદ્યક ચિકિત્સાસાર" જેવું આ નાનકડું પણ બહુજ માન મેળવનાર પુસ્તક આપનીજ સલાહ વડે હું તૈયાર કરી તેમાં ઉત્સાહિત થયો, એ સર્વ આપની લાગણી તથા સહૃદયતાનું પરિણામ છે અને એ પરિણામની યાદગીરી કાયમ રાખવા હું આ ચોથો ભાગ વૈદ્યક ચિકિત્સાસારનો આપને અર્પણ કરી આપનું શુભનામ આ પુસ્તકમાં જોડી કૃતાર્થ થાઉંછું.

લી. હું છું આપનો સ્નેહાભિલાષિ,

વૈદ્ય ગોપાલજી ઠકકુર

નાં પ્રણામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના.

વૈદ્યક ચિકિત્સાસાર ના ત્રણભાગ જેવીરીતે ઉત્સાહથી લખી પ્રગટ કરવામાં આવ્યા તેવીજ રીતે અનેક કામોના દબાણ છતાં શુભેચ્છક ગ્રાહકોની ઉપરા ઉપરી થતી માગણીથી વધારે ઉત્સાહીત બની આ ચોથોભાગ પણ લખીને આજે પુરો કરેલ છે.

જેવીરીતે પ્રથમના ત્રણભાગ લખવામાં મેં મારૂં હૃદય ખુલ્લુ રાખેલ તેવીજ રીતે આ ચોથા ભાગમાં પણ વિના સંકોચે મારા દફ્તરમાં કે ખાનગી કાગળીઆઓમાં જે કંઇ હતું તે લખી આ કામ મેં અહિંજ પુરૂં કરેલ છે. હવે મારા હૃદયમાં કે ખાનગી દફ્તરમાં આના જેવું કંઇપણ બાકી રહ્યું નથી.

ખરી રીતે જે જાણવું તે લખી આવીરીતે સમાજને ચરણે ધરી લેવું એવું મહાન કઠીન કાર્ય મારાથી પહેલાં કેટલા વૈદ્યોએ કરી બતાવ્યું હશે તેનો મને અનુભવ થોડોજ છે. કદાચ બે પાંચ વૈદ્યોએ આવો યશ મારાથી પહેલાં લઇલીધો હશે એ કહેવા શિવાય ચાલે તેમનથી. બાકીતો પોતાનો સ્વાર્થ સાધી છુપાવી રાખવાનો મંત્ર ચાલુ પધ્ધતિ મુજબ દરેક ઠેકાણે જોવાય છે તેમ ચાલુ છે.

અનેક ગ્રાહકોએ, વૈદ્યક ચિકિત્સાસાર મંગાવી પ્રેમથી વાંચી પોતાનો ઉતમ અભિપ્રાય આપી મને આકામમાં ઉત્સાહિત કર્યો કે તેમનું સ્મરણ આવખતે હું ભુલીશકું તેમ નથી, કેમકે તેશિવાય આ ચારભાગ પુરા થાતકે કેમ તેનીમને પ્રથમજ શંકાહતી. અને તે ઇશ્વર કૃપાએ દૂર થઇગઇ છે.

વૈદ્યક ચિકિત્સાસાર–એ ઘરમાં વાપરવા લાયક નાનાં ટુચકાઓનો સંગ્રહ અથવા મોટા અને ખરીદવા તથા વાંચવા ભારે પડે તેવા મહાન ગ્રન્થોથી નિરાળીજ વસ્તુ છે. એતો ચોવીસે કલાક વૈદ્યના ટેબલ પર રહી વારંવાર માર્ગ દર્શક થઇ પડે તેવો સરળ અને ટુંકો ગ્રન્થ છે. અનેતેવાંજ ખુલ્લા હૃદયથી તેનું લેખન કાર્ય થયું છે અને આ લેખન કાર્યમાં મેં મારૂં આપ્યું છે તેના કરતાં તો અનેક ગણું વધારે મારા મુરબ્બીઓ અથવા ગુરૂવર્ય યાદવજીભાઇ ત્રિકમજી આચાર્ય જેવાઓનું જીંદગીમાં હજારોના ખર્ચે મેળવેલ અનુભવ બધું મારી પાસે હતું તે આમાં આપી દીધેલ છે. અનેક ગુરૂવર્યો પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા સ્નેહી વૈદ્યો પાસેથી મેળવેલું જીંદગીનું નાણું આમાં છે. જેવી રીતે અનેક વૈદ્યો પોતાના અનુભવને જાહેરમાં ન મુકતાં છુપાવી રાખે છે તેમ મેં સંકોચ રાખેલ નથી મને જેવી રીતે ઈશ્વર કૃપાથી મળ્યું તેવીજ ઉતમ ભાવનાથી મેં આમાં અનુભવ કરી પ્રત્યક્ષ થયું તે આપી દીધેલ છે એમાં જે કંઈ સત્ય હોયતો તેનો યશ તેવા મહાનુભાવોને છે જ્યારે ભૂલ ચુક કે કંઈ ખામી હોય તો તે મારી છે એમ સમજી વાંચક મને ક્ષમા કરશે.

કેટલાક ઉદાર વૃતિના વાંચનારાઓ મને અત્યંત ઉત્સાહિત કરેલ છે ત્યારે સેંકડે એકાદ સજ્જન એ પણ ફરિયાદ મુકે છે કે આની કિંમત બારઆના વધારે ગણાય, અને તે માત્ર કમાવાની દ્રષ્ટિથીજ લખવામાં આવે છે! મારે આવા ગ્રાહક વર્ગને સંતોષવા જુદો પત્ર તેજ વખતે લખવો પડે છે; પણ આ વખતે જરા ખુલાશો કરવાની જરૂર રહેછે કે આરોગ્યસિન્ધુ માસિકના ગ્રાહકોને આ પુસ્તક ભેટ અપાય છે. જ્યારે અરધી બુકો મફતમાં આ પ્રમાણે જાય છે. બાકીની બુકોનું વેચાણ એ આરોગ્ય સિંન્ધુની દર વર્ષે થતી ખોટમાં જમા થાય છે. એમ ન કરવામાં આવેતો એ પત્ર ચલાવવું આ સિંધ ભૂમીમાં ભારે પડે! અહિંતો શું પણ ખુદ ગુજરાતમાં પણ ભારે પડે તેમછે. ત્યારે આ સાહિત્ય સુના મુલકમાં એક વૈદ્યક પત્ર છ વર્ષ પુરા કરે એપણ એક અજાયબી સમજવી જોઇએ! આ સર્વ વાતનો સાર ગુણગ્રાહક વાંચકથી છુપો રહે તેમ નથી.

છેવટમાં મારે આ ચાર ભાગમાં ફાર્માકોપીઆનો વિષય પુરો કરી વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ તરીકે પુર્ણ કરેલ છે અને એના ઉતરાર્ધ તરીકે બીજા ત્રણ ભાગ બહાર પાડવા ઇચ્છા છે તે જો ઈશ્વરકૃપાથી સાનુકુળતા થશે તો તરતમાં બહાર પાડી આ ગ્રન્થ ને વધારે ઉપયોગી બનાવવા યથા શકિત દરેક ગોઠવણ કરીશ.

અંતમાં આ કાર્યમાં હમેશાં ઉત્સાહિત કરનાર ગ્રાહકવર્ગનો તથા સ્નેહી વર્ગનો આભાર માનવાની સાથે પરમકૃપાળુ પરમાત્માનો ઉપકાર માની થોડાજ વખતમાં ઉતરાર્ધ પ્રગટ કરવા ઇશ્વર દરેક સહાયતા કરે એવી આશા રાખતો. આપનો નમ્ર સેવક

વૈદ્ય ગોપાલજી ઠકકુર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪થા ભાગની અનુક્રમણિકા.

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૩૭૭	અષ્ટાંગ ચૂર્ણ.	૨૨૯	૪૯૮	કુષ્ટનાશક તેલ	૨૯૬
૩૯૦	અર્ક મુલત્વગાદિ ચૂર્ણ.	૨૩૬	૪૦૧	કેશરાદિચુર્ણ	૨૪૧
૩૯૧	અપામાર્ગ મિશ્રણ.	૨૩૭	૪૩૭	કેશરાદિ અવલેહ	૨૫૬
૪૧૫	અતિસાર વટી.	૨૪૮	૪૬૮	ક્રોડીભસ્મ	૨૭૮
૪૧૬	અજમોદાદિ વટી.	૨૪૮	૫૦૦	ખસવિનાશક તૈલ	૨૯૭
૪૩૯	અષ્ટાંગ અવલેહ.	૨૬૧	૪૨૪	ગહુચ્યાદિવટી	૨૫૨
૪૪૮	અનંગ કુસુમાકર રસ.	૨૬૬	૪૦૮	ગુડાદિ વટીકા	૨૪૫
૪૭૦	અભ્રકભસ્મ.	૨૭૯	૪૩૦	ગોક્ષુરાદિઅવલેહ	૨૫૫
૪૯૬	અશ્વગં ધારિષ્ટ.	૨૯૫	૪૬૨	ગોદંતાભસ્મ	૨૭૫
૪૦૭	અંબરવિલાસ ગુટીકા	૨૪૯	૪૮૫	ચવીકાસવ	૨૮૮
૪૩૮	અંબરનું ચાટણ.	૨૬૦	૪૦૫	ચિત્રકાદિવટી (૧)	૨૪૩
૪૨૮	આકારકરભરાદિ વટી.	૨૫૪	૪૧૧	ચિત્રકાદિવટી (૨)	૨૪૬
૩૮૪	ઉલટીનાશક ક્ષાર.	૨૩૩	૩૮૦	ચંદ્રોદય મિશ્રણ	૨૩૧
૪૩૬	કસ્તુરી ચંદ્રોદય મિશ્રણ.	૨૫૯	૪૦૦	ચંદ્રપ્રભા ચુર્ણ	૨૪૧
૩૮૩	કનકક્ષાર	૨૩૩	૪૦૯	ચંદ્રપ્રિયાવટી	૨૪૫
૪૩૨	કણાવલેહ	૨૫૭	૬૪૯	ચંદ્રામૃત રસ	૨૬૭
૪૧૩	કસ્તુર્યાદિવટી.	૨૪૭	૪૭૮	ચંદ્રહાસઅર્ક	૨૮૪
૪૨૧	કાસઘ્નીવટી	૨૫૧	૪૧૭	ચંદ્રોદય વર્તી	૨૪૯
૫૦૧	કાસીમાદિ તૈલ	૨૯૮	૪૦૬	જ્વરભૈરવવટી	૨૪૩
૪૯૯	કુંમકુમાદ્ય તૈલ	૨૯૭	૪૪૦	જ્વરાંતક	૨૬૪
૪૩૫	કુષ્માંડ અવલેહ	૨૫૮	૪૧૯	જ્વરાંતકવટી	૨૫૦
૪૩૧	કુલીંજન અવલેહ	૨૫૬	૩૯૨	જ્વરનાશકચુર્ણ	૨૩૭
૪૪૬	કુલવધુ રસ	૨૬૫	૪૧૮	જાતીફલાદિવટી	૨૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૩૮૨	જીર્ણજ્વરારિ ચુર્ણ	૨૩૨	૩૮૯	ધ્રુતહરિતકી ચુર્ણ	૨૩૬
૪૭૨	તામ્રભસ્મ	૨૭૧	૪૫૮	અંગભસ્મ	૨૭૨
૩૯૯	દંતમંજન	૨૪૦	૪૨૭	ભંગરાજવટી.	૨૫૪
૪૮૨	દાદરનોમલમ (૧)	૨૮૭	૪૮૪	ભંગરાજ આસવ.	૨૮૭
૪૮૩	દાદરનોમલમ (૨)	૨૮૭	૪૯૨	મંડુરારિષ્ટ	૨૯૩
૪૮૮	દુરાલભારિષ્ટ	૨૯૦	૩૭૮	મુસલ્યાદિ ચુર્ણ	૨૩૦
૪૮૯	દેવદાર્વરિષ્ટ	૨૯૧	૪૬૩	મુક્તાપિષ્ટી	૨૭૫
૪૮૦	દ્રુતાશકલેપ	૨૮૬	૪૭૪	મુસ્તાદિ કવાથ	૨૮૩
૪૭૭	દુગ્ધશોધક કવાથ	૨૮૪	૪૯૩	મૃતસંજીવની સુરા	૨૯૩
૪૬૧	નાગભસ્મ	૨૭૪	૪૫૯	યશદભસ્મ	૨૭૩
૪૫૧	નિદ્રોદય રસ	૨૬૮	૩૮૭	યવક્ષારાદિ ચુર્ણ	૨૩૫
૪૪૦	નીમ ગુલકંદ	૨૬૧	૪૪૧	યાકુતી	૨૬૨
૪૦૨	પ્લેગનાશક ચુર્ણ	૨૪૨	૩૯૩	યવાનીકા ચુર્ણ	૨૩૮
૩૮૬	પિપલ્યાદિ ચુર્ણ	૨૩૪	૩૯૪	યષ્ઠયાદીચુર્ણ	૨૩૮
૪૧૦	પિપલ્લીક્ષાર વટી	૨૪૬	૪૪૩	યોગરાજ	૨૬૩
૪૩૩	પુનર્નવાહરિતકી		૪૨૬	યોનીસંકોચનવટી.	૨૫૩
	અવલેહ	૨૫૭	૪૫૫	યોગેન્દ્રરસ	૨૭૦
૪૯૫	પુનર્નવારિષ્ટ	૨૯૪	૩૯૭	રકતસ્થંભકયોગ	૨૩૯
૪૬૫	પ્રવાલભસ્મ	૨૭૬	૪૧૪	રસાદી વટી	૨૪૮
૪૬૪	પ્રવાલપિષ્ટ	૨૭૬	૪૭૯	રકતશુધ્ધીકરઅત	૨૮૫
૪૪૨	પ્રદરારિઅવલેહ	૨૬૩	૪૨૩	રજઃપ્રવર્તની વટી	૨૫૨
૩૯૮	પ્રદરારિચુર્ણ	૨૪૦	૪૨૯	રજઃપુષ્પાદીવટી	૨૫૫
૪૭૬	પ્રદરવિનાશકકુસ	૨૮૩	૪૧૨	રાજયોગ	૨૪૬
૩૮૫	બદરી ચુર્ણ	૨૩૪	૪૫૭	રૌપ્યભસ્મ	૨૭૧
૪૨૦	બાલ રક્ષક સોગઠો	૨૫૦	૪૯૧	લવંગારિષ્ટ	૨૯૨
૪૩૪	બ્રિભિતકાવલેહ	૨૫૮	૩૮૮	લઘુહરિતકી ચુર્ણ	૨૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર	નામ	પૃષ્ટ	નંબર	નામ	પૃષ્ટ
૪૪૫	લાલગુડા	૨૬૫	૪૬૯	સાગરશૃંગભસ્મ	૨૭૬
૪૭૧	લોહભસ્મ	૨૮૦	૪૬૭	સુધાંસુ તેલ	૨૬૬
૪૬૦	લોધ્રાસવ	૨૬૧	૪૫૬	સુવર્ણભસ્મ	૨૭૦
૩૭૬	વશિષ્ટ ચુર્ણ	૨૨૬	૪૭૩	સુવર્ણમાક્ષિક ભસ્મ.	૨૮૨
૪૨૨	વાતનાશક વટી	૨૫૧	૩૬૬	સૂર્યક્ષાર મિશ્રણ.	૨૩૬
૪૮૭	વિડંગારિષ્ટ	૨૮૬	૩૮૧	સૂરણક્ષાર.	૨૩૨
૪૪૭	વ્યાધિહરણ રસ	૨૬૬	૩૬૫	હરિદ્રાદિચૂર્ણ	૨૩૮
૪૮૧	વ્રણનાશક મલમ	૨૮૬	૪૫૩	હેમનાથરસ	૨૬૬
૪૨૫	શંશમની સ્પેશીયલ	૨૫૩	૪૦૫	હેડકીનાશકયોગ	૨૪૩
૪૬૬	શંખભસ્મ	૨૭૭	૩૭૬	ક્ષારપર્પટી	૨૩૦
૪૬૭	શુકિત (છીપ) ભસ્મ	૨૭૮	૪૬૦	ત્રિપંગભસ્મ	૨૭૩
૪૫૨	શોણીતાર્ગલ	૨૬૮	૪૮૬	ત્રિફલારિષ્ટ	૨૮૬
૪૭૫	શોધન કવાથ	૨૮૩	૪૬૪	ત્રિવૃતારિષ્ટ	૨૬૪
૪૦૩	સર્જ રસ	૨૪૨	૪૫૦	ત્રૈલોક્યચિંતામણી	૨૬૭
૪૫૪	સર્વાંગસુંદર રસ	૨૬૬			

તૈયાર છે! સત્વર મંગાવીલ્યો!

न्यायवैद्यक और विषतंत्र.

સરળ હિંદીભાષામાં લખાયેલો અતિ ઉતમગ્રન્થ, દરેક વૈદ્યે ખાસ વાંચી સંગ્રહવો જોઈએ આ ગ્રન્થ આયુર્વેદ વિદ્યાપીઠની આચાર્ય પરિક્ષામાં મંજુર થઈ ગયો છે તેમજ બીજીપણ ઘણી કોલેજોની પરિક્ષામાં મંજુર થયો છે. માટે જલદી મંગાવી જુઓ કિંમત રૂા. ત્રણ. પો. જુદું લખોઃ—

વૈદ્ય ગોપાલજી ઠકકુર, આરોગ્યાશ્રમ, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ધન્વન્તરયે નમઃ

વૈદ્યક ચિકિત્સાસાર.

(ભાગ ૪ થો.)

૩૭૬ વશિષ્ટ ચૂર્ણ.

બનાવટ—તમાલપત્ર ૧ભાગ. તજ ૨ભાગ, એલચી ૩ભાગ, તગર ૪ભાગ, ચંદનશ્વેત ૫ભાગ, અનંતમૂળ, ૬ભાગ, સુંઠ ૭ભાગ, જેઠીમધ ૮ભાગ, કમળકાકડી ૯ભાગ, આમળા ૧૦ભાગ, અરડુસી ૧૧ભાગ, સાકર ૬૬ભાગ.

વીધી—બધી દવાઓ ખાંડી બારીક ચૂર્ણકરી ચાળીલઇ બાટલામાં ભરી રાખવું.

પ્રમાણ—૦ા તોલો.

સમય—દિવસમાં ત્રણ વખત દર ચાર ચાર કલાકે.

અનુપાન—પાણી અથવા રોગાનુસાર.

ઉપયોગ—રકતપિત, લોહીની ઉધરસ. ક્ષય, શ્વાસ, શોષ, ઉરઃક્ષત, દાહ, જવર, ગમેતે માર્ગેથી પડતું લોહી, હૃદયની કમજોરી, હૃદયમાં કે ફેફસામાં જખમ થઇ તેથી આવતો તાવ વગેરે મટે છે. લોહી બંધ કરી શકિત આપે છે ધાતુશોષ અને મૂત્રકૃચ્છ્ર મટાડે છે.

---

૩૭૭ અષ્ટાંગ ચૂર્ણ.

બનાવટ—કાયફલ, પુષ્કરમૂળ, કાકડાશીંગ, શુંઠ, મરી, પીપર, જવાસો, શાહજીરું, એ દરેક ચીજ એકએક તોલો લઇ વાટી ચૂર્ણકરી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર.

અનુપાન—મધસાથે; આદુનારસસાથે; તુળશીપત્રના સ્વરસ સાથે ગમેતે સાથે લેવાય.

સમય—ત્રણ ત્રણ કલાકે.

ગુણ—કફઘ્ન, પાચન,

ઉપયોગ—હેડકી, સન્નિપાત, ખાંસી, અને કફને મટાડે છે. જુની ખાંસીમાટે કે સખ્ત ખાંસી માટે બહુજ ઉતમ પ્રયોગ છે,

સૂચના—બંગાળી વૈદ્યરાજો આ પ્રયોગમાં મધ મેળવી ચાટણ બનાવી તેને અષ્ટાંગઅવલેહ ના નામથી ખાંસીમાટે વાપરે છે ત્યાં આ પ્રયોગ ઘણોજ વખણાય છે.

---

૩૭૮ મૂસલ્યાદિ ચૂર્ણ.

બનાવટ—સફેદ મુસલી, કાળી મુસલી, એખરો, ગોખરૂ, ગળો-સત્વ, કૌચબીજ, શેમળાનુમૂળ, આંબળા અને સાકર એ બધી વસ્તુ સમભાગે લેવી.

વિધી—બધી ચીજો બારીક વાટેલી લઇ સાથે મેળવી કપડે ચાળી બાટલી ભરીરાખવી.

પ્રમાણ—૧૨ થી ૨૪ રતીભાર.

અનુપાન—દૂધ. અથવા ઘી સાથે ચાટી ઉપર દૂધ પીવું.

સમય—સવારે તથા રાત્રે બે વખત.

ઉપયોગ—ધાતુનીનબળાઇ, ક્ષીણતા, નસોની કમજોરી તથા ધાતુક્ષીણતા મટાડી શક્તિ આપે છે.

---

૩૭૯ ક્ષાર પર્પટી.

બનાવટ—સાફકરેલો શુદ્ધ સુરાખાર તો. ૧૬ અને ફટકડી તો. ૪ બંને સાથે મેળવી એકત્ર વાટીજીણું ચૂર્ણ કરીલેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધી—તૈયારકરેલા ચૂર્ણને એક લોઢાની સાફ કડાઇમાં નાંખી ધીમાતાપથી ગરમકરવું જ્યારે એ દવારસરૂપપાણી જેવી થઇજાય ત્યારે નીચે ઉતારી સાફ અને સુકી કડછીથી તે દવાને કડાઇમાં ફેલાવી દેવા. થોડીવારબાદ તે દવા સુકાઇ ગયેલી જણાય અને ઠંડી થયેલી કડાઇ દેખાય ત્યારે સાફ કડછીથી કે ચાકુથી ઉખેડી સંભાળી બાટલીમાં ભરીરાખવી.

સૂચના—આ દવા નીચે ઉતાર્યા પછી તે કડાઇમાં પાણી ન પડવું જોઇએ. કેમકે તેથી ભારે અવાજ થઇ કડાઇ ફાટીજવાની બીક રહેછે. માટે દવા ઉતાર્યા પછી પાણીથી સંભાળવું.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર.

સમય—જમ્યા પછી દિવસમાં બે વખત.

અનુપાન—દવા મોંમાં નાંખી ચાવી ઉતારી ઉપર પાણીપીવું જોઇએ.

ઉપયોગ—અમ્લપિત, બરલ. યકૃત રોગ, શૂળ, અજીર્ણ, હોજરીનો વરમ, ગુલ્મ, મંદાગ્નિ, તાવ, જળોદર વગેરેને મટાડે છે. તાવ તથા અમ્લપિત માટે ખાસ ઉતમ છે.

---

૩૮૦ ચંદ્રોદય મિશ્રણ.

બનાવટ—વાટેલો ચંદ્રોદય રતી બે. ભાંગ રતી બે. કેશર રતી બે. નવસાગર રતી બે. વાટીને તેના ચાર ભાગ દરવા.

પ્રમાણ—દરેક વખતે બે બે રતીભારનું એક પડીકું,

સમય—બબ્બે કલાકે.

અનુપાન—મધ સાથે.

ઉપયોગ—શ્વાસની મુસ્કેલીમાં અને કફ તથા ખાંસીમાં મંદાગ્નિ અને નબળાઇમાં બહુજ ઉપયોગી દવાછે. કફ છુટો કરી ખાંસી મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮૧ સુરણક્ષાર.

બનાવટ—સુરણ પાંચ શેરની એક ચકકી લાવી તેના વચ્ચે ખાડો કરી તેમાં એક શેર લાલ ફટકડી ભુકો કરી રાખવી. ઉપર સુરણ ઢાંકી તેના પર કપડ માટી કરી સુકની અને તેને ગજપુટની અગ્નિ આપવી. તો તે શ્વેત ભસ્મ થઇ જશે. એટલે તે કાઢી વાટી ચાળી સંભાળા બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—મલાઇ અથવા માખણ સાથે.

ઉપયોગ—હરસમાં પડતું લોહી આ દવાની ફકત બે ત્રણ માત્રા લેવાથી બંધ થઇ તુરત આરામ થાય છે.

---

૩૮૨ જીર્ણજ્વરારિ ચુર્ણ.

બનાવટ—ગળો સત્વ તો.૪ કાંકચનાં સુકાવેલ પાનનું ચુર્ણ તો.૩
બનફસાનાં ફુલ તો. ૩ સુદરસન ચુર્ણ તો. ૩
જેઠીમધ તો. ૨ વંસલોચન તો. ૨
જીણી પીપર તો. ૧ પ્રવાલભસ્મ તો. ૬
સાચી છીપભસ્મ તો. ૧ અભ્રકભસ્મ સારી તો.૬

વિધી—બધી દવા જુદી જુદી બારીક વાટેલી લઇ તેને તોલી એક ખરલમાં નાંખી બરાબર મેળવી ધુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬ રતીભાર.

સમય—સવાર, બપોર અને સાંજ

અનુપાન—મધમાં દવા ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—જુનો તાવ, જીર્ણજ્વર, ખાંસી, શ્વાસ, નવોતાવ, અને ક્ષયના તાવમાં પણ સારો ફાયદો આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮૩ કનક ક્ષાર.

બનાવટ—ધતુરાનાં પાન તો. ૨૦ આકડાનાં પાન તો. ૨૦
અધાડાનું પંચાગ તો. ૨૦ અરડુસીનાં પાન. તો.૨૦
બોરીંગણી તો. ૨૦

વિધી—ઉપરની દવાઓને લાવી કાપી સુકવી લેવી. અને પછી તેને એક સાફ માટીનાં વાસણમાં કે પથર ઉપર રાખી બાળીને તેના કોલસા કરી લેવા. ભસ્મ જેવું ન થઇ જાય તે ધ્યાનમાં રાખવું. એ કોલસાને બારીક વાટી કપડછાણ કરી લઇ તેનું વજન જે તો. ૫ થાય તો તેમાં નીચેની ચીજો લખેલા વજને લઇ મેળવી ચુર્ણ કરી બાટલીમાં રાખી દેવું. કાકડાશીંગ. પીપર, કાથો, કાયફળ છાલ, બહેડા છાલ, જવરખાર, જોડીમધ એ દરેકનું ચુર્ણ અર્ધે તોલા, લઇ ઉપરના ૫ તોલા ચુર્ણમાં મેળવી દેવું.

પ્રમાણ—૬ રતીભાર.

અનુપાન—મધ સાથે.

સમય—દર અર્ધે કલાકે અથવા ચાર ચાર કલાકે. રોગના બળ પ્રમાણે.

ઉપયોગ—ખાંસી, શ્વાસ, જુનીખાંસી, ઉટાટીઓ, કુકડીઆ ખાંસી વગેરે મટી આરામ આપે તથા કફને છુટો કરે છે.

---

૩૮૪ ઉલટીનાશક ક્ષાર.

બનાવટ—ખાટાં લીંબુને ચીરી છાંયે સુકવી લેવાં પછી તે સુકાયલાં લીંબુને એક માટીના વાસણમાં કે સાફ પથર પર મુકી બાળી રાખ કરી લઇ કપડે ચાળી બાટલીમાં ભરી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ--૩ થી ૬ રતીભાર.

અનુપાન--મદ્ય સાથે.

સમય--દર ત્રણ ત્રણ કલાકે અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—ગમે તે પ્રકારે આવતી ઉલટી આ ક્ષારથી બંધ થાય છે. અને મોળ, વાયુ, ચુંક, ઉબકા, ઉલટી એ દરેકને મટાડી ઉલટી બંધ કરે છે.

સુચના--આ દવા નાનાં બાળકોને માટે તથા ગર્ભિણી સ્ત્રીની ઉલટીને માટે વાપરતાં સારી ફાયદા કારક જણાઇ છે.

---

૩૮૫ બદરી ચુર્ણ.

બનાવટ—બોરડીના ફલની છાલ, હરડેછાલ, બહેડાંછાલ, આમડા, શુંઠ, મરી, પીપર, એ દરેક એક એક તોલો, કપુર તો. ૧ા કુરમરા (લાજા) તો. ૪૮, તજ, તમાલ પત્ર એલચી એ દરેક એક એક તોલો, વંસલોચન તો ૩૨ અમ્લવેત્સ તો. ૧૬ એ સર્વના વજનથી બમણી એટલે કે સાકર તો. ૧૦૮ લઇ ચુર્ણ કરી રાખવું.

પ્રમાણ—૦ા થી ૧ા તોલો.

સમય—દર ત્રણ ત્રણ કલાકે

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—અરૂચી મટાડનાર, ઉલટી મટાડનાર, રાજયક્ષમા, રકત પિત, તાપ, ખાંસી વગેરેને મટાડે છે. ઉલટી માટે ઉતમ છે.

---

૩૮૬ પિપ્પલાદ્ય ચુર્ણ.

બનાવટ—પીપર, ચંદનશ્વેત, મોથ, વાળો, કડુ, કાળીપાટ, ઇંદ્રયવ, નાની હરડે, મોટી હરડેછાલ શુંઠ, એ સર્વ અકેક તોલો લઇ ચુર્ણ કરી લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૧ તોલો.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

અનુપાન—સ્હેજ ગરમ પાણી.

ઉપયોગ—આમાતિસાર, કફાતિસાર, અને પિતાતિસાર અથવા મરડા માટે ઉતમ છે. અને ઝાડો મટાડે છે.

---

૩૮૭ યવક્ષારાદિચૂર્ણ.

બનાવટ—અજમોદ, યવક્ષાર એ બે ચીજ સમભાગે લઇ વાટી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૧૨ થી ૨૪ રતીભાર

અનુપાન—ગરમ પાણી.

સમય—દર ચાર ચાર કલાકે.

ઉપયોગ—વાયુ, ગુલ્મ, શુળ અને પેટના દરદ મટાડે છે.

---

૩૮૮ લઘુહરિતકી ચૂર્ણ

બનાવટ—હીમજ (નાની હરડે) તો. ૫ વરેઆરી તો. ૫
શુંઠ તોલા ૫

વિધી–હિમજને એરંડીઆ તેલમાં શેકી લેવી. અને વરેઆરી તથા શુંઠને જરા કચરી તવા ઉપર ઘોડુંક શેકી લેવું. પછી ત્રણેને માંથે ખાંડી ચુર્ણ કરી રાખવું.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર ગરમ પાણી સાથે.

સમય–દર ત્રણ ત્રણ કલાકે.

ઉપયોગ—આમાતિસાર, (મરડો), રક્તાતિસાર અને ચૂંક તથા આમવાયુ મટાડી પેટને સાફકરી ખોરાક પચાવે છે. આ દવા નાનાં બાળકોને મરડામાં આપવી બહુ સારી જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્ય—છાસ ભાત અને દાડમનું શરબત. અથવા દૂધ ચોખાની કાંજી અને બીલીનો મુરબ્બો.

---

૩૮૯ બૃહતહરિતકી ચુર્ણ.

બનાવટ—મોટી હરેડે છાલ તો. ૫ નાની હરડે (હીમેજ) એરંડીઆમાં તળેલી તો. ૫ કુલંજન (કુણજણ) તો. ૫ શુંઠ તો. ૫ વરેચારી તો. ૫ અતિવિષ તો. ૫ સિંધાલુણ તો. ૫ હીંગ શેકેલી તો. ૧.

વિધી—દરેક દવાઓ લઇ મેળવી કુટી ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬ તોલો.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

અનુપાન—ગરમ પાણી સાથે.

ઉપયોગ—આમાતિસાર, ઝાડા, રક્તાતિસાર અને પેટમાં વીંટ આવી વારંવાર ઝાડાની ઇચ્છા થાય તેવો મરડાનો રોગ આ દવાથી સત્વર સારો થાય છે.

પથ્ય—છાશ ભાત અને દાડમનું શરબત તથા બીલીનો મુરબ્બો આપવો.

---

૩૯૦ અર્કમુલત્વગાદિ ચુર્ણ

બનાવટ—આકડાનો મુળની છાલનું ચુર્ણ તો. ૨ યવક્ષાર તો. ૪ અતિવિષ તો. ૪ અભ્રક ભસ્મ તો. ૪ બધેને વાટી ચુર્ણ કરી રાખવું,

પ્રમાણ—૬ રતીભાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—દ્રાક્ષારિષ્ટ સાથે. દર ચાર ચાર કલાકે: અથવા મધસાથે.

ઉપયોગ—આદવા, બળ. આપનાર, કફ કહાડનાર, જ્વરનાશક, ખાંસી, શ્વાસ, કફરોગ, આમાતિસાર, અને ફેફસાનાં દરદોમાં ઉપયોગી છે. કફ છુટો કરે છે.

---

૩૯૧ અપામાર્ગ મિશ્રણ.

બનાવટ—અઘેડાનાં બીજ લાવી તેને તવા ઉપર શેકવા શેકતાં તે બળેલા કોયલા જેવા થાય ત્યારે ઉતારી તેને વાટી રાખવું. તેમાંથી એક તોલો ચુર્ણ લઇ તે સાથે ફુલાવેલ ટંકણખાર તો. ૧ તથા યવક્ષાર તો. ૧ સર્વને મેળવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૨ થી ૬ રતીભાર.

અનુપાન—મધ અથવા વાસાવલેહ સાથે

સમય—ચાર ચાર કલાકે.

ગુણ—કફનાશક, અમ્લવિરૂદ્ધ, દિપન,

ઉપયોગ—પિતજન્ય ખાંસી, બાળકોની ખાંસી, શ્વાસ, અજીર્ણ અને દરેક જાતની ખાંસી માટે સારા ઉપાય છે, કફ છુટો કરે છે.

---

૩૯૨ જ્વરનાશક ચૂર્ણ.

બનાવટ—ફુલાવેલી ફટકડી, નવસાગર, કાળાં મરી, અતિવિષ શોનાગેરૂ. સમભાગે લઇ વાટી ચુર્ણ કરી કપડે ચાળી બાટલીમાં ભરી લેવું.

પ્રમાણ—૨થી ૬ રતીભાર.

અનુપાન—મધ અથવા ગરમ પાણી સાથે.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—દરેક જાતના તાવ માટે ઉપયોગી છે. તાવને ઉતારે છે તથા ઝરલ, રક્તપિત, કમળો, મંદાગ્નિ વગેરે સાથે તાવને મટાડેછે.

---

૩૯૩ યવાનિકા ચુર્ણ.

બનાવટ—ઓરાસાની અજમો સાફકરેલો તો. ૪ શેકેલી ભાગ તો. ૨. લઇને વાટી રાખવું.

પ્રમાણ—૪ રતીભાર થી ૮ રતીભાર.

અનુપાન—મધ અથવા સ્હેજ ગરમ પાણી માથે

ઉપયોગ—ઉંઘ લાવવા તથા દરદ ઓછું કરવા માટે આ દવા ખાસ ઉપયોગી છે. અને જરૂર જણાય ત્યારે અફેક પુડી દેવી.

---

૩૯૪ યષ્ટ્યાદ્રિ ચુર્ણ.

બનાવટ—જેઠીમધ, તવસાર, અરડુસીનાં પાન, વરેઆરી, લોબાન, સીપીરતાનનાં ફુલ, કપુર એને વાટી ચુર્ણ કરી રાખવુ.

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર.

અનુપાન—મધ અથવા પાણી સાથે.

સમય—દર ચાર ચાર કલાકે.

ઉપયોગ—સુકી ખાંસી, કફનો જમાવ, શરદી, તાવ અને ન્યુમોનીઆની ખાંસી તથા શ્વાસમાં આ ચુર્ણ કફ છુટું કરી ખાંસી મટાડે છે.સર્દીમાં પણ ખાસ ઉપયોગી છે.

---

૩૯૫ હરિદ્રાદ્રિ ચુર્ણ.

બનાવટ—હળદર, પુલાવેલી ફટકડી, સાબરશૃંગ ભસ્મ એ ત્રણે સમભાગે લઇ વાટી ચુર્ણ કરીમેળવી બાટલીમાં ભરી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૪ થી ૮ રતીભાર.

અનુપાન—મધ અથવા ગરમ પાણી

ઉપયોગ—વિષમજ્વર, પિતની ખાંસી, સળેખમ, જીર્ણ કફરોગ પીનસ રોગ વગેરે માટે તથા બરલ માટે ઉતમ છે કફ તોડે છે.

---

૩૯૬ સુર્યક્ષાર મિશ્રણ.

બનાવટ—સુરાખાર તો. ૨ અતિવિષ તો. ૨ વાટી ચુર્ણ કરી રાખવું.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર.

સમય—દર ત્રણ ત્રણ કલાકે

અનુપાન—સહેજ ગરમ પાણી સાથે,

ઉપયોગ—તાવ, મુત્રકૃચ્છ, શીરદર્દ, કફ. ઉતવા વગેરે માટે ઉતમ છે.

---

૩૯૭ રક્તસ્થંભક યોગ.

બનાવટ—પીડી કોડીની ભસ્મ તો. ૧ શંખજીરૂં તો. ૧
સોનાગેરૂ તો. ૧ ગોદંતી હરતાલ ભસ્મ તો. ૬

વિધી—બધી દવાઓને સાથે મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૬ થી ૧૨ રતીભાર, અથવા ૧૨ થી ૨૪ રતીભાર

સમય—સવાર બાંજ બે વખત.

અનુપાન—નીચે બતાવેલ સરબત સાથે દવાની માત્રા લેવી

સરબત બનાવવાની વિધી

ઈંજેવાર તો. ૨૦ લાવી તેને સાફ કરી પાણી તો. ૨૦૦માં ક્વાથ કરવો. જ્યારે ૫૦ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. અને તેમાં સાકર શેર ૧ નાંખી સરબત બનાવી લેવું. એ સરબત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશરે એ બાટલી થસે તેમાથી ૨॥ તોલા સરબત સાથે ઉપરનીપુડી સવાર સાંજ લેવી,

ઇંજેવાર એ યુનાની દવા છે, અને તેનાં મુળ આં બજારમાં મળે છે. રાતા રંગના હોય છે. તેનું શરબત બનાવવું

---

૩૯૮ મદ્દરારિ ચુર્ણ,

બનાવટ—બાવળનો ગુંદ તો. ૧। બાબરાનો ગુંદ તો. ૧।
મોચરસ તો. ૧। ગળોસત્વ તો. ૦॥।
શીલાજીત તો. ૦॥। વંસલોચન તો. ૦॥।
રૂમી મસ્તકી તો. ૦॥ બંગ ભસ્મ તો. ૦॥
એલચી બીજ તો. ૦॥ આમલીનાં બીજ તો. ૧
શંખજીરો તો. ૨ કબાબ ચીની તો. ૧

વિધી—બધી દવાઓને સાથે બારીક કરી મેળવી વાટી કપડે ચાળી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૦। તોલો.

અનુપાન—દૂધ સાથે અથવા સાકર સાથે ચુર્ણ લઇ ઉપર દૂધ પીવું.

સમય—બવાર સાંજ બે વખત.

ઉપયોગ—સ્ત્રીઓને થતો શ્રાવ, શ્વેતપ્રદર, રક્તપ્રદર, અને યોનીની દુર્બળતા મટાડી શક્તિ આપે છે બોટીગરમી મટાડી પંશાબ સાફ લાવે છે.

---

૩૯૯ દંતમંજન,

બનાવટ—ફુલાવેલ ફટકડી. શુંઠ, રૂમીમસ્તકી, અકલકરો, જાયફળ, જાવંત્રી, કાળાંમરી, તજ, એલચીબીજ, માયાફલ, હીરાદખણ એ દરેક ૦॥ અરધ તોલો કેશર તો. ૦। કપુર તો. ૦। કસ્તુરી રતી ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ દરેકને કુટી બારીક ચુર્ણ કરી કપડછાણ કરી બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ--દંત મંજન તરીકે હમેશાં દાંત ઘસવા માટે વાપરવાથી દાંત મજબુત અને સ્વચ્છ રહે છે તથા દાંતનાં દરદો મટી મુખ સુવાસીત રહે છે.

---

૪૦૦ ચંદ્રપ્રભા ચુર્ણ.

બનાવટ—શ્વેતચંદન, રકતચંદન જેઠીમધ, કાળીદ્રાખ, નાગરમોથ, ધાણા, વાળો. કમળના ફુલ, મહુડાનાં ફુલ, આંબળા, એલચી બીજ. એ દરેક દવા બે બે તોલા તથા સાકર ૨૨ તોલા લઈ સાથે મેળવી ચૂર્ણ કરી કપડે ચાળી બાટલીમાં ભરી લેવું,

પ્રમાણ—૦ા થી ૦ાા તોલો.

સમય—સવાર બપોર સાંજ ત્રણ વખત.

અનુપાન—ગાયના દુધ સાથે.

ઉપયોગ—ગળાની તથા હૃદયની અને હોજરીની અંદર થતો દાહ, મુખપાક, માથામાંથી કે નાકમાંથી લોહી પડવું, શીરદર્દ, પીતનો કોપ, વગેરેને શાંતકરી મગજને પુષ્ટિઆપી ઠંડક આપે છે. પ્રદર વગેરે માટે ઉપયોગી છે.

---

૪૦૧ કેશરાદ્યિચુર્ણ.

બનાવટ—કેશર તો. ૧ જાયફલ તો. ૧ તજ તો. ૨ લવંગ તો.૦ાા એલચીબીજ તો. ૦ા ચાક પાઉડર તો. ૫ તથા સાકર તો. ૧૬ એ દરેકને વાટી ચુર્ણ કરી લેવું. અને તેને બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૨ થી ૪ રતીભાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—મધસાથે દર ચાર ચોર કલાકે. અથવા દુધ સાથે.
ઉપયોગ—બાળકોના ઝાડા તથા મરડામાટે બહુજ ઉપયોગી છે. એ દવાથી સહેલાઇથી દસ્ત બંધથઇ જાય છે.

---

૪૦૨ પ્લેગનાશક ચૂર્ણ.

બનાવટ—લીંબડાના પાન તો. ૨૦ બનફસા તો. ૫
કલોંજી તો. ૧

પ્રમાણ—૧ તોલો.
સમય—દર ત્રણ ત્રણ કલાકે.
અનુપાન—મીઠા (નીમક) વાળા પાણી સાથે.
ઉપયોગ—પ્લેગના તાવમાં દરદ શાંત કરી તાવને ઉતારે છે તથા પીડામટાડી પ્લેગમાં ફાયદો કરે છે.

---

૪૦૩ સર્જરસ ચૂર્ણ.

બનાવટ—રાળ સફેદ તો. ૪ મોચરસ તો. ૪
શેકેલી શોપારી તો. ૪ બસબસના ડોડવા તો, ૪

વિધી—એ દરેક ચીજ જીણી બારીક વાટી તેનું ચૂર્ણ કપડ છાણ કરી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—તો. ૧ ભાર.
અનુપાન—દહીં સાથે.
સમય—દર ત્રણ ત્રણ કલાકે.
ઉપયોગ—મરડા માટે ઉતમ છે. રકતાતિસાર તથા આમાતિસાર મટાડે છે. અને દસ્ત બંધ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦૪ હેડકીનાશક પ્રયોગ.

બનાવટ—મોરપીંછાની ભસ્મ, નાનીપીપર, કાગડાશીંગ એ ત્રણેને સમ ભાગે લઇ વાટી રાખવું.

પ્રમાણ—૨ થી ૪ રતીભાર.

અનુપાન—મધની સાથે દવા લેવી.

સમય—દર બે કે ત્રણ કલાકે.

ઉપયોગ—હેડકી બંધ કરે છે.

---

૪૦૫ ચિત્રકાદિવટી. (૧)

બનાવટ—ચિત્રક મૂળ, ચવક અજમો, શુંઠ, મરી, પીપરજીણી, સારી અને શુધ્ધ કરેલી હીંગ, સીંધાલુણ, પીપરામુળ, સંચલ વડાગરૂં મીઠું, સમુદ્ર લવણ, બીડલવણ, શુધ્ધ સાજીખાર (સોડા બાયકાર્બ) ઉતમ યવક્ષાર, નવસાર, જીરૂં સમભાગે લઇ સાથે મેળવી બાંડી બારીક ભુકો કરી લેવો.

વિધી—તૈયાર થએલા ભુકાને લીંબુના રસમાં ઘુંટી મર્દન કરી તેની ચણા જેવડી ગોળા બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ ગોલી થી ૪ ગોળી.

અનુપાન—પાણી કે છાસ સાથે.

ઉપયોગ—મંદાગ્નિ, વાયુ, અરૂચી, પેટનો દુખાવો, નબવાયુ, અજીર્ણ, કબજીઆત, કાચાદસ્ત થવા વગેરેને મટાડી ભુખલગાડે છે તથા ખોરાક પચાવે છે.

૪૦૬ જવરભૈરવ વટી.

બનાવટ—રસસિંદુર, લોહભસ્મ, કુચીનાઇન, શુધ્ધ વચ્છનાગ, પુલાવેલ ટંકણખાર, શંખભસ્મ, કોડીનીભસ્મ, કાળા મરી, એ બધી દવાઓ સમ ભાગે લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધી--બધી દવાઓને ખરલમાં વાટી તેમાં લીંબુનું રસ નાંખી ત્રણ દિવસ મર્દન કરી તે જ્યારે ગોળી બનાવવા જેવું થાય ત્યારે તેની બબે રતીભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ--૧ ગોળીથી ૨ ગોળી આખા દિવસમાં ૪ ગોળીલેવા.

સમય—દર ત્રણ કે ચાર કલાકે લેવી.

અનુપાન—મધ અથવા બનફસાના શરબત સાથે.

ઉપયોગ—લીવર, ખરલ અને હોજરીના વિકારથી આવતો નવો અથવા જુનો તાવ, આ દવાના સેવનથી મટી જાય છે. મલે-રીઆ તાવ માટે ખાસ ઉપયોગી છે.

---

૪૦૭ અંબરવિલાસ ગુટીકા.

બનાવટ--અંબર તો. ૦॥	કસ્તુરી તો. ૦॥
સોનાનો વરક તો. ૧	ચાંદીના વરક તો. ૨
શિલાજીત તો. ૨	સફેદ મુસળી તો. ૧
કૌચબીજ તો. ૧	ગળોસત્વ તો. ૧
શુદ્ધ વચ્છનાગ તો. ૬	શુદ્ધ કનકબીજ તો. ૬
સાચો અગર તો. ૧	જાયફળ તો. ૧
જાવંત્રી તો. ૧	તજ તો. ૧
પીપર તો. ૧	કેશર તો. ૧
લવંગ તો. ૧	અકલકરો તો. ૬
ઉપલેટ તો. ૧	ભીમસેની કપુર તો. ૧
શુદ્ધ અફીણ તો. ૧	વરવારાનાં બીજ તો. ૧
અભ્રકભસ્મ તો. ૧	રસસિંદુર તો. ૬

વિધી—પ્રથમ ખરલમાં રસસિંદુર વાટી તેમાં સોના ચાંદીના વરક મેળવી પછી તેમાં ભસ્મો તથા શિલાજીત મેળવી ત્યાર બાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી વસ્તુઓનું બારીક ચુર્ણ તેમાં મેળવી ખરલમાં ઘુંટવું, અનેતેમાં અરીણુના કસુંબા બનાવી નાંખી ઘુંટતા જવું ત્યાર બાદ તેને ધતુરાના પાનનો રસ, આદુનો રસ અને નાગરવેલના પાનનો રસ કાઢી તેની અકેક ભાવના આપી ઘુંટી લઇ ગોળી જેવું થતાં અકેક રતીભાર ની ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણુ—૧થી ૨ ગોળી.

સમય—સવારે તથા રાત્રે બે વખત.

ઉપયોગ—શરીરનું ઝલાઇ જવું, નબળાઇ, ધાતુક્ષીણુતા, મગજની કમજોરી, મંદાગ્નિ. વાયુનાં દરદો, શરદી, ખાંસી, બિમારી પછીની નબળાઇ, ક્ષયની નબળાઇ, નસોની કમજોરી, નપુંસકતા વગેરે મટાડી શરીરમાં કૌવત લાવે છે. અને દરેક પ્રકારની નબળાઇ મટાડે છે.

---

૪૦૮ ગુડાદ્રિ વટીકા.

બનાવટ—શુંઠ, હરડેછાલ, પીપર, દાડમબીજ, ને સમભાગે લઇ તેને વાટી તેમાં બમણો ગોળ નાખી ગોળી બનાવી રાખવી.

પ્રમાણુ—૦। તો. દિવસમાં બે વખત પાણી સાથે.

ઉપયોગ—મંદાગ્નિ, અરૂચી, વાયુ, અર્શ, ગુલ્મ, શુળ વગેરે મટાડી ભુખ લગાડે છે.

---

૪૦૯ ચંદ્રપ્રિયા વટી.

બનાવટ—ગુલાબ ફુલ, જટામાસી, વાળો, સુંઠ, મરી, પીપર, કડુ, કરીઆતું, ભારંગી, જેઠીમધ, વરેઆરી વગેરે. સમભાગે લાવી વાટી ચુર્ણકરી તેને અરડુસીના પાનના રસમાં ગોળી વાળી સુકવી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—અકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

ઉપયોગ—ખાંસી, સ્વરભંગ વગેરેમાં આ ગોળી મોંમાં રાખી ચુસવાથી સારો ફાયદો કરે છે.

---

૪૧૦ પીપ્પલીક્ષાર વટી.

બનાવટ—પીપર તો. ૧ મરી તો. ૧ દાડમબીજ તો. ૨ યવક્ષાર તો. ૧॥ ગોળ તો. ૮ લાવી વાટી ચુર્ણ કરી ગોળમાં ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—અકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

ઉપયોગ—ખાંસી, ગળાનો રોગ, સ્વરભંગ વગેરેમાં આ ગોળી મોંમાં રાખી ચુસવાથી સારો ફાયદો થાય છે.

---

૪૧૧ ચિત્રકાદિ વટી. (૨)

બનાવટ—ચિત્રક, પીપરીમુલ, સાજીખાર, જવખાર, પાંચ લવણ, શુંઠ, મરી, પીપર, હીંગ, અજમોદ, ચવક એ સર્વ સમભાગે લઇ તેને વાટી ચુર્ણ કરી દાડમના રસમાં ધુંટી ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

અનુપાન—પાણી સાથે.

સમય—સવાર અપોર અને સાંજ અથવા જમ્યા પછી.

ઉપયોગ—મંદાગ્નિ મટાડી આમને પચાવે છે તથા અજીર્ણ મટાડી ભુખ લગાડે છે અને ભોજન પચાવી રૂચી વધારે છે.

---

૪૧૨ રાજયોગ.

બનાવટ—શુદ્ધઅફીણ, વચ્છનાગશુદ્ધ, કેશર, ચવક, ચિત્રક, શુધ્ધકનકબીજ, ભાંગનાબીજશુદ્ધ, સરગવાનાંબીજ, સફેદજીરું, આસુંઠ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોયમીજ, ઈંદ્રયવ. લવંગ, અકલકરો, અજમોદ, શતાવરી, સફેદમુશલી, પીપર, પીપરી મુલ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, એ દરેક અકેક તોલો લઇ વાટી ચુર્ણ કરી તેને મધમાં ઘુંટી ગોળી બનાવી રાખવી ગોળી ૦૧ તોલાની કરવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

સમય—જમ્યાપછી ખાવી. એટલે કે ગોળી જમ્યાપછી ખાવા માટે મોમાં રાખી ચુસવી. અને મુખવાસમાં જાતંત્રી વધારે વાપરવી

ઉપયોગ—વીર્યશ્રાવ, ધાતુક્ષીણતા, અલ્પ વીર્ય, પ્રમેહ, મંદાગ્નિ, ક્ષય, નબળાઇ, આમવાત, મહાવાયુ. પાંડુરોગ, માથાનુંદરદ, અરલ વગેરે નબળાઇને લગતા દરેક દરદમાં ઉતમ છે. સ્થંભન કરનાર અને શક્તિ આપનાર છે.

સૂચના—આદવા ખાનારે ખટાશ અને ક્ષારવાળી ચીજ મુદલ નખાવી કેમકે તેથી લાભ થતો અટકે છે.

---

૪૧૩ કસ્તુર્યાદિ વટી.

બનાવટ—કસ્તુરી તો. ૦૧ ઉતમ હીંગ તો. ૦૧ શુધ્ધ ઝેરકુચલા તો. ૦૧ ભીમસેનીકપુર તો. ૦૧

વિધી—દરેકને બરાબર વાટી ગુંદના પાણી સાથે ગોળા બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી (આશરે ગોળો ૧ રતીભારની કરવી)

સમય—ચાર ચાર કલાકે અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—દૂધ અથવા સ્હેજ ગરમપાણી.

ઉપયોગ—વાયુરોગ, પાંડુ, સંગ્રહણી, શ્વાસ, ક્ષય, પ્રમેહ, મંદાગ્નિ, શૂળ, શીતાંગ, હીસ્ટીરીઆ, લકવો, પ્રલાપ અને સ્વપ્નદોષ માટે સારી છે. બળ વધારે છે અને મગજને શાંત રાખે છે. આંચકીમાં પણ ઉપયોગી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧૪ રસાદ્વિવટી.

બનાવટ—શુદ્ધપારદ તો. ૬ શુદ્ધગંધક તો. ૧ એ બેની કજલી કરીલેવી. તેમાં ભીમસેની કપુર તો. ૧ નાંખી ખરલમાં પાણી નાંખી બરાબર તેને ઘુંટવું. બરાબર મળી જાય ત્યારે તેમાં બીજું ૪ થી ૫ તોલા પાણીનાંખી ઘુંટીદેવું. અને તેમાં ઘસેલું શ્વેતચંદન, નાગરમોથ, વાળો જટામાસી, એલચીનાંબીજ અને નેત્રવાળો એ સર્વ ચીજોનું ચુર્ણ અકેક તોલો બારીક લાવી તેમાં મેળવી ઘુંટી તેની ચણીબોર પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરીરાખવી.

પ્રમાણ—૨ ગોળો.

અનુપાન—ગુલાબનું શરબત અથવા પાણી.

ઉપયોગ—તરસ, દાહ, પિતજ્વર, મગજની ગરમી, બેચેની, કોલેરા, ઉલટી. ઝાડા વગેરે માટે બહુજ ઉતમ પ્રયોગ છે.

---

૪૧૫ અતિસારવટી.

બનાવટ—મોચરસ, અફીણ, લવંગ, જાયફલ, હિંગુલ એ સમભાગે લઈ વાટી તેની રતીભારની ગોળી કરીલેવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી પાણી કે મધ સાથે.

સમય—૬૨ ચાર ચાર કલાકે.

ઉપયોગ—દરેક પ્રકારનાં અતિસાર તથા આમાતિસાર માટે રામબાણ ઉપાય છે.

---

૪૧૬ અજમોદી વટી.

બનાવટ—અજમો, હરડેછાલ, બારેક, કેશર, એ દરેક તોલો એક એક જાયફલ, મોચરસ, અફીણ એ દરેક અરધઅરધ તોલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાવંત્રી, લવંગ એ એમે તોલા એ સર્વને વાટી બારીક ચુર્ણ કરી મધમાં મેળવી બાજરાના દાણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

અનુપાન—દૂધ કે સુવાના પાણીસાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—બાળકોના ઝાડા, ઉલટી, અનિદ્રા, ખાંસી, શરદી વગેરેને મટાડે છે.

---

૪૧૭ ચંદ્રોદય વર્તી.

બનાવટ—દુરડેછાલ, વજ, કુષ્ટ, પીપર, મરી, અહેડાનાં ઠંડીયાની મીજ, શંખનીનાભી, શુધ્ધ મનશીલ, એ સર્વ સમભાગે લઇ બારીક વાટી ચૂર્ણ કરી તેને બકરાના દુધમાં વાટી ગોળી અથવા વાટ બનાવી સુકવી રાખવી.

ઉપયોગ—આ ગોળીને ત્રાંબાના સાફ વાસણ પર જરા પાણી નાંખી ઘસીને આંખમાં આંજવાથી નવું અથવા જુનું પુલું, માંસની વૃધ્ધિ, રતાંધળાપણું વગેરે નેત્રરોગ મટી દ્રષ્ટિ સાફ થાય છે.

---

૪૧૮ જાતિફલાદિવટી.

બનાવટ—જાયફલ, લવંગ, પીપર, સિંધાલુણ, શુંઠ, કનકમીજ શુધ્ધ, હિંગુલશુધ્ધ, ટંકણખાર એ સમભાગે લેવા.

વિધી—બધીચીજોને વાટી લીંબુના રસમાં મર્દન કરી ચણા પ્રમાણે ગોળીવાળી સુકવીને રાખવી.

પ્રમાણ—૧ ગોળી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણીસાથે.

ઉપયોગ—આમાતિસાર, સંગ્રહણી. મંદાગ્નિ, અને અજીર્ણ મટી પાચન શક્તિ સારી થાય છે.

---

૪૧૯ જ્વરાંતક વટી.

બનાવટ—ગળોસત્વ તો. ૧ વંસલોચન તો. ૦॥
એલચીમીંજ તો ૦॥ જહર મોહરા ખતાઇ તો. ૦॥
કવીનાઇન તો. ૦॥ એન્ટી ફેબરીન તો. ૦॥

વિધી—દરેકચીજ બરાબર વાટેલી લાવી સાથે મેળવી ધુંટી ગુંદના પાણી સાથે ગોળી ચણા પુરની બનાવી રાખવી.

સમય—સવાર, બપોર અને સાંજ.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

અનુપાન—નીચે જણાવેલ સરબત સાથે ગોળી લેવી.

શરબત બનાવવાનો રીત—ગુલેબન તો ૦॥ નીલોફર તો. ૦॥ ગુલાબપુલ તો. ૦॥ સેવંતી પુલ તો. ૦॥ ગાવઝબાન તો. ૧ બતમીનાંમીંજ તો. ૧ અનીસુન તો. ૧ અફતીનરૂમી તો. ૧ આલુ-બુખારા નંગ ૧૫ ઉનાબદાણા નં. ૧૫ જેઠીમધ તો. ૧ તુખ્મખ્યા-રીંગ તો. ૨ તુખ્મબાલંગ તો. ૨ લાવી તેને જરા કુટી તેમાં ૧૨૦ તોલા પાણી નાંખી કવાથ કરવો. જ્યારે ૪૦ તોલા બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં ગુલાબજળ તો. ૧૦ નાંખી ચુલે ચડાવવો તથા તેમાં સાકર તો. ૬૦ નાંખી શરબત બનાવા લેવું. તૈયાર થયેલ શર-બતમાંથી તોલા ૨માં પાણી તો.૨ નાંખી ગોળીસાથે લેવાથી તાવ ઉતરી જાય છે. તરસમટે છે પસીનો આવી ગરમી ઘટીજાય છે.

---

૪૨૦ બાલરક્ષક સોગઠી.

બનાવટ—વાવડીંગ, વાપુંબા, સંચર, ઇંદ્રજવ, કરીયાતુ, શુંઠ હરડેછાલ, ડીકામાળી, વજ, જાયફળ, જાવંત્રી, પીતપાપડો, કહુ, કાળી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીરી, કાકચ, કુલંબો, અતિવિષ, એળીઓ, રેવતચીનીનો સીરો, મરડાશીંગ, એ સર્વ સમભાગે લઇ વાટી ચુર્ણ કરી લેવું. અને તેમાં ગુલાબનું પાણીનાંખી ઘુંટી સોપારી જેવડી મોટી સોગડી બનાવી સુકાવી રાખવી.

ઉપયોગ—નાનાં બાળકોને તાવ, ખાંસી, કબજીઆત, પેટનું દરદ વગેરેમાં જ્યારે જરૂર જણાય ત્યારે આ સોગડી ને સાફ પથર પર જરા પાણી સાથે ઘસીને એક એ રતીભાર દવા પાઈ દેવી. તેથી પેટ સાફ થઇ જવરાદિ ઉપદ્રવો તુરત મટી જાય છે. હમેશાં ઘરમાં રાખવા લાયક છે. પેટના ભારનેતોડીને દુધ પચાવે છે.

---

૪૨૧ કાસઘ્ની વટી.

બનાવટ—આકડાંના ફુલ તો. ૧ યવક્ષાર તો, ૧
સિંધાલુણ તો. ૧ કાળામરી તો. ૧
પીપર તો. ૧ લવંગ તો. ૧

વિધી—આદુના રસમાં ઉપરની દવાઓનું ચુર્ણ નાખી ગોળી ચણા પુરની બનાવી સુકાવી રાખવી.

પ્રમાણ—અકેક ગોળી મોઢામાં રાખી ચુસવી.

ઉપયોગ—ખાંસી માટે ઉતમ છે. કફને છુટોકરે છે.

---

૪૨૨ વાતનાશકવટી.

બનાવટ—સુંઠ તોલા ૨, કાંકચ તો. ૨ સિંધાલુણ તો. ૧ શેકલીહીંગ તો. ૧ દરેકને વાટી તેમાં લસણનોરસ નાંખી ચણા જેવડી ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—પેટનોવાયુ, શૂળ, ઝાડા, અજીર્ણ, વારંવાર ચુંક આવવી વગેરે મટાડી ભૂખ લગાડે છે તથા દરદ મટાડી વાયુ છુટ કરે છે.

---

૪૨૩ રજપ્રવર્તની વટી.

બનાવટ—એલીઓ તો. ૧ હીરાબોળ તો. ૧
ટંકણખાર શુધ્ધ તો. ૧ શુધ્ધ હીંગ તો. ૧
શુધ્ધ હિરાકસી તો. ૧ શુધ્ધ સોમલ રતી ૫ ભાર
જટામાસી તો. ૧

વિધી—ઉપરની દવાઓને બરાબર વાટી તેનું ચુર્ણ કરી તેને એકરટ્રેટ સરબલમાં વાટી મટરના દાણા પ્રમાણે ગોળા બનાવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી સવાર સાંજ પાણી સાથે.

ઉપયોગ—ઋતુલાવવા તથા મગજની અને જ્ઞાનતંતુઓનો નબળાઇ મટાડી શરીરમાં કંઇપણ દરદ કર્યા શિવાય **ઋતુ** સાફ લાવે છે. **અને** નબળાઇ મટાડી શરીરમાંનો વાયુ મટાડે છે

સમય—ઋતુ આવ્યા પહેલાં આ દવા એક બે અઠવાડીયાં અગાઉ શરૂકરવી જોઇએ

---

૪૨૪ ગુડચ્યાદિ વટી.

બનાવટ—ગળોનું એકરટ્રેટ (ઘ.) તો. ૪૦ મંડુરભસ્મ તો.૫
શુધ્ધ એરંડમુલનો તો. ૫ કવીનાઇન તો. ૫

વિધી—ગળોનું ઘન લીલું હોય (નરમ જેવું હોય) તેમાં બીજી ત્રણ ચીજ મેળવી ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૧થી ૩ ગોલી.

સમય—સવાર સાંજ બે વખત દુધ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—નબળાઇ, ફીકાસ, બરલ, લીવર, મંદાગ્નિ, હોજરીનો વાયુ તથા પાંડુ અને સોજા વગેરે માટે ઉત્તમ છે. શક્તિ વધારે છે.

---

૪૨૫ શંશમની (સ્પેશીયલ.)

બનાવટ—ગળોનું ઘન તો. ૧૦ સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૦॥
અભ્રકભસ્મ તો. ૧ પ્રવાલ ભસ્મ તો. ૦॥
લોહભસ્મ તો. ૧

વિધી—ગળોનું ઘન નરમ હોયતેવું લાવી તેમાં બીજી ભસ્મો મેળવી ઘુંટી ૨ રતીભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૪ ગોળી.

સમય—સવાર, બપોર અને સાંજ.

અનુપાન—દુધ સાથે.

ઉપયોગ—જીર્ણજ્વર, ક્ષય, નબળાઇ, પાંડુ, ખાંસી, ફીકાસ, પ્રદર, સ્ત્રીઓની કમજોરી વગેરે માટે ઉત્તમ પૌષ્ટિક અને શીતવીર્ય દવા છે નાંના બાળકોને માટે પણ સારી છે. ધાતુક્ષીણતા વીર્યસ્રાવ વગેરે માટે વપરાય તેવી છે.

---

૪૨૬ યોનીસંકોચન વટી.

બનાવટ—ફુલાવેલ ફટકડી તો. ૪ માયાફલ ચુર્ણ તો. ૪ બધાને સાથે વાટી લેવું સાકર તો. ૫ નું ચુર્ણ લઇ એક વાટકામાં નાંખી તેમાં ઘી નાંખી સ્હેજ તાપ ઉપર ગરમ કરવું જ્યારે સાકર રસ રૂપ થાય ત્યારે ઉપરની ચીજોનું ચુર્ણ નાંખી ઘુંટી તેની તરતજ ગોળી ચણીબોર પ્રમાણની બનાવી રાખવી. ગોળી તરત બનાવી લેવી નહિં તો દવા સખત થઇ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—આ ગોળી ઉપર જરા રૂ (કપાસ) લપેટી તેના ઉપર જરા ગાયનું ઘી લગાડી તેને યોનીમાં રાખવાથી યોની મજબુત થાય છે અને પ્રસુતિ પછી થનારા અનેક ઉપદ્રવો તથા નબળાઇ અને વાયુ મટી શરીર મજબુત થાય છે.

સૂચના—જ્યાં સુધી જરૂર જણાય ત્યાં સુધી આશરે ૮ થી ૧૫ દીવસ લગી આ દવા કરવી જોઇએ અનેજ્યે ગરમી જેવું જણાયતો તરત દવાની ગોળી કાઢી લઇ ત્યાં ઘીનું પોતું રાખવાથી તરત શાંતિ થઇ જશે.

---

૪૨૭ ભૃંગરાજ વટી.

બનાવટ—ભાગરાનાં પાન તો. ૫ કાળાંમરી તો. ૦॥ બેને સાથે વાટી ધુંટી તેની ગોળી ચણીબોર પ્રમાણે બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી સવારે તથાં સાંજે પાણી સાથે.

ઉપયોગ—દરેક જાતના સુકા તથાં દુઝતા અર્શમાં ફાયદેકરી અર્શ રોગ મટાડે છે.

---

૪૨૮ આકારકરભરાદિવટી.

બનાવટ—અકલકરો તો. ૧૦ કેશર તો. ૨
લવંગ તો. ૩ જાયફલ તો. ૫
રસસિંદુર તો. ૩ અફીણ તો. ૩

વિધી—બધી ચીજો બારીક વાટેલી લેવી ફકત અફીણનો કસુંબો બનાવી તેને જુદું રાખવું. અને ખરલમાં બીજી પાંચ ચીજોનું ચૂર્ણ નાંખી તેમાં કસુંબો અફીણનો મેળવી બારીક વાટવું અને તેમાં નાગર વેલના પાનનું રસ નાંખી ધુંટી મટરના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણુ--૨ ગોળીથી ૪ગોળી.

સમય—સવાર, સાંજ અથવા સૂતાથી પહેલા ત્રણ કલાક આગળથી લેવી. ઉપર દૂધ પીવું.

ઉપયોગ--નબળાઇ, સ્થંભનની ખામી, ધાતુનું પાતળા પણું, ખાંસી, કફ, શરદી, શ્વેતપ્રદર, ઝાડાથવા, અપચો કફ વધારે થવો વગેરે માટે ઉતમ પ્રયોગ છે સ્થંભન માટે પણ ઠીક ફાયદો બતાવે છે,

---

૪૨૯ રજપુષ્પાદ્રિ વટી

બનાવટ—રસ સિંદર તો. ૧ વાવડીંગ ચુર્ણ તો. ૧
એલાચ્ચો તો. ૬ હીંગ તો. ૧

એને કુંવારના રસમાં વાટી ચણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

પ્રમાણુ—૨ થી ૪ ગોળી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન--ઘી સાથે ચાટી ઉપર અશોકઘ્રત અથવા અશોકનો કવાથ પીવા.

ઉપયોગ—ઋતુ સાફ લાવે છે અને તે સબંધી થતી અનેક વ્યાધીઓ મટાડી ગર્ભાશય શુધ્ધ કરે છે. વાયુ પ્રકૃતિ માટે ઉતમ છે.

---

૪૩૦ ગોક્ષુરાદ્રિ અવલેહ.

બનાવટ—ગોખરૂ, આસુંઠ, શતાવરી. વિદારીકંદ, બલબીજ, જેઠીમધ. એખરો, કૌચબીજ, શ્વેતમુશલી, વરધારાનાં બીજ, લવંગ, મોટી એલચી, જાવંત્રી, કેશર. જાયફલ, તજ, વંસલોચન, ગળો સત્વ, એલચી, નાગકેશર, એ દરેક ચીજ એક એક તોલો લઇ ચુર્ણ કરી લેવું. અને તેમાં મધ તોલા ૪૮ નાંખી મેળવી બરણીમાં ભરી લેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૦ાા થી ૧ તોલો.

સમય—સવારે તથા રાત્રે બે વખત.

અનુપાન—દુધ, ચાટણ લઇ ઉપર પીવું.

ઉપયોગ—ધાતુક્ષય, નપુંશકતા, કમજોરી વગેરે મટી રસાયન ગુણ આપે છે અને બળ તથા આયુષ્યની વૃદ્ધિ કરે છે.

---

૪૩૧ કુલીંજન અવલેહ

બનાવટ—કુણજણ (પાનની જડ અથવાજેને કુલીજન કહે છે) તો. ૮૦ લઇ કચરી તેને પાણી તો. ૮૦૦ માં ઉકાળી અર્ધુ બાકી રહે ઉતારી ગાળી લેવું ફરી તેને ચુલે ચડાવી તેમાં કાયફલ, પુષ્કરમુળ, ભારંગી, શુંઠ, પીપર, ચવક, ચિત્રક અને પીપરીમુળ. શુંઠ, મરી. હરડે, બહેડા અને આમડા, વાવડીંગ, ધાણા, જીરૂં, શાહજીરૂ, કાંકચ અધેડાના બીજ, અરડુસીનાં પાન, એ દરેક ચીજ ચાર ચાર તોલા લઇ તેનું ચુર્ણ કરી લેવું અને ગોળ તોલા ૮૦ અને મધ તોલા ૮૦ લઇ તેમાંથી ગોળ ઉપરના કવાથમાં નાંખી જાડો પાક કરવો જ્યારે ચાટણ જેવું થાય ત્યારે ઉપરની દવાઓનું ચુર્ણ નાંખી ઠંડુ કરી તેમાં મધ મેળવી ચાટણ બનાવી ભરી રખવું.

પ્રમાણ—૦ાાથી ૧ તોલો.

સમય—દિવસમાં ત્રણ વખત.

અનુપાન—ચાટણ ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—દરેક જાતની ખાંસી, હેડકી, માદ બેસીજવો. ગળાનાં દરદ, મોઢાનાં દરદ, શળેખમ, અને ખાસ કરી અવાજ સુધારવા માટે ઉતમ છે. ક્ષયમાં પણ વપરાય છે, જઠરાગ્નિ સુધારે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩૨ કણાવલેહ.

બનાવટ—જીણી પીપર લઇ વાટી તેનું ચુર્ણ કરી રાખવું.

પ્રમાણ—૨થી ૮ વાલ સુધી મધસાથે.

સમય—દર ચાર ચાર કલાકે.

ઉપયોગ—શ્વાસ, ખાંસી, પાંડુરોગ, અરલ, ઉદરરોગ, વાયુ અને અજીર્ણ તથા અરૂચી અને જ્વરને મટાડે છે. ખાંસી. શ્વાસ માટે ઉતમ છે.

---

૪૩૩ પુનર્નવાહરિતકી અવલેહ.

બનાવટ—સાટોડી ૬૪ તોલા, ચિત્રક તો. ૬૪ કાળીપાટ તો. ૪૦ શુંઠ તો. ૪૦ દંતીમુલ તો. ૪૦ દશમુલ તો. ૨૦૦ હરડે નંગ ૧૦૦ આખી એ દરેક ચીજ સાથે લઇ તેને પાણી તોલા ૪૦૦૦માં ઉકાળી ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી ઠંડુ કરી તેમાંથી હરડે કાઢી તેનો માંવો જુદા કપડેથી છાણીને રાખવો. અને બાકીના કવાથમાં ગોળ તો. ૪૦૦ નાંખી પાક કરવો. અને તેમાં હરડેનો માંવો નાંખી પાક કરવો. જ્યારે બરાબર અવલેહ, થાય ત્યારે ઉતારી તેમાં નાગકેશર, શુંઠ, મરી, પીપર, તજ તમાલપત્ર, એલચી, એ દરેક એએ તોલા લઇ તેનું ચુર્ણ કરી નાંખવું. અને મધ તોલા ૧૬ નાંખી મેળવી બરણીમાં ભરી રાખવું,

પ્રમાણ—૧થી ૨ તોલા.

સમય—સવાર અને સાંજ.

અનુપાન—દુધ સાથે.

ઉપયોગ—સોજાનો રોગ, અર્શરોગ, ગુલ્મરોગ વગેરે માટે ઉતમ ઉપાય છે, પેટ સાફ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુચના—કેટલાક વૈદ્યો હરડે આખી રાખી માવો ન બનાવતાં તે બાફેલા હરડે અવલેહ નરમ હોય તેમાં નાંખી આખી રહેવાદે છે અને પછી એક એક હરડે રોજ ખાવા માટે આપે છે.

---

૪૩૪ બિભીતક અવલેહ.

બનાવટ—બહેડાની છાલનું ચુર્ણ જાડું લઈ તેને ૨૦ ગણા ગૌમુત્રમાં નાંખી ઉકાળો કરીલેવો અને ૪થા ભાગનો બાકી રહેત્યારે ઉતારી ગાળી તેનો ફરી પાક કરવો. ઘાટું થાય ત્યારે તેમાં મધ બહેડાના વજનથી બમણું નાંખી ઉતારી રાખવું.

પ્રમાણ—તોલો ૧।

સમય—સવાર, બપોર અને સાંજ.

અનુપાન—દવા ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—ખાંસી, શ્વાસ.

---

૪૩૫ કુષ્માંડઅવલેહ.

બનાવટ—શ્વેત કહોળું લાવી તેને છોલી તેની નાની ચીરો બનાવી તેનું વજન ૪૦૦ તોલા હોય તો તેમાં પાણી તો. ૫૦૦માં નાંખી થોડું કે બાફી લેવું. જરા નરમ પડે કે ઉતારી કપડામાં રાખી પાણી નીતરી જાય ત્યારે સુકાયા જેવું કરી તેને એક ત્રાંબાના કલઇ વારી કડાઇમાં ઘી તો. ૬૦ નાંખી સેકી લેવું. અને જ્યારે લાલ થાય ત્યારે તેમાં સેકેલ કોંહોળાનો માવો નાંખવો. પછી તેને બાફ આપી ઉતારી લેવો. તેમાં પીપર તો. ૮ નાગકેશર તો. ૮ એલચી. તજ તમાલપત્ર, ધાણા, મરી એ દરેક બે બે તોલાનું ચુર્ણ નાંખવું અને અવલેહ જેવું થાય ત્યારે તેમાં ૪૦ તોલા મધ મેળવી ભરી રાખવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૨થી ૪ તોલા. ખાંડ ઉપર દુધ પીવું.

ઉપયોગ—રકતપિત, ખાંસી, ક્ષય, દમ શ્વાસ, તરસ, પિત્તજ્વર, કૃશતા, શોષ અને સ્વરભંગ મટાડી કેફમાં મજબુત બનાવે છે.

---

૪૩૬ કસ્તુરીચંદ્રોદયમિશ્રણ.

બનાવટ—વાટેલો ચંદ્રોદય ૧ તો. કસ્તુરી ૦॥ તો. બનેને ખરલમાં વાટી બરાબર બારીક કરી આટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૦॥ થી ૧॥ રતીભાર. સવારે તથા રાત્રે.

અનુપાન—મધ સાથે ચાટી ઉપર દ્રાક્ષાસવ આપવો.

ઉપયોગ—હૃદય અને મગજની કમજોરી, ખાંસી, નપુંસકતા, ક્ષયરોગ, બહુમુત્ર, વાતવિકાર. તેમજ દરેકરોગમાં આ માત્રા સારૂં પરિણામ તરતમાં બતાવે છે. કેમકે તે ઉષ્ણ અને યોગવાહી તથા બલ્ય છે

સૂચના—પૌષ્ટિક ખોરાકવ્રત–દુધ વગેરે બરાબર આપવો.

---

૪૩૭ કેશરાદ્રિ અવલેહ.

બનાવટ—કેશરનું ચુર્ણ તો. ૫ કસ્તુરી તો. ૦॥ અભ્રકભસ્મ તો. ૦॥ લોહભસ્મ તો. ૦॥ સોનાના વર્ક તો. ૦॥ ચાંદીના વર્ક તો. ૦॥ અંબર તો. ૦ અંગભસ્મ તો. ૦ એ સર્વ ચીજોને ૪૦ તોલા મધમાં મેળવવી. પછી તેમાં ભાંગનું ચુર્ણ તો. ૫ સાકરનું ચુર્ણ તો. ૨ વંસલોચન, એલચીબીજ, તજ, નાગકેશર, લવંગ, પીપર, કાબોઅગર, સફેદચંદન, જાયફલ, જાવંત્રી, કબાબચીની, આસુંઠ, ગોખરૂ, વરધારાનાબીજ, બલબીજ, સેમળાનો ગુંદ, (મોચરસ) કોચબીજ, સુંઠ, મરી, હરડે, બહેડા, આમડા એ દરેકચીજનું ચુર્ણ અરધ અરધ તોલો લઇ ઉપરના ચાટણમાં મેળવી કાચની બરણીમાં ભરીરાખવું.

પ્રમાણ—૮ થી ૨૪ રતીભાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—ગરમ દૂધ સાથે,

સમય—સવાર, સાંજ એ વખત.

ઉપયોગ—અશક્તિ, નામરદાઇ, છાતીનુંદરદ, ખાંસી, પ્રમેહ, બહુમુત્રતા, ક્ષયરોગ, શ્વાસ, પાંડુરોગ, મંદાગ્નિ, સંગ્રહણી વગેરેમાં લાભદાયક છે.

---

૪૩૮ અંબરનું ચાટણ.

બનાવટ—ગાવઝબાનનાં ફુલ તો. ૧ ગાવઝબાન તો. ૧
ધાણા તો ૧ આવરેશમ તો. ૧
જહમન સફેદ તો, ૧ તુખ્મ બાલંગા તો. ૧
ચંદન સફેદ તો. ૦ ફરીઝે ચુસ્ક તો. ૧
ખજખર તો. ૧ વંસલોચન તો. ૦॥
ગુલાબજળ શેર ૧ કેશર તો. ૧
અંબર તો. ૦

વિધી—કેશર, વંસલોચન અને અંબર શિવાયની બાકીની ચીજોને કચરીને ગુલાબ જળમાં એક રાત પલાળી મુકવી સવારે તેનો ઉકાળો કરવો જ્યારે ઉકાળતાં ૩૦ તોલા રહે ત્યારે તેને ઉતારી ગાળી લેવું. અને તેમાં સાકર તો. ૫૦ નાંખી ચાસણી જલબી જેવી કરીલેવી. અને તેમાં કેશર, અંબર વંસલોચન જુદાં જુદાં વાટી મેળવી દેવાં. તથા તેમાં સોનાનાંવર્ક ૦ા તો. ચાંદીનાવર્ક તો. ૦॥ મોતી, માણેક, જહર, મહોરાખતાઇ અને જમર્રૂદ એ દરેકને પાપા તોલો ગુલાબજલમાં અલગ અલગ વાટીને મેળવી દેવાં પછી તેને ખરલમાં વાટી મેળવી ચાટણ કરી બરણીમાં ભરી રાખવું.

પ્રમાણ—૦ા થી ૦॥ તોલો.

અનુપાન—ગરમ દુધ અથવા દ્રાક્ષાસવ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—હૃદયની નબળાઇ, મગજની કમજોરી, ક્ષયરોગની પ્રથમ અવસ્થા, શીરદર્દ, ધાતુક્ષીણતા, નબળાઇ મટાડે છે. અને શરીરમાં પણ તાકાત લાવી હૃદય મગજને ફાયદો પહોંચાડે છે.

---

૪૩૯ અષ્ટાંગાવલેહ.

બનાવટ—કાયફૂલ, કુષ્ટ, કાકડાશીંગ, પીપર, મરી, **ધમાસો**, શાહજીરૂં, સુંઠ એ આઠ ચીજ સમભાગે લેવી, અને તેમાં જોઇતું મધ મેળવી ચાટણ બનાવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૦।। થી ૦।। તોલો.

અનુપાન—ગરમ પાણી કે દુધ.

સમય—દર ચાર ચાર કલાકે.

ઉપયોગ—ભયંકર સન્નિપાત, ખાંસી, ગળાનો રોગ, કંઠનાં દરદો તથા કફ માટે બહુજ ઉતમ પ્રયોગ છે.

---

૪૪૦ નિમગુલકંદ.

બનાવટ—લીંબડાના પુલનો મોર તો. ૨૦૦ ત્રિકટુ તો. ૨
ત્રિફલા તો. ૨ ઇંદ્રવારૂણીની જડ તો.૨
સરપુંખાનું મુળ તો. ૨ પિતપાપડો (ખડસલીઓ) તો. ૨
કુવાનાં પાન તો. ૨ લોહ ભસ્મ તો. ૨
સુવર્ણ માક્ષિક ભસ્મ તો. ૨ શુધ્ધ ખાપરીયું તો. ૧
સોડા બાઇ કાર્બ તો. ૫ સાકર શેર ૨ (તો.૧૬૦)

વિધી—પ્રથમ ઓસડીઆ વાટી બારીક ચુર્ણ કરી લેવો લીંબડાનાં પુલ સાફ કરી જુદાં રાખવા અને સાકરનું ચુર્ણ કરી જુદું રાખવું. પછી સાકર અને લીંબડાનાં પુલને સાથે છુંદી મેળવી લેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમાં ઉપરની દવાઓનું ચુર્ણ તથા ભસ્મ મેળવી લોંદા જેવું કરી લેતાં તેને બરણીમાં ભરી એક માસ રાખી મુકવું. અને દરરોજ તેને લાકડી વડે હલાવી દેવું તડકામાં રાખવાથી જલદી તૈયાર થશે.

પ્રમાણ—૦।। તોલો,

અનુપાન—પાણી અથવા દૂધ.

પથ્થ—તેલ, ખટાશ, લાલમરચાં અને ગરમ ચીજ નખાવી.

ગુણ—રકત શુધ્ધ કરે છે. વાયુ રોગ મટાડે છે હરસ વાળાને માટે ઉતમ ઉપાયછે ખસ, ખુજલી, દાદર, ઉપદંશ વગેરે માટે રામબાણ ઉપાય છે.

---

૪૪૧ યાકુતી.

બનાવટ—ભાંગના પાન તો. ૪૦ લઇ તેની પોટલી બાંધી પાણીમાં ખુબ ધોઇ લેવી. પછી તેને ગાયનું દુધ તો. ૪૦૦ લઇ તેમાં નાંખી ખુબ ઉકાળવી પછી તે દુધને જમાવી તેનું દહીં બનાવી તેમાંથી માખણ કાઢી તેનું ઘી બનાવી લેવું. ત્યાર બાદ તેમાં બદામ તો. ૪૦ પીસ્તા તો ૪૦ દુધનો માવો તો. ૨૦ કીશમીશ તો. ૪૦ ચારોલી તો. ૪૦ તલ સફેદ તો. ૪૦ જાયફલ તો. ૧ જાવંત્રી તો.૧ એલચી તો. ૧ વરધારાનાં બી તો. ૧ અફીણ તો. ૧ કેશર તો. ૧ કમીમસ્તકી તો, ૧ કંકોલ તો. ૧ માલમ તો. ૧ મુશલી સફેદ તો.૨ એખરો તો. ૨ ગોખરૂ તો. ૨ મુસળી કાળી તો ૨ શતાવરી તો. ૨ કોચ બીજ તો. ૨ અકલકરો તો ૧ શુંઠ તો. ૧ મરી કાળા તો. ૧ આસુંઠ તો. ૨ પીપરા મુલ તો, ૧

વિધી—ભાંગના તયાર થએલા ઘીમાં આ સર્વ દવાઓનું બારીક કરેલું ચુર્ણ મેળવી દેવું તથા બદામ, પીસ્તા વગેરે પ્રથમની છ ચીજોને જુદી છુંદી રાખવી તે તથા ભાંગ વધે તેને શેકી તેનું ચુર્ણ કરી લેવું પછી એક વાસણમાં સાકર તો. ૫૦૦ની ચાસણી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં બધી ચીજો બરાબર મેળવી ગોળી અથવા પાકના રૂપે થાય તેમ તૈયાર કરી લેવું

પ્રમાણ—બાધી ૧ તોલો.

સમય—રાત્રે.

અનુપાન—દુધ સાથે લેવા.

ઉપયોગ—દરેક જાતની નબળાઇ મટાડી કૌવત આપે છે. નસોની મીથીલતા તથા સ્થંભનની ખામી મટાડી તાકાત તથા બળ વધારે છે, આમા મરજી પ્રમાણે ભસ્મો પણ નાંખી શકાય છે.

---

૪૪૨ પ્રદરારિઅવલેહ.

બનાવટ—અશોકની છાલ તો. ૨ મોચરસ તો. ૨
ધાવડીનાં ફુલ તો. ૧ ચોખા રાતા તો. ૧

વિધી—એ દરેક દવાઓને અધ કચરી કરી તેમાં પાણી તો. ૮૦ નાંખી ઉકાળોકરવોજ્યારેતોલા ૨૦ બાકીરહે ત્યારે ઉતારી ગાળી લેવું. પછી તેમાં નીચેની દવાઓનું ચુર્ણ નાંખી ચાટણ જેવું કરી લેવું.

આમળા તો. ૦ા ફુમી મસ્તકી તો. ૦ા રકતચંદન તો.૦ા સાકર તો. ૫ નાંખી મેળવી તૈયાર થાય ત્યારે તેમાં કપુર માસો ૧ મેળવી રાખી મુકવું.

પ્રમાણ—૦ા થી ૦ા તોલો.

સમય—સવાર સાંજ.

અનુપાન—બકરીના દુધ સાથે.

ઉપયોગ—દરેક જાતના પ્રદર માટે ઉતમ યોગ છે.

---

૪૪૩ યોગરાજ.

બનાવટ—ત્રિફલા તો. ૧૨ ત્રિકટુ તો. ૧૨
ચિત્રક તો. ૪ વાવડીંગ તો. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિલાજીત તો. ૨૦ રૌપ્યમાક્ષિકભસ્મ, તો. ૨૦
સુવર્ણ માક્ષિક ભસ્મ તો ૨૦લોહભસ્મ તો. ૨૦
સાકર તો. ૩૨

વિધી—એ દરેકને ખરલમાં ઘુંટી તેમાં શિલાજીત મેળવી, ચૂર્ણ કરી લેવું. અને તેમાં જોઇએ તેટલું મધ મેળવી ચાટણ જેવું કરી વાસણમાં ભરી રાખવું.

પ્રમાણ—૦ા થી ૦ાા તોલો,

અનુપાન—દુધ સાથે

સમય—સવાર સાંજ

ઉપયોગ—પાંડુ, કમળો અને નબળાઇ માટે ઉતમ યોગ છે. અને તેની પ્રશંશા ચરક સંહિતામાં બહુજ કરેલી છે અને અનુભવમાં પણ ઉતમ જણાયલ છે.

———

૪૪૪ જવરાંતક.

બનાવટ—રસસિંદુર તોલા ૧૨ અભ્રક ભસ્મ તો. ૨ એ બેને ખરલમાં નાંખી ઘુંટી તેમાં તજનો ઉકાળો કરી નાંખી બરાબર ઘુંટી સુકવી રાખવું. પછી તેમાં શુંઠ, મરી, પીપર, લીંબડાની અંતર-છાલ, કાયફલ, કડુ, કુષ્ટ, મકેદ સરસવ, ઇંદ્રયવ, પુલાવેલી ફટકડી, એ દરેક એકએક તોલાનું ચુર્ણ લઇ નાંખવું તથા આકડાના મુળની છાલ નું ચુર્ણ તો. ૦ાા નાંખી ઘુંટીને ફરી ઉપરની દવામાં બરાબર મેળવી તેને તજના ઉકાળાની ભાવના આપી ઘુંટીને રતીભારની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

અનુપાન—દ્રાક્ષાદિકવાથ અથવા મધ કે તુલસીના રસ સાથે.

સમય—ચાર ચાર કલાકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ઇન્ફ્લ્યુએંઝા, દરેક જાતનાં તાવ, ખાંસી, શળેખમ પીનસ, કફરોગ, શોજા, ઝાડા, અને નબળાઇમાં ખાસ ઉપયોગી છે.

---

૪૪૫ લાલગુડા.

બનાવટ—શુંઠ, મરી, પીપર, કડુ, લીબડાની છાલ, કુષ્ટ, નાગરમોથ સફેદસરસવ, ટંકણખાર, ઈંદ્રયવ, રકતચંદન, શુધ્ધ હિંગુલ, રસસિંદુર એ દરેક ચીજ બેબે તોલા લઇ વાટી લેવી અને તેને ખરલમાં ઘુંટી તેમાં નાગર વેલના પાનનું રસ નાખી ઘુંટી રતીભારની ગોળી કરી સુકવી બાટલીમાં રાખવી.

પ્રમાણ—૨ ગોળી.

સમય—દર ત્રણ ત્રણ કલાકે.

અનુપાન—તુલસીનો રસ, ગોળ અથવા ગરમ પાણી.

ઉપયોગ—સામાન્ય તાવ, શરદી, ઇનફ્લ્યુએંઝા, ખાંસી અને ચાલુ તાવ માટે ઉતમ છે. આ દવા બંગાળમાં બહુજ વપરાય છે.

---

૪૪૬ કુલવધુ.

બનાવટ—રસાસંદુર, નાગભસ્મ, તામ્રભસ્મ, મનશીલ શુધ્ધ, સમભાગેલઇ વાટી તેને ઈંદ્રવાંરૂણીના રસમાં મર્દનકરી ચણાજેવડી ગોળી બનાવી રાખવી.

ઉપયોગ—આ ગોળીને પાણીમાં જરા ઘસીને અંજન કરવાથી સન્નિપાત જવરની તથા બીજી ગમેતેવી મુર્ચ્છા શાન્ત થાય છે અને જાગ્રતિ આવે છે. જરૂરપડયે અંજન અથવા નસ્યરૂપે આપી શકાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪૭ વ્યાધિહરણરસ.

બનાવટ—શુધ્ધ પારદ તો. ૫ શુધ્ધ ગંધક તો. ૫ શુધ્ધ હરતાલ તો. ૫ શુધ્ધ મનશીલ તો. ૫ શુધ્ધ રસકપુર તો ૫ શુધ્ધ શોમલ તો. ૫ બધાં સાથે ધુંટી કજ્જલી કરવી. તેને કુંવારનારસમાં મર્દનકરી સુકવી લઇ તેને કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકા યંત્રમાં મુકી બારપ્રહર આંચ આપી વિધીસર (ચંદ્રોદયની માફક) પકાવી તૈયાર કરવું. ગંધક બળી ગયા પછી શીશીના મોઢામાં ભુચ (ઈંટનો) લગાડી બંધ કરી દેવું એટલે મંદ મધ્ય અને તિવ્રઅગ્નિ આપી તૈયાર કરી ઠંડુ થયે ઉતારી લેવું. અને શીશીફોડી અંદરથી રસની કટોરી લઇલેવી. અને તેને વાટી શીશીમાં રાખવું.

પ્રમાણ—૧ થી ૨ રતીભાર.

અનુપાન—માખણ કે મધ સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ગરમીનાં દરદો, ઉપદંશ, રક્તવિકાર, ફીરંગરોગ સુજાક વગેરેમાં ઉપયોગી છે.

સૂચનાં—દવા ઘણીજ ઉતમ છે પણ સંભાળથી પરેજી રાખીને ખવરાવવી.

પથ્ય—ગહું, સાકર, ઘી બીજું બધું બંધ રાખવું.

---

૪૪૮ અનંગકુસુમાકર રસ.

બનાવટ—સુવર્ણભસ્મ, મોતીભસ્મ, હરિતાલભસ્મ, કસ્તુરી એ દરેક એક એક તોલેા લઇ ખરલમાં બરાબર ધુંટી તેમાં કુંવારનેા રસ નાંખી ધુંટીને રતી ભારનો ગોળા કરી લેવા.

પ્રમાણ—૧ થી ૨ ગોળા.

અનુપાન—મધ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—કફ જન્યતાવ, નપુસકતા, નબળાઇ કફ,ખાંસી, વગેરે માટે ઉતમ છે અને વાજીકરણ તરીકે સારી બનાવટ છે.

---

૪૪૯ ચંદ્રામૃતરસ.

બનાવટ—હરડેછાલ, બહેડાંછાલ, આમડા, શુંઠ, મરી, પીપર, ધાણાં, જીરું, સીંધાલુણ એ દરેક એક એક તોલો, શુધ્ધ પારદ તો.૨ શુધ્ધ ગંધક તોલા. ૨, ફુલાવેલ ટંકણખાર તો, ૮ મરી તો. ૪ લોહ ભસ્મ તો. ૨ એ સર્વ વાટેલાં લઈ તેમાં પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં ભસ્મ તથા બીજી ચીજો અનુક્રમે મેળવી દેવી અને તેને ખરલમાં ઘુંટી બકરીના દુધમાં ઘુંટીને ૨ રતી ભારની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોલી

અનુપાન—મધ અથવા ગળોનો રસ.

ઉપયોગ—ખાંસી, જ્વર સાથે ખાસ, ક્ષયની ખાંસી, વગરે માટે ઉતમ છે.

---

૪૫૦ ત્રૈલોક્યચિંતામણી રસ

બનાવટ—સુવર્ણભસ્મ ૩ ભાગ. રૌપ્યભસ્મ ૨ ભાગ,
અભ્રકભસ્મ ૨ ભાગ, લોહભસ્મ ૫ ભાગ.
પ્રવાલભસ્મ ૩ ભાગ, મોતીભસ્મ ૩ ભાગ.
રસસિંદુર ૧ ભાગ.

વિધી—દરેકને ખરલમાં વાટી બરાબર મેળવી તેને કુંવારના રસમાં ખરલકરી રતીભારની ગોળી કરી લેવી અથવા ચૂર્ણ રાખી લેવું.

પ્રમાણ—૧ થી ૨ રતીભાર.

સમય—સવાર સાંજ બે વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—બકરીનું દૂધ.

ઉપયોગ—ક્ષયરોગ, જીર્ણજ્વર. ખાંસી, તાવ, પ્રમેહ ઉન્માદ રોગ, વગેરે આના સેવનથી મટે છે અને શક્તિ આવે છે.

---

૪૫૧ નિદ્રોદય રસ

બનાવટ—અફીણ તો. ૧ વંસલોચન તો. ૧
રસસિંદુર તો. ૧ આમળાનું ચુર્ણ તો. ૨

વિધી—ચારે દવા સાથે ઘુંટી તેમાં ભાંગનો રસ અથવા કવાથ નાંખી ઘુંટી તેની બે રતીભારની ગોળી કરી લેવી.

પ્રમાણ—૧ ગોલીયાં ૨ ગોળી.

સમય—જરૂર જણાય ત્યારે.

અનુપાન—પાણી કે દુધ સાથે.

ઉપયોગ—ઉન્માદ, પીડા થવી, અનિદ્રા વગેરેમાં જ્યારે ઉંઘ લાવવા તથા દરદ મટાડવા જરૂર જણાય ત્યારે આપવાથી સારી ઉંઘ આવે છે. ઉંઘ લાવવાનો ઉતમ યોગ છે.

---

૪૫૨ શોણિતાર્ગલ.

બનાવટ—લોહભસ્મ તો. ૦॥ અભ્રકભસ્મ તો ૦॥
રસાંજન તો. ૦॥ શુધ્ધ ખાપરીયું તો. ૦॥
પ્રવાવેલી કટકડી તો ૦ રકતચદન તો. ૧
સોનાગેરૂ તો. ૧ રસસિંદુર તો. ૧
લાખપીપલની તો. ૧

વિધી—બધી ચીજોને ખરલમાં બરાબર વાટી રસવંતીનું પાણી બનાવી તેમાં ઘુટીને બે રતીભારની ગોળી કરી સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—પાણી.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—રક્તાર્શ, રક્તપ્રદર, રક્તાતિસાર વગેરે માટે ઉત્તમ છે લોહી પડતું બંધ કરે છે.

---

૪૫૩ હેમનાથ રસ.

બનાવટ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, સુવર્ણભસ્મ સુવર્ણ માક્ષિક એ દરેક તોલો એક એક લોહભસ્મ તો. ૦॥ બંગભસ્મ તો. ૦॥ પ્રવાલ ભસ્મ તો. ૦॥ ભીમસેની કપૂર તો. ૦॥ એ દરેકને ખરલમાં ત્રાટી લેવું અને તેને અરીણની ૭ ભાવના, મોચરસની ૭ ભાવના તથા ગુલરના રસની ૭ ભાવના આપી ત્રણ રતીભારની ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૧ ગોળી

સમય—સવાર સાંજ.

અનુપાન—દુધ સાથે.

ઉપયોગ—પ્રમેહ, શ્વેતપ્રદર, બહુમુત્ર, નબળાઇ, વગેરે મટાડી શક્તિ આપે છે.

---

૪૫૪ સર્વાંગસુંદર રસ.

બનાવટ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વચ્છનાગ, શુદ્ધ નેપાળાનાં બીજ, શુંઠ, મરી, પીપર. આમળા, હરડેછાલ. બહેડાંછાલ, ફુલાવેલ ટંકણખાર, સમભાગે લઇ ખરલમાં બરાબર મેળવી, પાણીમાં ઘુંટી રતીભારની ગોળીઓ બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

અનુપાન—પાણી અથવા આદુનો રસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—જ્વર, શ્વાસ, ખાંસી, આમવાયુ, મંદાગ્નિ, જીર્ણ જ્વર વગેરે મટે છે.

---

૪૫૫ યોગેન્દ્ર રસ.

બનાવટ—રસસિંદુર તો. ૨ સુવર્ણભસ્મ તો. ૧
લોહભસ્મ તો. ૧ મોતીભસ્મ તો. ૧
અંગભસ્મ તો. ૧ અભ્રકભસ્મ તો. ૧

વિધી—દરેકને ખરલમાં બરાબર ધુંટી તેને કુંવારના રસમાં મર્દનકરી તેનો ગોળો બનાવી એરંડાના પાનમાં વીંટો તેને ધાતના ઢગલામાં ત્રણ દહાડા રાખવું પછી કાઢી વાટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ રતીભાર.

અનુપાન—ત્રીફળાધૃત અને સાકર સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—વાતવ્યાધિ, અનિદ્રા, ઉન્માદ, મુર્ચ્છા, પ્રમેહ અને હિસ્ટીરીઆ માટે ઉતમ છે.

---

૪૫૬ સુવર્ણભસ્મ.

બનાવટ—ચંદ્રોદય બનાવતાં જે સુવર્ણનો ભુક્કો તળીઆમાં કાળી ભસ્મ રૂપે મળે છે તે તોલા બે અથવા ચાર હોય તોને લાવીને તેને ખરલમાં બરાબર બારીક ઘુંટી તેમાં તુલશીપત્રનો રસ તો. ૨૦ નાંખી બરાબર ઘુંટી સુકાયા જેવું થાય ત્યારે તેને એક કાચની પ્લેટ ઉપર નાંખી પાતળું હોયતેમ પાથરી દેવું અને તડકે રાખી સુકવી લેવું. સુકાય ત્યારે એમનેએમ પડરૂપે ઉખેડી આવે તેમતેને સંભાળથી કાઢી લઇ એક સરાવમાં મુકી ઉપર બીજું સરાવ ઢાંકી કપડમાટી બરાબર કરી સુકવીલઇ અર્ધ ગજપુટ છાણાનો અગ્નિ આપવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે ૪ થી ૮ સુધી હલકા ગજપુટ આપી છેવટે એક સારો ગજપુટ આપતાં ખુલ્લા લાલરંગની ભસ્મબની તૈયાર થસે તેને વાટી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૩ ગ્રેન.

અનુપાન—મધ અથવા માખણ સાથે ચાટી ઉપર દૂધ પીવું.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ક્ષય, નબળાઇ, ધાતુ ક્ષીણતા, ખાંસી, જીર્ણ જવર, મગજની કમજોરી તથા વિર્યવિકાર અને બીજા અનેક રોગોને તત્કાળ મટાડી શકે છે.

---

૪૫૭ રૌપ્યભસ્મ.

બનાવટ—શુધ્ધ ચાંદીને એસીડના યોગથી બારીક ભુકો કરવો અથવા તેનાં બારીક પત્રાં મશીનથી કરાવી લેવાં અને પછી તેને શુધ્ધ પારદ તો. ૧૦ શુધ્ધ ગંધક તોલા ૨૦ તથા શુધ્ધ રૌપ્યનાં પતરાં તો, ૫ સાથે ધુંટી કપડમાટી કરેલી શીશીમાં ભરી તેને વાલુકા યંત્રમાં મુકી ત્રણ દિવસ અને રાત્ર અગ્નિ આપી રસસિંદુર બનાવી લેવો આ પ્રમાણે રસસિંદુર બનાવતાં ભસ્મ તળીએ તૈયાર થયેલી મળશે કદાચ એકજ વારમાં બરાબર નહિં બની જાયતો તેવીજ રીતે બીજી વાર રસસિંદુર બનાવતાં ભસ્મ માથે નાંખી રસસિંદુર બનાવી લેવો અને નીચે બચેલી ભસ્મ કાઢીલઈ તેને ખરલમાં ધુંટી તેમાં ગુલાબનાં લીલાં ફુલ લાવી વાટી રસ કાઢવો તે રસમાં ભસ્મ ધુંટવી. અને પછી ટીકડી કરી સુકવી અર્ધ ગજપુટ છાણાનો અગ્નિ આપવો આ પ્રમાણે ચારથી આઠ ગજપુટ આપવાથી ઉતમ રાતા વર્ણની ભસ્મ થશે તે વાપરવી.

પ્રમાણ—૩ થી ૬ ગ્રેન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—માખણ સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—નબળાઇ, મગજની ક્ષીણુતા, વાયુ, પિત, પ્રમેહ, અજીર્ણ વગેરે મટાડી આયુષ્યને વધારે છે તથા બળ અને વીર્ય તેમજ કાંતિનો વધારો કરે છે.

---

૪૫૮ બંગભસ્મ.

બનાવટ—શુદ્ધ કરેલી કલઇ લઇ તેને ચુલા ઉપર ચડાવેલ એક કડાઇમાં નાંખી ગરમ કરવી. અને તેનો રસ થતાં પલાશપુષ્પ (કેસુડાનાં ફુલ) નાંખતા જવું અને લોઢાના તવેથાથી હલાવતા જવું બરાબર ૪ થી ૬ કલાક આ પ્રમાણે સખ્ત અગ્નિ પર હલાવતાં અને પુષ્પનાંખતાં શ્વેત ભસ્મ થઇ જશે પછી તે કડાઇને ચુલા ઉપર રાખી દેવી અને આંચ એમજ છોડી દેવી, ઠંડુ થયા બાદ તે ભસ્મ કાઢી કપડે ચાળી તેમાં કુંવારનો રસ નાંખી ખુંદી તેની બે બે તોલા ભારની. ટીકડી બનાવી સુકવી રાખવી. અને સુકાયા બાદ દરેક દરેક ટીકડી ઉપર આકડાનું પાન લપેટી દોરાથી બાંધી તેને એક તાવડીમાં મુકી અર્ધ ગજપુટ છાણાનો હલકો અગ્નિ આપી દેવો. ઠંડુ થયે કાઢી લઇ કપડે ચાળી કામમાં લેવું આ ભસ્મ ઉતમ શ્વેત બની જાયછે.

પ્રમાણ—૩ રતીભાર.

અનુપાન—માખણ સાથે અથવા મધ સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

પયોગ—પ્રમેહ પ્રદર, વાતુક્ષીણુતા, બોટી ગરમી, વીર્યશ્રાવ અને નબળાઇ મટાડી શક્તિ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫૯ યશદભસ્મ.

બનાવટ—શુધ્ધ યશદ લાવી તેને કડાઈમાં નાંખી ચુલે ચડાવી ગરમ કરી રસ જેવું થાય ત્યારે તેમાં ખસખસનાં ડોડવા તથા ભાંગ થોડાં થોડાં નાંખતા જવું અને લોઢાના તવેથાથી ખુબ હલાવ્યા કરવું આ પ્રમાણે ચાર છ કલાક સુધી સખ્ત અગ્નિના તાપ ઉપર હલાવવાથી તથા ઉપર દવાઓ બે બતાવી તે નાંખવાથી યશદની ભસ્મ થઇ જશે. તેને ચુલા ઉપર રહેવા દેવી અને જ્યારે બરાબર ઠરી જાય ત્યારે ઉતારી લઇ કપડે ચાળી લેવી. આ તૈયાર થએલી ભસ્મને મલાઇ (દહીંનીતર)માં ઘુંટી ટીકડી કરી સુકવી ગજપુટનો અગ્નિ આપવો. આ પ્રમાણે દશગજપુટ આપવાથી ખુલતા પીળા રંગની ઉતમ માખણ જેવી ભસ્મ થસે તેને કપડે ચાળી રાખી મુકવી.

પ્રમાણ—૧।। થી ૩ રતીભાર.

અનુપાન—માખણ કે મધ સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—ખાંસી, સંગ્રહણી, જીર્ણજ્વર, પ્રદર, નબળાઇ, હાથપગનો દાહ. ગરમી, મગજનું દરદ, ક્ષય વગેરે મટાડી નબળાઇ મટાડે છે.

---

૪૬૦ ત્રિભંગભસ્મ.

બનાવટ—શુધ્ધ કલાઇ તો. ૧૦ શુધ્ધ યશદ તો. ૧૦ શુધ્ધ શીશું (નાગ) તો. ૧૦ લાવી ચુલામાં અગ્નિ કરી તે ઉપર કડાઇ મુકી તેમાં બે ત્રણે નાંખી ગરમ કરતાં રસ થાય ત્યારે તેમાં ખાખરાના પુષ્પ (કેસુડાનાં ફુલ) નાંખતા જવું અને વડના ડંડાથી ખુબ હલાવવું જ્યારે બરાબર ભસ્મ થાય ત્યારે ઉતારી રાખવું અને પછી તેને કપડે ચાળી લેવું એ ચાળેલી ભસ્મને કુંવારના રસમાં ઘુંટી તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગજપુટ. અગ્નિ આપવો આ પ્રમાણે ઘુંટી ઘુંટી સાતેક ગજપુટ આપ. આપવાથી ઉતમ પીળા રંગની માખણ જેવી ભસ્મ થાય છે.

પ્રમાણ—૩ થી ૬ ગ્રેન.

અનુપાન—માખણ સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પ્રમેહ, ધાતુક્ષીણતા, પ્રદર, નબળાઇ. વગેરે માટે ઉતમ બનાવટ છે.

---

૪૬૧ નાગભસ્મ.

બનાવટ—શુદ્ધ શીશું લાવી તેને કડાઇમાં નાંખી ચુલે ચડાવી ગરમ કરી તેમાં આકડાનાં ફુલ નાંખતા જવું અને લોઢાના તવેથાથી હલાવતા જવું. આ પ્રમાણે ચાર છ કલાક અગ્નિ પર હલાવવાથી ભસ્મ થઇ જાય ત્યારે ઉતારી ઠંડુ થયા બાદ કપડે ચાળી લેવું અને જો ભસ્મ ૪૮ તોલા હોય તો તેમાં શુદ્ધ મનશીલ તો. ૪ નાંખી અરડુસીના પાનના રસમાં ઘુંટી ટીકડી કરી સુકાવી હલકો (હલકો ગજપુટ) અગ્નિ આપવો. આવા દશથી બાર ગજપુટ આપવાથી પીળા રંગની ઉતમ ભસ્મ બને છે.

પ્રમાણ—૨થી ૪ ગ્રેન.

અનુપાન—માખણ સાથે.

સમય—સવાર સાજ બે વખત.

ઉપયોગ—પ્રમેહ, પ્રદર, દમ, શ્વાસ, ખાંસી, વીર્યસ્રાવ, નબળાઇ વગેરે માટે ઉતમ છે. ધાતુ માટે ઉતમ છે.

સુચના—નાગ ભસ્મ બરાબર બનાવવી અને પથ્થ રાખી સેવન કરવું કે જેથી કંઇ વિકાર ન થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૬૨ ગૌદંતીભસ્મ.

બનાવટ—ગૌદંતી હરતાલ કે જે સફેદ રંગની અને કામ જેવી મળે છે તે લાવી તેને ગૌમુત્રમાં નાંખી એક બે કલાક ચુલે ચડાવી શુધ્ધ થવા માટે ઉકાળી લઇ તેને પાણીથી ધોઇ સાફ કરી લેવ પછી તેને એક માટીના વાસણમા કુંવારનાં રસ વચ્ચે મુકી સંપુટ બંધકરી દશકેા ગજપ્રટ આપી દેવેા. તેથી તેમાં સફેદ રંગની સારી ભસ્મ બની જશે, તેને કાઢી કપડે ચાળી બાટલી ભરી લેવી.

પ્રમાણુ—૩ થી ૧૨ રતી ભાર.

અનુપાન—પાણી અથવા મધ કે ઘી સાથે.

સમય—સવાર સાજ અથવા રેાગાનુસાર.

ઉપયેાગ—બાળકેાનીકૃશતા, નબળાઇ, માથાનેા દુખાવેા અને જીર્ણજ્વર, તથા સ્ત્રીઓને થતેા રકતશ્રાવ, રકતપ્રદર, ખાંસી વગેરે મટાડે છે. મલેરીઆ તાવ માટે ઉતમ ગણાય છે.

---

૪૬૩ મુક્તાપિષ્ટિ.

બનાવટ—મેાતીનેા ભુકેા અથવા આખા મેાતી (ખાખેા) લાવી તેને ગરમ પાણીથી ધેાઇ સુકવી કપડે સાફ કરી પછી તેને જરા ખાંડી ભુકા જેવું કરી લેવું પછી તેને એક ચીનીની પ્યાલીમાં મુકી તે બરાબર બુડતેા રહે તેટલેા તેમાં લીંબુનેા રસ નાંખવેા. બીજે દિવસે તે પ્રમાણે રસ નાંખવેા. આ પ્રમાણે ત્રણ દિવસ રસ નાંખી પછી જરા સુકાયા જેવું જણાય ત્યારે તેને ખરલમાં નાંખી બરાબર ઘુંટવું અને ઘુંટતાં ઘુંટતાં જ્યારે સુકાય ત્યારે તેમાં ગુલાબ જળ નાંખી ઘુંટવું. આ પ્રમાણે ગુલાબજળમાં સાત દિવસ ઘુંટી સુકવી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણુ—૧થી ૨ રતીભાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપાન—માખણ, મલાઇ કે મધ સાથે સવાર સાંજ બે વખત.

ઉપયોગ—મગજની નબળાઇ, ખોટી ગરમી, માથાનો દુખાવો. ક્ષય, જીર્ણજ્વર, હૃદયરોગ, ખાંસી અને નબળાઇ મટાડી શક્તિ આપે છે.

સુચના—આ પિષ્ટિને બદલે ભસ્મ કરવી હોય તો પિષ્ટિ કર્યા બાદ તેને સ્ત્રીના દુધમાં ઘુંટી એક નાનો ગજપુટ આપવાથી ઉતમ ભસ્મ બને છે.

---

૪૬૪ પ્રવા પિષ્ટિ.

બનાવટ—પ્રવાલ લાવી તેને શુધ્ધ કરી ગરમ પાણીથી ધોઇ સાફ કરી સુકવી લેવું. અને તેને લોહની ખરલમાં ખાંડી બારીક ચુર્ણ કરી કપડછાણ કરી લેવું આ ચુર્ણ ખરલમાં નાંખી તેમાં ગુલાબ જળ નાંખી દરરોજ દિવસે ઘુંટી રાત્રે ચંદ્રમાનો પ્રકાશ હોયત્યાં અગાસીમાં રાખીમુકવું આ પ્રમાણે પંદર દિવસ ઘુંટી સુકાયી પછી તેને કપડે ચાળી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૩ થી ૬રતી ભાર.

અનુપાન—માખણ, મધ કે દુધ સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—નબળાઇ, ખાંસી, રકતપિત, મગજની ગરમી, છાતીનો દુખાવો, જીર્ણજવર, હાથપગનો દાહ, પડતું લોહી તથા પિત વિકાર થી થતા દરદો મટાડી શક્તિ આપે છે. સ્વભાવમાં આ દવા ઠંડી અને પૌષ્ટિક છે.

---

૪૬૫ પ્રવાલભસ્મ.

શોધન—પ્રવાલની ડાંખળી લાવી ગરમ પાણીથી તેને ધોઇ સાફ કરી તેની પોટલી બાંધી દોલાયંત્રમાં ગૌમુત્ર, લીંબુનો રસ અને સિંધાલુણ નાંખી તેમાં ત્રણ કલાક સુધી બાફી લેતાં શુધ્ધ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારણ—શુદ્ધ કરેલ પ્રવાલને એક માટીના હાંડલામાં કુંવારના લફરાં ભરી તેના ઉપર મુકી તે ઉપર કુંવારના લફરાં રાખી ઢાંકી કપડમાટી કરી ગજપુટ આપવો. આ પ્રમાણે ત્રણ ગજપુટ આપવાથી શ્વેત રંગની મુલાયમ જેવી પ્રવાલભસ્મ થસે તેને ખરલમાં વાટી ઘુંટી કપડછાણ કરી શીશી ભરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ રતી ભાર.

અનુપાન—માખણ કે મધ સાથે ચાટી ઉપર દુધ પીવું.

સમય—સવાર બપોર અને સાંજ.

ઉપયોગ—ખાંસી, ખોરીગરેમી હાથ પગનો દાહ, નબળાઇ, કરી, માથાનો દુખાવો, હાડકાંનો નબળાંઇ, ક્ષય, જીર્ણજ્વર, રકતસ્રાવ વગેરે પિત અને કફના વ્યાધિમાં સારો ફાયદો આપે છે.

---

૪૬૬ શંખભસ્મ.

શોધન—શંખ લાવી તેના ટુકડા કરી અગ્નિ વચ્ચે મુકી ખુબ તપાવી તેને લીંબુના રસમાં ઠારવા આ પ્રમાણે બે ત્રણ વખત કરવાથી નરમ ભુકો થઇ જશે.

મારણ—આ શુદ્ધ કરેલ શંખના ભુકાને ખરલમાં નાંખી લીંબુના રસમાં અથવા કુંવારના રસમાં ઘુંટીને ટીકડી બનાવી સુકાવી સંપુટમાં ભરી ગજપુટનો એક અગ્નિ આપવાથી પુલીને શ્વેતરંગની ભસ્મ થઇ જશે. તે વાટી કપડે ચાળી શીશી ભરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ રતી ભાર.

અનુપાન—મધ અથવા પાણી સાથે

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પેટનો વાયુ, ચૂંક, ગોળો, ઝાડા, અજીર્ણ, આફરો ગુલ્મ, ખાંસી, કફ વગેરે મટે છે. અને પેટના જુના નવા દરદો ને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૬૭ છીપ (શુક્તિ) ભસ્મ

શોધન—કોડી પ્રમાણે શોધન કરવું. (જુઓ નીચે પ્રમાણે)

મારણ—લીંબુના રસમાં અથવા કુંવારના રસમાં તેને મુકી બે ગજપુટ આપવાથી શ્વેતરંગની ઉતમ છીપ ભસ્મ થાય છે. પછી તેને વાટી કપડે ચાળી બાટલી ભરી રાખવી,

પ્રમાણ—રથી ૪ રતીભાર.

અનુપાન—માખણ કે મધ સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પેટનો વાયુ, ગોળો, મગજની નબળાઇ, જીર્ણજ્વર ઉલટી, ખાંસી, તાવ. ગુલ્મ વાયુ વગેરે મટાડી શક્તિ આપે છે અને મગજને પુષ્ટિ આપે છે.

---

૪૬૮ કોડીભસ્મ.

શોધન—પીળા રંગની ખુબ વજનદાર કોડીઓ લાવી તેને ગરમ પાણીથી ધોઇ સાફ કરી ચુલામાં મુકી તપાવી તપાવી તેને લીંબુના રસમાં ઠરાવી જેથી તે શુધ્ધ થઇ જાય છે. અને ભુકકા પણ થઈ જાય છે.

મારણ—તૈયાર થએલા ભુકાને ખરલમાં નાંખી તેને કુંવારના રસમાં ઘુંટી ટીકડી બનાવી સુકવી સુંપુટમાં મુકી તેને ગજપુટનો અગ્નિ આપવો. તેવીજ રીતે ફરી લીંબુના રસમાં ઘુંટી બીજો અગ્નિ આપવો. પછી વાટી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—રથી ૪ રતીભાર.

અનુપાન—નાગર વેલના પાન સાથે કે મધ અથવા પાણી સાથે.

સમય—સવાર, બપોર અને સાંજ ત્રણ વખત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—આફરો, સારણ ગાંઠ, ગોળો, ચુંક, ગુલ્મરોગ, વાયુ, પેટનો જીણો દુખાવો અને મંદાગ્નિ, જીર્ણજ્વર તથા નબળાઇ મટાડી ખોરાક પચાવે છે.

---

૪૬૯ સાબર શૃંગભસ્મ.

શોધન—સાબર શૃંગ લાવી તેના ચાર ચાર ઇંચના આંગળી જેવા ટુકડા કરી ફોડી તેને ૨૪ કલાક અર્ક દુધમાં ભીંજવી પછી સગડીમાં મુકી બાળવા આ બાળવાની ક્રિયા ખુલ્લી જગામાં કરવી કારણ કે તેમાં ખરાબ ગંધ નીકળે છે માટે ખુલાશાવાળી જગામાં બાળી કાળા કોયલા જેવા થયા પછી જરા સફેદ જેવા જણાય અને ધુમાડો બંધપડે ત્યારે કાઢીલઇ ઠંડા થાય ત્યારે વાટી નાંખવા.

માત્રા— તૈયાર થયેલા ભૂકાને આકડા ના દુધમાં વાટી બે બે રૂપીયા ભારની ટીકડી કરી સુકવી તેને માટીનાં હાંડલામાં ભરી ઉપર ઢાંકણી મુકી (ને ઢાંકણીમાં વચ્ચે આંગળી જાય તેવું છીદ્ર કરી લેવું) ગજપુટમાં રાખી અગ્નિ આપવું ઠંડુ થએ કાઢો જોતાં શ્વેતરંગની ઉત્તમ ભસ્મ થસે તેને વાટી કપડે ચાળી બાટલીમાં ભરી રાખવું. રંગ બરાબર સફેદ ન હોયતો બીજો પુટ આપી દેવો

પ્રમાણ—૨ થી ૪ રતી ભાર.

અનુપાન—ઘી કે મધ સાથે ચાટવું.

સમય—દર ચાર ચાર કલાકે.

ઉપયોગ—પાર્શ્વશુળ, ખાંસી, ન્યુમોનીઆ, ઇન્ફ્લ્યુએંઝા, શરદી શ્લેષ્મ, શ્વાસ લેવાની મુશ્કેલી વગેરે દરદો માટે ઉત્તમ ગણાય છે.

---

૪૭૦ અભ્રકભસ્મ.

શોધન—સારા કાળા રંગનો ચમકતો પથર જેવો ભારી વજનનો અભ્રક લાવી તેને મુસમાં રાખી ખુબ તપાવવો જેથી તે લાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ જશે તેને ગાયના દુધમાં ઠારવો ફરી પાછું ગરમ કરી તેવી રીતે સાત વખત ઠારવાથી જીણો ભુક્કો થઇ છુટો પડી જશે તેને ખાટી છાશમાં કે ગૌમુત્રમાં ૪૮ કલાક પલાળી રાખી પછી તેની સાથે બારેકના ઠળીઆ કે બોરના ઠળીઆ નાખી એક ધાબળીના કપડામાં નાંખી ખુબ ચોળવાથી તેનો જીણો ભુક્કો વાસણમાં ભેગો થશે. એ ભેગો થએલ ભુક્કો ઉપરથી પાણી કાઢી નાંખતાં ચોખ્ખો અભ્રક અથવા શુધ્ધ ધાન્યાભ્રક થયો ગણાય.

મારણ-ધાન્યાભ્રકને નીચે બતાવેલ ઔષધમાં દરેક દવા સાથે જુદા જુદા દશ દશ ગજપુટ આપવાથી ઉતમ ભસ્મ થાય છે.

ગૌમુત્ર, કુંવાર, આકડાનું દુધ. અરડુસી ભોરીંગણી, ડુંગળી આદુનો રસ, થોરનું દુધ, મજીઠ, અગથીઓ.

વિધી—ધાન્યાભ્રકમા દવાનો રસ કે કવાથ નાંખી બરાબર એક દીવસ ઘુંટી ટીકડી બનાવી સુકવી સંપુટમાં રાખી કપડમાટી કર્યા શિવાય ગજપુટમાં મુકી ભઠી આપી દેવી, ઠંડુ થયે કાઢી ફરી તે પ્રમાણે કરવું આવી રીતે ૬૦૦ ગજપુટ આપવા અને તે નિશ્ચંદ્ર થઇ જાય પછી ઘુંટી ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ ગ્રેન સુધી.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ સાથે.

ઉપયોગ—તબળાઇ, ક્ષીણતા, ધાતુક્ષય, બાંસી, ક્ષય, કફ, દમ, પાંડુ વગેરે મટે છે.

---

૪૭૧ લોહભસ્મ.

શોધન—લોહું ગજવેલ કપોલાદ એ જુદા જુદા પ્રકારના લોહમાંથી ઉતમ લોહું લાવી તેનો ભુક્કો કરી તેને મુસમાં મુકી તપાવી ખુબ લાલથાય ત્યારે તેને ગૌમુત્રમાં, છાસમાં, કુલથીના કવાથમાં, તેલમાં, બનેત્રીફળાનાકવાથમાં જુદીજુદી ચીજનાઉકાળામાં પાંચપાંચ વખતતપાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપાવીને ઠારવાથી જીણો ભુક્કો થઇ જશે આ તૈયાર થએલ ભુક્કાને કેળના ઝાડનું રસ કાઢી તેમાં એ દીવસ પલાળી રાખી મુકવું.

માત્રા-કેળનારસના પ્રથમ ૩પુટ તથા ગૌમુત્રના ૧૦પુટ કુંવારના રસના ૭પુટ તથા ત્રિફળાના કવાથના ૫ પુટ, એવી રીતે જુદા જુદા રપગજપુટ આપવા દરેકવીજમાં એકએક દીવસ ઘુંટી એકેકપુટ આપવો. છેવટે ઘેરા રંગની ભસ્મ તૈયાર થાય ત્યારે તેને ૫ ગજપુટ જાંબુના રસના આપવા. અથવા એક ગજ પુટ હીંગળાનો આપી તૈયાર કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી. બાટલા પુટ બરાબર આપવાથી નરમ ખુલતી અને સારા રંગવાળી ભસ્મ તૈયાર થઈ જશે.

પ્રમાણ—૨થી ૪ રતીભાર.

અનુપાન—મધ સાથે ચાટી ઉપર દુધ પીવું.

સમય—સવારે અથવા રાત્રે અથવા બે વખત.

ઉપયોગ—લોહીની ફીકાશ, પાંડુ, નબળાઇ, હરસ, રક્તવિકાર, મગજની નબળાઇ, વીર્યદોષ, ક્ષીણતા વગેરે મટી શકિત આપે છે.

---

૪૭૨ તામ્રભસ્મ

બનાવટ—શુધ્ધ કરેલા તામ્રના પતરાંલઇ તેનેબમણા વજનના શુધ્ધ હિંગુલમાં નાખી ડમરૂ યંત્રમાં રાખી ચૂલે ચડાવી પારોકાઢવાની વિધીથી પારો કાઢી લેવો અને નીચે તળીઆમાં રહેલા ભૂક્કાને ફરી એવીજ રીતે બમણા શુધ્ધ હિંગુલમાં ડમરૂ યંત્રમાં રાખી ફરીને બીજીવાર પારોકાઢી લેવો. આ પ્રમાણે બે વખતમાં ૪૦ તો. હિંગુલ સાથે ડમરૂ યંત્રમાં ચડાવવાથી શુધ્ધ પારો બરાબર મળી આવશે અને તળીઆમાં દશતોલા તામ્રભસ્મ મળી આવશે. આભસ્મને ઝીલનાં (નીલકંઠ, લોકો જેનાં દાતણ કરેછે તેનાં) પાંદડાનો રસકાઢી તેમાં મદન કરી ગજપુટ આપવો, એવા વીશ ગજપુટ આપવાથી ઉતમ પ્રકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરૂત્પ તામ્રભસ્મ તૈયાર થઇ જશે. આભસ્મ સર્વ રોગમાં નિર્ભય પણે વાપરી શકાય તેની વાંતિ ભ્રાંતિરહીત બનશે.

પ્રમાણ—૧ ધી ૩ રતીભાર.

સમય—સવાર **સાંજ** બે વખત. **મધકે** માખણ સાથે.

ઉપયોગ—પેટનું શૂળ. ઉદરરોગ અને શ્વાસ રોગમાટે ઉતમછે. તેમજ અનેક પ્રકારનાં યોગ બનોવવામાં આભસ્મ સારૂંકામ આપેછે.

સૂચના—તામ્રભસ્મ એ જરા ઉગ્રઔષધ છે માટે એનું સેવન કરનારે યોગ્ય પથ્ય પાળવું જોઇએ.

---

૪૭૩ સુવર્ણ માક્ષિક ભસ્મ.

બનાવટ—સુવર્ણ માક્ષિક લાવી તેને ગરમ પાણીથી ધોઇ સુકવી સાફ કરી તેનો ભુકો કરી ચુલા પર એક તવો ચડાવી તેમાં નાંખી ધીમે તાપે (આંગણામાં) ગરમ કરવું અને તવેથાથી હલાવતા જવું. આ પ્રમાણે કરતાં તેમાંથી ભડકા નીકળી ગંધકનો ભાગ છે તે બળી જશે. અને રાતા રંગની ભસ્મ થએલી જણાશે ત્યારે તેમાં થોડું ઘી નાંખી ધુંટતા જવુ અને ધીમે તાપે તે બાળી નાંખી લેવું. પછી તેમાંત્રીફળાનોઅનેકુલથીનો કવાથઅનેલીંબુનોરસથોડો થોડોનાંખી બરાબર લાલરંગ થાય ત્યાં સુધી હલાવ્યા કરવું. પછી ઉતારી લઇ ઠંડુ થાય ત્યારે તેમાં એરંડીયું તેલ નાંખી ઘુંટી એક સરાવમાં મુકી સંપુટ કરી નાનો (પચાશ છાણાનો) હલકો પુટ આપી દેવો, આ પ્રમાણે એના બે ત્રણ પુટ આપી દેવાથી ઉતમ પ્રકારની શુધ્ધ ભસ્મ બનશે.

પ્રમાણ—૩ થી ૬ રતીભાર.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—નબળાઇ, પાંડુરોગ, સ્ત્રીઓનાં નબળાઇ, ઋતુદોષ, ફીકાસ, લોહીવિકાર, અને પ્રદર વગેરે મટી શકિત આપે છે. ભુખ લગાડી પાચન શકિત સુધારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭૪ મુસ્તાદ્રિ ક્વાથ.

બનાવટ—દશ મુલ તો. ૧૦ સુંઠ, નાગરમોથ, મોચરસ, અતિવિષ, બીલીનું ગરભ, ધાંણ્યવ, એ દરેક અકેક તોલા લઇ સાથે મેળવી જાડો ક્વાથ જેવો ભુકો કરી લેવો.

વિધી—૨ા તોલા ભુકામાંર૦તોલા પાણીનાંખી ઉકાળો કરવો જ્યારે ૫ તોલા પાણી રહે ત્યારે ઉતારી ગાળી તેના બે ભાગ કરવા અને તેને સવારે સાંજે પીજવું.

ઉપયોગ—અતિસાર, સંગ્રહણી, ગુળ અને જ્વરાતિસાર માટે ઉતમ છે.

---

૪૭૫ શોધન ક્વાથ.

બનાવટ—રક્તચંદન તો. ૧ ધાવડીનાં ફુલ તો. ૧
નાની એલચી તો. ૧ જેઠીમધ તો. ૧
માયાફલ તો. ૧ એરન્ડે સુકા તો. ૧

વિધી—ઉપરની ચીજોને એક તપેલામાં નાંખી તેમાં પાણી તો. ૨૦૦ નાંખી ઉકાળો કરવો. જ્યારે અરધું પાણી બાકી રહે ત્યારે ઉતાળી ગાળી લેવું.

ઉપયોગ—પ્રમેહ, સુજાક વગેરેમાં પીચકારી મારવા માટે વાપરવું ફાયદા કારક છે.

---

૪૭૬ પ્રદર વિનાશક ડુશ.

બનાવટ—દાડમછાલ, બાવળનીછાલ, માયાફલ, ફુલાવેલ ફટકડી, હીમેજ, કાથો, સમભાગે લઇ ચૂર્ણકરી તેમાંથી ૧ તોલો લઈ તેમા પાણી તો. ૮૦ નાંખી ઉકાળો કરી અરધું રહે ઉતારી ગાળી લેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—એ ક્વાથને અસ્તા યંત્ર (એનીમા) માં ભરી તેવડે સ્ત્રીઓની યોનીમાં પીચકારી દેવી. યાને તેથી યોનીને દરરોજ ધોવી. આપ્રમાણે થોડોજ વખત ધોવાથી પ્રદરરોગ, (પાણી પડવાનો) રોગ તરત મટી આરામ થાયછે અને યોની મજબુત થાય છે.

---

૪૭૭ દુગ્ધશોધક ક્વાથ.

બનાવટ—અનંતમુલ, કાળીપાટ, દેવદાર, કરીઆતું, મોરવેલ કહુ, ગળો, સુંઠ, મોથ, ઇંદ્રયવ, સમભાગે લઇ જાડો ભુકો કરી લેવો.

વિધી—૨ તોલા ભુકો લઇ તેમાં પાણી તો. ૪૦માં નાંખી ઉકાળો કરવો જ્યારે ૫ તોલા પાણી રહે ત્યારે ઉતારી ગાળી ઠંડુ થયે પી જવું.

ઉપયોગ—વાતણ શુધ્ધ કરવા, બાળકોને થતા અશુધ્ધ ધાવણથી અનેક રોગ આ ક્વાથ બાળકની માતાને આપવાથી ચોકસ મટી આરામ કરી આપે છે.

---

૪૭૮ ચંદ્રહાસઅર્ક

બનાવટ—અજમોદ, ખુરાસાની અજમો, લાંગ, ધતુરા નાંખીજ કપુર, ખસખસના ડોડવા, જાયફલ એ દરેકચીજ ચારચાર તોલા લઇ તેનું જાડું ચૂર્ણકરી તેને એક વાસણમાં નાંખી તેમાં ગાયનું દૂધ તોલા ૪૦૦ નાંખી પલાળી રાખવું. સવારે તેને નલીકા યંત્રમાં ચડાવી અને તેનું અર્ક કાઢી લેવું.

પ્રમાણ—૧ થી ૨ તોલા.

સમય—રાત્રે અથવા જરૂર જણાય ત્યારે.

અનુપાન—દવા પી ઉપર પાનખાવું

ઉપયોગ—ઉતેજક અને પાચક તથા નિદ્રાલાવનાર અને પીડા શામક તરીકે વપરાય તેમછે. એના સેવનથી શ્વાસ, ખાંસી, મંદાગ્નિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગ્રહણી, મધુપ્રમેહ અને કોલેરાને માટે સારો ફાયદો આપેછે. ઉલ્ટી લાવી આરામ આપેછે.

---

૪૭૯ રક્ત શુદ્ધિ શરબત.

બનાવટ—ઉન્નાબ શેર ૦॥, અનંતમુલ શેર ૦॥, ચોપચીની શેર ૦॥, મીઠો મુરંજન તો. ૨, સફેદમુશળી તો. ૨, કાલીમુશળી તો. ૨, કુર્લીજન તો. ૨, ચંદનસફેદ તો. ૨, મિઝરીન તો. ૨, ચંદન લાલ તો, ૨,જેઠીમધ તો. ૨, ગ્વાયાકમ તો. ૨, તેજબલ તો. ૨, ગુલેબનફસા તો. ૨, ગોખરૂ તો. ૨, નાગકેશર તો. ૨, ઇલાયચી તો. ૨, મોટીએલચી તો. ૨, ગોરખમુંડી તો. ૨, બહમનસફેદ તો. ૨, બહમનલાલ તો. ૨, હરડેકાળી તો. ૨, કમળનાં ફુલ તો. ૪, લવંગ તો. ૨, જાવંત્રી તો ૨, દ્રાક્ષ તો. ૪. વાવડીંગ તો. ૪ અજમોદ તો. ૨, અજમો તો. ૨ ખડસલીઓ તો. ૪, સરપુંખો તો. ૪ શુંઠ તો. ૨, મજીઠ તો, ૧૦ ઉશબો ઈરાની તો. ૧૦. ગુલાબ ફુલ તો. ૧૦, મીંઢી આવળ તો. ૧૦ ત્રિફલા તો. ૧૦ નાગરમોથ તો. ૩ લીંબડાનાં ફુલ તો. ૧૦, અબનુસબુરા તો. ૫

વિધી—દરેક ચીજ જાડી ખાંડી ક્વાથ કરી લેવો. દવાના વજનથી આઠ ગણું પાણી લેવું અને જ્યારે ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ઠંડુ થયે ગાળી લેવું. પછી તેમાં સાકર નાંખીને શરબત કરી લેવું.

પ્રમાણ—૧ થી ૨ તોલા.

અનુપાન—પાણી.

સમય—સવાર સાંજ.

ઉપયોગ—રક્તવિકારનાં તમામ દરદો મટાડી લોહી શુધ્ધ કરે છે તથા શરીરમાં શક્તિ લાવી નબળાઇ મટાડે છે. અત્યંત ઉતમ અને અનુભવી પ્રયોગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૮૦ દ્રદ્રુનાશકલેપ

બનાવટ—શુધ્ધગંધક, માયાફલ, કાથેા, ટંકણખારફુલાવેલ, ફટકડી સમભાગે લઇ લીંબુના રસમાં વાટી ગેાળી કરી રાખવી.

ઉપયેાગ—જરૂર પડે ત્યારે પાણીમાં ઘસીને દાદર ઉપર લગાડવાથી ત્રણ દીવસમાં દાદર મટી ચામડી સાફ થાયછે. અને પીડાયતી નથી.

---

૪૮૧ વ્રણનાશકમલમ.

બનાવટ—કપુર તેા. ૨ ઓદારસીંગ તેા. ૧૪
સફેદેા તેા. ૧૪ સફેદરાલ તેા. ૭
સિંદુર તેા. ૬ મીણસફેદદેશી તેા ૧૮
લીંબણાનો લીંબોળીનું તેલ તેા. ૪૦
કારબેાલીક એસીડ તેા. ૨

વિધી—પ્રથમ એક લેાઢાની કડાઇમાં તેલને ગરમ કરી તેમાં મીણ મેળવીદેવું પરાપર મીણ જ્યારે અંદર ભળીજાય ત્યારે નીચે ઉતારી ઉપરની દવાઓનું બારીક કપડછાણ કરેલું ચૂર્ણ થેાડું થેાડું મેળવતા જવું અને લાકડાના તવેથા વડે બરાબર હલાવતા જવું અને જ્યારે તે બરાબર મળી જાય ત્યારે તેમાં કુકડાના ચાર ઈંડાનેા રસનાખી બરાબર મેળવી ડબ્બામાંભરી રાખવું.

ઉપયેાગ—વ્રણને રૂઝાવવા માંસભરવા તથા સાફકરવા માટે આમલમ અત્યંત ઉપયેાગી છે. જખમ સાફકરવા માટે પ્રથમ લીંબડા ના પાનનેા કવાથ કરી તેવડે ધેાઇલેવું પછી આમલમની પટી લગાડી દેવી. નાડીવ્રણમાં આમલમની વાટભરવાથી સારેા ફાયદેા આપેછે ગાંઠ વ્રણ અને ફેાડા માટે તથા પ્લેગની ગાંઠ માટેપણ ઉપયેાગી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૮૨ દાદરનોમલમ.(૧)

બનાવટ—ફૂલાવેલ ટંકણખાર તો. ૧ ગંધક તો. ૧ રાલ તો. ૧ નવસાગર તો. ૦॥ ઓદાર તો. ૦॥ કપુર તો. ૦ એ સર્વને સાથે વાટી મેળવી તેમાં લીંબુનો રસ નાંખી ઘુંટી દાદર પર લગાડવાથી દાદર મટી ચામડી સાફ થાય છે. નવી અથવા જુની દરેક પ્રકારની દાદર મટે છે.

---

૪૮૩ દાદરનોમલમ.(૨)

બનાવટ—ગંધક તો. ૪ ઓઆપાઉડર તો. ૪
કારબોલીક એસીડ તો.૧ ટંકણખાર ફૂલાવેલ તો. ૩
કપુર તો. ૨ એસીડ સાલીસીલસ તો. ૩
વેસેલાઇન તો. ૪૦

વિધી—પ્રથમ એક વાસણમાં વેસેલાઇન ગરમ કરી તેમાં પ્રવાહી કારબોલીક એસીડનાંખી નીચે ઉતારી લેવું, પછી તેમાં બાકીની ચીજો એક એક ચુર્ણ રૂપમાં હોય તે હળવે હળવે મેળવી આપવી. અને મલમ જેવું જરા જાડું થાય કે તરત બાટલીઓમાં ભરી રાખવું

ઉપયોગ—ગમે તેવી દાદરને માટે આ મલમ લગાડવાથી સાફ કરી મટાડી આપે છે. અને ચામડી સાફ કરે છે. પેટંટ તરીકે વેચવા લાયક છે.

સુચનાં—દવા વાળા હાથ સાબુથી બરાબર ધોઇ લેવા જોઇએ કેમકે આ મલમ ઝેરી છે.

---

૪૮૪ ભૃંગરાજ આસવ.

બનાવટ—ભાંગરાનો રસ ૧૦૦૦ તોલા- ગોળ તોલા ૫૦૦ હરડે છાલનું ચુર્ણ તો. ૩૨ તેને એક વાસણમાં નાંખી ખમીર આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંસુધી રાખી દેવું પછી તેને ગાળી તેમાં પીપર તો. ૧ જાયફલતો. ૧, લવંગ ૧ તો. તજ ૧ તો. એલચી ૧ તો. તમાલપત્ર ૧ તો. નાગકેશર ૧ તો. ચુર્ણકરી નાખી બંધકરી એકમાસ બરણીમાં ભરીરાખી તૈયાર થતાં ગાળીને વાપરવું

પ્રમાણ—૧। થી ૨। તોલા.

અનુપાન—પાણી.

સમય—સવાર સાંજ બે વખત

ઉપયોગ—ધાતુક્ષય, ખાંસી, નબળાઇ, નપુંસકતા, અનેવંધ્યત્વ માટે આદવા વપરાય છે.

---

૪૮૫ ચ્યવિકાસવ.

બનાવટ—ચવક તો. ૨૦૦ ચિત્રકમુલ તો. ૧૦૦ તાંદલજાની ભાજી તો. ૨।। પુષ્કરમુલ તો. ૨।, વજ તો. ૨।, હપુષા તો. ૨।, કચુરો તો. ૨।, પટોલ મુલ તો. ૨।, ત્રિફલા તો. ૭।, અજમોદ તો. ૨।, કડાછાલ તો. ૨।, લાંગુલી તો. ૨।, ધાણા તો. ૨।, રાસ્નો તો. ૨।, દંતીમુલ તો. ૨।. વાવડીંગ, નાગરમોથ, મજીઠ દેવદાર, શુંઠ, મરી, પીપર, એ ચીજ દરેક ત્રણ ત્રણ તોલા, પાણી તો. ૪૦૦ માં ઉકાળોકરી જ્યારે ૧૦૦૦ તોલા પાણી રહે ઉતારી લેવું અને તેને ગાળ્યા શિવાય એમજ ગોળ તોલા, ૪૦૦ નાંખવો. ધાવડી ફુલ તો. ૮૦ નાંખવા, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, એ દરેક આઠ આઠ તોલા, લવંગ, શુંઠ, મરી, પીપર, ચણકબાબ એ દરેક એક એક તોલો, લાવી કુટી તેમાંનાંખી એકમાસ બરણીમાં ભરી રાખવું અને પછી ગાળી બાટલી ભરી રાખવા.

પ્રમાણ—૧। થી ૨। તોલા.

અનુપાન—પાણી સાથે.

સમય—સવાર બપોર અને સાંજ ત્રણવખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—ગુલ્મ, ક્ષય, પ્રમેહ, શ્લેષ્મ ખાંસી, ગાંઠ, વાત-રક્ત, ઉદરરોગ, અંત્રવધ્ધિ, વાયુ વગેરે મટાડે છે.

---

૪૮૬ ત્રિફલારિષ્ટ.

હરડેછાલ, બહેડાંછાલ, આમળાનીછાલ, પાપર, ચિત્રક, જીરું, લોહભસ્મ, વાવડીંગ, એ દરેક સોળ સોળ તોલા, પાણી તોલા ૨૦૦૦ માં નાખી ઉકાળો કરવો. અને તેમાંથી જ્યારે પાણી તોલા ૫૦૦ બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં ગોળ તો.૨૦૦ તથા મધ તોલા ૩૨ નાંખી બરાબર મેળવી લેવું અને તેમાં લોહભસ્મ નાંખી હલાવી બરણીમાં પેકકરી રાખી આસવ તૈયાર કરવો. તયાર થતાં ગાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧૫ થી ૨૫ તોલા

સમય—સવાર સાંજ બે પખત જમ્યા પછી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—હૃદયરોગ, પાંડુરોગ, બરલ, સોજો, પ્રમેહ, અરૂચી ગુલ્મ, અર્શ, ભગંદર, ખાંસી, શ્વાસ, સગ્રહણી વગેરે દરદોને મટાડે છે

સુચના—આ આસવમાં લોહભસ્મ છે. અને તે પ્રથમ ઉકાળા સાથે લખાયેલી છે પણ તેને ઉકાળો કરી ગાળી લીધા બાદ નાંખવી જોઇએ ઉકાળામાં પ્રથમ નાંખવી નહિ.

---

૪૮૭ વિડંગાસવ.

બનાવટ—વાવડીંગ. પીપરીમુલ, કાળીપાટ, આમળા ધહુંલા, કડાછાલ, ઇંદ્રયવ, રાસ્ના, ભારંગી, એ દરેક ચીજ ૨૦ વીશ તોલા લેવી. તેને પાણી તોલા ૪૦૦૦માં નાંખી ઉકાળો કરવો. જ્યારે હજાર તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધી—મધ તોલા ૪૦૦ ધાવડીનાં ફુલ તોલા ૮૦ શુંઠ, મરી અને પીપર એ ત્રણે સાથે તો. ૩૨ તજ, તમાલપત્ર અને એલચી એ ત્રણે સાથે મળી તો. ૮ ઓદુંબર, દાડમીનાં મુળ, લોદ્ર એ ત્રણ ચીજો સાથે તો. ૧૨ લઇ એનું ચુર્ણ કરી તે ચુર્ણ તથા મધ ઉપરના કવાથમાં મેળવી આસવની રીતે એક વાસણમાં ભરી રાખી તૈયાર કરવું.

પ્રમાણ—૨ા થી ૨ા તોલાભાર.

અનુપાન—પાણી સાથે મેળવી લેવું.

સમય—સવાર, બપોર અને સાંજ.

ઉપયોગ—વાયુનો ગોળો, અષ્ટીલા અને પ્રત્યષ્ટિલા નામની ગાંઠ, ભગંદર, ઉરૂસ્થંભ વાયુ, પથરી, પ્રમેહ, કંઠમાળ, વિદ્રધિનીગાંઠ, આમવાયુ, ગળાનું ઝલાઇ જવું એ સર્વ રોગ માટે સારો ફાયદો આપે છે.

---

૪૮૮ દુરાલાભારિષ્ટ.

બનાવટ—ધમાસો ૧૨૮ તોલા, આમળા ૬૪ તોલા. જેઠીમધ તો. ૬૪, ચિત્રક તા. ૬૪, દંતીમુલ તો. ૬૪ હરડે નંગ ૧૦૦ ની છાલ, પાણી તોલા ૪૦૦૦ માં નાંખી કવાથ કરવો. જ્યારે ૧૦૦૦ તોલા પાણી રહે ત્યારે ઉતારી કપડે છાણી તેમાં ગોળ તોલા ૪૦૦ મધ તોલા ૨૫ નાંખી દેવું. તથા ધણકા, પીપર, વાવડીંગ એ દરેક સોળ સોળ તોલાનું ચુર્ણ નાંખવું. અને તેને આસવની વિધી પ્રમાણે તૈયારે કરી લેવો.

પ્રમાણ—૨ા થી ૨ા તોલા.

અનુપાન—પાણી સાથે.

સમય—સવાર, સાંજ બે વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—સંગ્રહણી, પાંડુરોગ, હરસ, કુષ્ટરોગ, રતવા, પ્રમેહ, રક્તપિત, કફ, સ્વરભંગ વગેરે મટાડી રક્ત શોધન કરે છે.

---

૪૮૯ દેવદારાદ્યરિષ્ટ.

બનાવટ—દેવદાર ૨૦૦ તોલા, અરડુસીનાં પાન તો. ૮૦ દંતીમુળ, ઈંદ્રયવ, મજીઠ, તગરગંઠોડા, હળદર, દારૂહળદર, રાસ્ના, મોથ સરસડો, વાવડીંગ, એરનુંસાકડું, અર્જુનછાલ, એદરેક ચાર ચાર તોલા ગળો, ચિત્રક, અજમોદ, ચંદન, કડુ, ઈંદ્રયવ, એ દરેક ચીજ ચાર ચાર તોલા એને લાવી કુટી તેનો પાણી તોલા ૪૦૦૦ માં ક્વાથ કરી જ્યારે એક હજાર તોલા પાણીરહે ત્યારે ઉતારી ગાળીલેવું અને તેમાં ધાવડી ફુલ તો. ૬૪ મધ તો. ૪૦૦ નાંખવું તથા તજ, તમાલપત્ર, એલચી, એ દરેક ચાર ચાર તોલા. શુંઠ, મરી પીપર, એ દરેક ત્રણ ત્રણ તોલા, નાગકેશર ૮ તોલા, ધહુંલા ૮ તોલાનુ ચૂર્ણ કરીનાંખી એક વાસણમાં ભરીરાખી આસવની રીતે તૈયાર કરવું.

પ્રમાણ—૧ા થી ૨ા તોલા.

અનુપાન—પાણીમાથે.

સમય—સવાર, બપોર અને સાંજ.

ઉપયોગ—પ્રમેહ, મુત્રકચ્છ, વાયુરોગ, સંગ્રહણી, હરસ વગેરે મટાડેછે અને બસ્તી સાફ કરેછે.

---

૪૯૦ લોધ્રાસવ.

બનાવટ—લોદર, કચુરો, પુષ્કરમુલ, એલચી, મોરવેલ. વાવડીંગ, હરડાં, બહેડા, આમળા, અજમોદ. ચવક, ધહુંલા, શોપારી, લાંગુલી, કરીઆતું, કડુ, ભારંગી, તગરગંઠોડા, ચિત્રક, પીપરીમુલ. કુષ્ટ, અતિવિષ, કાળીપાટ, ઈંદ્રયવ, નાગકેશર, વરેઆરી. નખલા, તમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લપત્ર, મરી, ચંદન, એ દરેક ચીજ એક એક તોલો લેવા. અને તેનું ચુર્ણ જાડું કવાથ જેવું કરી તેને ૨૦૦૦ તોલા પાણીમાં નાંખી ઉકાળો કરી લેવો પછી જ્યારે ૫૦૦ તોલા પાણી રહે ત્યારે ઉતારી ગાળી લઇ તેમાં ૨૦૦ તોલા મધ નાખી એક બરણીમાં ભરી રાખી આસવની રીતે તૈયાર કરી ગાળી રાખવું.

પ્રમાણ—૧। થી ૨।। તોલા.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી સાથે

ઉપયોગ—પાંડુ, અરૂચી, અર્શરોગ, સંગ્રહણી. કફ અને પિતનો પ્રમેહરોગ, કુષ્ટ રોગ. વગેરે માં સારો ફાયદો આપે છે,

---

૪૯૧ લવંગારિષ્ટ.

બનાવટ—લવંગ, પીપર, મરી ધહુંલા એ આઠ આઠ તોલા લઇ તેને પાણી તો. ૨૦૦ માં ઉકાળી જ્યારે અરધું પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવું. અને તેને ગાળી તેમાં લોહભસ્મ તોલા ૮ નાંખી ગોળ તો. ૪૦૦ નાખવો. તથા તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર એ દરેક બે બે તોલા નાંખી આસવની રીતે તૈયાર કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧। થી ૨।। તોલા

અનુપાન—પાણીસાથે.

સમય—સવાર સાંજ બેવખત જમ્યા પછી

ઉપયોગ—અરૂચી, પાંડુરોગ, સંગ્રહણી. હૃદયરોગ, બરલ, ગુલ્મ-રોગ, ઉદરરોગ, કુષ્ટ, સોજા, ક્ષય. કમળો. કૃમિ. ચિત્રી ગાંઠ, અર્બુદ-રોગ, બીલ મોઢાનાં, રાજયક્ષ્મા, જવર વગેરે મટેછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૯૨ મંડુરારિષ્ટ.

બનાવટ—શુધ્ધ મંડુર ૨૦૦ તોલા, શુધ્ધ લોહ ચુર્ણ ૨૦૦ તોલા, ગોળ તોલા ૬૦૦ બોર ખાંટાં તોલા ૧૯૪, દંતી મુલ, ચિત્રક-મુલ તો. આઠ આઠ લેવાં વાવડીંગ તો. ૧૬, પીપર તો. ૧૬ ત્રીફલા તો. ૧૯૪, એને પાણી તોલા ૪૦૦૦ માં નાંખી ઉકાળો કરવો જ્યારે બે હજાર તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી બરણીમાં એમજ ભરી રાખી બંધ કરી મુકી દેવું. અને આસવની રીતે એક માસ રાખી પછી ગાળી લઇ બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ા તોલા.

અનુપાન—પાણી સાથે.

સમય—જમ્યા પછી બે વખત.

ઉપયોગ—પાંડુરોગ, કૃમિ, અર્શરોગ. કુષ્ટરોગ, ખાંસી, શ્વાસ સોજા, મંદાગ્નિ અને કફના રોગને મટાડી શકિત આપે છે.

---

૪૯૩ મૃતસંજીવની સુરા.

બનાવટ—પાણી શેર ૬૫ માં ગોળ શેર ૫ નાંખી મેળવી દેવું તેમાં આદુ તો. ૮, આવળની છાલ તો. ૬૪ બોરડીની છાલ તો. ૬૪, શોપારી તો. ૩૪ લોંગ તો. ૧૬ મેળવી એક વાસણમાં ભરી બંધ કરી વીશ દીવશ રાખી મુકવું. ત્યાર બાદ તેને ખોલી ચુલે ચડાવી તેને ગરમ કરવું. અને તેમાં શોપારી બેળીબો, દેવદાર, લવંગ- પદ્મક વાળો, રકતચંદન, વરેબારી, અજમોદ, મરી, જીરું, કચુરો, જટામાસી, તજ, એલચી, જાયફલ, મોથ, શુંઠ, મેથી, મરડા-શીંગ, ચંદન, ગ્રન્થીપર્ણી એ દરેક ચીજ બે બે તોલા લઇ કુટી મેળવી આપવી. પછી તેને જોશ આપી નીચે ઉતારી ૨૪ કલાક રાખી બાદ તેને નલીકા યંત્રમાં ભરી તેનું અર્ક કાઢી લેવું અને તે તૈયાર થએલો અર્ક તે મૃતસંજીવની સુરા કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ—૨ થી ૪ તોલા,

અનુપાન—પાણી સાથે.

સમય—જરૂર જણાય ત્યારે.

ઉપયોગ—નબળાઇ, ક્ષીણતા, પ્રસુતી પછીની નબળાઇ, ત્રિદોષ કોલેરા, મંદાગ્નિ, નાડીનું મંદપણું વગેરેમાં કસ્તુરી સાથે આપવાથી બહુજ સારો ફાયદો આપે છે.

---

૪૯૪ તિવૃતારિષ્ટ.

બનાવટ—નસોતર તો, ૬૪, પાણી તો. ૧૨૦૦માં નાંખી ઉકાળો કરવો જ્યારે ૩૦૦ તોલા પાણી રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાં જેઠીમધ તો. ૧૦ તથા ગોળ ગોળ તો. ૨૦૦ નાંખી એક વાસણમાં ભરી રાખી આસવ તૈયાર કરી લેવો. એક માસ બાદ ગાળી કામમાં લેવું.

પ્રમાણ—૨ થી ૪ તોલા.

સમય—સવારનાં ખાલી પેટે પાણી સાથે લેવું,

ઉપયોગ—એના પીવાથી જુલાબ લાગી ઉંદરરોગ, સંગ્રહણી. ગુલ્મરોગ, સોજા, પાંડુ વગેરે મટી કોઠો સાફ થાય છે.

સૂચના—પ્રકૃતિ જોઇ બરાબર વિચારી દવા આપવી જોઇએ કેમકે આ જુલાબની દવા છે.

---

૪૯૫ પુનર્નવારિષ્ટ.

બનાવટ—રાતી તથા સફેદ સાડોડી. કાળીપાટ, દંતીમુલ, ગળો, ચિત્રકમુલ, ભોંરીંગણી, હરડે, બહેડા, આમળા, એ દરેક ચાર ચાર તોલા લેવાં, અને પાણી તોલા ૨૦૦૦માં ઉકાળી જ્યારે ૫૦૦ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં ગોળ તો. ૨૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા મધ તો. ૬૦ નાંખી બરણીમાં બંધ કરી રાખવું, અને ખમીર આવ્યા પછી તે જ્યારે બેસી જાય ત્યારે ગાળી પછી તેમાં દારૂડીમુલ, એલચી મરી, કમળાનાં ફુલ (લીલો ફર) વાળો, એ દરેક તોલા બે બે, નાંખી ભરી રાખવું પછી એક માસ બાદ વાપરવું.

પ્રમાણ—૧થી ૨॥ તોલા.

સમય—સવાર સાંજ,

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—પાંડુરોગ, હૃદયરોગ, સોજા, બરલ, અરૂચી, ગુલ્મ-રોગ, પ્રમેહ, ભગંદર. ખાંસી, શ્વાસ, સંગ્રહણી, કમળો વગેરેને મટાડેછે.

---

૪૯૬ અશ્વગંધા રિષ્ટ.

બનાવટ—આસુઠ તો. ૨૦૦ શ્વેતમુશલી તો. ૮૦ મજીઠ હરડેછાલ, હળદર, દારૂ હળદર, જેઠીમધ, રાસ્ના, વિદારીકંદ, અર્જુન છાલ, મોથ, નસોતર, એ દરેક ચીજ ચાલીસ ચાલીસ તોલા, સફેદ અને કાળી ઉપલસરી (અનંતમુલ) તોલા ૪૦, સુખડ, રકતચંદન, વજ, ચિત્રકમુલ, એ દરેક બત્રીશ બત્રીશ તોલા લઇ સર્વ દવાઓને કુટી તેમાં પાણી તોલા ૮૦૦૦ નાખી ઉકાળો કરી જ્યારે પાણી તોલા ૧૦૦૦ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું પછી તેમાં નીચેનાં દવાઓનું ચુર્ણ નાંખવું ધાવડી ફુલ તો. ૬૪ ત્રીકટુ તો. ૮ ત્રિજાતક તો. ૧૬ ધણુંલા તો. ૧૬ નાગકેશર તો. ૮ મધ તો. ૪૦૦ મેળવી રાખી મુકવું બે માસ પછી ગાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—તોલા ૧॥ ભાર.

અનુપાન—પાણી સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—મુર્છા, અપસ્માર, શોષ, દાહ ઉન્માદ, કૃષતા, અર્શ મંદાગ્નિ, વાતવ્યાધિ વગેરે મટાડી ધાતુઓને પુષ્ટ કરી દોષોને શાંત રાખે છે. મગજનાં દરદો માટે ઉતમ છે શકિત આપે છે.

---

૪૯૭ સુધાંસુતૈલ.

બનાવટ—ટરપીટાઇનનું તેલ તો. ૫. કપુર તો. ૧. ઓઇલ કેજ્યુપુટી (એલચીનું તેલ) તો. ૨. ઓઇલ યુકલેપ્ટીસ તો. ૨॥ માલકંગણીનું તેલ તો. ૫ સર્વને સાથે મેળવી બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—પાર્શ્વશુળ, વાયુનાં દરદ, ક્ષય, ન્યુમોનીઆનું દરદ તથા સંધિવા, પેટનું દરદ વગેરેમાં આ તેલ માલીસ કરવાથી તરત ફાયદો થાય છે

---

૪૯૮ કુષ્ટનાશકતૈલ.

બનાવટ—બાંબચી તો. ૫, દારૂડીનાં બીજ તો. ૫, હળદર તો. ૧. દારૂહળદર તો. ૧, સિંધાલુણ તો. ૧, દંતીમુલ તો. ૧. ગંધક તો. ૧, મનસીલ શુધ્ધ તો. ૧, હરતાલ શુધ્ધ તો. ૧ હીરાકસી તો. ૧, કપુર તો. ૧, વાવડીંગ તો. ૧ આકડાના મુળની છાલ તો. ૧ કણેરના મુળની છાલ તો. ૧ શુંઠ તો. ૧, મરી તો. ૧ પીપર તો.૧ સરસવનું તેલ તો. ૮૦.

વિધી—દરેક ચીજનું બારીક ચુર્ણ કરી જુદું જુદું રાખવું અને તેમાંથી ગંધક, હરતાલ, મનસીલ. હીરાકસી અને કપુર એ પાંચ ચીજ જુદી જુદી રાખવી. પ્રથમ તેલ ગરમ કરવું. બરાબર ગરમ થાય ત્યારે તેમાં બીજી ચીજનું ચુર્ણ નાંખતા જવું અને સારી રીતે પાક થાય ત્યારે ઉતારી ગાળી લઇ અને તેમાં ઉપરનો પાંચ ચીજનું બહુજ બારીક ચુર્ણ હોય તે મેળવી હલાવી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ—જરૂર જણાય ત્યારે તેલને બરાબર હલાવી થોડુંક વાટકીમાં કાઢી શરીરે માલીશ કરવું એના ઉપયોગથી ખસ. ખુજલી ખરજવું, દાદર, અને બીજા કુષ્ટના ઉપદ્રવો મટી ચામડી સાફ થાયછે.

સુચના—દવા શરીરે લગાડયા બાદ ચાર છ કલાક રહી સાબુથીકે ભેંસનાછાણથી શરીર ચોળીને નહાઇલેવું એટલે ચામડી સાફ થઇજશે.

---

૪૯૯ કુમકુમાદ્ય તેલ.

બનાવટ—તલનું તેલ શેર ૪ લાખનો કવાથ શેર ૮ બકરીનું દુધ શેર ૮ કેશર, ખાખરાનાં ફુલ (કેસુડા), લાખ, મજીઠ, અગર, પદમક, બીજોરાનીછાલ, નાગકેશર, ધાણા, જેઠીમધ, ઘહુંલા, દારૂહળદર, હળદર, ગૌરોચન, કમળફુલ, નીલોફર, મણશીલ, વિદારીકંદ, શતાવરી, આસુંઠ, વારાહીકંદ. એ દરેક ચીજ બેબે તોલા લઈ ચુર્ણ કરી તેને પાણીમાં વાટીને કલ્ક બનાવી ઉપરની ત્રણે ચીજોને કડાઇમાં ચડાવી તેમાં કલ્ક મેળવી ધીમે પાકે તેલ સિધ્ધકરવો. જ્યારે બરાબર તૈયાર થાય ત્યારે ઉતારી ગાળી રાખવું.

ઉપયોગ—માથાનું શૂળ, મોઢાનીઝાંખ, વધરાવળ વગેરેમાં માલીસ કરવાથી સારો ફાયદો થાય છે મગજ માટે ઉતમ છે.

સુચના—લાખ શેર ૨ પાણી શેર ૧૬માં કવાથ કરી અરધું રહે ત્યારે ઉતારી ગાળીલેતાં જે કવાથ બચેલો લાખનો કવાથ આઠશેર થાય તે આ કવાથમાં નાંખવાનું ઉપર બતાવેલછે તે સમજી લેવું.

---

૫૦૦ ખસવિનાશકતેલ.

બનાવટ—સિંદુર તો. ૧ હરતાલચુર્ણ તો. ૧
મનશીલ તો. ૧ હીરાકસી તો. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવખાર તો. ૧ એમ્લવેત્સ તો. ૧
શંખનું બારીકચુર્ણ તો. ૧ તુળશીપાન તો. ૧
તલનું તેલ તો. ૪૦

વિધી—દરેક ઉપરની આઠ દવાઓને બારીક વાટી ચુર્ણકરી તેને કપડે ચાળી લેવું. પછી એક શીશામાં તેલનાંખી તેમાં આદવા નાંખી હલાવી તડકે રાખવું આપ્રમાણે આઠદિવસ સુધી તડકે રાખી દરરોજ હલાવવું જોઇએ તોતે બરાબર તૈયાર થઇ જશે. અનેપછી તેને કપડાથી ચાળી રાખીદેવું. અને તે વખતે તેમાં ઓઇલ ઓફલેમન તો ૧૧ મેળવી દેવું.

ઉપયોગ—શરીરે માલીશ કરવાથી ખસ, ખુજલી, અને ચામડીનાં દરદ મટેછે. પછી તેને સાબુ વડે ધોઈ શરીર સાફકરી લેવું.

---

૫૦૧ કાસીસાદિ તેલ.

બનાવટ—હીરાકસી, લાંગલી, કઠ, સુંઠ, મરી, પીપર, સિંધાલુણ, મનશીલ, કણેરનાંમુળનીછાલ, વાવડીંગ, ચિત્રકમુળ, દંતીમુળ, અરડુસીપાન, કડવી નઇનાં બીજ, દારૂડી, હરતાલ એ સર્વ સમભાગે લઇ પાણીમાં વાટી કલ્ક કરવો. તેમાં તલનું તેલ તોલા ૬૪, થોરનું દુધ તો ૮ આકડાનું દુધ તો. ૮ અને ગૌમુત્ર શેર ૩ એ બધાને એક કડાઇમાં નાંખી ચૂલે ચડાવી ગરમ થાય ત્યારે ઉતારી લેવું.

ઉપયોગ—હરસ ઉપર, મસા ઉપર આ તેલ લગાડવાથી મસા મટી જાય છે દરદ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૩ જું.

કેરી દવાઓનું શોધન કરવાની રીત.

સુચના—કેટલીક દવાઓ ગુણવૃધ્ધિ માટે શુધ્ધ કરી વાપરવામાં આવે છે. જ્યારે કેટલીક દવાઓમાં તેનું જલદ પણું ઓછું કરવા તથા તેમાંનો મળ દુર કરવા માટે શુધ્ધ કરીને વાપરવામાં આવે છે એવી સર્વ દવાઓ માટે અહિં વિગતવાર નહિં પણ ટુંકાણમાં અને સચોટ રૂપ તથા અનુભવથી યોગ્ય જણાયું છે તેનાં નોંધ આપવામાં આવી છે. અનેતે આ વૈદ્યક ચિકિત્સાસારના વાંચનાર વર્ગને ખાસ ઉપયોગી થાય તેવા હેતુથીજ લખવામાં આવી છે.

ધાતુઓ—આ શબ્દથી વૈદ્યકમાં સોનું, રૂપું, તાંબુ, શીશું, કલઇ, જશત, કાંસુ, પીતલ, લોહ, મંડુર વગેરે પદાર્થો લેવામાં આવે છે. આને અષ્ટલૌહ આ શબ્દથી પણ ગ્રહણ કરવામાં આવે છે. એની ભસ્મ બનાવ્યા પહેલા એને શુધ્ધ કરીને વાપરવા જોઇએ. આ કામ માટે શુધ્ધ એટલે સારી અને ચોખ્ખી ધાતુ લાવી તેના નાના ટુકડા કે પતરા અથવા રસ કરવો પડે છે. અને પછી તેને અનુક્રમે તેલમાં. છાશમાં, ગાયના મુત્રમાં, કાંજીમાં (સુરકો ચાલે છે,) અને કળથીના કવાથમાં વારંવાર તપાવી તપાવીને ઠારવામાં આવે છે, આ દરેક ચીજના પ્રવાહીમાં એક ધાતુને સાત સાત વાર તપાવીને ઠારવામાં આવે તો તે દરેક ધાતુ શુધ્ધ થઇ ગુણમાં ઉતમ બને છે, પછી તેની યથા વિધી ભસ્મ બનાવવી જોઇએ.

પારદ—અન્દરમાં મળતો પારદ નાગ, બંગ વગેરે દોષોથી અશુધ્ધ હોય છે એટલામાટે તે એમજ દવામાં વપરાતો નથી અને તેને સંસ્કાર કરવા પડે છે. આ સંસ્કારનું કામ કઠણ હોવાથી સાધારણ વૈદ્યો તે કામ કરી શકતા નથી. એથી તેવા માટે શાસ્ત્રકારોએ એક સરલરીત બતાવી છે તે પ્રમાણે પારદ કાઢી દવાઓમાં વાપરવા આજ્ઞા આપી છે આ પ્રમાણે પારદ કાઢી બધા વૈદ્યો વાપરે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણમાં બરાબર છે. કંઈપણ નુકશાન કારક તત્વ તેમાં રહેતું નથી માટે બધા વૈદ્યોએ જ્યાં શુધ્ધ પારદ લેવાનું જણાવેલ હોય ત્યાં આ વિધી પ્રમાણે પારો કાઢીને વાપરવો એમ દરેક શાસ્ત્રકારની આજ્ઞા છે.

પ્રથમ બજારમાંથી સારો હીંગળો (સીંગરફ) લાવી તેને ખરલમાં નાંખી વાટી તેમાં લીંબુનો રસ નાખી ઘુંટી સુકવી લેવું પછી તેના વાટેલા ભૂકાને એક સારી માટીની હાંડલા ઉપર ત્રણ કપડ માટી તળીઆમાં કરેલી હોય તેવી સાથે તેમાં પાથરી દેવું. અને તેને ચૂલા ઉપર ચડાવી નીચે ધીમેા પણ સરખેા અગ્નિ આપવા શરૂ કરવેા આ પ્રમાણે હાંડલું ચૂલે મુકી તેના ઉપર એક માટીની તાવડી (તવેા) ઉંધેા ઢાંકી દેવેા આવા બે તવા તૈયાર રાખવા તવાનું માપ હાંડલીના મેાઢાથી થેાડુંક મેાટું હેાવું જોઇએ બે તવેા ઢાંકી તેના ઉપર પાણીમાં ભીંજવેલેા રૂમાલના ટુકડેા જાડેા કરી ભીંજવી તવા ઉપર રાખવેા કે જેથી ઉપરનેા તવેા વધારે ગરમ ન થાય આ પ્રમાણે કપડું ફેરવવાનું કામ દર પાંચ દશ મીનીટે ચાલુ રાખવું. અને તવાને દર પાંચ પાંચ મીનીટે ઉતારી લઇ બીજો તવેા હેાય તે ઢાંકતા જવું કે જેથી હાંડલી જરાવાર પણ ખુલ્લી ન રહેવા પામે, આ પ્રમાણે કરતાં તવાના તળીઆમાં પારો ઉડીને ચેાંટશે અને તેને હાથથી કે કાગળના ટુકડાથી ઘસીને ઉતારી એક થાળીમાં એકઠેા કરતા જવું આ મુજબ સરખેા ત્રણ કલાક તાપ આપીને પારો કાઢવાની ક્રિયા ચાલુ રાખતાં ૨૦ તેાલા હીંગળામાંથી ૧૫ તેાલા પારદ હાથ આવશે અને ત્રણથી ચાર કલાકમાં પારદ હાથ આવી જશે આ શુધ્ધ પારદને કપડામાથી ચાર છ વખત સાફ કરી પછી દવાના કામમાં વાપરવેા (આ યંત્રની વધુ સમજણ અમારા લખેલા **રસાયન સાર સંગ્રહમાં** અમેાએ આપેલી છે. આવા અનુભવ સિધ્ધ અને સરલ યેાજનાઓ વાળેા રસાયન સાર સંગ્રહ થેાડાજ વખતમાં પ્રગટ થવાનેા છે તેમાં જોઇ લેવું)

ગંધક—બજારમાં મળતેા આમણસારેા ગંધક લાવી તેને ટુટી ભુકેા કરી લેવેા આ ભુકાનું વજન હેાય તેનાથી અરધવજને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘી લાવી લોઢાની કડાઇમાં નાંખી તેને ચુલે ચડાવી ગરમ કરવું. ઘી ગરમ થાય ત્યારે તેમાં ગંધકનો ભુકો નાંખતા જવું. થોડીજ વારમાં રસ રૂપ ગંધક થઇ જઇ ઘી સાથે તળીએ બેસી જાય ત્યારે તે સામે એક મોટું તપેલું લાવી તમાં ગંધકથી ચાર ગણું દુધ નાંખી રાખેલું હોય અને તે તપેલા ઉપર એક જીણું વસ્ત્ર બાંધી મુકેલ હોય તેમાં ગંધકનો રસ ઘી સાથે રેડી દેવો થોડીજ વાર પછી તે વાસણમાંથી તળીએ ગંધકની ચકરી જેવું મળી આવે તે લઇ બહાર કાઢી તેને બેચાર વાર ગરમ પાણીથી ધોઇ સાફ કરી સુકવી વાટી કપડછાણ કરી રાખવું અને તેનો દવાના કામમાં ઉપયોગ કરવો.

હીંગળો—બજારમાં મળતો સારો રૂમી હીંગળો લાવી તેને ખરલમાં વાટી તેમાં લીંબુનો રસ નાંખી ઘુંટી તડકે સુકવી ત્યાર બાદ તેવી રીતે ચોદ ભાવના આપી સુકવી દવાના કામમાં વાપરવું.

મનશીલ—સારો રાતા રંગનો મનશીલ લાવી તેને વાટી જીણો ભુકો કરી કપડે ચાળી તેને ખરલમાં નાંખી ઘુંટવો અને તેમાં આદુનો રસ બરાબર નાંખી ઘુંટી તડકે સુકાવા દેવું આ પ્રમાણે ચૌદભાવના આદુના રસની આપવાથી મનશીલની ઉતમ શુધ્ધિ થાય છે તે દવાના કામમાં વાપરવો,

હરતાલ—ઉતમ સોનાના પત્રા જેવી હરતાલ લાવી તેના નાના ટુકડા ચોખાના દાણા જેવડા કરી તેની એક જીણાં કપડામાં પોટલી બાંધી લાવી અને સફેદ કહોળાનો રસ કાઢી એક વાસણમાં નાંખી તેમાં એ પોટલી લટકતી રહે તેવા રીતે બાંધી દેવી. (જુઓ ડોલાયંત્રના વિગત) આ પ્રમાણે બાર કલાક ધીમે તાપે આફવાથી કહોળાના રસમાં એનો ઉતમ શુધ્ધિ થાય છે.

સોમલ—ઉપર બતાવ્યા મુજબ ડોલાયત્રની રીત પ્રમાણે એક માટીનું વાસણ લાવી તેમાં દુધ ભરી તેમાં સોમલના નાના ટુકડા કરી તેની પોટલી બાંધી લટકતી રહે તેવી તેમાં બાંધી રાખવી આ પ્રમાણે દુધમાં ધીમાં તાપથી બાર કલાક અગ્નિ આપતાં સોમલની શુધ્ધિ થાય છે પછી તે સુકવી સાફ કરી દવાના કામમાં વાપરી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્છનાગ—સારો કાળા રંગનો વચ્છનાગ લાવી તેના નાના ટુકડા કરી તેને એક જીણા કપડાની પોટલીમાં બાંધી એક માટીના વાસણમાં તાજું ગૌમુત્ર નાંખી તેમાં એ પોટલી ડુબતી રાખવી, દરરોજ સવારે જુનું ગૌમુત્ર કાઢી નાંખવું ત્રણ રોજ આ પ્રમાણે ફેરવાથી વચ્છનાગ શુધ્ધ થાય છે. એટલે પછી તેને સુકવી કુરી કપડે ચાળી બાટલીમાં રાખવું એને દવામાં વાપરી શકાય છે.

ખાપરીયું—ખાપરીયું લાવી તેને વાટી ભૂક્કો કરી તેમાં ગૌમુત્ર નાંખી ખરલમાં ઘુંટી સુકવી દેવું. આ પ્રમાણે તેને દશ દીવસ રોજ એકક ભાવના આપવાથી શુધ્ધ થાય છે તે દવામાં વાપરવું. (સાચું ખાપરીયું બજારમાં મળતું નથી એટલે તે સ્થાને **કેલેમેના પેપ્રેટા** નામની અંગ્રજી દવા આવે છે કે જે જસતની કાચી ધાતુ છે તે બરાબર છે એમ દરેક વિદ્વાન વૈદ્યોનો મત થાય છે તેથી તે વાપરવી જોઇએ.)

નેપાળાના બીજ—બજારમાં એરંડીનાં મીંજ જેવા નાના લંબગોળ આકારનાં ફળ મળે છે તે લાવી તેની ઉપરની છાલ ફોડીને કાઢી નાંખવી, પછી તે ફલની મીંજ ફોડતાં તેમાંથી જીણી ચપટી મીંજ (ફોતરી જેવી) નીકળશે તેકાઢી ફેંકી દેવી અને બાકીની બે ફાડ હોય તે લાવી તેને બહુજ જીણાં કપડામાં પોટલી બાંધી ભેંસના છાણમાં દાટી રાખવી. આ પ્રમાણે ૭૨ કલાક રાખી પછી કઢી તેને ખોલી ગરમ પાણીથી બારીકોઇ શાફ કરી ખરલમાં ઘુંટવા. અને તેમાં લીંબુનો રસ નાંખી ઘુંટી તડકે સુકવી લેવું. આ પ્રમાણે ૩ ભાવના આપી સુકવી ખરલમાં કાઢી લઇ કાગળમાં રાખવું. કે જેથી તેમાં રહેલું વધારાનું તેલ નીકળી સાફ થઇ જશે. તેનેદવાના કામમાં વાપરવું. અથવા શુધ્ધ નેપાળાનાં બીજને વાટીને એક કોરા માટીના વાસણમાં લગાડી સુકવી લેવું કે જેથી તેની ઉગ્રતા ઓછી થસે (તેમાંનું તેલ ઓછું થઇ જશે) આ દવાની ઉગ્રતા બહુજ છે માટે શુધ્ધ કરતાં દવા વાળા હાથ આંખે ન લાગે તેની સાવધાની રાખવી. કેમ કે નહિ તો ત્યાં સોજો આવશે. દવાવાળા હાથ બરાબર ધોઇ ઘી લગાડી દેવાથી શાંત થઇ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધતુરાના બીજ--ધતુરાનાં બીજ લાવી તેને ગૌમુત્રમાં ચોટલી બાંધી રાત્રે ભીંજવી રાખવાં, સવારે તેને ચુલે ચડાવી ડોલાયંત્રની રીતે ત્રણ કલાક આફ આપી ઉતારી લઇ પાણીથી ધોઇ સુકવી લેવાં અને તેને વાટી કામમાં લેવાં બીજ ઉપરની છાલ હોય છે તે નરમ થઇ જાય ત્યારે હાથવતી કાઢી ફેંકી દેવી અને અંદરની મીંજ સુકવી ને કામમાં લેવી જોઇએ.

ઝેરકોચલાં—ગૌમુત્રમાં ઝેરકોચલાંને પલાળી રાખવાં પછી તેને ગૌમુત્રમાં નાંખી ચુલે ચડાવી બરાબર આરી લઇ કુંડુ થાય ત્યારે ચપુવતી તેને ફોલી ઉપરની છાલ કાઢી નાંખવી અને અંદરના ઝેરકુચલાની ફાડ કરી અંદરની જીભ હોય તે કાઢી ફેંકી દેવી. અને પછીતેને ખરલમાં નાંખી ખુંટા લેવાં પછીતેને કડાઇમાં ઘીનાંખી શેકી લેવા.બરાબર લાલથાય ત્યારે ઉતારી રાખી ઠંડાકરી બાટલીમાં રાખવા અને તે દવાના કામમાં વાપરવી.

ભાંગ—પ્રથમ ભાંગના પાન લાવી તેને પાણીમાં આરી લઇ સુકાવી લેવું. પછી તેને કડાઇમાં નાંખી શેકી લેવું. અને પછી વાટી બાટલીમાં ભરી રાખવું તે દવાના કામમાં વાપરી શકાય.

અફીણ—અફીણને લાવી પાણીમાં ઓગાળી રસ થાય ત્યારે કપડે ગાળી કસુંબો ચોખ્ખો કાઢી લેવો એ કસુંબાને એક નાના વાસણમાં રાખી સુકવી તેને આદુના રસની ૮ થી૧૦ ભાવના આપી દવાના કામમાં વાપરવું તે શુધ્ધ ગણાય છે.

શિલાજીત—ગાયના દુધની, ત્રિફળાના ક્વાથની તથા ગૌમુત્રની બબે ભાવના આપી તડકામાં સુકવી પછી કામમાં લેવું.

ટંકણખાર—અજરમાં મલતો સારો તેલીઓ ટંકણખાર લાવી તેને વાટી ચુર્ણ કરી પછી તેને માટીના તવામાં (નાવડીમાં) સેકી લેવું. એથી તે પુલાંને ધાણી જેવું થઇ જશે તે વાટીને બાટલીમાં રાખવું અને તે દવાના કામમાં વાપરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરમો—સુરમાને બારીક વાટી ખરલમાં નાંખી લીંબુના રસમાં ઘુંટી સુકવી લેવું. હીરાકસીની શુધ્ધી આ પ્રમાણે છે.

શંખ, કોડી, છીપ, પ્રવાલ,—આમાંથી જેની શુધ્ધિ કરવી હોય તેને લાવી તેના ટુકડા કરી એક પોટલીમાં બાંધી ડોલાયંત્રમાં મુકવી અને તેના વાસણમાં ગૌમુત્ર શેર ૫ સીંધાલુણ શેર ૦॥ લીંબુનો રશ શેર ૦ નાંખી ચુલે ચડાવી ત્રણ કલાક આંચ આપવો. પછી ઉતારી લઇ ગરમ પાણીથી ધોઇ સાફકરી ભસ્મ બનાવવાના કામમાં લેવું.

અભ્રક—સારો ઝાળો અભ્રક લાવી તેને તપાવી લાલ થાય ત્યારે ગૌમુત્રમાં અથવા દુધમાં ઠારવો આ પ્રમાણે સાત વખત ગમેતે એક પદાર્થમાં ઠારવાથી શુધ્ધ થાય છે પછી તેનો ધાન્યાભ્રક કરવો.

હીંગ—સારી હીંગ લાવી તેને ભાંગી તેના નાના ટુકડા કરી એક લોઢાની કડાઇમાં થોડુંક ઘી નાંખી બરાબર ગરમ થાય ત્યારે હીંગના ટુકડા તેમાં નાંખી બરાબર શેકી લેવી હીંગ ફુલી જાય ત્યારે તેને ઉતારી બાંડી બારીક કરી રાખવી અને દવાના કામમાં વાપરવી.

ગુગળ—ગુગળને ત્રિફળાના કવાથમાં એક રાત પલાળી રાખી સુવારે ઉકાળો કરવો રસ થાય ત્યારે ઉતારી કપડે ગાળી ચુલે ચડાવવું અને તેનું પાણી બળી જતાં રસ જેવું થાય ત્યારે ઉતારી સુકવી લેવું અને દવાના કામમાં વાપરવું,

મોરથુથો—લાવી તેને ખરલમાં વાટી લીંબુના રસમાં ચોદ ભાવના આપી ઘુંટી સુકવી લેવું અને તેને સમભાગે કબુતરની હગાર મેળવી વાટી સંપુટમાં ભરી હલકો અગ્નિ આપી તેનેદહીંમાં ઘુંટીનાનો અગ્નિફરી આપીવાટી રાખવું અને કામમાં લેવું.

મંડુરભસ્મ—લોઢાના જુના કાટોડા (૧૦૦ વર્ષથી પ્રથમના લેવા) લાવી તેને તપાવી ગોમુત્રમાં ઠારવા એમ કરતાં ૭ વખતમાં શુધ્ધથશે ભુકો થઇજશે પછી ખરલમાં ગૌમુત્ર નાંખી ઘુંટી પુટ આપવો આપ્રમાણે કુંવાર, ત્રીફળાનો કવાથ વગેરેના પુટ દશવાશ આપતાં નરમ ભસ્મ થાય ત્યારે કપડે ચાળી કામમાં લેવી આપ્રમાણે તેનું શોધન મારણ કરતાં ઉતમ ભસ્મ બને છે.

(સમાપ્ત.)

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૪ થું.

વૈદ્યક ચિકિત્સાસાર ભાગ ૧, ૨, ૩, ૪, માં આવેલ ઔષધોની રોગાનુવાર અનુક્રમ ચુકા.

દવાનું નામ	પૃષ્ટ	દવાનું નામ	પૃષ્ટ
અજીર્ણ.		અહીફેન વટી	૧૮૨
અગ્નિ કુમાર	૨૩	**અરૂચી.**	
શિવાક્ષાર પાચન	૬	સ્વાદિષ્ટપાચન વટી	૩૮
હિંગાષ્ટક ચુર્ણ	૬	પંચામ્રત ચાટણ	૬૧
રામબાણ રસ	૨૨	સ્વાદિષ્ટ ખારેક	૬૪
લવણ ભાસ્કર	૧૫	અગ્નિમુખ ચુર્ણ	૮૭
ક્રવ્યાદ રસ	૨૨	તાલીસાદિ ચુર્ણ	૮૮
વિષતિંદુક વટી	૫૦	યવાનીખાંડવ ચુર્ણ	૯૩
શંખ વટી	૫૨	હિંગ્વાદિ ચુર્ણ	૯૪
ગંધક વટી	૫૨	અમ્રતપ્રભા વટી	૧૦૮
સંજીવની વટી	૫૩	દ્રાક્ષાદિ અવલેહ	૧૩૭
પશુપતિનાથ રસ	૧૨૪	નીમક સુલેમાની	૧૯૮
અજીર્ણ કંટક રસ	૧૭૧	શતપત્ર્યાદિ ચુર્ણ	૨૦૮
અમ્લપિત.		બદરી ચુર્ણ	૨૩૪
સુતસેખર રસ	૧૯	ચિત્રકાદી વટી	૨૪૩
અવિપતિકર ચુર્ણ	૯૬	ગુડાડી વટી	૨૪૫
લીલાવિલાસ રસ	૧૬૮	ચિત્રકાદિ વટી	૨૪૬
અમ્લપિતાંતક વટી	૧૯૦	લવંગારિષ્ટ	૨૯૨
ક્ષારપર્પટી	૨૩૦	**આંખનાદરદ.**	
અરીણુછોડવા માટે.		ત્રીફલા ચુર્ણ	૭
અરીણ છોડવાનો ઉપાય	૧૮૧	સપ્તામૃતલોહ	૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ	દવાનું નામ	પૃષ્ટ
સર્વ નેત્રરોગહરઅંજન	૭૫	ચોપચીનીઆદિ	૮૮
નેત્રબિંદુ	૭૬	કૃષ્ણ ચિંતામણી	૧૬૨
નેત્રાંજન	૧૫૪	ઉપદંશારિવટી	૧૮૪
નયનામૃતઅંજન	૧૫૫	વ્યાધિહરણ રસ	૨૨૬
શ્વેતાંજન	૧૫૫	ઉંઘનહિંઆવવી.	
નયનપ્રભાવટી	૧૮૮	યવાનીકા ચુર્ણ	૨૩૮
ચંદ્રોદય વર્તી	૨૪૯	નિદ્રોદય રસ	૨૬૮
આમવાત-સંધિવા.		ચંદ્રહાસ અર્ક	૨૮૪
માથાનો મલમ	૭૮	ઉલટી. (છર્દી)	
ચોપચીનીઆદિ કવાથ	૨૧૪	છર્દિરીપુવટી	૩૯
આંચકી		છર્દીહરરસ	૧૭૬
કુમકુમ વટી	૫૧	છર્દીહરગેતા	૨૦૬
મહાલક્ષ્મી નારાયણ	૧૩૦	ઉલટીનાશકઅર્ક	૨૩૩
ચિંતામણી રસ	૧૭૨	કંઠમાળ-ગંડમાળા	
ઇનફ્લ્યુએંઝા.		કાંચનાર ગુગળ	૯૮
હિંગકપૂર વટી	૧૯૨	મહામંજીષ્ઠાદિ કવાથ	૭૩
આયુર્વેદિક ચહા	૧૫૦	કબજી અત-બંધકુષ્ટ	
ઉદરરોગ.		અશ્વચોળી	૨૦
પંચરસ ચૂર્ણ	૩	મળશુધ્ધી ચુર્ણ	૧૫
સૂર્યપ્રભાવટી	૧૧૨	ઇચ્છાભેદી રસ	૨૦
નારાચણ ચૂર્ણ	૯૪	કુમાર્યાસવ	૭૦
નારાય રસ	૧૧૬	સુખ વિરેચન	૯૬
વિજયા ચૂર્ણ	૧૯૫	અભયાદિ વટી	૧૦૦
ત્રિવૃતારિષ્ટ	૨૯૪	પથ્યાદિ વટી	૧૦૬
તામ્રભસ્મ	૨૮૧	ભીમસેની ગુટીકા	૧૦૮
ઉપદંશ.		નારાચ રસ	૧૧૬
કેશરાદિવટી	૪૯	જયવટી	૧૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ	દવાનુનામ	પૃષ્ટ
કાળોરસ	૧૨૪	ખદિરારિષ્ટ	૧૪૧
વિરેચન ગુટીકા	૧૭૯	તાંત્રપર્પટી	૧૭૦
પંચસકાર ચુર્ણ	૨૦૯	ધન્વન્તરિ રસ	૧૭૩
કલેજાનાંદરદ-કમળો		કુષ્ટનાશક પ્રયોગ	૧૯૭
આરોગ્યવર્ધની	૨૪	ત્રીફલ રસાયન	૨૦૧
આરોગ્યવર્ધની નં. ૧	૧૩૨	મંજીષ્ઠાદિ ચુર્ણ	૨૦૭
રોહીતારિષ્ટ	૬૭	મરિચ્યાદિ તેલ	૨૧૭
યકૃતરોગનાશકપ્રયોગ	૯૦	નીમગુલકંદ	૨૬૧
યકૃતલીહારી લોહ	૧૭૦	રકતશુધ્ધિ શરબત	૨૮૫
યવાનીકાઅવલેહ	૨૨૦	કુષ્ટ નાશક તેલ	૨૯૬
માજુને નાનખાહ	૨૨૨	**કૃમિરોગ.**	
કાનનાંદરદ.		કૃમિમુદગર રસ	૩૭
ખિલ્વાદિતૈલ	૫૮	કૃમિકુઠાર રસ	૧૧૫
કર્ણબિંદુ	૧૫૪	**કોલેરા.**	
સારિવાદિ વટી	૧૮૩	સર્વવ્યાધિ હરણ રસ	૭૭
કર્ણનંદતૈલ	૨૧૬	કોલેરાની ગોળી	૧૧૧
કુષ્ટરોગ-લોહિબિગાડ.		કર્પુરાસવ	૧૪૩
મંજીષ્ઠાદિ ચુર્ણ	૨	મહામારી ગુટીકા	૧૬૧
ગંધક યોગ	૩	વિષુચિકાંત વટી	૧૮૫
ઇચ્છાભેદી રસ	૨૦	મહામારી ગુટીકા	૧૯૪
રકતશોધિની	૬૬	**ખાંસી-ઉધરસ**	
મહામંજીષ્ઠાદિ કવાથ	૭૩	લવંગાદિ વટી	૪૪
રનાનરજ	૮૭	મરીચ્યાદિ વટી	૪૪
મહાપંચનિંબ ચુર્ણ	૮૯	કરતુર્યાદિ વટી	૪૫
કિશોરગુગળ	૯૯	ખાંસીનીગોળીઓ	૪૬
ગંધકરસાયન	૧૨૦	યષ્ટીમધુ વટી	૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ	દવાનું નામ	પૃષ્ટ
વાસાવલેહ	૬૦	વજ્રક્ષાર	૨૦૫
દ્રાક્ષાસવ	૬૮	યવક્ષારાદિ ચુર્ણ	૨૩૫
લવંગાદિ ચુર્ણ	૮૯	શંખભસ્મ	૨૭૭
જાતીફલાદિ ચુર્ણ	૯૨	છીપભસ્મ	૨૭૮
અર્કવટી	૧૦૧	કોડીભસ્મ	૨૭૮
ખદીરાદિ વટી	૧૦૧	ચવિકાસવ	૨૮૮
યષ્ટીમધુ વટી નં. ૧	૧૦૯	**છ તીનુ દરદ–હૃદયરોગ.**	
અગ્નિ રસ	૧૩૩	અર્જુનારિષ્ટ	૧૪૩
અષ્ટાંગ ચુર્ણ	૨૨૯	**જળોદર.**	
યષ્ટયાદિ ચુર્ણ	૨૩૮	ઇન્દ્રભેદી રસે	૨૦
ચંદ્રપ્રિયા વટી	૨૪૫	**જીર્ણજ્વર.**	
પીપલીક્ષાર વટી	૨૪૬	ત્રિફળાપિપ્પલી ચુર્ણ	૧૬
કાસઘ્ની વટી	૨૫૧	કટુભદ્રાદિ ચુર્ણ	૧૭
અષ્ટાંગ અવલેહ	૨૬૧	અમૃતાદ્વિષ્ટ	૧૧૪
ચંદ્રામૃત રસ	૨૬૭	જીર્ણજ્વરાદિ ચુર્ણ	૨૩૨
ગળાનાંદરદો.		ગહુરયાદિ વટી	૨૫૨
મુખવાસવટી	૪૭	**ઝાડા–અતિસાર.**	
કુર્લીજનઅવલેહ	૨૫૬	દાડીમાષ્ટક ચુર્ણ	૧૪
ગુંમડા–ખસ–ખરજવું.		આનંદભૈરવરસ	૨૧
જસતનો મલમ	૧૫૧	કુમકુમ વટી	૫૧
ખસનો મલમ	૧૫૨	સંજીવની ગુટીકા	૫૩
ખરજવાનો મલમ	૧૫૨	જાતીફલાદી ચુર્ણ	૯૩
રામબાણ મલમ	૧૫૩	ગંગાધર ચુર્ણ	૯૭
ખસવિનાશકતેલ	૨૯૭	કેશરાદી વટી	૧૦૯
ગુલ્મરોગ–ગોટોચડવો.		કર્પુરસુંદરી ગુટીકા	૧૧૨
ગુલ્મકુઠાર રસ	૧૬૩	કર્પુર રસ	૧૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનુંનામ	પૃષ્ટ	દવાનુંનામ	પૃષ્ટ
સમીરગજ કેશરી	૧૨૩	જવરાંતક વટી	૨૫૦
અતિસાર નાશકરસ	૧૬૭	જવરાંતક	૨૬૩
સમીરગજ કેસરી	૧૭૧	લાલગુડા	૨૬૩
પીપલ્યાદી ચૂર્ણ	૨૩૪	ગૌદંતી ભસ્મ	૨૭૫
અતિસાર વટી	૨૪૮	જયમંગલ રસ	૧૬૪
તાવ-જવરદરેકજાતના.		એગ્યુમિકશ્ચર	૮૦
અશ્વચોળી	૨૦	સંજીવની વટી	૫૩
જવરબિંદુ	૯	દ્વાત્રિદશાંગ કવાથ	૧૪૯
નવીન સુદરસન ચુર્ણ	૧૦	તાવ-સન્નિપાતનો.	
મહા સુદરસન ચુર્ણ	૧૪	હેમગર્ભપોટલી રસ	૪૭
ત્રિભુવન કીર્તિરસ	૧૭	મૃતસંજીવની સુરા	૨૯૩
મૃત્યુંજયરસ	૩૬	તાવ-ફેફસાંના ત્રદોષ.	
સુતરાજ રસ	૧૧૯	શીતભંજી રસ	૩૫
હિંગુલેશ્વર રસ	૧૨૨	અર્કમુલત્વગાદિ ચુર્ણ	૨૩૬
નાગરાદિ પાચન	૧૪૮	શાબરસૃંગ ભસ્મ	૨૭૯
પથ્યાદિ કવાથ	૧૪૯	અર્કદિ કવાથ	૨૧૨
ફીવર મિકશ્ચર	૧૫૬	તાવ-ટાઢીઓતાવ.	
અભયાદી કવાથ	૭૫	વિષમજવરનાશકવટી	૪૦
રત્નગીરી રસ નં ૧,	૧૭૭	જુનાતાવનીગોળી	૪૧
નારાયણ જવરાંકુશ	૧૮	જવરઘ્ની વટી	૧૦૯
શીતભંજી રસ	૩૫	કનકવટી	૧૮૭
કલ્પતરૂ રસ	૧૨૬	જવરઘ્ની વટી	૧૯૦
વાસાદિ કવાથ	૧૪૯	સરલ વટી	૧૯૨
બ્રહતઆનંદભેરવ	૧૬૧	જવરભાસ્કર ચુર્ણ	૨૦૩
જવરનાશક ચૂર્ણ	૨૩૭	તરસ-દાહ.	
જવરભેરવ વટી	૨૪૩	રસાદિ વટી	૨૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ
ચંદ્રપ્રભા ચુર્ણ	૨૪૧
તાવસાથે ઝાડા.	
કનકસુંદર રસ	૧૩૨
કુટજાદિષ્ટ	૧૪૨
મુસ્તાદિ કવાથ	૨૮૩
દાંતનાં દરદ.	
દંતમંજન	૭૭
દશનસંસ્કાર ચુર્ણ	૯૨
દંતરક્ષક ચુર્ણ	૧૯૬
દંતમંજન	૨૪૦
દાદર-દરાજ.	
દાદરનો મલમ	૭૮
દ્રદુનાશક લેપ	૨૮૬
દાદરનો મલમ	૨૮૭
દાદરનો મલમ	૨૮૭
નાકનાંદરદ-પીનસ	
પીનસહરીતમાકુ	૯
નાડીવણ-નાસુર-જખમ.	
જાત્યાદ્યધૃત	૫૯
સપ્તાંગ ગુગળ	૧૧૧
પંચગુણ તેલ	૨૧૮
વ્રણવિનાશક મલમ	૨૮૬
પથરી.	
ચંદ્રપ્રભા વટી નં. ૧	૫૩
પરદેશનું પાણી લાગવું.	
અપુર્વ માલીની વસંત	૧૫૭

દવાનુનામ	પૃષ્ટ
પરમીયો-પ્રમેહ વીસ પ્રકારનાં.	
સુવર્ણ ભંગ	૩૧
રસ ભાસ્વાન	૩૪
ચંદ્રપ્રભા નં. ૧	૫૩
પ્રમેહાંતક વટી	૫૫
વસંતકુસુમાકર	૧૧૭
કામધેનુ રસ	૧૩૨
ચંદનાસવ	૧૪૨
લક્ષ્મીનારાયણ રસ	૧૬૭
બ્રહત્ ભંગેશ્વર રસ	૧૭૪
પ્રમેહનાશક યોગ	૧૯૭
ભંગભસ્મ	૨૭૨
ત્રિભંગભસ્મ	૨૭૩
શોધનકવાથ	૨૮૩
દેવદાર્વાદિ રિષ્ટ	૨૯૧
પાંડુરોગ-પીળીચ્ચો.	
લોહપર્પટી	૩૦
મંડુર વટક	૫૧
લોહાસવ	૬૭
નવાયસ લોહ	૯૫
શંશમની નં. ૧	૧૦૨
ગડુચ્યાદિ વટી	૨૫૨
શંશમની સ્પેશીયલ	૨૫૩
યોગરાજ	૨૬૪
લોહભસ્મ	૨૮૦
ત્રિફલારિષ્ટ	૨૮૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ
મંડુરારિષ્ટ	૨૯૩
બરલ વધવી.	
અર્કલવણક્ષાર	૧૯૯
બરોલનાશક યોગ	૨૦૯
પ્લીહારાતુ	૨૧૦
શંશમની સ્પેશીયલ	૨૫૩
કણાવલેહ	૨૫૭
બાળકોનાદરદ	
શૃંગ્યાદિ ચુર્ણ	૫
રત્નગીરી રસ	૨૪
કુમારકલ્યાણ રસ	૩૩
બાલરક્ષક વટી	૪૫
બાલરોગાંતકા રિષ્ટ	૬૫
બાલામૃત	૭૯
રાજેન્દ્ર વટી	૧૦૭
બાલકેશર	૧૭૪
કેશરાદિ ચુર્ણ	૨૪૧
અજમોદાદિ વટી	૨૪૮
બાલરક્ષક સેાગઠી	૨૫૦
ભગંદર	
ભગંદરારિ મોદક	૧૮૫
વિડંગા રિષ્ટ	૨૮૯
મરડો–આમાતિસાન	
લોહી પરવાળો મરડો	૫
મરડાની ગોરી	૪૨
પ્રવાહીકાનાશક વટી	૧૦૪
ઘાડીમી વટી	૧૦૫

દવાનું નામ	પૃષ્ટ
આમરાક્ષસી	૧૦૫
એહિફેનાસવ	૧૪૪
કુટજાદિ કષાય	૧૪૭
કુટજાદિ વટી	૧૮૨
પ્રવાહીકા વટી	૧૮૮
ગુલાબી ચુર્ણ	૨૦૭
લઘુહરિતકી ચુર્ણ	૨૩૫
બૃવત્હરિતકી ચુર્ણ	૨૩૬
સર્જરસ ચુર્ણ	૨૪૨
મગજનાદરદ-માથાનીનબળાઇ	
શિલાજીત પ્રયોગ	૨૮
બ્રાહ્મીતૈલ	૫૭
ચ્યવનપ્રાશાવલેહ	૬૦
માથાનેા મલમ	૭૮
શીરશુલહર ચુર્ણ	૯૫
અત્રિફલકસનીજી	૧૩૬
બ્રાહ્મી વટી	૧૬૪
શીરશુલ હરયેાગ	૧૯૫
અદભૂત છીંકણી	૨૦૦
પેાષ્ટિકમાજુન	૨૧૯
રૌપ્ય ભસ્મ	૨૭૧
ભસ્મ	૨૩૭
મુકતાપિષ્ટિ	૨૭૫
કુમકુમાદ્યતૈલ	૨૯૭
મરકી–પ્લેગ	
પવિત્ર ધુપ	૧
મલ્લજ્વરાંકુશ	૧૬૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ
પ્લેગનાશક ચુર્ણ	૨૪૨
મુખ-રોગ	
મુખદુર્ગંધનાશક વટી	૫૪
મુખપાકનાશક ગંડુશ	૭૯
ખદીરાદી વટી	૧૦૧
મુંઢમાર-હાડકું ભાંગવું.	
અસ્થીસંધાનક લેપ	૯
મુત્રકૃચ્છ-પેશાબનું દરદ	
ગોક્ષુરાદિ ગુગળ	૫૦
શીતલપર્પટી	૨૦૩
લીંગવિરેચન	૨૦૬
સુર્યક્ષાર મિશ્રણ	૨૩૯
મુર્ચ્છા	
ચૈતન્ય રસ	૧૩૨
કુલવધુ	૨૬૫
રતવા.	
દશાંગ લેપ	૧૩
રકતપિત-લોહી પડવું.	
વાસાસવ	૬૯
ચંદ્રકળા રસ	૧૨૧
સુધાનિધીરસ	૧૨૯
કુટજારિષ્ટ	૧૪૨
અહિફેનાસવ	૧૪૪
ઉશીરાસવ	૧૪૭
ઓલપર્પટી	૧૬૮
ઓલબધ્ધરસ	૧૬૯

દવાનું નામ	પૃષ્ટ
આમલકયાદ લોહ	૨૦૦
રકતસ્થંભક યોગ	૨૦૨
રકતસ્થંભક યોગ	૨૦૨
કામદુધા રસ	૨૦૫
કાકજંઘા રિષ્ટ	૨૧૧
રકતશોધક અર્ક	૨૧૧
વશિષ્ટ ચુર્ણ	૨૨૯
રકતસ્થંભક યોગ	૨૩૯
કુષ્માંડ અવલેહ	૨૫૮
પ્રવાલપિષ્ટ	૨૭૬
પ્રવાલભસ્મ	૨૭૬
વાજીકરણ-શકિતવર્ધક રસાયન દવાઓ.	
સાલમપાક	૬૩
હેમાભ્રરસ સિંદુર	૧૨૭
મનમથાભ્રરસ	૧૨૭
શ્રી નીલકંઠ રસ	૧૨૯
સિંહવાહીની વટી	૧૮૬
અભ્રક વટી	૧૮૭
હેમરસાયન	૨૦૧
નપુંસકતાનાશક લેપ	૨૧૫
આયુષ્યવર્ધ્ધક તેલ	૨૧૭
અશ્વગંધાદિ અવલેહ	૨૨૧
મુશલ્યાદિ ચુર્ણ	૨૩૦
ચંદ્રોદયમિશ્રણ	૨૩૧
અંબરવિલાસ ગુટીકા	૨૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ	દવાનું નામ	પૃષ્ટ
રાજયોગ	૨૪૬	અશ્વગંધારિષ્ટ	૨૯૫
કસ્તુર્યાદિ વટી	૨૪૭	અમરસુંદરી વટી	૧૦૨
ગોક્ષુરાદિ અવલેહ	૨૫૫	વાળો (નારૂ)	
કસ્તુરીચંદ્રોદય મિશ્રણ	૨૫૯	વાળાનીદવા	૧૯૯
કેશરાદિ અવલેહ	૨૫૯	વાળનેમાટે-ઉપાય	
અંબરનું ચાટણ	૨૬૦	કેશવર્ધક મશાલો	૧૨
યાકુતી	૨૬૨	સુગંધી તેલ	૫૫
અનંગ કુસુમાકર	૨૬૬	મહાસુગંધી તેલ	૫૬
અભ્રકભસ્મ	૨૭૯	બ્રાહ્મી તેલ	૫૬
ભૃંગરાજ આસવ	૨૮૭	આયુષ્યવર્ધક તેલ	૨૧૭
શિલાજીતની ગોળી	૪૦	વાનાંદરદ-(વાતરોગ)	
દુધનો મશાલો	૧૦	વાયુનાશક પૌષ્ટિકગોળી	૪૨
વાજીકરણ ચુર્ણ	૧૧	વાયુહરીવજ વટી	૪૮
ચંદ્રોદય મકરધ્વજ	૨૯	વાતનાશક તેલ	૫૮
ચંદ્રોદયની ગોળી	૪૭	મહારાસ્નાદિ કવાથ	૭૩
મનમથવિલાસ રસ	૧૧૪	પથ્થાદિ ગુગળ	૧૦૦
નારસિંહ રસાયન	૧૩૮	મહાયોગરાજ ગુગળ	૧૧૭
પુર્ણચંદ્ર રસ	૧૫૮	વાતરાક્ષસ રસ	૧૨૮
બ્રહતપુર્ણચંદ્ર રસ	૧૫૮	નારાયણ તેલ	૧૪૦
વાઇ-અપસ્માર-ઉન્માદ		કસ્તુરીભૈરવ રસ	૧૭૩
બ્રાહ્મી શરબત	૬૧	હીંગુલ વટી	૧૯૩
સારસ્વતારિષ્ટ	૭૧	વાતનાશક	૨૫૧
સરસ્વતિચુર્ણ	૯૦	યોગેન્દ્ર રસ	૨૭૦
ભૂત ભૈરવ રસ	૧૩૧	સુધાંસુ તેલ	૨૯૬
બ્રાહ્મી કવાથ	૧૪૯	વિદ્રધિ-ગાંઠ	
ઉન્માદગજકેશરી	૧૭૬	ગાંઠપકાવવાનો લેપ	૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ
દોષઘ્ન લેપ	૧૩
દશાંગ લેપ	૧૪
શુળ	
શુલવજ્રણી	૧૬૦
શુળગજકેશરી રસ	૧૨૨
શુળહરી વટી	૧૯૦
શ્વાસરોગ-(દમ)	
શ્વાસકુઠાર રસ	૨૩
શ્વાસ ચિંતામણી	૧૨૭
કટકાર્યાવલેહ	૧૩૬
કનકાસવ	૧૪૬
મલ્લગુટીકા	૧૬૦
પુરંદર વટી	૧૬૩
ભાગેાતર વટી	૧૬૬
કફકેશરી	૧૬૬
કફકુઠાર રસ	૧૭૫
કેફકેમુ રસ	૧૭૫
કફચિંતામણી રસ	૧૭૯
શ્વાસારિ વટી	૧૮૧
શ્વાસકાસારી વટી	૧૮૯
શ્વાસહરધૂમ્રપાન	૨૦૪
શ્વાસહરયેાગ	૨૦૪
કનકક્ષાર	૨૩૩
અપામાર્ગ મિશ્રણ	૨૩૭
પિત્તિતક અવલેહ	૨૫૮
સર્વાંગસુંદર રસ	૨૬૯

દવાનું નામ	પૃષ્ટ
શળેષ્મ.	
ત્રિકટુ ચુર્ણ	૮
દ્રાક્ષાસવ	૬૮
રાજેન્દ્ર વટી	૧૦૬
ગ્યેાષાદિ ગુટી	૧૮૦
હરિદ્રાદિ ચુર્ણ	૨૩૮
આકારકરભરાદિ વટી	૨૫૪
સંગ્રહણી.	
પંચામ્રત પર્પટી	૨૬
સુવર્ણ પર્પટી	૨૭
અષ્ટામૃત પર્પટી	૨૮
જાતીફલાદિ વટી	૧૦૭
દુગ્ધવટી	૧૧૦
ગ્રહણીકપાટ રસ	૧૨૧
લઘુ લાહા ચુર્ણ	૧૨૨
સમીરગજ કેશરી	૧૨૩
કુટજાવલેહ	૧૩૫
હંસગેાટલી રસ	૧૭૭
પિયુષવલ્લી રસ	૧૭૮
લીલાવતી વટી	૧૯૩
જાતીફલાદિ વટી	૨૪૮
સેાજા	
આરેાગ્ય વર્ધની	૨૪
આરેાગ્યવર્ધની નં. ૧	૩૨
પુનર્નવાદિ કવાથ	૭૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનું નામ	પૃષ્ટ	દવાનું નામ	પૃષ્ટ
પુનર્નવા મંડુર	૧૯૪	રસભાસ્વાન	૩૪
શોથનાશક ઉપાય	૨૦૨	અશોકારિષ્ટ	૬૮
અર્કાદિ લેપ	૨૧૬	પુષ્યાનુગ ચુર્ણ	૯૨
પુનર્નવાહરિતકી લેહ	૨૫૭	પ્રદરારિ રસ	૧૨૫
પુનર્નવારિષ્ટ	૨૯૪	પ્રદરાંતક વટી	૧૮૩
સ્ત્રીઓનાં દરદ.		પ્રદરારિ યોગ	૧૯૮
શંશમની નં. ૨	૧૦૩	પ્રદરનોસરળ ઉપાય	૨૧૩
ગર્ભધારક યોગ	૨૧૨	પ્રદરારિ ચુર્ણ	૨૪૦
સુવર્ણમાક્ષીક ભસ્મ	૨૮૨	પ્રદારારિ અવલેહ	૨૬૩
ઋતુદોષ.		હેમનાથ રસ	૨૬૯
સ્ત્રીગદાંતકાવટી	૪૩	નાગભસ્મ	૨૭૪
રજઃપ્રવર્તની વટી	૨૫૨	ગૌદંતી ભસ્મ	૨૭૫
રજઃપુષ્પાદી વટી	૨૫૫	પ્રદરવિનાશકકુશ	૨૮૩
ગર્ભણીનાં દરદો.		લોધ્રાસવ	૨૯૧
ગર્ભપાળરસ	૩૩	સ્તન-રોગ	
ગર્ભવીનોદ રસ	૧૩૧	દશાંગ લેપ	૧૩
સુવાવડીનાં-દરદ		યોની-રોગ	
દેવદાર્વાદિ કવાથ	૭૨	યોનીસંકોચન વટી	૨૫૩
દશમુળ કવાથ	૭૪	હીસ્ટીરીઆ	
પ્રતાપલંકેશ્વર રસ	૧૨૫	હીસ્ટીરીઆનાશક દવા	૧૨
અત્રીસું-કાટલું	૧૩૩	સારસ્વતારિષ્ટ	૭૧
દશમુલારિષ્ટ	૧૪૭	ભુતભૈરવ રસ	૧૩૧
અશોધક કવાથ	૨૮૪	હીસ્ટીરીઆનાશક વટી	૧૯૧
પ્રદરરોગ		તાંડવારિ ચુર્ણ	૧૯૬
તપ્રદરની દવા	૪	હીસ્ટીરીઆનાશક વટી	૨૧૩
રારિષ્ટ	૧૮		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાનું નામ	પૃષ્ટ	દવાનું નામ	પૃષ્ટ
હેડકી		શોણીતાગર્લ	૨૬૮
હેડકીનાશક પ્રયોગ	૩૯	દુરાલભારીષ્ટ	૨૯૦
વિશ્રવનાથ વટી	૧૮૯	કાસીસાદી તેલ	૨૯૮
હેડકીનાશક પ્રયોગ	૨૪૩	ક્ષય-શોષ.	
હરસ-અર્શરોગ		ચ્યવન પ્રાશાવલેહ	૬૦
સ્વાદીષ્ટ વીરેચન	૪	બબુલારિષ્ટ	૭૦
રસપર્પટી	૩૦	ક્ષયહર પ્રયોગ	૯૧
હરસની અકસીર દવા.	૯૭	ક્ષયકેશરી યોગ	૯૧
સુરણ વટી નં. ૧	૯૮	સુવર્ણ વસંત માલતી	૧૧૩
,, નં. ૨	૯૮	મહાલક્ષ્મીવીલાસ	૧૧૪
અભયારીષ્ટ	૧૪૫	હરીતકી અવલેહ	૧૩૪
રક્તસ્થંભક કવાથ	૧૫૧	સીતોપલાદી અવલેહ	૧૩૮
હરસનો મલમ	૧૫૩	લાક્ષાદીતેલ	૧૩૯
બોલબધ્ધ રસ	૧૬૯	પીપલ્યાસવ	૧૪૬
અર્શોઘ્ની વટી	૧૮૧	બૃહત શૃંગાભ્રરસ	૧૫૯
હરસનો મલમ	૨૧૪	સુતરાજ રસ	૧૬૮
,,	૨૧૫	સીધ્ધલક્ષ્મીવીલાસ	૧૭૨
સુરણક્ષાર	૨૩૨	ત્રેલોકયચીંતામણી રસ	૨૬૭
ભંગરાજ વટી	૨૫૪	સુવર્ણભસ્મ	૨૭૦

-પૂર્વાર્ધ સમાપ્ત.-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६८
९०
९८

६०
७०
९१
९१
११३
११४
१३४
१३८
१३९
१४६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar